


# સાધુતાની પગદંડી

## મુનિશ્રી સંતબાલજીની વિહારયાત્રાઓ

(૧૯૪૫નું વિરમગામ ચાતુર્માસ)
(૩૦-૧૧-૧૯૪૭ થી ૧૮-૧૨-૧૯૪૮)
**પુસ્તક બીજું**

**મણિભાઈ બાપુભાઈ પટેલ**

: સંપાદક :
**મનુ પંડિત**

: પ્રકાશક :
મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર
હઠીભાઈની વાડી, દિલ્હી દરવાજા બહાર
અમદાવાદ-૩૮૦ ૦૦૪

: પ્રકાશક :
**મનુ પંડિત**
મંત્રી, મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર
હઠીભાઈની વાડી, દિલ્હી દરવાજા બહાર
અમદાવાદ-૩૮૦ ૦૦૪.

★

પ્રથમ આવૃત્તિ : પ્રત એક હજાર

★

ગૂડી પડવો ચૈત્ર સુદ એકમ સંવત ૨૦૫૦
મુનિશ્રીની ૧૨મી નિર્વાણતિથિ
૧૧ એપ્રિલ ૧૯૯૪

★

**કિંમત : રૂપિયા ત્રીસ** (ટપાલ ખર્ચ અલગ)

: મુદ્રક :
મહેશ મુદ્રણાલય
૩૬ અમૃત ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ
દૂધેશ્વર, અમદાવાદ-૩૮૦ ૦૦૪

# પ્રસ્તાવના

ગુજરાતના નર્મદાના કિનારાએ ભૂતકાળમાં આદિ શંકરાચાર્ય સહિત અનેક સાધકોને આત્મ-સાધનાની પ્રેરણા આપી છે. આ જાતની પ્રેરણા ૧૯૩૭ની સાલમાં ગુજરાતના એક કર્મયોગી જૈન સંતને પણ આ કિનારાએ આપી. જૈન દીક્ષા ગ્રહણ કર્યા બાદ ૧૯૩૭ની સાલમાં મુનિશ્રી સંતબાલજીએ નર્મદાના કિનારે એક વર્ષ એકાંતમાં આત્મસાધના કરી અને તેમાંથી તેમને જે સ્ફુરણાઓ થઈ તે સ્ફુરણાઓએ ફક્ત જૈન સમાજમાં જ નહીં પરંતુ સારાયે સાધુ સમાજમાં એક વૈચારિક અને વ્યાવહારિક ક્રાંતિને જન્મ આપ્યો. આચાર્ય શ્રી હેમચંદ્રના સમય બાદ ગુજરાતના જૈન સમાજમાં જે સામાજિક નિષ્ક્રિયતા વ્યાપી ગયેલ અને શ્રીમદ્ રાજચંદ્રજીના શબ્દોમાં કહીએ તો, જૈન તત્ત્વચિંતકોનું વલણ શુષ્ક જ્ઞાનીઓની પરિપાટી તરફ જઈ રહેલ, તેને કર્મયોગ દ્વારા ચારિત્ર ઘડતરનો નવો વળાંક મુનિશ્રી સંતબાલજીએ આપ્યો. વ્યક્તિગત સાધના અને આત્મોદ્ધારની સફળ પ્રક્રિયા સમાજગત સાધના મારફત સુંદર રીતે થઈ શકે છે. તેનું જ્વલંત ઉદાહરણ તેમણે પોતાના કાર્યો દ્વારા પૂરું પાડયું.

સમાજસેવા નિર્લેપભાવે સમ્યગ્દર્શનથી તથા જ્ઞાનથી કેવી રીતે થઈ શકે તે જાણવું હોય તો ભાલનળકાંઠામાં તેમણે વિવિધ ક્ષેત્રે પરિશ્રમપૂર્વક જે જે કામો કર્યાં, અને તેમના પાર્થિવ જીવન બાદ પણ તે કામો ચાલુ રહે તેવાં પરિબળો તેમની દીર્ઘ દૃષ્ટિથી ઊભાં કર્યાં તેનો અભ્યાસ કરશો તો જણાશે કે તેની મિસાલ ભાગ્યે જ બીજે જોવા મળશે. તેમની સાધના દરમ્યાન જે સામાજિક તથ્યોનું તેમણે સંશોધન કર્યું તે તથ્યોને પ્રયોગાત્મક અને વાસ્તવિક સ્વરૂપ આપવા તેમણે 'ભાલ-નળકાંઠા પ્રાયોગિક સંઘ'ની ૧૯૪૭માં સ્થાપના કરી. આ સંસ્થાને પૂ. રવિશંકર મહારાજ, સ્વ. ગુલામ રસૂલ કુરૈશી અને કુ. કાશીબહેન મહેતા જેવા નિઃસ્વાર્થ અને કર્મનિષ્ઠ પ્રમુખો મળ્યા. અને શ્રી પરીક્ષિતલાલ મજમુદાર, શ્રી છોટુભાઈ મહેતા તથા શ્રી અંબુભાઈ શાહ જેવા કાર્યદક્ષ અને નિઃસ્વાર્થ સેવાપરાયણ મંત્રીઓ મળ્યા. આ મહાનુભાવોની નિઃસ્વાર્થ સેવાપરાયણતાના ફલ સ્વરૂપ આ પ્રયોગિક સંચાલનથી સત્તર જુદી જુદી સંસ્થાઓ ભાલનળકાંઠામાં વિવિધ ક્ષેત્રે કામ કરી રહી છે અને પૂ. ગાંધીજી તથા પૂ. વિનોબાજીના આદર્શોને અનુરૂપ રચનાત્મક કાર્યો કરી લોકનાયક શ્રી જયપ્રકાશજીના જનજાગૃતિના વિચારોને સાકાર બનાવવા સતત કામ કરી રહેલ છે.

સમાજસેવાનાં કાર્યો વિવિધ ક્ષેત્રે અનેક ધાર્મિક સંસ્થાઓએ તથા ધર્માચાર્યોએ ભૂતકાળમાં કરેલ છે અને વર્તમાનમાં પણ કરે છે, પરંતુ ધર્માચાર્યોની તેવી પ્રવૃત્તિમાં

ધર્મપલટાની અગર સાંપ્રદાયિક પ્રચારની ભાવના રહેલ જોવામાં આવે છે. મુનિશ્રી સંતબાલજી આવી શ્રેણીમાં આવકારમય અપવાદ હતા. પોતે જૈન આચાર વ્યવહારમાં ઘણા ચુસ્ત હતા. જૈન સાધુનો બાહ્યાચાર અને વેશ તેમણે કદી છોડયાં નથી. જૈન તત્ત્વજ્ઞાન તેમજ જૈનેતર તત્ત્વજ્ઞાનના તેઓ પ્રખર અભ્યાસી હતા. તેમજ તે સાહિત્યમાં તેમનો ફાળો ઘણો પ્રશંસનીય રહેલ છે. છતાં તેમણે પોતાની સમાજની સેવાનો લાભ લઈ કદી પણ સાંપ્રદાયિક પ્રચાર અજાણતાં પણ કર્યો નથી કે કોઈ પણ જૈનેતર વ્યકિતને જૈન ધર્મ અંગીકાર કરવાનું કહ્યું નથી. પરિણામ સ્વરૂપ આજે પણ જો કોઈ વ્યકિત ભાલ-નળકાંઠામાં પ્રવાસ કરશે તો તેમણે સિંચેલાં અહિંસા, સત્ય અને અસ્તેયના જૈન પ્રવાહો જૈનેતર સમાજમાં પણ ઠેકઠેકાણે જોવા મળશે. તેમના સ્વર્ગવાસ બાદ વર્ષો પછી પણ તેમનું સ્થાન ભાલ-નળકાંઠામાં સામાન્ય માનવીના હૃદયમાં જેવું અને તેવું જ પ્રેમ અને પ્રતિભા સંપન્ન રહ્યું છે.

એક જૈન મુનિ સમાજસેવાના કાર્યમાં ગળાડૂબ રહે અને તે રીતે સાંસારિક તેમ જ દુન્યવી વાતોમાં રસ લેતા થાય તે આત્માનુલક્ષી પ્રવૃત્તિ ન કહેવાય તેવી રૂઢિગત માન્યતા આજ પણ અમુક તત્ત્વજ્ઞોમાં છે. પરંતુ મુનિશ્રીએ જ્યારે સમાજસેવાનું વ્રત ૧૯૩૭ બાદ સ્વીકાર્યું ત્યારે તો દીક્ષિત જૈન સાધુ સમાજસેવાના કાર્યમાં જોડાય તેવો વિચાર માત્ર જૈન સમાજને ખળભળાવી મૂકવા પૂરતો હતો. 'જૈન મુનિ, અને દુન્યવી સમાજસેવા ? તેના જેવું અધઃપતન બીજું શું હોઈ શકે ? આવી વ્યકિતનું સ્થાન સાધુ સમાજમાં ન હોય.' આ જાતની માન્યતા ધરાવતા રૂઢિચુસ્ત વર્ગે મુનિશ્રી સંતબાલજીને સંઘ બહાર કર્યા - તેમનો બહિષ્કાર કર્યો. મુનિશ્રીના ગુરુવર્ય પૂ. નાનચંદ્રજી મહારાજ ઘણા વિદ્વાન અને મુનિશ્રી જેવા જ વિચારના સમાજ સુધારક હતા. પરંતુ તેઓ જૈન સંઘના અનુષ્ઠાનમાં રહેવાના વિચારના હતા. તેથી ઘણા કચવાતા હૃદયે મુનિશ્રીને સંઘ બહાર મૂકવાના નિર્ણયને તેઓ આધીન થયા. તે છતાં મુનિશ્રીનો તેમના ગુરુદેવ સાથેનો સંબંધ પુત્ર-પિતા જેવો જ રહ્યો. પોતે સંઘ બહાર મુકાયા છતાં જૈન ધર્મની જે દીક્ષા તેમણે ગ્રહણ કરી હતી તેમાં અનેક પ્રકારની વિડંબનાઓ તથા અસુવિધાઓ સહન કરીને મુનિશ્રીએ લેશમાત્ર પણ વિક્ષેપ આવવા દીધો નહિ. શ્વેત ઉત્તરીય, મુહપત્તી અને રજોહરણ, ધોમ ધખતી ધરતીમાં ખુલ્લે પગે થતી યાત્રા, ટંકે ટંકની ભિક્ષા, વર્ષાઋતુમાં ચાતુર્માસ, વરસના બાકીના સમયમાં પગપાળા પ્રવાસ, સવાર સાંજ ધર્મોપદેશ, અસહાય અને ગરીબ વર્ગ તથા સમાજના કચડાયેલા વર્ગને જ્યાં જ્યાં જરૂર પડે ત્યાં સહાય, હરિજન સેવા તથા અસ્પૃશ્યતા નિવારણ, કોમી એકતા તથા ખાદી, ગ્રામવિકાસ વગેરે તમામ

પ્રવૃત્તિઓમાં તેમનું સાધુ જીવન તેમણે સમર્પિત કર્યું. એક પ્રશ્નના જવાબમાં તેમણે કહેલ : 'કોણ જાણે શાથી પણ મને ભિક્ષાચરી અને પાદવિહાર તે બંને અંગો પ્રત્યે ખૂબ જ હાર્દિક પ્રેમ છે અને લોક સંપર્કમાં મને તે બે અંગોએ અપાર મદદ કરી છે.' લોક સંપર્ક તથા લોકસેવામાં પણ ચુસ્ત જૈનાચાર પાળી શકાય છે. તેવું પોતાના જીવનથી મુનિશ્રીએ સાબિત કરી બતાવ્યું અને તેમને સંઘ બહાર મૂકનાર પરિબળોને એકાંતિક અને અજૈન દષ્ટિવાળા સાબિત કરી બતાવ્યા.

આત્મવિકાસની દષ્ટિએ જનસેવા કેટલી યોગ્ય છે તે બાબતમાં મુનિશ્રીએ કહ્યું :

'આત્મવિકાસ અને કહેવાતી જનસેવા વચ્ચે મને કદી ભેદ લાગ્યો જ નથી.'

ફકત તાત્ત્વિક દષ્ટિએ જ આ પ્રશ્નનો વિચાર કરીએ તો પણ મને મુનિશ્રીનું આ વિધાન સંપૂર્ણ રીતે યોગ્ય જણાય છે. દર્શન, જ્ઞાન અને ચારિત્ર તે જૈન ધર્મમાં 'રત્નત્રયી' તરીકે ઓળખાય છે. તેને જૈન તત્ત્વજ્ઞાનનો પાયો કહીએ તો ખોટું નથી. આ ત્રણ રત્નોમાં દર્શન અને જ્ઞાન તાત્ત્વિક બોધ અને ચિંતનથી પ્રાપ્ત થાય છે. પરંતુ જ્યાં સુધી ત્રીજું રત્ન 'ચારિત્ર' આત્માને પ્રાપ્ત થતું નથી ત્યાં સુધી મોક્ષમાર્ગની પ્રાપ્તિ અશકય છે. આ ચારિત્રની પ્રાપ્તિનો સરળ ઉપાય શું ? માણસ જંગલમાં રહીને આત્મધ્યાન કરે અગર તો સંસારના ધર્મોથી વિમુખ રહીને આત્મધ્યાન કરે તો ચારિત્રની ખીલવણીની ચકાસણી રૂપ જે જે પ્રસંગો છે તે પ્રસંગોથી તે દૂર ભાગે છે અને તેના પરિણામરૂપે તેના ચારિત્રનો કેટલો વિકાસ થયો છે તેનું તેને ભાન થઈ શકતું નથી. સામાજિક પ્રસંગોમાં જે ઘર્ષણનું તત્ત્વ છે તે તત્ત્વનો સામનો કરવાથી ચારિત્ર ઘડતરની અમૂલ્ય તક મળે છે તે તક કર્મયોગીને સુલભ છે. તેથી જે ખરો કર્મયોગી છે તે ખરો ચારિત્રવાન બની શકે છે. આથી રત્નત્રયીના ત્રીજા રત્નની પ્રાપ્તિ કર્મયોગીને સહેલાઈથી થાય છે અને તેથી મુનિશ્રીને આત્મવિકાસ અને જનસેવા વચ્ચે કદી પણ ભેદ દેખાયો ન હોય તો તે તદ્દન બુદ્ધિયુક્ત અને યોગ્ય જ છે. મારા નમ્ર મતે તો રત્નત્રયીની ખરી સાધના મુનિશ્રીએ બતાવેલા માર્ગે જરૂર થઈ શકે છે અને જૈન તેમજ જૈનેતર સાધુઓ જો આ માર્ગ ગ્રહણ કરે અને જનસેવા દ્વારા આત્મવિકાસ સાધે તો સમાજના હાલ પ્રવર્તિત અનેક દૂષણોનું નિવારણ થઈ શકશે તે નિર્વિવાદ છે.

જૈન ધર્મ નિવૃત્તિ માર્ગનો ધર્મ કહેવાય છે. જ્યારે વૈદિક ધર્મ પ્રવૃત્તિ માર્ગનો ધર્મ કહેવાય છે. પ્રવૃત્તિ અને નિવૃત્તિના આ ભેદો માનસિક ભાવનાને અનુલક્ષીને છે - બાહ્ય દ્રવ્યાચારને અનુલક્ષીને નહિ. આથી અંતરના ભાવ રહિતની નિવૃત્તિ પ્રવૃત્તિ બની રહે છે, અને તે જ રીતે અંતરના સમ્યગ્ ભાવસહિતની પ્રવૃત્તિ નિવૃત્તિ બની રહે

છે. આ કારણે નિષ્કામભાવે કરેલ પ્રવૃત્તિ તે ઉત્તમ પ્રકારની નિવૃત્તિ જ છે. પૂ. મુનિશ્રી સંતબાલજી આ તથ્ય બરાબર સમજતા હતા તેથી તેમણે કહ્યું : 'નિવૃત્તિ અને પ્રવૃત્તિ બે એક જ જીવનના સાથીઓ છે. તેને કેમ ગોઠવવા, તો કહ્યું : પ્રવૃત્તિ સંયમે રાખો, ને નિવૃત્તિ અસંયમે. સંયમના હેતુથી યોગ પ્રવર્તના. યોગ એટલે મન વચન અને કાયા ત્રણેથી જોડાવું તે. નિવૃત્તિ અને પ્રવૃત્તિ કયાં રાખવી તેને મદદગાર થવા વિશ્વવાત્સલ્ય આવ્યું અને તેને અનુરૂપ બાર વ્રતો ગોઠવવામાં આવ્યાં છે. આ રીતે સંયમના હેતુથી જ મુનિશ્રીની પ્રવૃત્તિ હોઈને રત્નત્રયીના તેઓ સાચા સાધક હતા.

આવા એક રત્નત્રયીના સાધક સંતપુરુષના પ્રવાસની આ નોંધ છે, જે સંતબાલજીના અનન્યભકત અને આજીવન પરિવ્રજ્યા લેનાર કર્મનિષ્ઠ ચિંતક શ્રી મણિભાઈ પટેલે લખીને એક અનન્ય સમાજ સેવા કરેલ છે.

નોંધના અનેક પ્રસંગો ચિરસ્મરણીય રહેશે. વિરમગામના ચાતુર્માસ દરમ્યાન કોલેરાગ્રસ્ત પીડિતોની તેમણે સેવા કરી. મેલેરિયાના ઉપદ્રવથી બચવા ગ્રામ સફાઈ સમિતિ નીમી, અને શહેરના આબાલ વૃદ્ધોને સફાઈના સાવરણા લઈને ફરતા કર્યા તેથી અસ્પૃશ્યતાનિવારણ, હિંદુ-મુસ્લિમ ઐકય, સ્ત્રી-શિક્ષણ તેમજ બાલ કેળવણીની પ્રવૃત્તિઓ શરૂ કરાવી. વિરમગામની જનતાએ જ્યારે તેમનું બહુમાન કર્યું ત્યારે તેમણે જવાબ આપ્યો : "વિરમગામે આટલું આપવા છતાં મેં એવું શું આપ્યું કે વિરમગામ મારા વિદાયમાનમાં ઉત્સવ ઊજવે ? મેં તો કહ્યું જ છે અને કહું છું કે મને જો તમે વિદાયમાન આપતા હો અને હું તે માન, માનરૂપે જ સ્વીકારી લઉં તો તે માન નથી. આજ સુધી જે કાર્ય ગાંધીજી જેવાએ અમારી પહેલાં કર્યું અને અમો પાછળથી જાગ્યા તેના આ જાહેર પશ્ચાત્તાપનું પ્રદર્શન જ છે. ન્યાયી રીતે આવા માનના અધિકારી તો ગાંધીજી જ છે કે જેમણે ગૃહસ્થ વેશમાં પણ સાધુતા કેવી હોઈ શકે તે અમારા જેવાને કબૂલાવી દીધું અને જગતને નવીન પદાર્થપાઠ પૂરો પાડયો." આ જાતની નમ્રતા ચારિત્ર શુદ્ધિનો સબળ પુરાવો છે.

પ્રભુ મહાવીરના પગ પ્રવાસ દરમ્યાન ચંડકૌશિકનું ઝેર અમૃતમય બન્યું, તે જ રીતે સંતોના પ્રભાવથી માનવ દિલમાં રહેલ વિષ અમૃત બન્યાના દાખલા ભારતના ઈતિહાસમાં અગણ્ય છે. મુનિશ્રીના જીવનમાં પણ એવો એક ઉલ્લેખનીય બનાવ બનેલ જેની નોંધ શ્રી મણિભાઈએ તા. ૨૯ ફેબ્રુ. થી ૩ માર્ચ ૧૯૪૮ના રોજની લીંબડીના પ્રવાસની લખી છે તેમાં મળી આવે છે. લીંબડીની હિજરતના એ દિવસો હતા. અને લૂંટ, ખાતર, શિકાર અને દારૂમાં મસ્ત "વાહણ" પગીએ જાહેરમાં મુનિશ્રી પાસે આવી પોતાના પાપી જીવનમાંથી મુક્તિ માંગી, ચોરી, લૂંટ, શિકાર ન

કરવાની તથા દારૂ ન પીવાની પ્રતિજ્ઞા લઈ મુનિશ્રીના શરણે આવ્યાની વાત ખાસ નોંધને પાત્ર છે. "તમે મને કયાંથી ઓળખો ?" તેવો પ્રશ્ન મુનિશ્રીએ કરતાં "વાહણ" પગીએ જવાબ આપ્યો : "તમોને ? તમોને કોણ ના ઓળખે ? ધોમ ધખતો તાપ અને ભાલના સૂકા પ્રદેશમાં ઉઘાડે પગે જે અમારે માટે ફરે તેને અમે ન ઓળખીએ ? થોડા દિવસ પર ખબર મળી કે આપ આંય લીંબડીમાં પધારવાના છો અને કાલે ચાલ્યા જવાના છો એટલે દોડતા આવ્યા છીએ."

સમાજસેવા મારફત આત્મસાધના એક જૈન મુનિ કેવી રીતે કરી શકે તેનો અહીં સચોટ જવાબ છે. તીર્થંકર દેવોના ભક્તિ કાવ્યમાં તીર્થંકરોના ગુણધર્મોના વર્ણનમાં તેમના વિશે કહે છે કે તેઓ "મુત્તાણં મોયગાણં" એટલે "જે પોતે મુક્તિને પામ્યા છે અને બીજાને પણ મુક્તિના માર્ગે વાળે છે." બીજાને મુકિતના માર્ગે વાળનાર તીર્થંકર દેવ પણ સમાજ સેવક જ હતા ને ?

દશવૈકાલિક સૂત્રમાં એક વાત આવે છે કે પ્રભુ મહાવીરને કોઈએ પ્રશ્ન પૂછ્યો કે ભગવાન, અમે કેવી રીતે હરીએ, ફરીએ, બોલીએ, બેસીએ, સુઈએ અને ખાઈએ તો અમોને પાપ ન લાગે ? ભગવાને જવાબ આપ્યો :

"જયં ચરે જયં ચિટ્ઠે, જય માસે જયં ઝએ,
જયં ભુજંતો ભાસંતો પાવ કમ્મં ન બંધઈ."

અર્થાત્ "તમો વિવેકપૂર્વક હરો ફરો, બોલો બેસો, સુવો અને ખાઓ તો તમોને પાપનું બંધન થશે નહિ." ભગવાનના આ ટૂંકા જવાબમાં જૈન ધર્મનો સાર આવે છે. "વિવેકપૂર્વક"ની ચર્યા તે સમ્યગ્ જીવનની ચાવી છે. તેમાં તપ, જપ, સાધના અને ભકિત - તમામનો સમાવેશ થઈ જાય છે. મુનિશ્રીનું સારુંયે જીવન આવી વિવેક-પૂર્વકની ચર્યાથી પરિપૂર્ણ હતું અને તેથી તેમના કોઈપણ વિચાર કે કાર્યમાં વિષમતા નહોતી. જૈન અનેકાન્ત અને સ્યાદ્‌વાદનું ખરું રહસ્ય તેમણે પકડયું હતું.

આવા એક ક્રાંતિકારી સમાજસેવક સંતની પદયાત્રાની આ નોંધ આપણને સર્વને હિતકારી થઈ પડે તેમાં શું શંકા છે ?

તા. ૫-૩-૯૪ **ત્ર્યંબકલાલ ઉ. મહેતા**

'સિદ્ધાર્થ',
૩, દાદા રોકડનાથ સો.,
નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭.

# સંપાદકીય

# સાધુતાની પગદંડી યાને હૃદયપલટાનું શાસ્ત્ર

આ પગદંડીમાં ત્રણ વિભાગ મુખ્યત્વે કરીને આવે છે : પ્રથમ વિભાગમાં વિરમગામનું ચાતુર્માસ, બીજામાં સૌરાષ્ટ્રની વિહારયાત્રા, રાજકોટના ચાતુર્માસ અને ચિંતક વર્ગ અને ત્રીજામાં પ્રશ્નોત્તરી.

સૌથી પ્રથમ આપણે વિરમગામના ચાતુર્માસ ઉપર એક વિહંગ દૃષ્ટિ નાખીએ.

ગામમાં ભયંકર કૉલેરા ફાટી નીકળ્યો હતો. અને ગામ ખાલી કરીને સ્થળાંતર થશે કે શું એની દહેશત ઊભી થઈ હતી. કોઈ કોઈને મદદ કરવા તૈયાર થતું નહોતું. એટલે સુધી કે એવા દરદીઓને રાખવા માટે મકાન સુદ્ધાં મળવું દોહ્યલું થઈ પડયું, છેવટે ગામ બહાર જિનમાં વ્યવસ્થા કરવી પડી. મહારાજશ્રી કહે છે : 'આવા સેવા-કાર્ય માટે મકાન ન મળ્યું એનું મને ખૂબ દુ:ખ થયેલું' (પા. ૨૦).

એમણે આવતાં વેંત સફાઈનું કામ ઉપાડયું, સફાઈ થતાં ગંદકી દૂર થતાં, આપોઆપ રોગ ભાગવા માંડશે પણ એમને મન તો 'આ નિમિત્તે સફાઈકામની પ્રતિષ્ઠા સ્થાપન કરવાનો અને પરસ્પર સંપર્ક સાધવાનો લોભ પણ હતો' (પા. ૨૧).

એમના નિવાસ દરમિયાન આ કામ કેટલે અંશે ફળિભૂત થયું તે તેમની વિદાય પૂર્વેની સન્માન સભાના ઉદ્‌ગારોમાંથી જોવા મળે છે. તાલુકા સમિતિના મંત્રી અને સમારંભના યોજક છોટાલાલ ભટ્ટ કહે છે : કૉલેરાના તાંડવમાં, પળે પળે શું થશે તેની ચિંતા રહેતી હતી. હિજરત કરી જવી પડશે ? એવી ભયાનક વેળાએ આપનાં પુનિત પગલાં થયાં' (પા. ૬).

અને તેમને પગલે ગામમાં ગ્રામસફાઈ સમિતિની રચના થઈ. એમાં બાળકો, બહેનો, યુવાનો અને વૃદ્ધો સુધ્ધાં જોડાયા હતા. ૨૬મી ઑગસ્ટ, ૧૯૪૫ના દિવસને વિરમગામવાસીઓ એક સુવર્ણદિન તરીકે યાદ કરે છે.

આ કાર્યમાં યુવાનોનું આકર્ષણ સૌથી વધુ હતું. સાધુ પણ યુવાન અને વિચારવંત ક્રાંતિકાર હતો ને ! વિદ્યાર્થીઓને અનેક વિષયો પર પ્રત્યક્ષ જ્ઞાન પ્રાપ્ત થયું. કોમી એકતા, અસ્પૃશ્યતા નિવારણ, નારી ઉન્નતિ, ઉચ્ચનીચના ભેદ - આ બધું મુનિશ્રીના પ્રત્યક્ષ આચરણથી સમજાયું (પા. ૮).

હરિજનો અને ભંગીઓ પ્રત્યેનો એમનો અનુરાગ પગદંડીના પ્રથમ પુસ્તકમાં જેમ જોવા મળે છે, તેમ આ ગ્રંથમાં પણ ભર્યો પડયો છે. વિરમગામમાં પ્રથમ પ્રથમ વાર જ સમૂહભોજન યોજાયું. હરિજન આલાભાઈ ગદ્‌ગદ્ કંઠે કહે છે : 'મને તો કદી કલ્પનાયે નો'તી કે અમારા સવર્ણભાઈઓ અમારી સાથે બેસીને ફળનો કકડો પણ વાપરશે. તેની જગ્યાએ સમૂહભોજન થયું' (પા. ૯).

તેમના ઉદ્‌ગારો સાંભળીને આ સમારંભના મુખ્ય મહેમાન અમદાવાદ ગૂજરાત વિદ્યાપીઠથી આવેલ શ્રી મગનભાઈ દેસાઈ કહે છે : 'તેમને કેટલો આનંદ થયો હશે વિચારશો તો સમજાશે.'

વિરમગામને સંતબાલે જાણે ઘેલું કરી મૂકયું. ૩૦૦ જેટલાં ભાઈબહેનો સમૂહ સફાઈમાં ભળે, જાણે કે બધા ભેદ શારીરિક અને માનસિક સ્પૃશ્યાસ્પૃશ્યના ભૂંસાઈ ગયા ! હરિજનો, મુસ્લિમો અને ઈતર કોમના ઘરે ઘરનો સંપર્ક કર્યો, ફળિયે ફળિયે - ચોકે ચોકે સભાઓ ગોઠવી અને 'સ્વચ્છ વિરમગામ'નું મહામૂલું પદ વિરમગામને મળ્યું.

આ બધાની પાછળ કયું એવું બળ કામ કરતું હશે ! આનો જવાબ શ્રી મગનભાઈ દેસાઈ આ રીતે સમજાવે છે :

'આ પ્રજા વિદ્વાન, પંડિત, કવિ, કલાકાર, ઉપદેશક, શાસ્ત્રી વગેરેને સાંભળે છે ભલે, પણ આ બધાનું સ્મરણ રાખવાને બદલે તેઓ એકાદ ઓલિયાને તો પળે પળે યાદ કર્યા કરે છે.' અને તેથી તેઓ પૂર્ણાહુતિ કરતાં કહે છે : આવા પુરુષોની હાજરીમાં જીવીએ છીએ તે આપણાં સદ્‌ભાગ્ય છે.' પણ તેઓ તો એક મર્મી કેળવણીકાર છે ને એટલે ઉમેરે છે : 'જીવતાં શીખી લઈએ તો ! ' (પા. ૧૫)

સંતબાલજીએ અહીંની પ્રજાને જીવનમંત્ર આપ્યો.

આ ચાતુર્માસનાં બે સંભારણાં અમને હાથવગાં થયાં છે. એક, પ્રથમ તો વિરમગામમાં તેમનો સન્માન સમારંભ યોજાયો તેના મંત્રીને હાથે તૈયાર થયેલ અહેવાલ, અને બીજો મહારાજશ્રીએ સ્વયં ચાતુર્માસનું કાઢેલું સરવૈયું.

મહારાજશ્રી કહે છે : 'વિરમગામની આમજનતાએ નિવાસ દરમિયાન જે સ્નેહથી નવડાવ્યો તેમાં વિહારની ઘટના ખાસ ઉલ્લેખપાત્ર છે... સેંકડો ભાઈઓ બહેનો

જિનથી છેલ્લે છેલ્લે છૂટાં પડયાં..... નયનો અશ્રુ સારે એવું એ કરુણ ચિત્ર હતું. પણ અમે તો વારંવાર ટેવાયેલા, એટલે આંખો, પાણી પણ ભાગ્યે જ સારે. છતાં વિહાર વેળાએ આંસુ પડયાં કે પડશે એવું બની ગયું.'

આવા પ્રેમાળ ધોધને કેવી રીતે વાળવો ? એટલે કહે છે : 'વિહાર વેળાએ મેં જરા દોટ મૂકી... પણ થોડાં ઓ તો ચાલ્યાં જ' (પા. ૩૧).

એક જૈન સાધુ જન સાધુ - સાચા અર્થમાં તો વિશ્વસાધુ પોતાની પ્રેમ પાંખમાં લોકોને કયાં સુધી ઊડવા ખેંચે છે ! એમની વિદાય વેળાનું, એમના જ કંઠે ગવાતું ગીત - ' આવો ઊડીએ ! આવો ઊડીએ !' તાજું થાય છે.

આવાં ભાવદશ્ય જેને જેને સ્પર્શી જાય છે તે કાયમના તેમના વાત્સલ્યમય કુટુંબના સભ્ય બની જ જાય છે.

: ૨ :

ગ્રંથનો બીજો ભાગ, સૌરાષ્ટ્રની વિહારયાત્રાથી શરૂ થાય છે. સાણંદના ચાતુર્માસ દરમિયાન, હરિજન આશ્રમ સાબરમતી ખાતે રહેતા, હરજીવન કોટકનો સંદેશો આવે છે : 'બાપુ વહેલેરા પધારજો રે !' ઘડીઓ ગણાય છે. પણ ચાતુર્માસ દરમિયાન વિહાર થઈ શકે નહીં, એટલે બંને મિલનાતુર હૈયાં ચાતુર્માસના પૂર્ણાહુતિની રાહ જોઈ રહ્યાં હતાં. એ પૂરા થતાં સીધા આશ્રમે પહોંચ્યા, પણ કાળચક્રની ગતિ તો જુઓ ! માત્ર બે કલાક પહેલાં જ, મહારાજશ્રી આશ્રમે પહોંચે તે પહેલાં જ 'હંસલો ઊડી ગયો' તેમ છતાં મહારાજશ્રીના આગમને તેમના પરિવારને અને આશ્રમવાસીઓને મોટું સાંત્વન મળ્યું.

અહીં આપણને મહારાજશ્રીની 'સકલ જગતની બની જનેતા'ની મનઃકામના તાદશ થાય છે. ભકત અને ભગવાનના મિલનનો તલસાટ જે આપણાં અનેક ભકિતપદોનું માધ્યમ બન્યો છે, તેવાં દશ્યો પણ એમના અંતેવાસીઓએ નોંધ્યાં છે. કોટકની ભકિત એવી જ ગણાય !

આ એક સંત પુરુષની વિહારયાત્રા છે. યાત્રામાં નિર્મળ મન અને પુનિત શ્રદ્ધા હોય તો જ યાત્રા ફળે. આપણે એ રીતે જ આ વિહારયાત્રામાં જોડાઈએ.

અમદાવાદમાં નિર્વાશ્રિતોનાં ધાડાં ઊતરી પડયાં હતાં. તેમના કૅમ્પોની મુલાકાત લે છે, અને કથનીઓ સાંભળતાં હૃદય દ્રવી જાય છે. મણિભાઈ કહે છે : 'આવાં દશ્યો તો પ્રત્યક્ષ જોવાથી જ સમજાય.'

આ વિહારયાત્રા ૧૯૪૭-૪૮ની છે. આ દિવસો સ્વરાજ્યકાળની સંધિકાળના

હતા. દેશમાં જે ભયંકર ઉથલપાથલ થઈ અને રાજકીય ગતિવિધિથી પ્રજાને જે સહન કરવું પડયું, તેમાં સ્વરાજ્યનો હર્ષોલ્લાસ ડૂબી ગયો. કંટ્રોલ માંડ ગયો, તો બીજી તરફ અનાજના ભાવો અંકુશ બહાર જવા લાગ્યા. મહારાજશ્રીને અજબ વિચાર સ્ફૂર્યો. નૈતિક ખેડૂત સંગઠનો ઊભાં કરવાનો. ખાનાર અને ખેડનારને પરવડે એવા ભાવ નક્કી થયા. પછી તો ગામે ગામ ખેડૂત મંડળની જ વાતો ચાલી.

ખેડૂતને 'જગતનો તાત' કહ્યો છે. તે જે કંઈ પેદા કરે છે તે સમગ્ર સંસાર અર્થે કરે છે. ખેડૂત બીજ વાવતાં કેવી યાચના કરે છે :

હે બીજ માવડી ! દે દે એક તાવડી,

બે ગોધા અને એક ગાવડી.

બીજા એક વાર્તાલાપમાં કહે છે : ખેડૂત વાવતાં કે વાઢતાં આકાશ સામે જુએ છે. આકાશ એટલે કુદરત. તે અનીતિ કરી શકે ? પરંતુ આવા વિપત્તિના કાળમાં પોતાના પરિશ્રમના બે પૈસા વધારે મળે તો કોને ન ગમે ? તેમ છતાં તેઓ જે રીતે સર્વને સમજાવે છે તેમાં તેમનો માતૃભાવ અપ્રગટ રીતે આપણે જોઈ શકીએ છીએ.

નીકળ્યા છે તો સૌરાષ્ટ્રમાં જવા, પણ ખેડૂત મંડળની પીઠિકા ઊભી કરવામાં કાર્યકર્તાઓને જ્યાં મૂંઝવણ ઊભી થાય છે તો તરત ભાલ ભણી આવી રહે છે. અને ફરી પાછા સૌરાષ્ટ્ર ભણી વળે છે.

૨૪ જાન્યુઆરીથી ૪ ફેબ્રુઆરી સુધીના દિવસોમાં ધોળી ગામમાં વિશ્વવત્સલ ચિંતકવર્ગ ભરાયો છે. અહીં ખેડૂત મંડળની સ્થાપના અર્થે ૮૧ ગામના ખેડૂતોની પ્રતિનિધિ સભા, રવિશંકર મહારાજ અને લાલાકાકા જેવા આગેવાનોની હાજરીમાં મળે છે. ૩૦મી જાન્યુઆરીએ સાંજના પાંચ વાગ્યે વર્ગની પૂર્ણાહુતિ થાય છે. ત્યાં તો બાપુના અવસાનના વજ્રાઘાત સામાચાર સાંભળવા મળે છે. હૈયાં ભાંગી પડે છે. રવિશંકર મહારાજને વચલે સ્ટેશનેથી પાછા બોલાવવામાં આવે છે. મહારાજશ્રી સલાહ પૂછે છે. રવિશંકર દાદા આશ્વાસન આપે છે કે તમે તમારી સૌરાષ્ટ્રની યાત્રા ચાલુ રાખો, હું અહીં સંભાળી લઈશ.

મહારાજશ્રી ઘણી વખત કહેતા : બાપુના અવસાન પછી ઘણા દિવસ સુધી મારી આંખમાંથી આંસુ સુકાયાં નહોતાં.

બીજે જ અઠવાડિયે સાયલા મુકામે પોતાના ગુરુદેવના સાંનિધ્યમાં થોડા દિવસ ગાળી હૈયું હળવું કરે છે. ગુરુ-શિષ્ય બેમાંથી બાપુ માટે કોની શ્રદ્ધા-ભકિત વધારે એ કહેવું મુશ્કેલ છે. હકીકતમાં ગુરુ નાનચંદ્રજીરૂપી કૂવામાંથી જ શિષ્યના કૂંડમાં ઊતર્યું

હતું. બાપુની ભસ્મ એમની દત્તક દીકરી પાસે પધરાવવાનું એમનું સૂચન ગામે સહર્ષ સ્વીકાર્યું. શ્રદ્ધાંજલિ રૂપ બે શબ્દો કહેતાં : બાપુનો સ્થૂળ દેહ તો પંચ મહાભૂતમાં ભળી ગયો. હવે તેમની ભસ્મ રહી છે. આ ભસ્મ પણ હમણાં પાણીમાં અદશ્ય થઈ જશે. બાકી રહેશે તેમના આદર્શો - સત્ય અને અહિંસા !' એ જ સભામાં તેઓ એક વેધક પ્રશ્ન પૂછે છે : ઘણાંને થશે ગાંધીજી અને આ સાધુને શું લાગે વળગે ? ધર્મ અને રાજકારણને મેળ કયાંથી ? (પા. ૬૪) ગાંધીજીને એક સાચા જૈન તરીકે પણ એમણે ઓળખાવ્યા છે. (પા. ૬૬) બાપુ સાથેનો એમનો ગુરુભાવ આ ગ્રંથમાં પણ જોવા મળે છે.

આ ગ્રંથમાં એક મહત્ત્વનો પ્રસંગ છે લીંબડીની જાહેર સભામાં વાહણ પગીનું સમર્પિત થવું.

'મહારાજ નેમ આપો. અમારાં પાપી જીવન અમોને સતાવી રહ્યાં છે. બહુ દીથી કોઈ પવિત્ર સાધુની શોધમાં હતા.... મળી જાય તો પાપનો એકરાર કરી પાવન થઈએ.'

'તમે મને ક્યાંથી ઓળખો ?' મહારાજશ્રી પૂછે છે.

'તમોને ? તમોને કોણ ના ઓળખે ? ધોમધખતો તાપ અને ભાલના સૂકા પ્રદેશમાં, ઉઘાડે પગે જે અમારે માટે ફરે તેને અમે ન ઓળખીએ ?' (પા. ૬૮)

શરૂઆતમાં નળકાંઠાના કોળી પટેલ, પછી પઢારો અને તેમાં પગી કોમનો ઉમેરો થતાં મહારાજશ્રીની સમાજ ઘડતરની રંગોળી વિવિધ માનવ પુષ્પોથી મહેકી ઊઠી. આ વિહારયાત્રામાં હરિજનોના વાસમાં અને નિવાસોમાં ફરી તેમની મુશ્કેલીઓને દૂર કરવા પ્રયત્ન કરે છે. બહુમતી ધરાવતાં મુસ્લિમ ગામોમાં પણ એમને ઉમળકા-ભર્યો આવકાર મળ્યો છે, પ્રેમથી સાંભળ્યા છે. રાણપુરની મુસ્લિમ સભામાં તેઓ કોમી એક્તાની એક ગુરુચાવી સમજાવે છે : 'મસ્જિદોમાં સાધુ સંતો, અને મંદિરોમાં મૌલવીઓ આવી એકબીજાના ધર્મનાં સાચાં તત્ત્વો સમજાવે અને સમજવાનો પ્રયત્ન કરે તો સાંપ્રદાયિક્તા જે જુદાઈ ઊભી કરે છે તે નાશ પામે' (પા. ૮૦).

રૂઢિના જડબંધનમાં જકડાયેલ ધર્મને મુક્ત કરવા તેઓ અનેક જાતના દાખલા, દૃષ્ટાંતો અને શાસ્ત્રવચનો ટાંકી સમજાવતા ફરે છે. ધર્મનો મૂળ આત્મા સત્ય છે એટલે ક્રિયાકાંડો રૂપી શરીરને કેવળ પકડીને ન બેસી રહો અને ધર્મ એ પરિવર્તનશીલ છે, સમજી એનું સાતત્ય રક્ષણ કરતા રહેવું જોઈએ.

એમની 'ખાનદાન'ની વ્યાખ્યા પણ સમજવા જેવી છે. નીતિવાન એટલે ખાનદાન એ પર્યાયવાચીમાંથી તેને ધનવાન એટલે ખાનદાન આવું કઢંગું પરિવર્તન સમાજે કરી નાખ્યું. એમાં પરિવર્તન થયું પણ સાતત્ય ન જળવાયું.

મહારાજશ્રી આગળ ઘણા લોકો વ્રતની બાધા કે પ્રતિજ્ઞાઓ લેતા. વ્રત લીધા પછી વ્રતધાતા બંધાઈ જાય છે, અને વ્રતદાતા છૂટી જાય છે. એટલે તેઓ સમજાવે છે કે મતિભ્રમ કે વ્રત છોડવાનું મન થાય ત્યારે તમે 'શાસ્ત્ર, જાત અનુભવ અને સત્પુરુષનો અનુભવ' યાદ કરજો. કેવળ સત્ય જાણવું પૂરતું નથી, એને આચરણમાં ઉતારવા માટે 'નિષ્ઠા' શબ્દને જોડીએ છીએ. મહારાજશ્રીની વિશેષતા એ હતી કે તેઓ સત્ય સમજાવવાનું જ કામ નહોતા કરતા, પણ એની સાથે એની નિષ્ઠાને જોડી આપવાનું કામ પણ કરતા.

: ૩ :

આ પગદંડીમાં ત્રીજો ખંડ પ્રશ્નોત્તરી રોકે છે. આખા વર્ષ દરમિયાન પુછાયેલ પ્રશ્નોને એક ખંડમાં એકઠા કરીને મૂકયા છે. પ્રશ્નો ઉપરથી વિવિધ માનસો અને વિચારોનો ખ્યાલ આવી રહે છે. ઘણી વખત, આવા પ્રશ્નો પુછાય છે કોઈ એક વ્યકિત મારફત પરંતુ એ બની જાય છે સમષ્ટિના અંગભૂત સમા, અને ઘણી વખત તો મહારાજશ્રીની કસોટી રૂપ પણ થઈ જાય છે. પ્રશ્નોત્તરી ૧૧મીમાં ગાંધી અને અરવિંદની વિચારસરણી સમજવામાંથી આ બંને મહાપુરુષોની વિચારસરણીમાંથી તેમને કઈ વધુ ઉપયોગી લાગે છે એવું પુછાય છે. તેનો પ્રત્યુત્તર મહારાજશ્રીની સમગ્ર પ્રવૃત્તિ અને વિચારસરણીનું મધ્યબિંદુ બને એમ છે. તેઓ કહે છે : 'મારી નમ્ર માન્યતા અનુસાર આજે શ્રમજીવી અને પછાત કોમોને જે વિચારસરણી પચી શકે તે જ વિચારસરણીની જગતને જરૂર છે... મહાત્માજીની વિચારસરણી મને બહુ જ અગત્યની જણાઈ છે. સેવક તરીકે ઓળખાતા ગાંધીવાદી લોકોમાં મહાત્માજીની ઈશ્વરનિષ્ઠા અને જાતમહેનત વિશે જેટલી સમજ છે, તેટલી સમજ બાપુજીના અંતર્ગત ધર્મમય જીવનની સમજ વિશે ભાગ્યે જ હશે...' (પા. ૧૬૧).

આનું પ્રત્યક્ષ પ્રમાણ તેઓશ્રીએ રાજકોટમાં ૩૫ દિવસનો જે વિશ્વવાત્સલ્ય ચિંતક વર્ગ ચલાવ્યો તેમાં જોઈ શકાય છે.

'મહાત્માજી પ્રવૃત્તિ માર્ગમાં પડેલા છતાં નિવૃત્તિના લક્ષ્યે અવ્યકત ઈશ્વરાર્થે કાર્ય કરી ગયા છે... પૂ. બાપુજીમાં રેંટિયો, ગીતા અને પ્રાર્થનાની ત્રિપુટી જામી હતી. મારામાં કઈ ત્રિપુટી છે તે હું શું કહું ?' તેમ છતાં પોતાનામાં પણ આવું કંઈક અવશ્ય છે જ એટલે કહે છે : 'મને અગુપ્તતા, એકાંત સેવન અને સર્વધર્મના અભ્યાસે ઘણું આપ્યું છે.' શ્રમ, તર્ક અને ભાવનાની ત્રિવેણી બાપુના અક્ષરશઃ અનુકરણ રૂપે મારામાં ન હોય; તો યે ઓછા વધતા પ્રમણમાં એ સુયોગ સામે રાખીને જ સંતોષપૂર્વક હું ઉન્નત દષ્ટિએ ધપી રહ્યો છું... (પા. ૧૫૬).

બાપુએ ચિંધેલ અને અહિંસક સમાજરચનાની દષ્ટિએ આંકી આપેલ પાટે જ, પોતાની સમજ પ્રમાણેનો ભાલ-નળકાંઠા પ્રયોગ મહારાજશ્રી ચલાવી રહ્યા હતા. બંને સત્યના ઉપાસક અને અહિંસા દ્વારા એનો સાક્ષાત્કાર કરવા મથતા પ્રયોગવીરો, બંનેનો માનવજાત પૂરતો જ નહીં, સમગ્ર જીવનસૃષ્ટિ સાથે એટલો જ પ્રેમ અને એથી એમનાં સુખ શાંતિ અર્થે પલોટવા માટેનો અદમ્ય પુરુષાર્થ, ધ્યેય એક માર્ગ જુદા - કેવળ બાહ્ય રીતે. બંને સંતો - બાપુ અને સંતબાલ હૃદયપ્રવેશ શાસ્ત્રના અદ્ભુત જ્ઞાતા. તેથી તેઓ રાજકોટ ચાતુર્માસ પૂરા થતાં પહેલાંના અંતિમ પ્રવચનમાં આ હૃદય-પ્રવેશના શાસ્ત્રનું એક આછેરું કિરણ ફેંકી સમજાવે છે : સર્વધર્મ સમન્વય કરવો હોય તો માનવના હૃદયમાં પેસવું જોઈએ. હૃદયમાં સ્થાન પ્રાપ્ત કર્યા પછી, તેમના સંસ્કારોને સુવળાંક આપી શકાશે. તેઓ જે માન્યતા દાખવતા હોય કે જે ઉપાસ્ય દેવને માનતા હોય, તે દેવને આપણા માનીને ચાલીશું તો પ્રથમ શ્રદ્ધા ઉત્પન્ન કરીને પછી આપણા માર્ગે તેમને લઈ જઈ શકીશું (પા. ૧૩૮).

સરપદડની જાહેરસભામાં હૃદયપ્રવેશના અદ્ભુત પુરુષ તરીકે બાપુને ઓળખાવતાં તેઓ કહે છે : 'આજના જગતમાં વિજ્ઞાને જે પ્રગતિ કરી છે એનો ઉપયોગ એક યા બીજા પ્રકારે પોતાનું વર્ચસ્વ જમાવવા માટે થઈ રહ્યો છે. આ વિશ્વમાં મોટામાં મોટી વૈજ્ઞાનિક શોધ ગાંધીજીએ પોતાના જીવનથી સિદ્ધ કરી બતાવી છે. હૃદયપલટાનું શાસ્ત્ર પોતાના રોમેરોમમાં વણીને પ્રત્યક્ષ પ્રયોગ રૂપે આપણી સમક્ષ મૂકી ગયા' (પા. ૧૩૭).

આ વિહારયાત્રાની પગદંડીમાં પણ આપણને આવું જ હૃદયપલટાનું શાસ્ત્ર જોવા મળે છે.

મણિભાઈની શૈલીમાં ક્યાંય ભાષાનો આડંબર નથી, જેવું બોલાયું તેવું ઝીલાયું, અને લખાયું. ફરી મઠારવાની કે પુનર્લેખન કરવાની તક મળી નથી. એમને તો સંતના પાવન પગલાંનો, ગામડાની ભોળી અને શ્રદ્ધાપ્રિય જનતા ઉપર કેવી અસર થાય છે, એટલું જ નોંધવું હતું. હૃદયપલટાનું શાસ્ત્ર જાણનાર અને ન જાણનાર બંનેને આ ઉપયોગી છે. કુદરતની વ્યવસ્થા જંગલ જેવી છે, આવા સંતપુરુષો તેને ઉપવન કે બગીચા સમી બનાવી ગયા છે. જંગલમાં કેડી પાડવી અઘરી છે, પણ જ્યાં પગદંડી હોય ત્યાં નિર્ભયતાથી પગ મૂકી આગળ વધી શકાય છે.

આવા હૃદયપલટાના શાસ્ત્ર તરફ આપણું મનોવલણ વધારે ને વધારે ઢળતું જવામાં આ પાવન પગદંડી જરૂર ઉપયોગી બની રહેશે.

૧૫ માર્ચ

**- મનુ પંડિત**

મંત્રી, મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર,

# માનવતાવાદી સાધુની મહેંક

મારી નોંધપોથીઓને 'ડાયરી' જેવું સાહિત્યિક કે સાક્ષરી નામ આપતાં મને સહેજે સંકોચ થાય. હું વેપારી માણસ, વેપાર કરતાં કરતાં મહારાજશ્રી પ્રત્યેની ભકિતથી તેમની સાથે જોડાયો. મને સમજાયું હતું કે, હિસાબની ચોકસાઈ એ કેવળ વહેવારિક રીત જ નથી, પણ સત્યનો એક અનિવાર્ય ભાગ પણ છે. એમ જીવનનો ઉપયોગ, એનો હિસાબ એ પણ સત્યનો જ એક અંશ ગણાય.

આ વર્ષોમાં મહારાજશ્રી વ્યસન ત્યાગ ઉપર ભાર મૂકતા, લોકો એમની સમક્ષ જાતજાતની પ્રતિજ્ઞાઓ અને બાધાઓ લેતા. લૂગડું રંગતાં એ જેટલું સ્વચ્છ, ડાઘ વિનાનું હોય તેટલો જ એના ઉપર સારો રંગ ચડે. નિર્વ્યસની જીવનમાં સદ્દગુણ અને ભકિતનો અનેરો રંગ ચડે છે, એ મને અનેક પ્રસંગોમાં જોવા મળ્યું છે. પ્રથમ પુસ્તકમાં આપણે જોયું કે મહારાજશ્રીની વિહારયાત્રામાં ભાગ્યે જ એવું કોઈ ગામ હશે જ્યાં કંઈ ને કંઈ પ્રતિજ્ઞાઓ ન લેવાઈ હોય ! અહીં પણ આ સિલસિલો ચાલુ હતો. મારું કામ આ બધા પ્રતિજ્ઞાધારીઓનાં નામ, ઠામ, મુદત નોંધી રાખવાનું રહેતું. જેથી એમનો સંપર્ક જારી રાખવામાં મદદરૂપ બને. પ્રતિજ્ઞા કંઈ ઝટ ઝટ લેવાતી નથી, મનમાં ઊંડું મંથન જાગે છે, અને કોઈ વિરલ પળે, શ્રદ્ધાપાત્ર પુરુષ આગળ પ્રગટ થાય છે. એવાં અનેક પાવનદશ્યોના સાક્ષી બનવાની મને તક મળી છે. વાહણ પગીની વાત, આ ગાળા દરમિયાન બનતી એક મહત્ત્વની ઘટના છે.

મહારાજશ્રીની વિશેષતા એ રહેતી કે તેઓ ગામના પ્રશ્નોને તરત સમજી લેતા, અને લોકસંપર્ક પણ એમનો એટલો ઊંડો કે વ્યકિતગત પ્રશ્નો પણ તરત પામી જતા. આ વિહારયાત્રાના વાર્તાલાપો, પ્રવચનો કે પ્રશ્નોત્તરી જુઓ - તમને આ જ વાત સમજાશે. ગામડાના, સમાજ જીવનના કે વ્યકિતગત જીવનના પ્રશ્નો જ તેમના પ્રવચનોના મુખ્ય વિષય બની રહેતા.

સૌરાષ્ટ્રમાં વિહાર કરવા પાછળ, અને રાજકોટમાં ચાતુર્માસ કરવા પાછળ બે ત્રણ મુખ્ય કારણો હતાં. મુખ્ય તો સૌરાષ્ટ્રના પ્રેમીઓની વારંવાર થતી માગણી, રાજકોટ આમેય સૌરાષ્ટ્રનું મુખ્ય અને મધ્યવર્તી શહેર ગણાય. ત્યાં રચનાત્મક કાર્યકરોનું મંડળ, પ્રજાકીય સરકારનું પાટનગર. તાજે તાજું સ્વરાજ આવ્યું હોવાથી રાજ્યના એકીકરણનો પ્રશ્ન મુખ્ય હતો. તેમાં મહારાજશ્રી હાજર હોય તો પ્રજાને

અને પ્રજા નેતાઓને માર્ગદર્શન અને હૂંફ આપી શકે.

તે વખતની પરિસ્થિતિનું આછું દર્શન આ ગ્રંથમાંથી વાચકને મળી રહેશે. કોઈ રાજાના મુખ્ય શહેરમાં, રાજ્યની મંજૂરી સિવાય, જાહેરસભા ભરી શકાતી નહીં. જો સભા જ ન ભરી શકાય તો પછી પ્રજાને સમજાવી કેવી રીતે શકાય ? વાંકાનેરમાં કલેકટરે આવો હુકમ કાઢયો હતો, છતાં સભા ભરાઈ. બીજે દિવસે પણ સભા થઈ. અને એ દિવસે ઠાકોર સાહેબ અને અમલદારો પણ હાજર હતા. મહારાજશ્રી સમજાવે છે : 'ધર્મસત્તા, રાજ્યસત્તાથી ઉપર છે, તેને સભા ભરવા માટે હુકમની જરૂર ન હોય !' તો મોરબીની જાહેરસભામાં મોટું ધાંધલ થાય છે. લોકોનાં ટોળે ટોળાં આવીને 'પ્રજામંડળ મુર્દાબાદ'ના પોકારો પાડે છે. એ દિવસે લાઠીચાર્જ અને ગોળીબાર સુદ્ધાં થાય છે. ટોળાં મહારાજશ્રી પાસે રાત્રે આવે છે. તેમને માંડ શાંત પાડે છે. આ બધા વચ્ચે પણ સૌરાષ્ટ્રની સંતો પ્રત્યેની પ્રજાભકિતની આછી લહર સળંગ આ પાનાંઓમાં આપણને જોવા મળે છે. સૌરાષ્ટ્રનાં મુખ્ય નગરો - વાંકાનેર, મોરબી, જામનગર, અને રાજકોટનાં તેમનાં પ્રવચનો તેમની પ્રજાવત્સલતા અને પ્રેમનાં ઘોતક છે. આમ આદમીથી માંડીને રાજાઓ સહિતનો તેમનો સંપર્ક રહેતો. આવાં તોફાનો વચ્ચે પણ ધ્રોળ નરેશ, વાંકાનેર કે મોરબીના લખધીરસિંહજી બાપુ તેમને મળવા આવે, પોતાની વાત પરસ્પર સમજાવે અને એ મિલનમાંથી જે મધુર સંવાદ પ્રગટ થતો એ પ્રજાજીવનમાં અમૃતનું રસાયણ બની જતો.

મહારાજશ્રીને આમજનતા જેને આપણે અઢારે વરણ કહીએ તેનો ઊંડો સંપર્ક રહેતો. ધર્મની રીતે કેવળ હિંદુઓ, વૈષ્ણવો કે જૈનો જ નહીં, પણ મુમના, મેર, મિયાણા અને મુસલમાનો સહિત તેમના પ્રત્યે જે ભાવ દર્શાવે છે, તે ભારતીય સંસ્કૃતિની એક ઉજ્જવલ ગરિમા છે. તેમને કોઈ હરિજન કે ભંગીઓને ચડાવી મારનાર, પછાત વર્ગોના વકીલ, મહિલાઓના પક્ષકાર કહે તે તો સમજાય પણ તેઓ પોતે કહે છે તેમ : કોઈ કોઈ તેમને મુસલમાનના સાધુ પણ કહતા. આ નવાજેશ એજ તેમના સર્વધર્મપણાનું આભૂષણ છે. સર્વધર્મને સમાન ગણવા એ તર્ક કે શબ્દોથી સમજાવી શકાતું નથી. પ્રજા તો જીવનનું આચ્રણ જોવા માગે છે.

આ દિવસોમાં વિવિધ વાદો - 'મૂડીવાદ, સમાજવાદ, સામ્યવાદ, ઉપર મહારાજશ્રીને ઠેકઠેકાણે પ્રશ્નો પુછાતા. નવી સમાજરચનાનો પાયો નંખાઈ રહ્યો હતો, 'લોકશાહી અને રાજાશાહી' વચ્ચેનો ભેદ સ્પષ્ટ સમજાવવો જ જોઈએ. મહારાજશ્રી પોતાની જાતને 'સમાજવાદી સાધુ' કહેવડાવતા. વિદ્યાર્થીઓની સભામાં તેઓ ઘણી વખત 'વાદ'નો પ્રશ્ન ગમ્મતભરી રીતે સમજાવતા. તમે બધા

વાદોને કૂવામાં નાખો. તરસ લાગી હોય ત્યારે કોનો કૂવો છે, કે કેવો કૂવો છે તે જોવાનું ન હોય. પાણી સ્વચ્છ અને મીઠું છે કે નહીં, તે જોવાનું હોય, એકબીજાને મદદ કરો, અને હેતપ્રીતથી રહો. એમાં બધા ધર્મોનો સાર અને વાદોની વાત આવી જાય છે. એને આપણે - 'માનવતાવાદ'થી ઓળખીએ છીએ. ગ્રામ્ય પ્રજાને સમજાવવાની રીત અને શહેરી પ્રજાને સમજાવવાની રીત ન્યારી જ હોય છે. આવી સાદી વાત પણ ભણેલા-ગણેલા, અને ધર્મના મોભીઓને સમજાવતાં કેવાં નેવનાં પાણી મોભે ચડાવવાં પડે છે - એની વાત રાજકોટ ચાતુર્માસના સંભારણામાં મેં વિગતથી લખી છે. એમાં કેવળ મહારાજશ્રીની પ્રજા ઘડતરની રીત દર્શાવવા ખાતર જ લખ્યું છે, એ રીતે સૌ કોઈ એને ઘટાવશે એવી આશા રાખું છું.

આ ગ્રંથમાં પ્રવચનો ટૂંકાવ્યાં છે. ૧૯૪૭નું વર્ષ ભારતની એકતા અને અખંડિતતાનું વર્ષ જેમ બની ગયું હતું તો તેમાં અનન્ય ફાળો નોંધાવનાર માનવતાવાદી સંતની મહેંક પ્રસરાવતી આ વિહારયાત્રા પણ સૌરાષ્ટ્રના એકમમાં કેવી યાદગાર બની રહી હતી તે સૌ કોઈ જોઈ શકશે.

આ નોંધમાં મારે મારા વતન જવાનું થતાં, એ દિવસોની નોંધ આપી શકા નથી. પરંતુ એમનો પ્રવાસ કાર્યક્રમ તો આપ્યો જ છે.

ચિંચણ
તા. ૧લી માર્ચ, ૧૯૯૪

**મણિભાઈ બા. પટેલ**

# મુનિશ્રી સંતબાલજીની વિહારયાત્રા

તા. ૩૦-૧૧-૪૭ : ગોરાધુમા
તા. ૩૧-૧૧-૪૭ : હરિજન આશ્રમ, સાબરમતી
(તા. ૧, ૨, ૩ ડિસેમ્બર ૧૯૪૭ આશ્રમમાં)
તા. ૪-૧૨-૪૭ : અમદાવાદ : કોબા, ગિરધરનગર
તા. ૫-૧૨-૪૭ : અમદાવાદ : જાહેરસભા, પ્રેમાભાઈ હોલ
તા. ૬-૧૨-૪૭ : નરોડા
તા. ૭-૧૨-૪૭ : અણાસણ
તા. ૮-૧૨-૪૭ : કૂબડથલ
તા. ૯-૧૨-૪૭ : બાકરોલ (બુજરંગ)
તા. ૧૦-૧૨-૪૭ : હાથીજણ
તા. ૧૧-૧૨-૪૭ : અસલાલી
તા. ૧૨-૧૨-૪૭ : નાજ
તા. ૧૩-૧૨-૪૭ : ભાત
તા. ૧૪-૧૨-૪૭ : કાવિઠા
તા. ૧૫-૧૨-૪૭ : બાવળા
તા. ૧૬-૧૨-૪૭ : બાવળા
તા. ૧૭-૧૨-૪૭ : બાવળા
તા. ૧૮-૧૨-૪૭ : માણકોલ
તા. ૧૯-૧૨-૪૭ : ઝાંપ
તા. ૨૦-૧૨-૪૭ : ઝાંપ
તા. ૨૧-૧૨-૪૭ : ઝાંપ
તા. ૨૨-૧૨-૪૭ : ત્રણ દિવસ શિયાળ
તા. ૨૩-૧૨-૪૭ : શિયાળ
તા. ૨૪-૧૨-૪૭ : શિયાળ
તા. ૨૫-૧૨-૪૭ : બગોદરા
તા. ૨૬-૧૨-૪૭ : ગૂંદી
તા. ૨૭-૧૨-૪૭ : ગૂંદી આશ્રમ
તા. ૨૮-૧૨-૪૭ : જવારજ
તા. ૨૯-૧૨-૪૭ : કોઠ
તા. ૨૯-૧૨-૪૭ : ગાંગડ
તા. ૩૦-૧૨-૪૭ : ભામસરા
તા. ૩૧-૧૨-૪૭ : ઝાંપ

**૧૯૪૮**

તા. ૧ જાન્યુઆરીથી ૧૨ જાન્યુઆરી ૧૯૪૮ : ઝાંપ
ખેડૂત મંડળની સ્થાપના અંગે
તા. ૧૩-૧-૪૮ : શિયાળ
તા. ૧૪-૧-૪૮ : ગૂંદી
તા. ૧૫-૧-૪૮ : ગૂંદી
તા. ૧૬-૧-૪૮ : લક્ષ્મીપુરા અને લોલિયા
તા. ૧૭-૧-૪૮ : ધનાળા, કમિયાળા અને પીંપળી
તા. ૧૮-૧-૪૮ : આમળી અને કાદીપુર
તા. ૧૯-૧-૪૮ : ધોલેરા (બંદર)
તા. ૨૦-૧-૪૮ : ધોલેરા
તા. ૨૧-૧-૪૮ : ભડિયાદ
તા. ૨૨-૧-૪૮ : રોજકા
તા. ૨૩-૧-૪૮ : ધંધૂકા
તા. ૨૪-૧-૪૮ થી ૪-૨-૪૮ : ધોળી
વિશ્વવત્સલ ચિંતક વર્ગ

તા. ૫-૨-૪૮ : અડવાળ
તા. ૬-૨-૪૮ : ઝાંઝરકા
તા. ૭-૨-૪૮ : કંથારિયા
તા. ૮--૨-૪૮ : છલાળા
તા. ૯-૨-૪૮ : ભડકવા
તા. ૯-૨-૪૮ : લાલિયા
(રાત્રિ નિવાસ)
તા. ૧૦-૨-૪૮ : વસતડી અને મોરવાડ
તા. ૧૧-૨-૪૮ થી ૨૫-૨-૪૮ :
સાયલા : ગુરુદેવ નાનચંદ્રજી મહારાજની છાયામાં
તા. ૨૬-૨-૪૮ : સુદામડા
તા. ૨૭-૨-૪૮ : ચોરવાડ
તા. ૨૮-૨-૪૮ : બલદાણા
તા. ૨૯-૨-૪૮ : લીંબડી
૧લી માર્ચ ૧૯૪૮ થી ૩ માર્ચ ૧૯૪૮
વાહણ પગીના સંપર્કમાં એનો હૃદયપલટો
તા. ૪-૩-૪૮ : ભલગામડા
તા. ૫-૩-૪૮ : અંકેવાળિયા,
સાંજે સમલા
તા. ૬-૩-૪૮ : વઢવાણ શહેર
તા. ૭-૩-૪૮ : વઢવાણ શહેર
તા. ૮-૩-૪૮ થી તા. ૧૨-૩-૪૮ :
જોરાવરનગર
તા. ૯-૩-૪૮ : વઢવાણ કૅમ્પ
તા. ૧૦-૩-૪૮ : વઢવાણ કૅમ્પ
તા. ૧૧ અને ૧૨-૩-૪૮ : વઢવાણ
તા. ૧૩-૩-૪૮ : મેમકા, સાંજે ભડિયાદ
તા. ૧૪-૩-૪૮ : મોટા ટીંબલા,
ઉમેદપુર, ઘાઘરેટિયા
તા. ૧૫--૩-૪૮ : પાણશીણા
તા. ૧૬-૩-૪૮ : દેવપરા, મીઠાપુર
તા. ૧૭-૩-૪૮ : શિયાળ
તા. ૧૮-૩-૪૮ : બગોદરા
તા. ૧૯-૩-૪૮ : ગૂંદી
૨૦મી એ ખેડૂત પરિષદ
તા. ૨૨-૩-૪૮ : ગૂંદી
તા. ૨૩ અને ૨૪-૩-૪૮ : જવારજ
તા. ૨૫-૩-૪૮ : સરગવાળા
તા. ૨૬-૩-૪૮ : ભોળાદ
તા. ૨૭-૩-૪૮ : સમાણી અને ઉતેળિયા
તા. ૨૮-૩-૪૮ : ગૂંદી
તા. ૨૯-૩-૪૮ : ગૂંદી
તા. ૩૦-૩-૪૮ : ગૂંદી
તા. ૩૧-૩-૪૮ : ગૂંદી
તા. ૧-૪-૪૮ : ગૂંદી
તા. ૨-૪-૪૮ : ફેદરા
તા. ૩-૪-૪૮ : ધંધુકા
તા. ૪-૪-૪૮ : વાગડ
તા. ૫-૪-૪૮ : નાગનેશ
તા. ૬-૪-૪૮ : રાણપુર
તા. ૭-૪-૪૮ : લોયા
તા. ૮-૪-૪૮ : મોટા ભાડલા
તા. ૯-૪-૪૮ : નોળી
૧૦ અને ૧૧-૪-૪૮ : ધાંધલપુર
તા. ૧૨-૪-૪૮ : ચોટીલા
તા. ૧૩-૪-૪૮ : ચોટીલા
તા. ૧૪-૪-૪૮ : ચોટીલા
તા. ૧૫-૪-૪૮ : મોલડી
તા. ૧૬-૪-૪૮ : બામણબોર

તા. ૧૭-૪-૪૮ : બેટી
તા. ૧૮-૪-૪૮ : માલિયાસણ
૧૯-૪-૪૮ થી ૨૭-૪-૪૮ : રાજકોટ
વિવિધ સંસ્થાઓની મુલાકાતો
તા. ૨૮-૪-૪૮ : ખોરાણા
તા. ૨૯-૪-૪૮ : સીંધાવદર
તા. ૩૦-૪-૪૮ : વાંકાનેર
તા. ૧-૫-૪૮ : વાંકાનેર
તા. ૨-૫-૪૮ : વાંકાનેર
તા. ૩-૫-૪૮ : તીથવા
તા. ૪-૫-૪૮ : અરણી-ટીંબા અને ટોળ
તા. ૫-૫-૪૮ : હડમતીયા, સાંજે
લજાઈ
તા. ૬-૫-૪૮ : મોરબી
તા. ૭-૫-૪૮ : મોરબી
તા. ૮-૫-૪૮ : મોરબી
તા ૯-૫-૪૮ : વીરપુર
તા. ૧૦-૫-૪૮ : ટંકારા
તા. ૧૧-૫-૪૮ : ટંકારા
તા. ૧૨-૫-૪૮ : ટંકારા
તા. ૧૩-૫-૪૮ : મેઘપુર
તા. ૧૪-૫-૪૮ : લતીપુર
તા. ૧૫-૫-૪૮ થી ૨૦-૫-૪૮ :
બાલંભા
(મહારાજશ્રીનું પૂર્વાશ્રમનું મોસાળ)
તા. ૨૧-૫-૪૮ થી ૨૩-૫-૪૮ :
જોડિયા
તા. ૨૪-૫-૪૮ : ધ્રોળ
તા. ૨૫-૫-૪૮ : ધ્રોળ
તા. ૨૬-૫-૪૮ : ખીલોસ
તા. ૨૭-૫-૪૮ : હડિયાણા
તા. ૨૮-૫-૪૮ : જાંબુડા
તા. ૨૯-૫-૪૮ થી ૨૧-૬-૪૮ :
જામનગર
તા. ૨૨-૬-૪૮ : અલિયાબાડા
તા. ૨૫-૬-૪૮ : ધુંવાંવ
તા. ૨૭ અને ૨૮-૬-૪૮ : વણથલી
તા. ૨૯-૬-૪૮ : જાળિયા
તા. ૩૦-૬-૪૮ : હડમતિયા
૧ લી અને ૨ જુલાઈ ૧૯૪૮ : પડધરી
તા. ૩ ને ૪-૭-૪૮ : સરપદડ
તા. ૫-૭-૪૮ : ન્યારા
તા. ૬-૭-૪૮ : ઘંટેશ્વર
તા. ૭-૭-૪૮ : રાજકોટ- ચાતુર્માસ
૧૯-૯-૪૮ થી ૨૩-૧૦-૪૮
વિશ્વવત્સલ ચિંતક વર્ગ
૨૪-૧૦-૪૮ વર્ગની પૂર્ણાહુતિ
૧૮-૧૧-૪૮ ચાતુર્માસ પૂરા

*૧૮ નવેમ્બર ૧૯૪૮*
*રાજકોટ ચાતુર્માસની પૂર્ણાહુતિ*
*ભાલમાં દુષ્કાળની વિકટ*
*પરિસ્થિતિ થતાં ભાલ તરફ વિહાર*

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| પ્રસ્તાવના | ત્ર્યંબકલાલ ઉ. મહેતા | ૩ |
| સાધુતાની પગદંડી યા ને હૃદયપલટાનું શાસ્ત્ર | મનુ પંડિત | ૮ |
| માનવતાવાદી સાધુની મહેંક | મણિભાઈ પટેલ | ૧૫ |
| મુનિશ્રી સંતબાલજીની વિહારયાત્રા (તારીખ પ્રમાણે : ૧૯૪૮) | | ૧૮ |
| રોજનીશીનું મહત્ત્વ | સંતબાલ | ૨૨ |


## સાધુતાની પગદંડી : ખંડ પહેલો


| | |
|---|---|
| મુનિશ્રી સંતબાલજીનું વિરમગામમાં ચાતુર્માસ | |
| મગનભાઈ દેસાઈનું વકતવ્ય | ૧૨ |
| વિરમગામ ચાતુર્માસનું સરવૈયું.... સંતબાલ | ૧૫ |
| ચાતુર્માસ પછીની વિહારયાત્રા..... સંતબાલ | ૩૧ |
| **સાધુતાની પગદંડી : ખંડ બીજો** | |
| સૌરાષ્ટ્રની વિહારયાત્રા | ૩૯ |
| સૌરાષ્ટ્રમાં પ્રવેશ | ૬૨ |
| રાજકોટમાં ૧૯ એપ્રિલથી ૨૭ સુધીનું રોકાણ | ૮૦ |
| જામનગરમાં વ્યાખ્યાનો | ૧૦૨ |
| રાજકોટ ચાતુર્માસનાં સંભારણાં | ૧૩૯ |
| **સાધુતાની પગદંડી : ખંડ ત્રીજો** | |
| પ્રશ્નોત્તરી.. | ૧૫૭ |
| પુરવણી : સ્વચ્છતાના આચાર્ય.... અંબુભાઈ શાહ | ૧૮૮ |
| વિરમગામથી રાજકોટ સુધીના ચાતુર્માસની ઝાંખી | ૧૯૦ |

# રોજનીશીનું મહત્વ

**રોજનીશીનો વિચાર કરતાં જોઉં છું કે; મારે સારુ તો એ અમૂલ્ય વસ્તુ થઈ પડી છે. જે સત્યને આરાધે છે; તેના સારુ એ ચોકીદાર થઈ પડે છે કેમકે; તેમાં સત્ય જ લખાયું છે. આળસ કર્યું હોય તો તે લખ્યે જ છૂટકો. કામ ઓછું કર્યું હોય તો તે પણ લખ્યે જ છૂટકો. આમ તે અનેક રીતે મદદગાર થઈ પડે છે. તેથી સૌ તેની કિંમત સમજો એ આવશ્યક છે. તે નિયમિત શરૂ કર્યા પછી આપણને પોતાની મેળે સૂઝે છે : શું ને કેવી રીતે લખવું ? હા એક શરત છે, 'આપણે સાચા થવું છે. જો તે ન હોય તો રોજનીશી ખોટા સિક્કા જેવી થઈ પડે છે. જો તેમાં સાચું જ હોય તો તે સોનાની મહોરથી કીમતી છે.**

(પૂ. બાપુજીએ સને ૧૯૩૦માં યરવડા મંદિરથી લખેલા
આશ્રમવાસીઓ પ્રત્યેના પત્રનો ઉતારો )

પૂ. ગાંધીજીના નોંધપોથી વિષેના વિચારોને વારંવાર ચિંતવવા હું વિશ્વ-વાત્સલ્યના વાચકોને ભલામણ કરવા લલચાયો છું. મારાં નજીકનાં જેમણે જેમણે નોંધપોથીનો દિલ દઈને આશ્રય લીધો છે; તેમણે તેમણે ઉપલા અનુભવનો સાક્ષાત્કાર કર્યો છે, એવી મને ખાતરી થઈ છે. બુદ્ધિપ્રધાન લોકો ચટ દઈને કોઈને ગુરુપદ નહિ આપી શકે, આપશે તોય એમાં સમર્પણ ભાગ્યે જ કરી શકશે. વળી ગુરુપદ આપવામાં જોખમ તો છે જ. લેવામાંય ઓછું જોખમ નથી. આવા સંયોગોમાં પૂ. બાપુએ જે રીતે નોંધપોથીનું શરણું લેવાની હિમાયત કરી છે, તે માર્ગ સર્વ સુલભ છે. હું તો ત્યાં લગી કહું છું કે; એકવાર નિયમિતપણે એને ચરણે ઝૂકો; પછી તમારામાં આજે દેખાય છે તે કદાચ નહિ દેખાય અને આજે નથી દેખાતું તે દેખાવા માંડશે. નોંધપોથી આપણાં આંતરચક્ષુ ઉઘાડે છે. જ્ઞાનની ચાવી દેખાડે છે. ચારિત્રનો નિજાનંદ અનુભવાવે છે. તે જ રીતે અંધકારનું ભાન કરાવે છે. મિથ્યામદને ખટખટાવી નાખે છે. મહામંથન જગાડે છે. કોઈવાર અંતરને વલોવી નાખે છે અને આંસુથી પથારીઓ ભીંજવી નાખે છે. ઘણી વાર એને છોડી દેવાની વૃત્તિ થઈ જાય છે. આ બધું છતાં એક વાર પણ જેણે એની ગોદનો સાચો સ્વાદ લીધો છે, તે એને કદી છોડી શકશે નહિ; પછી જોઈએ તો એ નોંધપોથીને અક્ષરદેહથી આરાધતો હોય કે જોઈએ તો વિચારદેહથી આરાધતો હોય !

તા. ૧-૧૦-૪૯ **સંતબાલ**

# વિશ્વવાત્સલ્યના આજીવન ગ્રાહકોને અમૂલ્ય તક અને નમ્ર અપીલ

મુનિશ્રી સંતબાલજીની અગિયારમી નિર્વાણતિથિ પ્રસંગે તેમના જીવનની વિહારયાત્રાઓની શ્રેણીમાં શ્રી મણિભાઈ પટેલે રાખેલ રોજનીશી ઉપરથી સાધુતાની પગદંડીની ગ્રંથશ્રેણી પ્રગટ કરવાનું મંડળે નક્કી કર્યું છે.

આ શ્રેણીમાં નીચે મુજબ કુલ છ પુસ્તકો પ્રગટ થશે. પ્રત્યેક પુસ્તક ૨૦૦ થી ૨૫૦ પાનાની આસપાસનું રહેશે. તેની આછી રૂપરેખા નીચે પ્રમાણે છે.

પ્રથમ પુસ્તક : ૧૯૪૬-૪૭ (પ્રગટ થયું છે.)

બીજું પુસ્તક : ૧૯૪૫-૪૮

ત્રીજું પુસ્તક : ૧૯૪૯-૫૦

ચોથું પુસ્તક : ૧૯૫૧-૫૩

પાંચમું પુસ્તક : ૧૯૫૪ થી ૫૮

(ત્યાર પછીનો ક્રમ એ જ પ્રમાણે ચાલુ રહેશે.)

આમ ૧૯૪૫ થી ૧૯૬૭ ના ગાળા દરમિયાન એમણે કરેલ વિશાળ દેશપરિભ્રમણ અને તે તે સ્થળના પ્રશ્નોમાં રસ લઈ તેને ઉકેલવામાં આપેલ પોતાનો સહયોગ ચાતુર્માસ દરમિયાન વિવિધ શિબિરો, અને સંસ્થાનિર્માણનો કાર્યક્રમ, વ્યકિતગત અને સંસ્થાઓના સંપર્કો, મુલાકાત, નોંધો, યાદગાર પ્રસંગો, નોંધપાત્ર પત્રો, પ્રવચનો વગેરેનો સમાવેશ કરવામાં આવશે.

આ શ્રેણીનાં પ્રથમ બે પુસ્તકો પ્રગટ થઈ ચૂકયાં છે.

આ ડાયરીમાં સમાજસુધારાનું કોઈ પણ પાસું ભાગ્યે જ છૂટી ગયેલું

જણાય છે. કોમીએકતા, અસ્પૃશ્યતા-નિવારણ, માતૃજાતિનો આદર જ નહીં તેમની શકિતનો પૂરો ઉપયોગ, એ માટેના તાલીમ વર્ગો, ખેતમજૂરો, મિલમજૂરો, ખેડૂતો, ગોપાલક-વર્ગ, આદિવાસી વનવાસીઓ, બાળકેળવણી; ધર્માંધતા અને વટાળવૃત્તિ, આરોગ્ય અને ગ્રામસફાઈ-ગ્રામપંચાયત-શુદ્ધિપ્રયોગ, અન્યાય પ્રતિકાર, લોકલક્ષી લોકશાહી અને રાજકારણની શુદ્ધિ જેવા સંખ્યાબંધ વિષયોમાં એમણે માર્ગદર્શન પૂરું પાડયું છે.

પોતાના પાદવિહારમાં આવતાં ગામેગામની પરિસ્થિતિનો આંખેદેખ્યો અહેવાલ એ સ્વરાજ્યના સંધિકાળે ગુજરાતના એક સંતે આપેલ કિંમતી દસ્તાવેજ છે, જે સંશોધકો અને સમાજસુધારકો માટે એક મૂલ્યવાન સામગ્રી ધરાવે છે.

ડાયરીના પ્રથમ પુસ્તક વિમોચન પ્રસંગે પ્રખર ગાંધિવિચારક, ચિંતક શ્રી નારાયણ દેસાઈએ કાઢેલા ઉદ્ગારોમાં જણાવ્યું હતું કે -

"સંતબાલજીના વિચારોમાં મને ક્રાંતિના બીજ દેખાય છે, એ વાંચતી વખતે મને લોહિયા અને જયપ્રકાશની વાતો યાદ આવી જાય છે. માણસ પોતાના વિચારથી જુદો પડતો હોય તો તેને ગામમાં પ્રવેશ કરવાનો અધિકાર નથી, તે 'તાનાશાહી' છે, વિનોબાજીએ 'તાનાશાહી'ને બદલે 'નાતાશાહી'ની વાત કરી છે. સંતબાલજીએ તાનાશાહીનો જવાબ નાતાશાહીથી આપવા માટે પ્રયાસ કર્યો છે."

વિશ્વવાત્સલ્યના આજીવન ગ્રાહકોને આ ગ્રંથશ્રેણીનાં છએ પુસ્તકો વિનામૂલ્યે મળશે.

આજીવન ગ્રાહકોમાંથી મોટાભાગના ગ્રાહકો વર્ષો પહેલાં ઓછા લવાજમના ગ્રાહકો છે. ત્યાર પછી ઘણી બધી મોંઘવારી વધી અને હાલનું ખર્ચ જોતાં આજીવન ગ્રાહકનું લવાજમ રૂા. ૫૦૦/- કરીએ તો જ ખોટ ન જાય. પરંતુ લવાજમ ન વધારતાં સંઘ દરેક આજીવન ગ્રાહક પાસે અપેક્ષા રાખે છે કે તેઓ રૂા. ૫૦૦/-નું લવાજમ સ્વૈચ્છિક રીતે પૂરું કરશે, આ અપેક્ષાનો ઉચિત પ્રતિભાવ બધા ગ્રાહકો આપીને આ યોજનાનો હેતુ સફળ બનાવશે એવી સંઘ આશા રાખે છે.

# અ...ર્પ...ણ

## પ્રભુપ્રેમી જ્ઞાનચંદ્રજી મહારાજ



**સ્વભાવે શુદ્ધતા સાચી, જેણે જીવનમાં વણી;**
**પ્રભુના ઉરમાં પેસે, તેવો ભક્ત શિરોમણિ.**

બરાબર આજથી ૫૦ વર્ષ પહેલાં ૧૯૪૫માં શ્રી જ્ઞાનચંદ્રજી મહારાજ, સંતબાલજીના સંપર્કમાં આવ્યા. એમનો બાલપ્રેમ, ગોપ્રેમ અને સંતપ્રેમ–એમની ભાગવદ્ ભક્તિની સાધનાનાં સોપાન બની રહ્યાં.

બાળક જેવી ઋજુતા અને માતા જેવી વત્સલતાથી આજે પણ જેઓ સમાજને પ્રેરણા આપી રહ્યા છે એવા પૂજ્ય ગુરુદેવ સંતબાલજીના સુશિષ્ય **પ્રભુપ્રેમી સ્વામી જ્ઞાનચંદ્રજીને** નમ્ર ભાવે આ પગદંડીનો ગ્રંથ અર્પણ કરું છું.

**મણિભાઈ પટેલ**

# મુનિશ્રી સંતબાલજીનું વિરમગામમાં ચતુર્માસ

સને : ૧૯૪૫

સંવત : ૨૦૦૧

ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદના
મહામાત્ર
શ્રી મગનભાઈ પ્ર. દેસાઈના અધ્યક્ષપદે
ઉજવાયેલ સન્માન સમારંભ

- **વિરમગામ ચતુર્માસનું સરવૈયું**
  મુનિશ્રી સંતબાલજી
- **ચતુર્માસ પછીની વિહારયાત્રા**
- **પ્રતિજ્ઞાધારીઓની સંખ્યા**

હસ્તલિખિત વિશ્વવાત્સલ્ય
પત્રિકા અને નોંધો ઉપરથી

# શ્રી સંતબાલજીનો જાહેર સમારંભ

**વિરમગામમાં તા. ૨૦-૧૧-૪૫ મંગળવાર રાત્રે સાત વાગે**

શ્રી વિરમગામ તાલુકા સમિતિ તરફથી પૂ. શ્રી સંતબાલજી પાંચ માસ અત્રે રોકાઈ ૨૧-૧૧-૪૫ને રોજ વિદાય થવાના હોઈ તેમને નમ્ર અંજલિ આપવા સારુ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સમારંભનું પ્રમુખસ્થાન ગુજરાત વિદ્યાપીઠના મહામાત્ર શ્રી મગનભાઈ દેસાઈએ સ્વીકાર્યું હતું.

સભાની શરૂઆત સાત વાગે પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ત્યારબાદ પ્રમુખસ્થાન સ્વીકારવાની વિનંતી માટે તાલુકા સમિતિના પ્રમુખ શ્રી પુરુષોત્તમદાસે દરખાસ્ત મૂકી હતી. આ વેળાએ સભાજનોની હાજરી આશરે અઢી હજારની હતી.

છેલ્લા પાંચ માસથી આપણા શહેરમાં પૂ. શ્રી સંતબાલજી ચાતુર્માસ ગાળી રહ્યા છે. તેઓએ અહીં રહીને વિરમગામ તાલુકા તથા ગામતળની પ્રજાને ધર્મદષ્ટિ અને દોરવણી આપી છે. હવે તેઓશ્રી અહીંથી આવતી કાલે વિદાય થાય છે. તેથી તેઓને નમ્ર અંજલિ અર્પવા આ સમારંભ યોજવામાં આવ્યો છે અને તેના પ્રમુખસ્થાને બિરાજવા હું શ્રી મગનભાઈને વિનંતી કરું છું.

## મગનભાઈનો પરિચય

ત્યારબાદ પરિચય આપતાં તેમણે જણાવ્યું કે સને ૧૯૨૧માં શાળા કૉલેજ છોડવાની હાકલ પૂ. ગાંધીજીએ કરી હતી, ત્યારે મગનભાઈ કૉલેજ છોડીને ચાલ્યા આવેલા, ત્યારથી આજ દિન લગી વિદ્યાપીઠમાં જ રહ્યા છે અને હાલ તેઓ મહામાત્ર તરીકે છે. તેઓ વિદ્યાભ્યાસ કરતા હતા ત્યારે પણ તેમનો અભ્યાસ ઊંચો હતો.

## ઠરાવને ટેકો

ત્યારબાદ ભાઈશ્રી મગનલાલ શુકલે ઠરાવને ટેકો આપતાં જણાવ્યું હતું કે શ્રી સંતબાલજીએ આપણને પાંચ માસ દરમિયાન જે સમજાવ્યું છે તેનો પ્રત્યક્ષ અમલ કરીને જ ખરી રીતે તો તેમને જવાબ આપી શકાય. આપણે બધા તેમનો આદેશ પાળીશું, એ વચન આપવા માટે આ સમારંભ યોજાયો છે. તેના પ્રમુખસ્થાન માટે ભાઈશ્રી મગનભાઈનું નામ સૂચવાયું છે, તેને મારો હાર્દિક ટેકો છે. ત્યારબાદ પ્રમુખશ્રીને સૂતરનો હાર પહેરાવવામાં આવ્યો હતો અને સભાનું કામ શરૂ થયું હતું.

## વિદાય ભાષણ

આપશ્રીએ સં. ૨૦૦૧ના ચાતુર્માસમાં વિરમગામ શહેરમાં નિવાસ કરી વિરમગામ તાલુકાને સામાન્ય રીતે અને શહેરને યથાર્થ રીતે પાવન કરેલ છે. આપનાં પુનિત પગલાં થતાં કોલેરા શમી ગયો. જે કોલેરાએ ભયંકર પંજો અમારા શહેર ઉપર ઉગામ્યો હતો અને જેમાંથી બચવા અમો પ્રયત્ન કરતા હતા, ત્યારે તેવા કપરા સમયે આવી આપશ્રીએ અમોને પ્રેરણા આપી, હિંમત આપી અને કોલેરાને અટકાવવવામાં સફળતા અપાવી.

વિરમગામમાં દર સાલ મેલેરિયાનું જોર વિશેષ હોય છે અને વિરમગામમાં ઘણા ડૉકટરો અને વૈદો હોવા છતાં મેલેરિયાનું પ્રમાણ ઘટતું નથી બલકે દિનપ્રતિદિન વધતું જાય છે. ત્યાં કોલેરા પછી મેલેરિયા જો દર સાલની માફક ઉપદ્રવ કરે તો, વિરમગામની પ્રજાની શું સ્થિતિ થાય તે કલ્પનાથી આપનું કોમળ હૃદય દ્રવી ઊઠયું. આપે પાણી પહેલાં પાળ બાંધવાના નિયમ મુજબ પ્રજા વિનાશક રોગને જડમૂળથી કાઢવા ગ્રામસફાઈ સમિતિ નીમી અને શહેરીઓને સહકાર આપવા આમંત્રણ આપ્યું. આપની હાકલ સાંભળતાં શહેરના યુવાનો, વૃદ્ધો, બાળકો, સ્ત્રીઓ અને પુરુષો ઘણાં વર્ષની આળસ ઊંઘ ખંખેરી સચેત થયા-જાગૃત થયા અને મોટી સંખ્યામાં શહેર સફાઈનું કાર્ય કરવા પાવડા, તબડકાં તથા સાવરણા લઈ, શહેરમાં ઘૂમવા લાગ્યાં. તા. ૨૬મી ઓગષ્ટ સને ૧૯૪૫, વિરમગામના ઈતિહાસમાં એક સુવર્ણદિન તરીકે યાદગાર બની રહેશે.

આપ જ્ઞાન તથા સમન્વયમાં માનો છો. આપ 'યોગઃ કર્મષુ કૌશલમ્'માં માનો છો. આપ 'યોગઃ સમન્વય મુચ્યતે' એ સૂત્રમાં માનો છો, અને તેથી દરેક દરેક કાર્યમાં ઘણો ઝીવણવટથી અભ્યાસ કરી, મનન કરી, કાર્ય હાથમાં લો છો, અને જે કર્મ કરવું તે, કુશળતાપૂર્વક વ્યવસ્થિત રીતે કરવું એ ધોરણે આપ દરેક કાર્ય વ્યવસ્થિતપણે કરો છો. આપના રોજબરોજના કાર્યમાં પણ તેટલી જ નિયમિતતા અને વ્યવસ્થિતતા આપનાં પરિચયમાં આવનાર આગંતુકને સહેજે જણાઈ આવે છે.

આપે જૈન સાધુનો અંચળો પહેર્યો છે. આજની આધુનિક ભાષામાં જૈન સાધુ કહેવા તે આપને વાડા સંપ્રદાયમાં પૂરી અન્યાય કરવા જેવું છે. આપ તો વિશ્વધર્મમાં માનનાર છો. આપના ધર્મમાં દેશકાળ કે કોઈ જાતિના અંતરાય નથી. ઊંચનીચના ભેદ આપના તપ આગળ ટકી શકતા નથી. આપની વત્સલતાની અમીધારા હરકોઈને પ્રેમથી નવરાવે છે.

આપ શાસ્ત્રોના ઊંડા અભ્યાસી છો. આપનું ધર્મનું જ્ઞાન પાંડિત્યમાં પરિણમ્યું નથી. આપ તો ધર્મને જીવનમાં આચરી સહુ કોઈને તે પ્રમાણે ધર્માચરણ કરવા આમંત્રણ આપો છો. આપને ધર્મિષ્ઠ કર્મયોગી કહેવામાં અમો બિલકુલ અતિશયોકિત કરતા નથી. બલકે અમારી ભાંગી તૂટી ભાષા આપના કર્મયોગને યથાર્થ ભાષામાં મૂકી શકતી નથી. આપ સમાજના, રાષ્ટ્રના અને વિશ્વના ઉદ્ધારમાં માનો છો, કોઈપણ પ્રજાના ધર્માચરણ માટે આઝાદી આવશ્યક છે તેમ માનો છો, ગુલામ પ્રજા ધર્માચરણ કરી શકતી નથી તેવી આપની માન્યતા છે. સમાજ તથા રાષ્ટ્રનો ઉદ્ધાર કરવો તે સાધુ પુરુષોનું પ્રથમ કર્તવ્ય છે, તેમ આપ માનો છો, અને એ રીતે પ્રજામાંથી ગુલામી માનસ દૂર કરવા, આસુરી સંપત્તિ દૂર કરવા તથા દૈવી સંપત્તિ મેળવવા "**अभयं सत्त्वसंशुद्धिश्च** વગેરે મેળવવા આપ આપના પ્રવચન દ્વારા પ્રયાસ કરો છો. ભારતવર્ષના છપ્પન લાખ સાધુઓમાં આપ સંતોમાં બાલસૂર્ય પ્રકાશ્યા છો. જો અમારા ધર્મ ગુરુઓ પોતાનું જ્ઞાન અને પોતાની સેવા આ દષ્ટિએ ભારતને આપે તો ભારતની આઝાદી તો શું, પણ જગતના રાજનીતિજ્ઞો વિશ્વશાંતિ માટે જે ઝંખના કરી રહ્યા છે તે હસ્તામલકવત્ થાય. પરમ કૃપાળુ પરમાત્મા તે પરિવર્તન લાવે.

આપે અસ્પૃશ્યતા નિવારણ માટે, હિંદુ મુસ્લિમ ઐકય માટે, રચનાત્મક કાર્ય માટે, અહિંસા માટે, સ્ત્રી-શિક્ષણ તથા બાલકેળવણી માટે પણ વિરમગામમાં સુંદર કાર્ય કર્યું છે. સેવાને શુદ્ધ સ્વરૂપમાં સમજાવી છે, ખુરસીઓ પાછળ દોડનાર અને સેવાના ક્ષેત્રો રૂંધી નાખનારને, પૈસો મારો પરમેશ્વર માનનારને, કાળાં બજાર કરનારની આપે ઘણી કડક ટીકા કરી, મીઠાશથી તેઓ જે પાપ કરી રહ્યા છે તે તરફ ધ્યાન દોર્યું છે. મહાજનની કિંમત, આબરૂ કે લાગવગ ઘટતી નથી પણ અલ્પજન; મહાજનની ગાદીએ બેસે ત્યારે જ પ્રતિષ્ઠા મળતી નથી તે આપનાં વચનો સુવર્ણ અક્ષરથી કોતરવા જેવાં છે.

આપણો વિકાસ આપણે કરવો જોઈએ. પારકી આશા રાખવી ન જોઈએ. સિદ્ધાંતમાં ઢીલાશ ન જોઈએ. સમાજમાં જ્ઞાન અને સદાચરણની પ્રતિષ્ઠા હોવી જોઈએ. અન્યાયથી ધન ઉપાર્જિત કરનાર લક્ષ્મીનંદનોની પ્રતિષ્ઠા ન હોવી જોઈએ. સમાજ ઉપર તેનું વર્ચસ્વ ન હોવું જોઈએ. ફાળામાં તેમનો ફાળો લેતાં વિચાર કરવો જોઈએ. અધર્મથી મેળવેલ ધનથી ધર્મનો પ્રચાર કરવામાં પાપ છે તે ભાવનાને આપ હૃદય સન્મુખ રાખી આપનું પુણ્યવાન કાર્ય કરો છો.

આપે ભાલ નળકાંઠા જળસહાયક સંસ્થા સ્થાપી, સાણંદમાં વિશ્વવત્સલ

દવાખાનું સ્થાપી આપના ધર્મકામના વિધવિધ કાર્યો પ્રજા સમક્ષ રજૂ કર્યા છે. વિરમગામમાં આપના આગમનથી જે ઉત્સાહ તથા ધર્મપરાયણતા થઈ છે, તે માટે તથા આપે જે માર્ગદર્શન આપી પ્રજામાં નવચેતન રેડયું છે. તે માટે અમો આપના ઋણી છીએ.

આપ જ્યારે અહીંથી વિદાય લો છો ત્યારે અમો અમારી નમ્ર અંજલિ આપને આપીએ છીએ. આપનો પ્રેમ અમારા ઉપર સદા કાયમ રહે અને અમો તે માટે લાયક થવા હરહંમેશ તૈયાર રહીએ તેવી પરમકૃપાળુ પ્રભુ પાસે અમારી પ્રાર્થના છે.

વિશ્વકલ્યાણકારી સાધુને, આપને અંજલિ આપીએ છીએ. આપનો પ્રેમ અમારા ઉપર સદા કાયમ રહે અને અમો તે માટે લાયક થવા હરહંમેશ તૈયાર રહીએ તેવી પરમકૃપાળુ પ્રભુ પાસે અમારી પ્રાર્થના છે.

## વિશ્વ કલ્યાણકારી સાધુને અંજલિ

આજના પ્રસંગે સભાજનોને લાગશે કે સંતબાલજીને માટે વળી સમારંભ શો ? એમના ગુણગાન ગાવાની આ તે કેવી રીત ? એક જૈન સાધુ, ત્યાગી, તપસ્વી અને ધર્મપુરુષને આ રીતે સન્માની ધર્મની ક્ષતિ તો નથી થતી ને ? આ ધર્મ મર્યાદાનું ઉલ્લંઘન નથી ને ?

શ્રોતાજનો, અમે આ બધું ખૂબ વિચાર્યું. અમને લાગ્યું કે આ માનપત્ર કે સન્માન સમારંભ નથી, પણ અમે જે જોયું, જાણ્યું અને પ્રત્યક્ષ અનુભવ્યું તેની જાણ જગતને કરવા માટે આ પ્રસંગ યોજ્યો છે. જ્યારે વ્યકિત યા સમાજ સાચી ધર્મદષ્ટિથી જુદો પડી જાય છે, ત્યારે ધર્મ અને સમાજજીવન જુદે જુદે માર્ગ વહે છે, અને તેથી જગતનું જીવન સત્યથી વેગળું જાય છે. આજનું જીવન લગભગ આવું જ છે. આવે સમયે ધર્મ માર્ગે પ્રજાને દોરી સત્યનો રાહ દેખાડનાર, અને તે માર્ગે પ્રત્યક્ષ આચરણ કરી, કરાવનાર પુરુષનો અમને જે અનુભવ થયો છે, તેની જાણ વિરમગામની પ્રજાને અને જગતમાં જ્યાં જ્યાં અમારો અવાજ પહોંચતો હોય તેને જણાવવા માટે આ પ્રસંગ નિર્માયો છે. મંદિર, મસ્જિદ કે કોઈ પણ ધર્મસ્થાનમાં પ્રાર્થના થાય છે, તેમ બાંગ પોકારીને અમે આ જાહેરાત કરીએ છીએ. ખરો ધર્મ શું છે ? એવું જે જાણે છે, તેણે કરી બતાવેલા કામોનો ઈતિહાસ રચાઈ રહ્યો છે. તેમાં અમારો નમ્રઅવાજ રજૂ કરીએ છીએ. આશા છે આપ સૌ આ વસ્તુને યથાર્થ સ્વરૂપમાં લેશો.

### પ્રથમ મુલાકાત

આજથી ત્રણેક વર્ષ પહેલાં અમે તેઓને થોરી મુકામે મળેલા ત્યારે તેઓએ

હિંદુ-મુસ્લિમ ઐક્ય વિષે જે પ્રવચન ત્યાં કરેલું, તેની છાપ હજુ સદાય તાજી છે. એક ધૂળ, અને બીજી રાખ, એમ કહીને એમણે જે સમજાવટ કરેલી, અને કોઈ સારાયે નથી, કોઈ માઠાયે નથી, એવું જે સાંભળેલું તેની અસર થયેલી.

અમે તેઓશ્રીને ત્યાં જ અહીં પધારવા વિનંતી કરેલી. ત્યારપછી ઘણો સમય ગયો, અમે તેમને ભૂલી ગયા, તેઓ પણ કદાચ વિસરી ગયા હશે, પણ તોયે તેઓશ્રી ચાલુ વર્ષે અહીં પધાર્યા.

તેઓ આવ્યા તો ખરા, પણ બે ઘરના પરોણા જેવી તેમની સ્થિતિ શરૂઆતમાં થઈ. તેઓને કોણ આમંત્રે ? વાડામાં તેમનું પૂજન કોણ કરે ? અને બીજા પણ પૂરા પરિચિત નહીં. તોપણ તેઓને જે લગની હતી તે સિવાય આવી સ્થિતિની કશી જ પડી ન હતી ! તેમણે તો રાષ્ટ્ર સમસ્તને પુકાર્યો. વિરમગામ સમસ્તની પ્રજાને તેમણે તો પુકારી અને આપ સૌ જોઈ રહ્યા છો કે આજે શી સ્થિતિ છે ?

તમે સૌ એટલું તો જાણો જ છો કે, આઝાદી, રાષ્ટ્રસેવા અને મહાસભામાં માનનાર કોઈ વ્યક્તિ, આ સાધુની પાછળ ઘેલી ન થાય. પણ અમે તો મુનિશ્રીના પ્રત્યેક કાર્ય ઝીણામાં ઝીણી ક્રિયામાં પણ સમસ્ત જગતના વિશ્વવાત્સલ્યની દૃષ્ટિ રહેલી છે તે જોઈએ છીએ.

વિરમગામના તેમના પાંચ માસ દરમિયાન બધાયે જોયું કે, આ તો માત્ર ભારતવર્ષનો જ નહિ, પણ સારાયે વિશ્વનો કલ્યાણકારી સાધુ છે. આપણે બધાયે તેમની પ્રવૃત્તિઓ દ્વારા જ આ જોયું છે. તેઓના જ શબ્દોમાં કહીએ તો, 'મહાજનનું સ્થાન કદી નીચું નથી. મહાજન કદી કોઈથી ડરતો નથી. પણ અલ્પજન ડરે છે.' તેમ જ્યારે તાકાતહીન માણસ મહાજનની ગાદી પર ચડી બેસે અને કહે, 'મને કોઈ માનતું નથી' અમે આ વાક્યો કહી એ બતાવવા માગીએ છીએ કે તેમનાં સત્ય, તપશ્ચર્યા અને ધર્મમય વિવેકે જ અમને ખેંચ્યા છે.

આજના વિશ્વવંદ્ય પુરુષ ગાંધીજી જે કહી રહ્યા છે તે આવું જ છે. પાંચ પાંચ માસ આપણી સાથે રહી, આપણી અજ્ઞાનતાને લીધે ઊભાં થયેલાં સંકટો નિવારવાની જે સચોટ રીતો તેમણે અજમાવી છે તે આના જ્વલંત ઉદાહરણ રૂપ છે.

## કપરી પળોમાં પધરામણી

વિરમગામ જેવા ગંદકીના ધામમાં ગયે જેઠ મહિને જ્યારે સખત કોલેરાનું તાંડવ ચાલી રહ્યું હતું અને પળેપળે શું થશે તેની ચિંતા રહેતી હતી, આખા ગામે હિજરત કરી જવી પડશે કે શું એવી ભયાનક વેળાએ આ પુરુષ આપણા ગામમાં પધાર્યા.

આવતાંની સાથે જ તેઓએ કોલેરા વોર્ડની મુલાકાતો શરૂ કરેલી અને ગામનું અવલોકન બારીકાઈથી કરેલું. પ્રથમ નજરે જ તેમને લાગ્યું કે ગામની ગંદકી દૂર કરવી જ જોઈએ.

વિરમગામની તવારીખમાં ગ્રામસફાઈ સમિતિ એક વિરલ યાદગીરી ગણાશે. એની શરૂઆતનો દિવસ, ધન્ય દિવસ ગણાશે. તેમની પ્રેરણા અને પ્રયત્નોથી શરૂ થયેલી સમિતિનું કાર્ય એટલું તો વ્યાપક બન્યું કે અમને તો ચમત્કાર જેવું જ લાગે છે. જો કે આ ચમત્કાર નથી જ. મહામહેનતનું પરિણામ માત્ર જ છે. પણ અમે કોલેરામાંથી બચ્યા અને મેલેરિયા પણ અટકયો. આમાં કશી જ અતિશયોકિત નથી.

તેમની વાણીમાં તેમની સત્યનિષ્ઠા, તપ અને સતત પુરુષાર્થને લીધે જ ચૈતન્ય શકિત અને પ્રેરણા પૂરવાની તાકાત છે તેનું જ આ પરિણામ છે.

સંતપુરુષ અને તેમાંયે જૈન સાધુને યશ કે અપયશનો પ્રશ્ન હોય જ નહિ. તેમાંયે પોતે તો માને છે, કે અમારી ફરજ અમે ચૂકયા છીએ. તે પાપના પ્રાયશ્ચિત અર્થે પણ હવે અમારે મોડું કર્યું પાલવે એમ નથી.

## યુગપ્રવર્તક પુરુષ

એમણે જે કામ અહીં અને ભાલ નળકાંઠા અને બીજે કર્યું છે તે વિષે ઘણા જાણે છે. આ બધી પ્રવૃત્તિઓનું અદ્‌ભુત પરિણામ થોડા જ વર્ષોમાં ભાલ નળકાંઠામાં આપણે જોઈ શકીશું. તેઓ વિચારશીલ, જ્ઞાનશીલ, કર્તવ્યશીલ, અને ધર્મશીલ પુરુષ છે. ગુજરાતની પ્રજામાં તેજસ્વી પુરુષ છે. જનસેવા તે પ્રભુસેવા છે એમ પ્રત્યક્ષ આચરણથી સિદ્ધ કરે છે. આવો પુરુષ થોડા જ સમયમાં સાધુ સમાજમાં યુગપ્રવર્તક સાધુ બનશે, એવી અમારી ધારણા છે. ધીમે ધીમે તેઓ તેમનું મહાન જવાબદારી ભર્યું સ્થાન દિપાવશે.

## વિરમગામ તીર્થધામ

ગંદકીનું ધામ ગણાતું વિરમગામ આજે તો તેમના પ્રયત્નોને લીધે તીર્થધામ બન્યું છે. એ ઉપકાર અમે ભૂલી શકતા નથી. અમે તેમને પુનઃ વિનવીએ છીએ કે તેઓશ્રી અમને વિસારે નહિ.

આવા પુરુષને જગત ઓળખે અને ધર્મ, સમાજ તથા રાજકીય ક્ષેત્રમાં ક્રાન્તિ કરાવે, તેવી વિનંતી કરીએ છીએ. આ માત્ર લાગણીભર્યા શબ્દો નથી પણ પ્રત્યક્ષ અનુભવનો સાર છે.

(સમારંભના યોજક તરીકે તાલુકા સમિતિના મંત્રી શ્રી છોટાલાલ છગનલાલ ભટ્ટનું ભાષણ)

છોટુભાઈનું વકતવ્ય પૂરું થયા બાદ ભાઈ અદેસિંહે 'ગુરુ તમે ખૂબ કર્યા ઉપકાર' નામનું નિજ રચિત કાવ્ય પ્રસંગોપાત ગાયું હતું.

## લીલચંદભાઈનું વકતવ્ય

છોટુભાઈના મંતવ્યનું તેઓએ સમર્થન કરતાં જણાવ્યું કે આ નથી માનપત્ર, મેળાવડો કે સન્માન સમારંભ, પણ તેઓશ્રીએ આપણને જે માર્ગ બતાવ્યો છે તે માર્ગે જવા સારુ, તેમણે આપણી પાસે બત્રીસ લક્ષણા પુરુષના ભોગની માગણી કરી છે, તે અમે પૂરી કરીશું એવું જાહેર વચન આપવાની સભા છે. 'સેવાના શપથ' લેવાની મળેલી સમસ્ત શહેરીઓની આ સભા છે.

## કાવ્યો નૃત્ય અને ભજન

ત્યારબાદ કવિશ્રી ચુનીભાઈ અને કેશરીસિંહના કાવ્યો, ચંદ્રાબહેનનાં નૃત્ય પ્રયોગો અને મીરાંબહેનનું ભજન ગવાયાં હતાં.

## વિદ્યાર્થીઓનું મંતવ્ય

વિરમગામ શહેરના રાષ્ટ્રીય વિદ્યાર્થીમંડળ તરફથી શ્રી પંડયાએ બોલતાં જણાવ્યું હતું, કે અમને શ્રી 'સંતબાલજી' પાસેથી જે જ્ઞાન મળ્યું છે તે આજ લગી અનેક જગ્યાએ પ્રયત્નો કરવા છતાં મળ્યું નથી. ગાંધીવાદ, સમાજવાદ, સામ્યવાદ, સામ્રાજ્યવાદ કે જગતના એનેક વાદોનો અર્થ અને હેતુ તથા જગતની અશાંતિનું મૂળ શામાં છે ? આઝાદી શું ચીજ છે ? રચનાત્મક કાર્યનું મહત્ત્વ શું ? આ બધું તેમની પાસેથી ખૂબ સારી રીતે સમજી શકયા છીએ.

વિરમગામમાં તેમણે પોતાના પ્રત્યક્ષ આચરણથી અમને સચોટ સમજાવ્યું છે, કે કોમી ઐકય, અસ્પૃશ્યતાનિવારણ, નારી ઉન્નતિ, ઊંચા નીચા ગણાતા ભેદોનું નિવારણ વગેરે શું છે ?

તેઓએ અમને એ પણ સમજાવ્યું કે, પ્રથમ બ્રાહ્મણ, બીજે ક્ષત્રિયો, અને ત્રીજે વેપારીઓના હાથમાં જગતનું તંત્ર હતું. પણ હવે સમય એવો આવી રહ્યો છે, કે જ્યારે મજૂરી રૂપી મૂડી જેવી કિંમત બીજા કોઈ દ્રવ્યની નહિ હોય, અને મજૂરી સાથે જ્ઞાનમય સંસ્કાર ભળશે એટલે શ્રમજીવીઓના હાથમાં જગતનું સુકાન જશે.

## મુનિશ્રીની પ્રવૃત્તિઓના પડઘા

તેમણે અમારા વ્યાયામ સંઘને પણ દોરવણી આપી છે. નાટય પ્રયોગમાં પણ

તેઓશ્રીએ હાજરી આપી હતી. કાઠિયાવાડમાં પણ તેઓશ્રીની પ્રવૃત્તિના પડઘા અમે અનુભવ્યા છે. હવે તેઓશ્રીએ બત્રીસ લક્ષણાની માગણી પુકારી છે. આશા છે આપણે સૌ તેનો જવાબ આપીશું.

## શ્રી શિવાભાઈ જે. પટેલ કપાસ સંશોધનક્ષેત્ર અધિકારી

પૂ. સંતબાલજી જવાના છે. વિદાય થાય છે, તે વખતે વેદના થાય છે પણ હવે આપણો સંબંધ તેમની સાથે થયો છે, તે આપણે કે તેઓ બેમાંથી કોઈ ભૂલવાનાં નથી. અને તેઓશ્રી ફરી આપણી વચ્ચે પધારશે એવી આશા રાખું છું. તેમના પ્રયત્નોને પરિણામે મને તો દીવા જેવું, ચોખ્ખી રીતે બાપુજીના રચનાત્મક કામનું મહત્ત્વ સમજાઈ ગયું છે.

આ બધું છતાં એક વાત મને ખટકે છે, અને તે એ કે, તેમણે ધરેલી ઝોળી આપણે અધૂરી જ રાખી છે, તેમણે પીરસેલો ખોરાક આપણે પચાવવામાં પૂરા સફળ નીવડયા નથી. અને તેથી તેમની પાસે ભરેલા ભંડારનો પૂરો ઉપયોગ કરી શકયા નથી મતલબ કે તેમના જ્ઞાનનો જોઈએ તેટલો લાભ લીધો નથી, તેથી તેમની ઝોળીનું મહત્ત્વ સમજ્યા નથી. એટલે આપણે શકિત છતાં ઝોળી ભરી આપી નથી. પણ હવે આશા રાખું છું કે, વરસે બે વરસે આપણે સમજીશું અને બાકી રહેલું કાર્ય પૂરું કરી બતાવીશું.

## હરિજનભાઈ શ્રી આલાભાઈની અંજલિ

આલાભાઈએ બોલતાં જણાવ્યું હતું કે, બાપુએ અહીં પધારીને અમને યાદ કર્યા છે, એ બદલ ખૂબ આનંદ થાય છે. મને તો કદી કલ્પનાયે ન હતી કે, અમારા સવર્ણ ભાઈઓ અમારી સાથે બેસીને ફળનો કકડો પણ વાપરશે, તેની જગ્યાએ સમૂહભોજન થયું. આ વાતનો મને ખૂબ આનંદ થાય છે. અને હવે વિનંતી કરું છું કે અમારા પ્રત્યે ધ્યાન આપતા રહે અને અમોને શકિત આપતા રહે.

## ભાનુભાઈને પણ નવાઈ !

એક જૈન સાધુ આ ગામમાં આવતાંવેંત હરિજનોને વારંવાર મળવાની માગણી કરે એ પ્રત્યક્ષ જોઈને મને ખૂબ નવાઈ થયેલી. જ્યારે જ્યારે કચડાયેલા વર્ગની વાત થતી હોય ત્યારે તેઓશ્રી તેમની પ્રત્યે જે મમતાભરી વર્તણૂક રાખે છે, તે જોઈને ધડો લેવાનું મન થઈ જાય છે.

આ રીતે સ્થાનિક વકતાઓનું મંતવ્ય પત્યા બાદ લત્તા સફાઈ હરીફાઈના વિજેતાઓને, ગ્રામસફાઈ સમિતિના ખાસ કાર્યકરોને અને સ્મરણશકિતના પ્રયાસોમાં વિજેતાઓને ઈનામની વહેંચણી કરવામાં આવી હતી.

## શ્રી સંતબાલજીનું મંતવ્ય પશ્ચાત્તાપનું પ્રદર્શન

વિરમગામ આવ્યા આજે પાંચ માસ થઈ ચૂકયા. આ સમય તમારી સાથે રહી તમારો જે પ્રેમ મેં લીધો છે, અને આજે તમે જે પ્રદર્શન કર્યું છે એ જોઈને મારે શું કહેવું એ જ મૂંઝવણ થાય છે. આ જ્યારે સન્માન સમારંભનો ખ્યાલ મારી સામે રજૂ થયો ત્યારે જે મેં કહેલું તે ફરીને કહું છું. 'આ સન્માન સમારંભ નથી, પણ આજ સુધી જે વસ્તુ તરફ ધ્યાન ખેંચાવું જોઈતું હતું તે તરફ ધ્યાન ગયું નહોતું, આ વાતની ભૂલનો જાહેર પશ્ચાત્તાપ છે અને એનું તમે જાહેર પ્રદર્શન ગોઠવ્યું, ધન્ય છે તમને !

પ્રિય છોટુભાઈએ તેમની વકીલી ભાષામાં મને બાંધી લીધો છે. જો માત્ર વકીલી ભાષા હોત તો, આ વીશો વાણિયો (જાતે તેઓ વીશા શ્રીમાળી જૈન છે માટે) એમ બંધાત નહિ, પણ તેમણે અને પ્રિય લીલચંદભાઈએ જે શબ્દો કહ્યા છે, તે અમલમાં આવશે તો હું આ પશ્ચાતાપનું પ્રદર્શન અપમાન યા સન્માન જે ગણો તે ગણીને પી જઈશ.

## મને ગમી છે ગ્રામસફાઈ

મને તમારામાં આટલું બધું નહોતું લાગતું, પણ પ્રિય મગનભાઈએ હમણાં જ તમારી સમક્ષ ભાઈ પૂજારાના નાના બાળકને ઊંચકીને ગ્રામસફાઈ સમિતિના 'સરદાર' તરીકે ઓળખાવ્યો છે, તે કાર્ય મને વધુમાં વધુ ગમ્યું છે. તમારા આ કામે મને સંતોષ આપ્યો છે. સ્મૃતિના પ્રયોગ કરનારાને તો સૂચવવા જેવું સૂચવાઈ ગયું છે.

## સફાઈ સમિતિ અને શિવાભાઈ

શિવાભાઈ જેમ ગ્રામસફાઈ સમિતિને પોતાની કરી માની છે, તેમ મગનભાઈ, અંબાલાલભાઈ અને અન્ય ભાઈઓ તેમની સાથે સહકારમાં એમને સાથ આપે; આ સમિતિ મને બહુ પ્રિય છે. તેના કાર્યકર્તા પ્રત્યે ખૂબ અભિલાષા છે.

શું પ્રવચન માગણી માટે હોય છે ? પણ તમે કહો કે માગો ત્યારે માંગવાનું મન થાય છે, અને તે ગ્રામસફાઈ સમિતિ વિષેના મારા વિચારોમાં જણાવાઈ ગયું.

ખરેખર તમને પ્રશ્ન થશે કે શું આ લોકોમાં પ્રેમનું ચટકું લગાડી ચાલ્યા જાય એવી ક્રૂરતા હશે ? શું અમે કઠોર હોઈશું ? તમારાં હૈયાં પીગળે એની અપીલ અમને થતી નહિ હોય ? થાય જ. તમે અમને કઠોર ન ધારશો. વિના આમંત્રણે આવેલાને આમંત્રણ લેવાની જરૂર નથી. એ તો તમારી લાગણી અસર કરે જ.

તમે મારાં જે ગીતો ગાયાં તે તો બાલ હાલરડાં છે અને હાલરડાં સાંભળીને બાળક

ઊંઘી જાય. સદ્‌ભાગ્યે હું આવાં હાલરડાં સાંભળીને ઊંઘી જતો નથી, એમ થાય તો કામ થાય નહિ. અલબત્ત હું બાળક બનવા ઈચ્છું છું.

અદેસિંહભાઈએ મને 'નૈષ્ઠિક બ્રહ્મચારી' કહીને ગાયું. નૈષ્ઠિક બ્રહ્મચારી તે આ 'સંતબાલ' નથી. હા જો તમે અવિવાહિતને બ્રહ્મચારી કહેતા હો તો હું છું. પણ નૈષ્ઠિક બ્રહ્મચારી તો નથી જ. નૈષ્ઠિક બ્રહ્મચર્ય એ કેવી મહાભારત ચીજ છે એની ચિન્તા તો મારા જેવા થાકેલાને સતત રહ્યા કરે છે.

તમે મને જ્યોતિપુંજ, ચૈતન્યપુંજ અને આગળ વધીને ભગવાન જેવા શબ્દો આપ્યા આ બધી ભાષા વાપરીને તમારે મને શરમાવવો છે શું ?

એક સાધુ તરીકે નાનકડું કુટુંબ છોડી વિશ્વવાત્સલ્ય ભાવ કેળવવા શપથ લીધા. એમાં તે કયું ભગીરથ કાર્ય કરી નાખ્યું છે ? આમ કહીને ચાબખા મારતો નથી, પણ મારો પશ્ચાતાપ જાહેર કરું છું.

ગાંધીજીને તમે જરૂર માનપત્ર આપી શકો કારણ આ દિશામાં પ્રથમ પહેલ એમણે કરી. અમારું કામ ઉપાડી લીધું, અમે તો મોડા પડયા છીએ તે ભેટવા માટે પ્રયત્નો કરી રહ્યા છીએ. મેં છોટુભાઈને પૂછેલું કે તેમને માનપત્ર આપો છો, તો તેમણે હા કહી.

### અનેક શકિતઓને આપણે સન્માનતા નથી :

સૂર્ય, ચંદ્ર, તારા, આકાશ, પૃથ્વી, જળઝરણાં, નદી, સાગર એવી એવી તો અનેક શકિતઓ, વગર બોલ્યે પોતાની મહામૂલી શકિત આપણને પૂરી પાડે છે. શું આપણે એમને કદીયે સન્માનવા ગયા છીએ ?

## ભાનુભાઈ અને આલાભાઈ

ભાનુભાઈએ કહ્યું કે હરિજનવાસમાં જવાની મારી માંગણીથી તેમને નવાઈ લાગી, અને આલાભાઈ તો હું જ્યારથી તેમને મળ્યો છું ત્યારથી 'દીયા (દયા) દીયા (દયા)' કરો એમ કહે છે. ભલા 'દયા તો એ કરે કે હું ? જો કે તેઓ તો લખપતિ ગણાય છે પણ મારા ભાંડુઓને હું ભૂલી ગયો છું તેમને મળવા જાઉ કે યાદ કરું એમાં તે નવાઈ શી.'

## પાપનું પ્રાયશ્ચિત સવેળા કરી લેજો

આલાભાઈને તો હું કહું છું કે 'આલો', એટલે આપો 'બાપુ તમે જ મને આપોને' ખરી રીતે તો તમારે જ અમને આપવાનું છે. અમે તો પાપનું પ્રાયશ્ચિત કરી રહ્યા છીએ. ભાનુભાઈ નવાઈ ન લગાડશો, એ તો અમારા પાપનું પ્રાયશ્ચિત છે.

કવિશ્રી હંસ કહે છે : 'મા હું તો હરિજનની ઝૂંપડીયે જાઉં' એ રીતે તમે સૌ વેળાસર આ ભૂલ સુધારી લેજો, તેમના બાળકોની કેળવણીનો પ્રશ્ન પણ તમારે જ ઉપાડી લેવો રહ્યો છે. તેઓ શા માટે માંગવા આવે ? આટલું કહી તમારા મેળાવડાના પ્રતિદાન રૂપે શું આપું ? તમે વચન આપ્યું છે તે પાળજો.

## માતાઓને

તમ પુરુષો કરતાં માગવું તો માતાઓ પાસે સારું છે. તેમનામાં ધર્મભાવના ખૂબ હોય છે. તેઓ સાચી ધર્મદષ્ટિ કેળવશે તો બત્રીસ લક્ષણા માણસોનો સમૂહ પેદા થશે. પછી માગવા જવાનું કયાં રહ્યું ? તેઓએ ઝાડુ હાથમાં પકડયાં છે તેમ હવે બત્રીસ લક્ષણા પકવવાનો નિશ્ચય કરો.

શ્રોતાજનો ! આવતી કાલે આપણે સ્થૂળ દેહે છૂટા પડીશું, ભલે તમે એનું વિયોગ દુઃખ ન કરજો હું તો પ્રત્યક્ષે યા પરોક્ષે તમારી વચમાં જ હોઈ શકું. જો તમે ભાલ નળકાંઠા બાજુ નજર કરશો તો, વિના આમંત્રણે આવેલો હું તમારો આટલો ભાવ લઈને જાઉં છું, તેનો બદલો વચનથી શો અપાય ? તમારું અંતર જે રીતે કહે તે રીતે એનો બદલો મળ્યો માનજો.

## સમારંભના પ્રમુખશ્રી મગનભાઈ પ્ર. દેસાઈનું વકતવ્ય

તમે બધાયે મને અહીં બોલાવી આ સ્થાન આપ્યા બદલ આભાર. ગુજરાતના એક સેવક તરીકે આજ લગી વિરમગામ જોયું નહોતું, તે બદલ શરમ આવે છે. જો કે મારું કાર્ય એવું છે કે, ઝાઝી દોડાદોડી કર્યા વગર એક સ્થાને બેસીને કર્યા કરવું. આમ છે, એટલે શરમનો ભાર હળવો કરું છું.

અહીંના મહાસભાવાદી કાર્યકર્તાઓ ૧૯૪૨માં જેલમાં સાથે હતા ત્યારે મિત્રતા સધાયેલી અને હું માનું છું કે, તેઓએ જ અહીં બેઠા બેઠા આજે મને પકડી પાડયો છે. આમ અહીં આવીને ફરજ અદા કરી.

અત્યાર સુધી જે કાર્યવાહી ચાલી ગઈ અને તેમાંયે મુનિશ્રીનું વકતવ્ય અને 'વિરમગામનું સરવૈયું' સાંભળીને તેમના જ્ઞાનનો ખ્યાલ કરતાં હું ચૂપ થઈ જાઉં છું. મહાપુરુષોનું મહત્ત્વ જ એ છે કે, તેઓ વગર બોલ્યે આપણી સામે આરસી ધરી દે છે, તેમાં આપણે કેવા છીએ તે જોઈ શકાય. મેં તો આશા રાખેલી કે તમે બધા કંઈક બોલશો કે, 'અમે શું કર્યું, અને કેવા છીએ' પણ આ તો તેઓએ જ કહી બતાવ્યું.

તેમની આ રીતનું અને સરવૈયામાં કરેલી મહેનતનું મહત્ત્વ સમજજો. સમાજમાં સાચી ક્રાન્તિ કરાવવા માટે કેવી રીતે અને કેટલી મહેનત કરવી પડે છે તેનો આ

ઉપરથી ખ્યાલ આવશે. તમારા ઉકરડા કેટલા, ગંદકીનાં સ્થળ કેટલાં, સ્ત્રી રક્ષણની જરૂર ક્યાં, આ બધું તેઓએ તપાસ્યું છે.

સમારંભ દરમિયાન મને થોડીક વાતો કહી દેવાનું મન થયું હતું તે હવે કહું. આપણા દેશ માટે એક પાશ્ચિમાત્ય વિદ્વાને કહેલી વાત મને યાદ આવતી હતી, અને હજારો વર્ષ પહેલાંનો ઈતિહાસ હું જોતો હતો. એ વિદ્વાન એવી મતલબનું કહી ગયો છે કે, હિંદુસ્તાનમાં એક એવી વિચિત્રતા રહેલી છે કે તેઓ સાચા ઓલિયા પુરુષ પાછળ સદાય ઘેલા રહે છે.

આ પ્રજા વિદ્વાન, પંડિત, કવિ, કળાકાર, ઉપદેશક, શાસ્ત્રી વગેરેને સાંભળે છે ભલે, પણ તેમનું સ્મરણ રાખવાને બદલે તેઓ એકાદ ઓલિયાને તો પળે પળે યાદ કર્યા કરે છે. વિચિત્રતા એ છે કે એનું મુખ રૂપાળું નહિ હોય, વસ્ત્રોમાં ટાપટીપ ન હોય, દેખાવે ગરીબ હોય, ગાંડો કે પાગલ જેવો જણાતો હોય તો પણ એની પાછળ ઘૂમે છે. આવી સંસ્કારિતા પેઢીઓ જૂની છે.

અને ખૂબી તો એ છે કે, જેને સુધરેલા, ભણેલા, કહેવાતા જુવાનિયાઓ કહેવાય છે, તેઓ આ જાતની ટેવને નર્યું ગાંડપણ ગણતાં છતાં તેઓ પણ પાછળ આવે છે, જવાહરલાલનો દાખલો લ્યો. તેઓ ગાંધીજી પ્રત્યે કેવળ શ્રદ્ધાથી જોતા નથી, છતાંયે કબૂલે છે કે, ગાંધી પાસે એવું કશુંક છે, જે પ્રજાને ચેતન આપે છે અને એ શકિત અમારી પાસે છે, એના કરતાં તેમની પાસે વધુ છે. વળી આવા ઓલિયાઓ પાસે કોમીભેદભાવ પણ ટકી શકતો નથી. બધા પોતાનો ગર્વ ઓગાળીને ઓલિયાને શરણે આવે છે. બુદ્ધિ જોર કરે તો પણ હૃદય તેઓને વશ થાય છે.

આવી દશા ગાંધીજી પાસે જોઈ હતી. બીજી અહીં જોઈ છે. એનો ખાસ દાખલો તો અહીંનું વિદ્યાર્થીમાનસ ભાઈ પંડયાએ રજૂ કર્યું તે છે.

મારી તો એ ભાઈને ભલામણ છે કે, આ અનુભવ વિદ્યાર્થી વર્ગમાં જરૂર રજૂ કરે. ખાસ કરીને રાષ્ટ્રીય વિદ્યાર્થી મંડળ સંગઠન કરી રહ્યું છે ત્યારે, આ વાત તેમને જરૂર કરે. અમારા અમદાવાદમાં મને ઘણી વખત કહેવામાં આવે છે કે, 'વિદ્યાર્થીઓની સભામાં ગાંધીના રચનાત્મક કામ વિષે સમજાવો' હું તેઓને આ પ્રકરણ છોડવા વિનવું છું. કહું છું, જવા દો એ બધી વાતો. સાંભળ્યે માત્ર દહાડો વળવાનો નથી અને વાતોનો કદી પાર આવવાનો નથી. તમને તો સાક્ષાત્ 'સંતબાલજી'એ સફાઈના ઝાડુ મંત્રમાંથી રચનાત્મક કામનો અર્થ સમજાવી દીધો છે.

પાણીના લોટાની પણ કિંમત આંકનાર જૈન જ્યારે ગંદકીની કશી પરવા ન કરે અને વધારી મૂકે, ત્યારે કહેવાતા ધર્મનું પતન નહિ તો બીજું શું ? એકબીજાનાં

આંગણાં બગડે, વેર વધારે, પડોશી ધર્મ ન સાચવે, ત્યારે જ આવા પુરુષોને આ બાજુ ધ્યાન આપવું પડે છે. સ્ત્રીઓની છેડતી થાય, એ બાજુ આપણું ધ્યાન આવા પુરુષો દોરે ત્યારે જ દોરાય. એ બધું નાસ્તિકને પણ આસ્તિક બનાવે છે તેના પુરાવા રૂપે છે.

આજે તો ગાંધી જગતનું અમોલું રત્ન થઈ પડયું છે. ગાંડી ગણાતી એની વાતો સુવર્ણ સમાન બની છે. નરી હિંસાને માર્ગે જનાર જગતને એણે જે સમયસર ચેતવેલા. તેનો સાર આજે જગત સમજે છે.

બતાવો તો ખરા કે, જ્યાં હિટલર જેવો હારી ગયો. ત્યાં હિન્દ હિંસાને માર્ગે જઈને શું મેળવવાનું છે? તમને 'ફૂટ' કરીને ફટાકડો ફોડતાં આવડે છે, તો તેને તો અણુબોંબ વાપરતાં આવડયું છે, માટે એ બધી વાતો નિરર્થક છે.

આ બધું કહીને મેં ઓલિયાનું મહત્ત્વ શું છે, એ સમજાવ્યું. પણ એમાં સંતબાલજીની સ્તુતિ નથી, ન હોય, તમે બધા ધારત તો એમની પ્રશંસા ગાયેલી મિનિટો બચાવી શકત. તેમની સંસ્કૃતિમાં જ આવાં કાર્યો સિદ્ધ કરેલાં હોય છે.

તેઓએ તમારા બધાની સ્તુતિનો કેવો સરસ જવાબ આપ્યો? પોતે પામર છે, એમ કહ્યું. પણ હું તેમને પામર ગણતો નથી. આપણે તો તેમની પાસે શીખવા જેવું છે. ગાંધીજીનું દષ્ટાંત આપીને તેમણે પોતાની નમ્રતા જાહેર કરી છે.

શું ગાંધીજી રાજપુરુષ છે? ના રે ના તેમને તો રાજકારણની પડીયે નથી. ફૈજપુર મહાસભામાં કોઈએ તેમને કહેલું કે, હિંદમાં ૩ કરોડને મતાધિકાર છે, ત્યારે એમણે કહ્યું, 'ઠીક, તો તો આપણે પેલી બાજુની બહુમતીમાં જઈને ઊભવાના' કેટલું સત્ય કથન! છતાંયે મોટા મોરચાઓ તેમની નેતાગીરી ઈચ્છે છે.

શું આપણે બધા રાજકીય પુરુષ થવાના છીએ અને ૪૦ કરોડ માણસો રાજકારણથી ઉન્નત થઈ શકશે શું? ના રે ના, કદાપિ નહિ. તો પછી આપણો ઉદ્ધાર શામાં છે તે આપણે આવા ઓલિયાઓ પાસેથી શીખવાનું છે. તેઓ જ આપણને જીવવું કેમ તે શિખવાડે છે.

આવા પુરુષો આપણને ઘેર બેઠાં ગંગા આપે છે. હું તો એમ કહું છું, કે રામ અને કૃષ્ણ કરતાં પણ આજે ગાંધીને મોટું જગત ઓળખે છે. કારણ? તેઓ આપણી ચિંતા રાત દિવસ કરે છે.

આલાભાઈએ તેમની ભાંગી તૂટી ભાષામાં કહ્યું કે, મને કલ્પનાયે નહોતી કે, આ પ્રજા મારી સાથે બેસીને ફળનો કકડોયે વાપરશે. તેની જગ્યાએ બધાયે સાથે બેસીને ભોજન કર્યું. તેમને કેટલો આનંદ થયો હશે. વિચારશો તો એ સમજાશે, મારી તો સલાહ છે કે, આપણે આંગણે લગ્ન જેવા ઉત્સવોમાં પણ તેમને આમંત્રવા.

સંતબાલજીએ અહીં જે કર્યું તે, દેશના પચાસ ટકાએ કર્યું હોત તો આજે ગાંધીજીને કોંગ્રેસમાં જવું ન પડત. જવાહરલાલ મુંબઈને બદલે ગામડાઓમાં ગાજતા હોત અને સમાજની શીક્લ બદલાઈ ગઈ હોત.

સંતબાલજીએ બતાવેલો માર્ગ યાદ રાખજો. લીધેલી પ્રતિજ્ઞા પાળજો અને જો જો કે કેવી અજાયબી થાય છે ?

અંતમાં તેઓશ્રીએ કેટલાંક સુંદર દૃષ્ટાંતો આપીને પ્રેમ અહિંસાના માર્ગની સમજૂતી આપી હતી અને જણાવ્યું હતું કે જો આમ થશે તો પશ્ચિમને પૂર્વમાં થયેલો નવો અવતાર જોવા આવવું પડશે.

આવા પુરુષોની હાજરીમાં જીવીએ છીએ તે આપણાં સદ્ભાગ્ય છે પણ હવે જીવતાં શીખી લે તો.

સભા રાત્રે અગીઆરે લગભગ પૂરી થઈ હતી.

## વિરમગામ ચતુર્માસનું સરવૈયું : ૧૯૪૫

સાણંદ ચતુર્માસના કાળ દરમ્યાન જ વિરમગામ માટે ચતુર્માસ કલ્પેલું. વિરમગામનો ખાસ પરિચય જ નહિ, વળી મેલેરિયા માટે તો વિરમગામ પ્રસિદ્ધ ધામ ગણાય, પણ મન સાથે નક્કી થયું તે બસ થયું જ. અમદાવાદના સ્નેહીજનોની માગણી છેલ્લાં વર્ષોથી ઊભી જ હતી. સાણંદ ચતુર્માસમાં તો પડિયાજીએ ભારે હઠ પકડી. છેવટે વિરમગામ બાદ અમદાવાદને સ્થાન આપવાનું વિચાર્યું.

વિરમગામ માટે નકારાત્મક ચેતવણીઓ ખૂબ હતી પણ 'જે થશે તે ખરું' એમ માનીને પણ રખાયું.

### ચતુર્માસ પાછળ મુખ્ય કારણો

વિરમગામવાસીનું આમંત્રણ હતું જ નહિ. વિરમગામનું ચોમાસું થાય એ સ્નેહી-જનોને પણ ત્યારે અકળાવતું હતું. છતાં વિરમગામ કેમ ? એ પ્રશ્નના ઉત્તરમાં મુખ્ય બે કારણો ગણાવી શકાય : (૧) ધર્મદષ્ટિએ સમાજ રચનાના વિચારોનું આજે મૂર્તિમંત કાર્યક્ષેત્રરૂપ ભાળનલકંઠા પ્રયોગ અંગે વિરમગામ સાથે સંબંધ ધરાવતી કમિંજલા અડતાલીસીનું કામ શરૂઆતથી જ કાચું રહી ગયેલું હોઈને તે પર ખાસ ધ્યાન આપવા માટે એ અડતાલીસીનો અને એ અડતાલીસી સાથે સંબંધ ધરાવતા વિરમગામ શહેરનો સંપર્ક જરૂરી હતો. (૨) મુંબઈ અને કાઠિયાવાડ કચ્છ વગેરેને

અનુકૂળ પડે તેવું સ્થળ હોઈને બહારનો જનસંપર્ક સહેજે વધુ સુદઢ થાય.

ખરે જ આ બન્ને કારણો સારી પેઠે પાર પડયાં, એમ આજે કહી જ શકાય અને વિના આમંત્રણે આવવા છતાં આમંત્રણે આવેલા કરતાં વધુ ઉત્સાહ આદર અને સક્રિયફાળાથી વિરમગામે જે જવાબ વાળ્યો છે તે ખાસ યાદ રહી જાય તેવો છે. આ વિષે કાંઈ વધુ આગળ કહેવાનું આવતું હોઈ અહીં ચર્તુમાસના તારણ તરફ ખાસ વળું છું.

**કમિંજલા સંપર્ક**

આ વખતે કમિંજલા ગામનો સંબંધ વધુ ગાઢ અને રસમય બન્યો. એ જ રીતે જેજરાએ પણ સુંદર જવાબ વાળ્યો. ચાતુર્માસ પહેલાં એ આખી અડતાલીસી તો ન ફરી શકાઈ પણ લગભગ ચોથા ભાગનાં ગામોમાં ફરી શકાયું.

**વિરમગામ ચતુર્માસ પ્રવેશ**

જેઠ વદ ૨ને દહાડે પ્રભાતે વિરમગામમાં પ્રવેશ કર્યો. જૈન જૈનેતર ભાઈ બહેનોનો સ્નેહ જોયો. વિરમગામ તાલુકા સમિતિના પ્રમુખ પુરુષોત્તમદાસની વખારમાં જ પ્રારંભિક પ્રવચન થયું. અને નિવાસ વિરમગામ તાલુકા સમિતિના મકાનમાં રખાયો. રાત્રે પ્રાર્થના થઈ, લોકો પ્રથમ પ્રથમ બહુ વિપુલ સંખ્યામાં રસ લેવા લાગ્યા.

અષાઢ પૂર્ણિમા પહેલાં સટ્ટાનો હોલ, ચૈતન્ય પ્રભા થિયેટર, મેજેસ્ટિક સિનેમાનું સ્ટેજ, કચેરીનો ચોક, સુથાર ફળીનો ચોક, એમ અનેક સ્થળે પ્રવચનો થયાં. ગ્રામ સંપર્ક કંઈક સધાયો. સ્થળોની માહિતી મેળવી. વિરમગામનો અભ્યાસ કર્યો. નિવાસ તો લગભગ વિરમગામ તાલુકા સમિતિના મકાનમાં રહ્યો.

**વિરમગામમાં શું ?**

વિરમગામમાં જૈનોનાં છ મંદિરો છે. શ્વે. મૂર્તિપૂજક અને શ્વે. સ્થાનકવાસી ગચ્છના ઉપાશ્રયો છે. મૂર્તિપૂજક વર્ગમાં પાયચંદગચ્છ, તપાગચ્છ વગેરે છે. પણ તપાગચ્છનું પ્રાબલ્ય વિશેષ છે. સ્થાનકવાસી સમાજમાં આઠકોટી અને છ કોટી એવા બે ભાગલા છે. બન્નેનાં સ્થાનકો જુદાં છે.

વિરમગામમાં જૈનોની વસ્તી કુલ્લે ૬૦૦ ઘરની હશે. બ્રાહ્મણો અને પાટીદારોની મળીને એથી ડબલ ઘરોની વસ્તી હશે. મુખ્યત્વે આ ત્રણ કોમ અને વિરમગામની કુલ્લે વસ્તી ૨૮૦૦૦ ગણીએ તો મુસ્લિમભાઈઓની વસ્તી ચોથા ભાગ ઉપરાંતની છે.

વિરમગામ તાલુકા સમિતિ અમદાવાદ જિલ્લામાં આગળ પડતી છે. મૂળે તો એની શરૂઆત માંડલમાં થયેલી. આજે પણ માંડલના જૈનોનો ફાળો હજુ સરેરાશ

જેવો ને તેવો જ ચાલુ રહ્યો છે. સને ૧૯૨૬ પછીથી માંડલથી બદલી એ વિરમગામ આવી.

૧૯૮૩ની વૃષ્ટિની મહારેલ વખતે વિરમગામ શહેર કમિટિ દ્વારા એક લાખ ત્રીસ હજારની રાહત અપાઈ. જો કે આમાં સ્થાયી ફાળો તો પાંચ કે છ હજારનો હશે ! ચૂંવાળામાં બેઠી રેલ અંગે પણ એમણે મદદ કરી.

બિહાર ભૂકંપવેળા છ એક હજારની મદદ બિહાર રિલીફ સમિતિને મોકલાઈ હતી. સસ્તા અનાજની તાલુકામાં થયેલી પ્રવૃત્તિઓમાં પણ એમણે કામ કર્યું.

બંગાળ દુષ્કાળ રાહતમાં પણ પાંચેક હજારની સહાય અર્થે અપાયા. આમ માત્ર આર્થિક કે ઉપલક શારીરિક નહિ પણ શારીરિક યાતનાઓ પણ વિરમગામ તાલુકા સમિતિ દ્વારા વિરમગામે ખૂબ સહી છે. તેમાં સ્ત્રીઓ પર ઘોડા દોડાવ્યાની વાત ઈતિહાસ પ્રસિદ્ધ છે. આ ઉપરાંત મીઠાના સત્યાગ્રહ વખતે નાનાભાઈ ભટ્ટ, ચીમનભાઈ વૈષ્ણવ વગેરેએ આ તાલુકામાં ખૂબ સુંદર કામ કર્યું હતું.

વાણીં સ્વાતંત્ર્ય યુદ્ધ અને એમ આજ લગી મહાસભાની હાકલમાં વિરમગામ મોખરે રહ્યું છે. ગાંધીજીને હરિજન ફંડનો ફાળો, સરદારનો સ્વાગત સમારંભ, મહાસભાનો સુવર્ણ મહોત્સવ, કસ્તુરબા ફંડ, મહાદેવભાઈ ફંડ વગેરે કાર્યોમાં પણ વિરમગામે ફૂલપાંખડી ચઢાવી છે. હમણાં હમણાં તેઓ વેણીભાઈ બૂચના (કે જે આ તાલુકાના મંત્રી હતા, અને હવે સદ્‌ગત થયા છે તે ) સ્મારક માટે તાલુકા સમિતિએ રૂ. ૨૫,૦૦૦/-નો ફાળો ભેળો કરવાનું વિચાર્યું છે. અને એમાં પ્રગતિ કરી છે. ફંડ ફાળા વિષે તો મહત્ત્વ આપણે ન આપી શકીએ. પરંતુ તાલુકાના અને સ્થાનિક કાર્યકરોના આટલા સંપર્ક પછી મારા મન પર સુંદર છાપ પડી છે. તેઓ થોડું કરે કે ન પણ કરે પરંતુ સૌજન્ય ખૂબ છે. આમાં મોટ્ટો પ્રભાવ મણિલાલ કોઠારીનો હોય તે બનવા જોગ છે. તેઓ જિંદગીના અંત લગી આ સમિતિના પ્રમુખ રહ્યા હતા. ત્યાર-બાદ પુરુષોત્તમદાસ પટેલ કે જે હાલ પણ છે. સદાચાર, ખાનદાની, ઓછા બોલાપણું, જવાબદારીનું સતત ભાન એ એમના સદ્‌ગુણો છે. કંઈક આગ્રહીપણું અને ચિક્કણાશ કોઈ વાર તેમને રોકે છે. પણ હવે તે તરફ પણ ઉદ્યત થયા જણાય છે. સમિતિ અને તાલુકાને તેમના પ્રત્યે જે આદર શ્રદ્ધા છે, તે સાચાં જણાય છે.

ગોવિંદભાઈ એટલે આબાલવૃદ્ધ સૌમાં કાર્ય કરનારા અને મર્દ માણસ. બહુ લાંબા-ઊંડા વિચાર ન કરે પણ આવી પડતાં સાહસ ખેડવા તત્પર ! આ બન્ને ભાઈઓ પાટીદાર કોમના છે.

લીલચંદભાઈ મૂળે માંડલના, બહુબોલા એટલે પુરુષોત્તમદાસની પૂર્તિ કરે તેવા, માંડલમાં વિરમગામ તાલુકા સમિતિ સ્થપાઈ ત્યારથી એ ખૂબ જ રસ લેનારા, નિયમિતતાના બંધનથી મુક્ત વિહરનારા એ લીલચંદભાઈ હૃદયના એવા છે કે સૌના મિત્ર જેવા બની રહે ! આ ભાઈ વાણિયા, જૈન, પણ સુધારક જૈન. પૂ. ધર્મ વિજયમહારાજનું શબ્દામૃત માંડલને મળેલું તે પૈકીના.

છોટુભાઈ ભટ્ટ રાષ્ટ્રીયતાના અભ્યાસી અને કુશળ વકીલ. હરિજનની આભડછેટ દૂર કરવામાં દિલથી માનનારા. આ ભાઈ તાલુકા સમિતિના મંત્રી છે. બીજા મંત્રી ઉપર કહી ગયા તે ગોવિંદભાઈ છે.

મગનભાઈ શુકલ બાહોશ માણસ છે. સારું બોલી શકે છે. સમિતિનાં સેવાકાર્યોમાં રસ ધરાવનારા છે.

ભીખાભાઈ અંધ જૈન છે : એક વખતના મોટા વેપારી, પછી કિલાચંદ દેવચંદ કાર્યના માનીતા મુનિમ, પણ વર્ષો થયાં તેઓ કોંગ્રેસને વરી ચૂક્યા છે.

સદ્‌ગત કરસનદાસ ભાઈ જો કે જરૂરી વેતન લેતા અને ખૂબ સેવા કરેલી. જ્યારે આ મગનભાઈ આજ સુધી અવૈતનિક રહ્યા છે. અને મન તન એમણે કોંગ્રેસ કાર્યમાં જોડી દીધાં છે. સ્વતંત્ર વિચારના ભડ માણસ છે. પોતાના સ્વમાનપૂર્વક થોડું કામ મળે તો કરી લે અને જરૂરિયાતો મેળવી લે, પણ મહાસભાના આદેશ વખતે હરપળે તૈયાર. વયે પરિપક્વ છે. જરા તીખા ખરા, પણ ઉત્સાહે, યુવાન છે. આવા સેવકોની જરૂરિયાતો કૌટુંબિક નાતે મહાસભાપ્રિય કાર્યકરો ઉઠાવી લે, તો એ ખાતર એમને કશું જ વિચારવાનું ન રહે. એ થવાની જરૂર છે.

રાષ્ટ્રીય સ્ત્રીકાર્યકરોમાં વિરમગામ ખાતે ચંદનબહેન જાણીતાં છે. જેલમાં જવા છતાં તેમણે પોતાના જૈનરીતિએ મર્યાદિત કરેલાં ખાનપાનોમાં અને નિયમોમાં મચક મૂકી નથી. બહેનો પર ઘોડા દોડાવ્યાની રાષ્ટ્રીય ઈતિહાસ પ્રસિદ્ધ ઘટના પરથી અને અમદાવાદ પિકેટિંગ ખાતે પણ અહીંથી જતી ટૂકડીઓ પરથી ખ્યાલ આવી જ જાય કે વિરમગામની સ્ત્રીઓ શું છે ?

આ ઉપરાંત પણ સેવા અને મહાસભા કાર્યમાં બીજા બે મગનભાઈ (૧) મગનભાઈ પંડયાનો ખાસ અને (૨) મગનભાઈ જોષીનો ઉલ્લેખ પણ કરી શકાય. દરેક દિશામાં શિવાભાઈ પટેલ માસ્તરની સેવાવૃત્તિ તો જાણીતી છે જ. તેઓ પાટીદાર મંડળ તરફથી વિદ્યાર્થીઓના ફ્રી વર્ગો પણ ચલાવે છે, અને બાલમંદિરના સંચાલકોમાં પણ તેમનું નામ છે.

આ ગામમાં વ્યાયામશાળાની ઉત્પત્તિ સં. ૧૯૮૫માં થઈ. તે પગભર થયા પછી તો હવે સુંદર પ્રકારે ચાલે છે; અને વ્યાયામશાળાના મંત્રી બાબુભાઈ મોહનલાલ છે. વ્યાયામશાળાના વિદ્યાર્થીઓ રાષ્ટ્રભક્તિ, સેવા અને સદાચારમાં આંખો ઠારે તેવા છે. જ્યારે જ્યારે રાષ્ટ્રનું, ગામનું કે સમાજનું કામ પડે ત્યારે તે ખડા જ છે. આ બધા પર મુખ્ય અસર રામજીભાઈ ખત્રીની છે. જયંતીભાઈ ખત્રી પણ એમની જ અસર તળે તૈયાર થયેલા છે. આખા વિરમગામમાં રામજીભાઈના નામ સાથે લોકોનો તેમના પ્રત્યે, આંતરિક સ્નેહ ઊછળે એવી એ ભાઈએ પ્રતિષ્ઠા મેળવી છે. મીરાંબાઈના આશ્રમમાં તેઓ હતા. હવે ટૂંક વખતમાં ફરી અહીં આવવા વક્કી છે. હાલ એના પ્રમુખ ગોવિંદભાઈ પટેલ છે; અને ગિજુભાઈના દેખરેખ તળે એ ચાલે છે.

લલ્લુભાઈ અહીંનું બાલમંદિર ચલાવે છે. સાચા અને મૂંગા સેવક, સર્વજનને ગમે તેવા બાળસ્વભાવના, આ ભાઈ પણ રામજીભાઈના સત્સંગે તૈયાર થયેલ આ શહેરનું રત્ન છે.

આવી વ્યક્તિઓ અને હજુ આગળ કહેવામાં આવશે તેવી વ્યક્તિઓ વિરમગામમાં છે.

મુન્સર અને ગંગાસર જેવાં તળાવો વિરમગામના પાદરમાં છે. હાઈસ્કૂલ બહુ વિશાળ જગ્યામાં ભવ્ય મકાનમાં છે. એક બોર્ડિંગ પણ હાઈસ્કૂલને છે. અંગ્રેજી હાઈસ્કૂલના મહાકંપાઉન્ડ અને મકાનો જોઈએ - તેની વ્યાયામશાળા જોઈએ અને બીજી બાજુ ગુજરાતી સ્કૂલ તથા કન્યાશાળા કે બાળનિશાળની દશા જોઈએ તો નવાઈ સાથે દુઃખ થાય.

કન્યાશાળા અને નિશાળોનાં ઘણાં ખરાં મકાનો ભાડાનાં જ છે; અને એ મકાનોની દશા ભારે શોચનીય છે. એક કન્યાશાળાના મકાન પાસે તો મુતરડીની સ્થિતિ મહાન દુઃખદ છે. (હજુ પણ છે) જે બાળક બાળિકાઓ ભવિષ્યના મહાન આદર્શ નાગરિક નિપજાવવાના છે, જેમને દેવની ઉપમા દેવાય છે તેમની આ દશા વિરમગામ જેવા માટે તો ખરેખર શરમરૂપ ગણાય. આપણે ઈચ્છીશું કે આ મકાનો વિષે વિરમગામવાસીઓનું મુખ્યપણે લક્ષ્ય ખેંચાય. મારે કહેવું ઘટે કે ગુજરાતી સ્કૂલનાં બાળકોનો બગીચો જોઈ મને ખૂબ આનંદ થયો. ત્યાંના બાગપ્રેમી શિક્ષકને ધન્યવાદ ઘટે છે. શિવાભાઈ માસ્તરે તેમના લતામંડપ માટે પ્રોત્સાહન આપ્યું તે સારુ કર્યું છે. ઉર્દૂશાળાના શિક્ષકોને પણ હું આ નિશાળના બગીચાનું અનુકરણ કરવાનું કહેવા લલચાઉં છું. અહીંનું પાટીદાર મંડળ દ્વારા ચાલતું 'વિરમગામ કન્યા

વિદ્યાલય' જો કે હમણાં જ ખોલાયું છે, પણ એની ઝડપી પ્રગતિ આશાસ્પદ છે. ગામ સફાઈના કામમાં આ કન્યાઓનો ફાળો નોંધપાત્ર હતો. ટૂંક વખત પહેલાં સહભોજન સમારંભ કરીને નાતજાતના ક્ષુદ્રભેદો ભૂલવાનું પ્રાથમિક પગલું તેમણે ભર્યું હતું. આ વિદ્યાલયના ઈશ્વરભાઈ પ્રમુખ છે, અને વિજયસિંહભાઈ, ડૉ. નવનીતલાલ કુબેરભાઈ તથા શિવાભાઈ માસ્તર જેવા રસ ધરાવનારા કાર્યકર્તાઓ આ સંસ્થાને મળ્યા છે. હું ઈચ્છું છું કે આ કન્યાલયનો આર્થિક ચિંતાનો બોજો જમીનદાર ચંદુભાઈ તથા ઈશ્વરભાઈના સહકારે બન્ને ઉઠાવી લે અને કાર્યકર્તાઓ પાટીદાર કોમમાં સ્ત્રીજાતિની જે અવહેલના છે તેને દૂર કરી પૂર્ણ સ્વમાનપૂર્વક જીવવાની અને પ્રજામાં ઉચ્ચ સંસ્કારો રેડી શકે તેવી ચારિત્રશીલ વ્યકિતઓ ઉત્પન્ન કરવાની કોશિષ કરે.

વિરમગામની હિંદીભાષાની પ્રગતિ નોંધપાત્ર છે; અને તેમાં કુબેરભાઈ માસ્તરનો ફાળો મુખ્યત્વે છે.

## વિરમગામમાં કોલેરા

વિરમગામમાં પ્રવેશ પહેલાં જ કોલેરા હતો. મને એ સમાચારે અકળાવેલો. હું અહીં આવ્યો તે પહેલાં કોલેરા રાહત સમિતિ રચાઈ ચૂકી હતી. અલગ વોર્ડ ખોલવા માટે કોઈ જ મકાન શહેરમાં કે શહેરની આસપાસ ન મળતાં કોલેરા રાહત સમિતિને જિનમાં એ વ્યવસ્થા કરવી પડી હતી. આવા સેવાકાર્ય માટે મકાન ન મળ્યું એનું મને ખૂબ દુઃખ થયેલું એ મેં એકથી વધુવાર વ્યકત કર્યું હતું. અને આની અસર જે કાંઈ થયેલી તેનો પણ નમૂનો મને જોવા મળ્યો છે; જે ઘટના હું આગળ કહેવા માગું છું.

કોલેરા વેળા જે રાહત સમિતિ રચાઈ તેમાં વર્તમાન મ્યુ. તંત્ર, તેમ જ વિરમગામ તાલુકા સમિતિના સભ્યો તેમ જ સ્વયંસેવકોનો પૂરેપૂરો સહકાર હતો. કાશીબહેનને પણ તેઓએ માંગણી કરી બોલાવ્યાં હતાં. ડૉ. દિનુભાઈ તથા અહીંના સ્થાનિક ડૉકટરો અને તલોદવાળા સેવાભાવી સજ્જન ડૉકટર પ્રેમચંદભાઈ વગેરે કાર્ય કરી રહ્યા હતા.

એક સપ્તાહમાં તો ઉપરાઉપરી ઘણા કેસ બની ગયા, પછી વળી ઠીક દેખાયુ; ત્યાં વળી જોર દેખાયું, આમ થોડા સપ્તાહો ચાલ્યા બાદ શાંતિ થઈ ગઈ.

## મેલેરિયાનો પંજો અને ગ્રામસફાઈ

મેલેરિયાનો પંજો, ડોકિયાં કરી રહ્યો હતો. ગામની ગંદકીના પ્રમાણમાં થોડો વખત ઠીક ઘટાડો થયેલો પણ ફરી પાછા એની એ દશા આવી ચૂકી હતી. બન્ને

મગનભાઈઓ (મગનભાઈ જોષી અને મગનભાઈ સુખલાલભાઈ તથા શ્રી અંબાલાલભાઈ ગંદકીની ફરિયાદ લાવ્યા હતા. આજના મ્યુ. તંત્ર ઉપર આધાર રાખવો એ ત્યારે વાહિયાત વાત હતી. ગ્રામસેવકો જ આ વાત પ્રથમ ઉપાડી લે એ જરૂરનું હતું. ગંદકી દૂર થવાથી રોગ અટકે છે એમાં જરાપણ શંકા નથી જ. પરંતુ આ નિમિત્તે મારો તો સફાઈકામની પ્રતિષ્ઠા સ્થાપિત કરવાનો અને પરસ્પર જનસંપર્ક સાધવાનોય લોભ હતો.

સ્મરણશકિતના પ્રયોગો પરત્વેનું વિદ્યાર્થીઓને સારુ પ્રવચન રખાયેલું તેમાં મેં આ વાત મૂકી. ગીજુભાઈ (જેઓ હાલ પ્રેમચંદ રાયચંદ કોલેજમાં ભણે છે અને વ્યાયામ-શાળા સાથે જેમનું નામ આવી ગયું છે તેઓ) એ વિચાર માટે થોડો સમય માગ્યો.

### વિરમગામ ગ્રામ સફાઈ સહાયક સમિતિની ઉત્પત્તિ

આમાંથી વિરમગામ ગ્રામ સફાઈ સહાયક સમિતિની ઉત્પત્તિ થઈ. હવે આ સમિતિનું નામ 'ગ્રામ સફાઈ સમિતિ' રહ્યું છે. તા. ૧૪-૭-૪૫નો આ દિવસ વિરમગામ ખાતેનો યાદગાર દિવસ છે. આ સમિતિનો ક્રમિક કેમ વિકાસ થયો અને એમાં મેલેરિયા અટકાયત તથા બીજી રીતે અત્યાર લગીમાં શાં પરિણામ આવ્યાં તે બધી વિગતો તે સમિતિ તરફથી ભાઈ અંબાલાલે લખેલા લખાણમાં આવી જાય છે એટલે હું અહીં નહિ ચર્ચું.

પ્રત્યેક શહેરમાં ગ્રામ સફાઈ સમિતિઓ સ્થાપવાની અનિવાર્ય જરૂર છે. ગામડામાં પણ જરૂર તો છે જ. મ્યુ. તંત્ર આજે તો અહીં કે બીજે પરાયું છે. તે જેમણે પ્રજાસેવકોના સંમતિ વિના સ્વીકાર્યું છે. તેમણે પ્રજાનો દ્રોહ કર્યો છે એમ કહેવું જ પડશે એટલે એવા લોકોમાં હાર્દિક સેવાભાવની અપેક્ષા રાખવી વધુ પડતી છે. પરંતુ માનો કે પૂર્ણ પ્રજાકીય મ્યુ. તંત્ર હોય તો પણ આજની અવદશામાં મ્યુ.તંત્ર અને પ્રજા વચ્ચેની એક મધ્યસ્થ સમિતિ તો જોઈશે જ. પ્રજામાં સફાઈની સહજ ટેવો પાડવામાં અને મ્યુ. તંત્રને સેવામાં જાગૃત રખાવવામાં આ મધ્યસ્થ સમિતિ જ કાર્ય કરી શકશે. મ્યુ. તંત્ર ગમે તેટલું સ્વતંત્ર સાવધાન અને સેવાભાવી હોય તો પણ પ્રજા જ્યાં લગી સફાઈમાં પૂર્ણ દરકારવાળી સહેજે નહિ બને ત્યાં લગી તે અસરકારક કામ કરી શકવાનું નથી જ. આ મધ્યસ્થ સમિતિ આમ માત્ર ગંદકીની સાફસૂફી જ નહિ, પણ સમાજની મનની સાફસૂફીમાં પણ અગત્યનો ભાગ ભજવી શકશે.

હંમેશના લોકસંપર્કમાં આ સમિતિને રહેવાનું થશે. આ સમિતિના કાર્યકરોને ઉપલા, વચલા અને નીચલા એ ત્રણેનો અભ્યાસ થશે. દિલપૂર્વકનું તે સમિતિનું આ

કામ સૌને પ્યારું લાગશે. તેને હિંદુ અને મુસ્લિમ એક સરખાં ચાહશે. વિરમગામમાં પણ માસિક ગ્રામ-સફાઈ-દિનના મુસ્લિમ લત્તાનાં મીઠાં સંભારણાંઓ પૈકીનાં કેટલાંક આ વાતનું પ્રત્યક્ષ ઉત્કટ પ્રમાણ છે. બાળકો, વિદ્યાર્થીઓ, શિક્ષકો અને બેનો સુદ્ધાં આજે તો આ સમિતિનાં માસિક સક્રિય સભ્યો રહ્યાં છે જ. ઉપરાંત ગ્રામના બીજા સમાજે પણ સારી પેઠે ભાગ લીધો છે. જેમાં શ્રીમંત અને સામાન્ય બન્ને વર્ગ છે. ઓફિસરો, અધિકારીઓ અને શ્રમજીવી પણ છે. જો આ સ્થિતિ લાંબો વખત ચાલુ રહે તો આ કાર્યક્રમ મહાન વિપ્લવકારી કાર્યક્રમ છે. એમાં ઠંડી છતાં ચોક્કસ અને અદ્ભુત કાર્યકારિણી તાકાત છે.

ભંગીનું કામ હલકું મનાતું અટકે અને એ કોમને સાચી પ્રતિષ્ઠા મળે. એટલે આભડછેટનું તૂત જ નહિ બલ્કે ખોટી અને અંધશ્રદ્ધાના પાયા પર ઊભેલી નાતોની દલબંધી પણ દૂર થાય. આમ છતાં વર્ણોની મૌલિક વ્યવસ્થા અને નાતોની સાચી સંગઠન શકિત તો વધુ દીપી ઊઠે જ. દા.ત. ભંગીનો પુત્ર પણ સંસ્કારી, સદાચારી બને, એટલે તેના તરફ લોકોનો તિરસ્કારને બદલે પૂજ્યભાવ જાગે. પછી માત્ર જન્મગત ઉચ્ચનીચના ભેદ ન રહે. પણ સદ્ગુણ દુર્ગુણ પરત્વે ઉચ્ચનીચના ભેદ રહે. આ કામ હલકું અને આ ઊંચું એ ભ્રમ દૂર થાય. શ્રમજીવીઓને સાચું અને ઉચ્ચ સ્થાન મળે. અને શ્રમજીવીવર્ગમાં જ્ઞાનની જે કાંઈ ખામી છે તે દૂર થાય. આનું જ નામ તે સંસ્કારમય સમાજ રચના.

ગ્રામસફાઈનું કામ, જો કે આટલું ઉચ્ચ છે છતાં એકી સાથે દરરોજ આવું કામ ન કરી શકે છતાં તે પ્રત્યે જેનો પ્રેમ હોય જ એટલે એ ભૂમિકા નક્કર બનાવવા માટે આની સાથે જ બીજા છ ખાતાંઓને ગોઠવવામાં આવ્યાં છે; અને મુખ્ય જેનું નામ મને પ્રિય અને જે આદર્શ આ બધા કાર્યોની પાછળ છે તે નામ 'વાત્સલ્ય સેવક સંઘ' ગોઠવવામાં આવ્યું છે. આ સંઘની સ્થાપના તા. ૨૩-૧૦-૪૫ના રોજ થઈ છે. તેના સાત વિભાગો આ મુજબ છે : (૧) ગ્રામસફાઈ સમિતિ (૨) સફાઈ મદદનીશ સમિતિ (૩) જનરાહત સમિતિ (૪) પ્રાર્થના વિભાગ (૫) પ્રચાર વિભાગ (૬) ભાલ નલકંઠા સહાયક વિભાગ (૭) હરિજન સંપર્ક વિભાગ.

આ પૈકી ગ્રામસફાઈ સમિતિ આ બધી સમિતિઓના પાયારૂપ છે.એણે દૈનિક સફાઈ દ્વારા જ સર્વજનમોહક કાર્ય કરી બતાવ્યું છે. સફાઈ મદદનીશ સમિતિએ પણ માસિક સફાઈ દિન તથા પ્રચાર વગેરેમાં કાર્ય કરી બતાવ્યું છે. જનરાહત સમિતિએ ઔષધાલયની દિશામાં મેલેરિયાનાં ત્રણ કેન્દ્રો ખોલીને મેલેરિયાના દર્દીઓ પૈકી(જો કે આ વેળા ગંદકીની સફાઈના કારણે મેલેરિયાનો ઉપદ્રવ ઓછો હતો એમ જાણ્યું છે

છતાં જે તેમાં થોડે અંશે સપડાયા હોય તેમને માટે પણ) દવા લેનારને રાહત આપીતી અને ટ્રેન વ્યવહાર રેલ અંગે ખોરવાયો, ત્યારે તે બંધુ-બનીને પણ આશ્રય અને બીજી વ્યવસ્થા કરી આપી હતી. આ વખતે આ કાર્યમાં સ્થા. જૈનોની વિશાળ ભોજનશાળા ઉપયોગમાં આવી હતી. એ આશાસ્પદ ઘટના છે. કોલેરા અંગે મકાન ન મળ્યા બદલ જે દુ:ખ મેં વ્યકત કરેલું તેનો સંભવ છે કે આ સફળ પ્રત્યાઘાત પણ હોય !

હું આશા રાખું છું કે જૈનો પ્રત્યેક જનસેવાના કાર્યમાં આવો જ ઉત્સાહ બતાવશે. કારણ કે તેમની વધુમાં વધુ આ બાબતોમાં જવાબદારી છે. જ્યારે તેઓ વિશ્વબંધુત્વનો પાઠ બોલે છે ત્યારે વિરમગામની જનતાનું જો તેમાં અમલી સ્થાન નહિ હોય તો તે શુકપાઠ હાંસીપાત્ર જ ગણાશે અને ઊલટું તેઓ રહ્યું સહ્યું પણ તેમનું સમાજમાંનું સ્થાન સાવ ગુમાવી બેસશે. ગ્રામસફાઈમાં સૌથી મોટો હિસ્સો તેમનો હોય એ મારી ખાસ અપેક્ષા છે. કારણ કે દરેક ધર્મ કરતાં ચોખ્ખાઈની બાબતમાં પણ બીજી બાબતોની જેમ વધુમાં વધુ વિચારો અને અમલ તેમના પૂર્વજોએ કર્યો જ છે. આજે તેઓ તે કરતાં તદ્દન વિપરીત માર્ગે વળી ગયા છે. જો કે તે બધી વિપરીતતાના કારણોમાં જૈન સાધુસાધ્વી મુખ્ય છે. જે સાધુ સાધ્વી પાંચ સમિતિને માતારૂપે બોલી રોજ યાદ કરે છે, તે સાધુસાધ્વીનાં અનુયાયીઓ એંઠ પર એંઠ નાંખી હજારો ખદબદતા કીડાના થર જન્માવે એ કેટલી શરમની વાત છે ! તેઓ બાળકોને જ્યાં ત્યાં મળત્યાગ માટે બેસાડે, પોતે પણ અસુર સવાર શેરીઓમાં જાજરૂ બેસી જાય, જ્યાં ત્યાં બળખાં ફેંકે આમાં વિવેક જેવું તત્ત્વ પણ કયાં રહે છે ? જ્યાં માણસાઈનો પાઠ પણ કાચો છે, ત્યાં જૈનતત્ત્વના તો આંકડા હોય જ કયાંથી ? એટલે હવે એ ભુલાઈ ગયેલી વાતને ફરી યાદ કરી જૈનોએ આવાં કાર્યો પ્રથમ અને જવાબદારીપૂર્ણ ભાર ઉપાડી લીધા સિવાય છૂટકો નથી. સદ્ભાગ્યે વિરમગામ ગ્રામસફાઈ સમિતિના માજી મંત્રી મગનભાઈ અને વર્તમાન મંત્રી અંબાલાલભાઈ બન્ને પણ જૈનો જ છે. જૈનયુવકોને હું એમનું અનુકરણ કરવાનું સૂચવું છું. ચાલુ મંડળની છાપ મારા મન પર સંકુચિત માનસથી બહુ આગળ પડી નથી. હું આશા રાખું છું કે તેઓ હવે મંડળ ચાલુ રાખે તો આજ કરતાં ઘણી વિશાળ કાર્યકારિણી શકિત કેળવે ! જૈનયુવક તરીકે તેમની જવાબદારી સૌથી મહાન છે. જૈનભોજનાલયની હું વ્યાપકતા ઈચ્છું છું.

જનસહાય સમિતિનાં બન્ને કાર્યો (ઔષધીય રાહત અને ટ્રેન વ્યવહાર સ્તંભનજન્ય રાહત)માં ઉલ્લેખપાત્ર ફાળો એમણે આપ્યો છે; અને આપ્યે જાય છે મગનભાઈ પંડયા પણ ઉપલા બન્ને કાર્યોમાં ખડે પગે હાજર જ રહેતા. પંડયાએ તો જ્યારે જ્યારે અને જ્યાં જ્યાં ધ્વનિવર્ધક યંત્રોની જરૂર પડી ત્યાં ત્યાં હસતે મુખડે અને

સહજ પ્રેરણારૂપ એ સેવા હાજર કરી જ છે. વ્યાયામના વિદ્યાર્થીઓની કુમકે પણ તેઓ હાજર જ રહ્યા છે. પોતાનો ધીકતો ધંધો કોરે મૂકીને પણ તેઓની હાજરી સેવા-કાર્યમાં હોય જ અને ખૂબીની વાત તો એ છે કે વ્યાખ્યાનોની વ્યવસ્થા કે વ્યાયામ મંડળના નાટ્ય પ્રયોગોથી માંડીને ગંદકી સફાઈ જેવા કામ લગી કે નિરાધાર મુડદાંની વ્યવસ્થાના કાર્ય લગી પણ તેમનો રસ તો તેવો ને તેવો જ અખંડ ! આને જ હું સાચું બ્રાહ્મણકાર્ય ગણું છું.

મગનભાઈ જોષીએ ઔષધીય રાહતમાં આકર્ષક કાર્ય કરી બતાવ્યું છે, એમાં બેમત નથી. તેઓને આ કાર્યમાં અંતરનો રસ છે. એમની સેવાને લીધે જ ઓછા ખર્ચમાં ઔષધીય રાહત મળી શકી છે. ૩૧૬૦ જેટલીવાર દર્દીઓએ માત્ર ૭૧ રૂપિયાની દવામાં લાભ લીધો હતો. વ્યવસ્થા ખર્ચ અને ઔષધ ખર્ચ મળી માત્ર, ત્રણ કેન્દ્રોનું મળીને રૂ. ૧૬૩, ખર્ચ આવ્યું છે. આ ઉપરથી મગનભાઈ જોષીને ધન્યવાદ ઘટે છે પરંતુ તેમના તરફથી એક સવૈતનિકભાઈના કિસ્સા પરથી મારા મન પર એ સેવાની અસરના સ્થાન કરતાં આવા કિસ્સાનું સ્થાન વધી જવા પામ્યું હતું. મગનભાઈનો વાંક હો કે ન હો એ પ્રશ્ન મહત્ત્વનો મને નથી, પણ મગનભાઈ જેવા મનુષ્ય પાસે પશુને પણ માણસ બનાવવાની હું આશા રાખી શકું, એટલે જ આ કિસ્સાને હું અગત્યનો ગણું છું. જોકે પાછળથી તેમને મારા દુઃખની અસર થઈ હશે એમ મને લાગ્યું છે એટલે હું આશા રાખું છું કે જાહેર સેવાનાં કાર્યોમાં હવે તેઓ પોતાનો વાત્સલ્યમય સ્વભાવ જ વધુ વિકસાવે.

આ રીતે ત્રણ સમિતિઓ કામ કરતી જોઈ, આ ત્રણેમાં અને સંઘની ઉત્પત્તિમાં પણ, તથા ગોવિંદભાઈને માથે પ્રેમથી ભાર રાખનાર વ્યકિતમાં પણ જે નામ છે તેનો ગૌરવપૂર્વક અહીં ઉલ્લેખ કરવો જોઈએ. તેમનું નામ છે શિવાભાઈ.

આ શિવાભાઈ પટેલ ખેતીવાડી ખાતાના મુખ્ય ઓફિસર છે. સફાઈ સમિતિના કામમાં તેમનો ફાળો મન, તન અને સાધન સમેત છે. આ શિવાભાઈ તો મારી વિરમગામની પ્રાયઃ સર્વ પ્રવૃત્તિઓમાં ઓતપ્રોત આજ લગી થઈ ગયા છે. એમનો સ્વભાવ પણ લોકપ્રિય છે. હું જ્યારે એમના કપાસના ઉત્પાદન કેમ્પના પ્રદર્શનમાં ગયો ત્યારે તેમનો અભ્યાસ જોઈને છક થઈ ગયો. તેમણે આ દિશામાં મહાન પ્રગતિ કરી છે. એનું કારણ તેમની જવાબદારીપૂર્વકની અંતરની ચીવટ મને લાગી છે. તેમના ઘરની સુઘડતાએ પણ મારા મન પર ઉચ્ચ પ્રતિની છાપ પાડી છે. શિવાભાઈનું ઘર અને બબુભાઈનું ઘર મને સફાઈ, સુઘડતા અને વ્યવસ્થામાં ખાસ પ્રથમ તકે જ સામે તરી આવે તેવાં આદર્શરૂપ વિરમગામમાં લાગ્યાં છે.

પ્રચાર વિભાગનું કામ મુખ્યત્વે વિદ્યાર્થીઓનું રહ્યું છે. તે સૌની સેવામાં પણ લલ્લુભાઈ અને ભગુભાઈની જોડીને ન ભુલાય. જો કે તેમાં વ્યાયામમંડળ તથા ખાસ કરીને તેમના પર રામજીભાઈની છાપ એ હું સમજી શકયો છું. પ્રાર્થના વિભાગની તો હજુ હવે કસોટી થવાની છે, પણ મને લાગે છે કે બબુજીભાઈ, લલ્લુભાઈ અને અંબાલાલભાઈ તથા મગનભાઈ જોષી અને ચુનીભાઈ વગેરેની સતત ખંત રહેશે તો એ સફળ થશે. શિવાભાઈ ખેતીવાડીવાળા જ્યાં લગી અહીં રહેશે ત્યાં લગી તો વણમાગ્યે આ સંઘના દરેક ખાતાંને મદદ મળી જ રહે એ એમની અત્યાર લગીની કામગીરી પરથી મને સહેજે જણાય છે.

ભાલ નલકાંઠા વિભાગનું હજુ સ્થાનિક કાર્ય ખાસ આવ્યું નથી એટલે શું કહી શકાય ? પણ મગનભાઈ સુખલાલભાઈની ધગશ જોતાં તેઓ બીજાની પણ આ કાર્યમાં સંપૂર્ણ ઈચ્છાપૂર્વક મદદ મેળવીને તે દ્વારા ભાલ નલકાંઠા વિભાગમાં સક્રિય કાર્ય કરી બતાવશે. એ આશા અસ્થાને આજે તો નથી જ લાગતી. આ કાર્ય જ આજે આપણાં બધાં કાર્યોનું કેન્દ્રસ્થળ છે. એ વારંવાર કહેવાનું ભાગ્યે જ હોય ! મગનભાઈ કમિંજલા અડતાલીસીના પર્યટનમાં પૂરેપૂરા કે અમુકઅંશે પણ સાથે જ વિચરે એ સંભાવના છે.

હરિજન સંપર્ક વિભાગનું કદાચ તત્કાળ જ કાર્ય આવી પડે. હરિજન છાત્રાલયની પુનરાવૃત્તિ થયા બાદ તેમનું કાર્ય વિસ્તરશે. ચમાર અને ભંગીભાઈ-ઓનાં નાનાં મોટાં વ્યસનો છોડાવવાં તેમની મુશ્કેલીઓમાં સક્રિય સહાનુભૂતિ રાખવી, તેમના શિક્ષણમાં સક્રિય રસ લેવો વગેરે આ વિભાગને લગતાં કાર્યો રહેશે.

વિરમગામ ચતુર્માસમાં ચમારભાઈઓનો સંપર્ક તો ભાનુભાઈ તથા છોટુભાઈ ભટ્ટ વગેરેને લીધે થયો. ભંગીભાઈઓનો પણ ગોવિંદભાઈ વગેરેને લીધે થયો.

છેલ્લાં હરિજનવાસની રાત્રિસભાઓ અને નિવાસને લીધે ખૂબ પ્રેમ સંબંધ બંધાયો. આલાભાઈ, સોમાભાઈ, ત્રિભોવનભાઈ, દીપાભાઈ વગેરે ભાઈઓને જોતાં ચમાર કોમની પ્રગતિ સ્પષ્ટ દેખાઈ આવે છે. એ દષ્ટિએ ભંગીભાઈઓની પ્રગતિ ઓછી લાગે. જગતમાં મહાન સેવાપદને અને ખરે જ ઋષિ-પદને છાજે તેવું કાર્ય તો તેઓ જ કરે છે. એટલે એમના તરફ હવે વિરમગામવાસીઓએ બહુ જ મુખ્ય ધ્યાન આપવું ઘટે છે.

"હરિજન છાત્રાલય" પુનઃ શરૂ થયા બાદ તેમાં તેમને પણ સ્થાન મળે એ વાતો વહેતી થઈ છે. આલાભાઈ વગેરેનાં મન પર આ વાતની અસર પણ દેખાય છે.

આનો અમલ પૂર્ણપણે થાય તો ચમારબંધુઓનું સ્થાન આજનાં કરતાં ઘણું ઉચ્ચ થશે એવો મારો નમ્ર અભિપ્રાય છે. જોકે આજે તો હરિજન છાત્રાલયમાં તુરત આવે તેવા ભંગીકોમનાં એક પણ વિદ્યાર્થી નથી જ આથી તત્કાળ દિલાસો ખૂબ મળશે અને તેમને માટેનાં બંધ બારણાં ખુલ્લાં થઈ જશે.

ભંગીભાઈઓની સાથે આલાભાઈ જેવા ચમારભાઈઓએ અને બીજા ગામના સવર્ણભાઈઓએ જે સંપર્ક સાધ્યો અને પ્રસાદી પણ સંગાથે લીધી તેથી મને ખૂબ સંતોષ થયો છે.

પોતાને ઘેર હરિજનોને માનપૂર્વક મીજબાન તરીકે નોતરી પાસે બેસી જમાડવામાં શિવાભાઈ ખેતીવાડીવાળાએ જેમ પહેલ કરી તેમ વિરમગામવાસી દરેક કોમમાં આ અનુકરણ થાય એ ઈચ્છવા યોગ્ય છે. જો કે માત્ર આટલેથી જ પતી જતું તો નથી જ તેમ પંક્તિભોજન વિષે મારો અતિ આગ્રહ પણ નથી. પણ સમાજની વિચાર કાન્તિ માટે આ એક સુંદર નિમિત્ત છે તેમ લાગવાથી જ મને એ કાર્ય પ્રત્યે અતિ સંતોષ થાય છે એમ કહેવું ઘટે.

પંડિત દરબારીલાલજી જેવા ક્રાન્તિકારક વિચારકનો પણ વિરમગામે ઠીક લાભ લીધો તે મને ગમ્યું છે. ચતુર્માસાર્થે માંડલમાં વિરાજતા મુનિશ્રી ન્યાયવિજયજી મહારાજને લીધે જ આ તક મળી હતી. પંડિતજીના અહિંસા અને બ્રહ્મચર્ય-વિષયક પ્રતિપાદન અને વિચારમાં જ્યાં મારો પ્રમાણિક મતભેદ છે ત્યાં મેં એ ઉલ્લેખ અન્યત્ર કર્યો જ છે. આ ઉપરાંત વિરમગામની પ્રજાએ બીજા પણ અનેક આગંતુકોની ચતુર્માસ દરમ્યાન જે પ્રેમ સેવા ઉઠાવીને ભાવ બતાવ્યો છે તે પરથી મારા મન પર વિરમગામની જનતાની ન ભૂંસાય તેવી ઊંડી છાપ પડી છે. અલીગઢમાં મુસ્લિમભાઈઓએ મને આમંત્રીને જે ભાવ બતાવ્યો છે તે પણ મારે માટે આશાસ્પદ બન્યો છે. કાસમપુરાના મુસ્લિમભાઈઓ સિવાય બીજામુસ્લિમભાઈઓનો સંપર્ક સાધવો રહી ગયો છે. બજાણિયા ભાઈઓ પાસે જોષી લઈ ગયા હતા તેથી તેમનો પણ પરિચય થયો. બાકી તો અનેકવાર અનેક લત્તાઓમાં અનેક વિષય પર અનેક પ્રવચનો થયાં તેમાં પણ સમકિતનાં લક્ષણો અંગેનાં પ્રવચનો, કૃષ્ણજયંતી, ગાંધીજયંતી, શિવજયંતી અને સરદારજયંતી વગેરે જયંતીઓનાં પ્રવચનો અને પર્યુષણની અનેકવિધ પ્રવચનોની માળા ખાસ ઉલ્લેખપાત્ર છે. આ ચતુર્માસમાં ધારવા કરતાં પણ કદાચ વધુ ગુજરાતના તથા કાઠિયાવાડના કાર્યકરો વગેરેનો ખાસ સંપર્ક રહ્યો છે. વિરમગામ એટલે કાઠિયાવાડ અને ગુજરાતની સરહદ તેથી એને બન્ને સંસ્કૃતિનાં સમન્વયની સુંદર તક સાંપડી છે.

વિરમગામની નરકબારી તરીકે પંકાયેલી જકાતબારીમાં હવે ફેરફાર તો થયો જ છે, પણ હજુ વધુ ધ્યાન અપાવું ઘટે છે.

મ્યુનિસિપોલિટીના સેનિટેશન ખાતાના ચેરમેન પ્રજાની સંમતિ વિના સુપરસીડ થયેલા મ્યુ. તંત્રને સાથ આપ્યો તે બદલ તો મેં મારો વિરોધી મત દર્શાવ્યો જ છે;પણ અહીં ગ્રામસફાઈ સહાયક સમિતિના સહકારમાં તેમણે પોતાની જે ફરજ હોવી જોઈએ તે આ નિમિત્તે પણ બજાવવાનો જે પ્રયત્ન કર્યો છે તેની અહીં હું નોંધ લઉ છું.

ભાઈ જેઠાલાલ આમાં વધુ નોંધપાત્ર છે. તેમણે અને ચીનુભાઈએ મદદનીશ સમિતિમાં પૂરો સાથ પુરાવ્યો છે. ખાસ કરીને ચુનીભાઈને તો એને માટે વેઠવું પણ પડયું છે. આ કિસ્સામાં આજના મ્યુ. તંત્રની શિથિલતાની મારા મન પર છાપ પડી છે. બાકી ચુનીભાઈનો આ ભોગ તો ધન્યવાદ જ માંગી લે છે, પણ તેમની પાસે હું આથી પણ વધુ વીરતાપૂર્વકની સહનશીલતાની આશા રાખું છું.

આ ચતુર્માસમાં અનેક ભાઈ બહેનો આવ્યાં તેમાં પંડિત દરબારીલાલજી ઉપરાંત ઢેબરભાઈ, મોરારજીભાઈ, અર્જુનલાલા વગેરેના નોંધપાત્ર પ્રસંગો છે.

પુષ્પાબહેન મહેતા, ડૉ. હરિપ્રસાદભાઈ દેસાઈ, પાટણના પુનમચંદભાઈ વગેરે પંડયા માસ્તરના પ્રયત્નની યોજનાને લીધે આવેલા.

વિરમગામે આમ સક્રિય સળવળાટ પામીને મારા મન પર ખૂબ સારી છાપ પાડી છે. બહેનો પણ હૃદયપૂર્વક ગ્રામસફાઈમાં સાથ આપે અને તબકડાં, પાવડા અને ઝાડુ લઈને બધા ઘરનાં અને બધી વયનાં -મોટાં-નાનાં-સૌ અખંડ ઐકયે નીકળી પડે એ સામાજિક ક્રાન્તિએ મારી જેમ અનેકને અસર કરી છે, એમ હું જોઈ શકું છું.

સ્મૃતિ વિકાસના પ્રયોગોમાં પણ બબુજીભાઈ, શિવાભાઈ ખેતીવાડીવાળા જેવા હાર્દિક રસ લે અને નાના વિદ્યાર્થી સાથે, હરીફ વિદ્યાર્થી થઈ બેસે એ દશ્યે પણ મને આનંદ આપ્યો છે. એક બે વિદ્યાર્થીઓ અને તેમાંય હર્ષદની આ દિશાની પ્રગતિ જોઈ હું ઈચ્છું છું કે આ વર્ગ પ્રત્યે જો કાર્ય ઉપાડી લેવામાં આવે તો જેમ દલપતભાઈ જેવા શિક્ષકો સફાઈના પ્રશ્નમાં સક્રિય ઊંડો રસ ધરાવે છે તેમ સૌ આમાં પણ રસ ધરાવતા થશે. આ પ્રયોગથી શા શા લાભ થાય છે તે વિષે શિવાભાઈ અને બબુજીભાઈએ જે અનુભવો કર્યા છે તે ગૌરવપ્રદ છે.

આમ જ્યારે જ્યારે જે જે બાબતમાં વાત મૂકી છે કે વિરમગામે જવાબ વાળ્યો જ છે. વિના આમંત્રણે કાર્ય અંગે જ અહીંનું ચતુર્માસ થયું. તો પણ વિરમગામે ગ્રામસફાઈ સમિતિની સુંદર ભેટ ધરી અને આથી ભાલ નલકાંઠા પ્રયોગ કાર્યમાં

આશાની ચોક્કસ પ્રતીતિ મળી. વળી તેમણે ઈશ્વરભાઈ દ્વારા આ ચતુર્માસના આગંતુકોની તનમન સાધન સહિત સેવા ઉપાડી લીધી.

સાણંદના ચતુર્માસે 'વિશ્વવાત્સલ્ય ઔષધાલય'ની ઉત્પત્તિ અને વિકાસ ભેટ આપી. વિરમગામે 'વાત્સલ્ય સેવક સંઘ'ની ઉત્પત્તિની ભેટ આપી છે. હવે પછીના એના વિકાસ માટે એણે આ જ ભાવે જવાબદારીપૂર્વક હવે જેવું તેવુ જ રહ્યું છે એજ હું ઈચ્છું !

આ ચતુર્માસમાં શ્વે. સ્થા. સમાજના પાઠયક્રમને અંગે જેમ ચાર ધોરણના સર્વ વિભાગો બાલંભા જોડિયા વગેરે સ્થળોમાં તૈયાર થયા હતા તેમ આ વેળાએ અહીં પાંચમા છઠ્ઠા અને સાતમા ધોરણનો ઈતિહાસ વિભાગ વ્યવસ્થિત તૈયાર થઈ ગયો છે. આ માટે એકાદ માસ નિવૃત્તિ અર્થે છેલ્લાં જયંતી પ્રેસમાં અમો રહ્યા હતા અને ત્યાં પણ વિરમગામ વાસીઓનો સહકાર નિવૃત્તિ આપવામાં પણ હતો.

વિરમગામે આટલું આપવા છતાં મેં એવું શું આપ્યું કે વિરમગામ મારા વિદાય માનમાં ઉત્સવ ઊજવે ! મેં તો કહ્યું જ છે અને કહું છું કે મને જો તમે વિદાયમાન આપતા હો અને હું એ માન, માનરૂપે જ સ્વીકારી લઉ તો એ માન નથી, પણ આજ સુધી જે કાર્ય ગાંધીજી જેવાએ અમારી પહેલાં કર્યુ અને અમો પાછળથી જાગ્યા તેના આ જાહેર પશ્ચાત્તાપનું પ્રદર્શન જ છે. ન્યાયી રીતે આવા માનના અધિકારી તો ગાંધીજી જ છે કે જેમણે ગૃહસ્થ વેશમાં પણ સાધુતા કેવી હોઈ શકે તે અમારા જેવાને કબૂલાવી દીધું અને જગતને નવીન પદાર્થપાઠ પૂરો પાડયો.

આટલું સરવૈયું જોયા પછી, વિરમગામનો આટલો પ્રેમ જોયા પછી જે કહ્યું છે તેનું જ થોડું દિગ્દર્શન કરું. મારી ભવિષ્યની આશા પણ એ દ્વારા પ્રગટ થઈ જશે.

## ઉપસંહાર

(૧) 'વાત્સલ્ય સેવક સંઘ' ઉત્તરોત્તર પ્રગતિ કરે, તેમનાં સાત ખાતાંઓ કાર્ય કરતાં રહે, અને બીજાં ખાતાં પણ વધે તથા તેમની પ્રગતિ વધતે વધતે એવી થાય કે જેને લીધે એ સંઘ ખરે જ 'વિશ્વવત્સલ સંઘ'નું નમૂનેદાર અંગ બને. આ મારી મુખ્ય અભિલાષા છે.

(૨) મુન્સર અને ગંગાસરના સુરક્ષણ માટે એક ખાતું ઉઘાડવાની જરૂર છે. મુન્સર તળાવ ગુજરાત માટે ઈતિહાસના અને શિલ્પના ગૌરવરૂપ છે. તેનું સંપૂર્ણ જતન થવું જોઈએ. એક પણ બાઈ કે ભાઈ ત્યાં ગંદકી ન કરે. તેનાં દેવળોની કાંકરી પણ કોઈ ન ખેરવે.ગંગાસરના પ્રજા પજવણીઓના પ્રસંગો હવે તો નથી સંભળાતા,

પણ તેને સારુ હિન્દુ-મુસ્લિમ બન્ને કોમના સેવકોએ સતત જાગૃત રહેવું ઘટે છે.

(૩) હિન્દુ-મુસ્લિમ કોમના કાયમી સુસ્નેહમય સંગઠન માટે પણ એક એવું ખાતું ખોલવાની જરૂર છે કે જે ગુંડાગીરી અને છેડતીના પ્રસંગોની પૂરેપૂરી ખબર લઈને તેવા દોષોથી બન્ને કોમને બચાવે અને અહિંસાની સંગઠિત તાકાત બતાવે.

(૪) હૉસ્પિટલમાં વોર્ડબોયની અનિવાર્ય જરૂર છે.આ કાર્ય તો તત્કાળ કરવું કે કરાવી જ લેવું જોઈએ.

(૫) વિરમગામનો કચરો હાલ જ્યાં અને જે રીતે પડે છે તેમાં સંશોધન થવાની જરૂર છે. ધુણિયું તળાવ પુરાઈ જાય અને પાણી ગટર સાથે મળી જાય તો વિરમગામનો ભેજનો મોટો પ્રશ્ન ઊકલી જશે. વળી ગામમાં એક પણ ઉકરડો ન હોવો ઘટે.

(૬) વિરમગામ મ્યુ. ના સેનીટેશન ખાતાના ચકલેદારોનો પગાર તો ભંગી કુટુંબો કરતાં પણ દયાપાત્ર છે. આ તરફ પ્રત્યેક વિરમગામવાસીએ ધ્યાન આપવું જોઈએ. કારણ કે તેમનું કામ ભંગીભાઈ બહેનો પછીને નંબરે પણ મહત્ત્વનું છે જ.

(૭) પાંજરાપોળની સ્થિતિ સાણંદ જેવી દુ:ખદ નથી લાગતી, પણ એમાં ગોસેવાની સુંદર પૂર્તિ કરવાની તો જરૂર છે જ. આમાં પણ 'વાત્સલ્ય સેવક સંઘ'ના સભ્યોનું એક ખાતું રસ લેતું હોય એ ઈચ્છવા યોગ્ય છે.

(૮) નિરાશ્રિત, તરછોડાયેલાં કે દબાયેલાઓને કામચલાઉ આશ્રય આપે અને એવાં સ્થળોના શબની વ્યવસ્થા કરે તેવા સેવાભાવીઓનું એક ખાતું જરૂરી છે. આમાં એક સ્ત્રી વિભાગ પણ હોય અને એક પુરુષ વિભાગ પણ હોય.

(૯) વારંવાર વિરમગામને સંસ્કારોનો મહા લાભ મળે, તેને સારુ માસ્તર પંડયાભાઈએ જેમ નોરતાંના સમયમાં બહારના અનુભવી વ્યાખ્યાતાઓને આમંત્રી વિરમગામને સુણાવવાનો જે શુભ પ્રયત્ન કર્યો હતો તેમ એક ખાતું એવું જ રહે કે તે એવી તકોને પ્રસંગે પ્રસંગે અપનાવી લે અને સંસ્કારિતાના પ્રચારમાં સતત ધ્યાન આપે.

(૧૦) ગુજરાતીશાળા અને કન્યાશાળાના મકાનો વિષે તો કહેવાયું છે; ઉપરાંત ત્યાંનાં શિક્ષક શિક્ષિકાઓની સ્વમાનપૂર્વક પૂરતી જરૂરિયાતોનો જટિલ પ્રશ્ન જો કે દેશવ્યાપી છે, પણ વિરમગામવાસીઓએ એનો ઉકેલ શોધવો જ જોઈએ.

(૧૧) અહીંનું સાર્વજનિક દવાખાનું મકાન અને સ્ટાફની દષ્ટિએ ખાસ સંગીન

સુધારાવધારા માગે છે. ડૉ. નવનીતલાલ જેવી વ્યક્તિ એને આશાસ્પદ મળી છે.

(૧૨) અહીંનું ડમુમગુ દશાવાળું બાલમંદિર હવે સુદૃઢ બનાવી લેવું ઘટે છે.

(૧૩) અહીંના વ્યાયામમંડળની મારા મન પર સારી છાપ છે. તેણે સફાઈ અને અનેક પ્રશ્નોમાં રસ લીધો છે. તેમણે ભજવેલા નાટયપ્રયોગોની પણ મને ખરાબ નહિ પણ સારી અસર પડી છે. મેં નાટયસ્ટેજ પર પ્રવચનમાં જે સૂચન કર્યું હતું. તે જ અહીં ફરી કરું છું કે પૈસા મેળવવાના લોભમાંથી તેમજ સ્ત્રીવેશ પરિધાનથી તેમણે ચેતતા રહેવું જોઈએ. મતલબ કે તેવા પ્રસંગોએ જાગ્રત રહેવું જોઈએ.

(૧૪) કસ્ટમ ઓફિસર શ્રી મારેની પ્રથમ મુલાકાત બાલુભાઈ સાથે થઈ. તેમની અભ્યાસ પ્રિય એકાગ્ર ધૂન મને આકર્ષક લાગી છે. પોતાની દરેક ફરજમાં પણ જો તેઓ આવી રીતે વર્તતા હોય તો સદ્‌ભાગી છે. એમનું કુટુંબ ખૂબ સંસ્કારી જણાયું છે.

વિરમગામની પ્રજાને વિરમગામના સરવૈયા દ્વારા મેં મારા વિચારો રજૂ કરવાનો પ્રયત્ન કર્યો છે. તેમાં વિરમગામની સારી છાપને લીધે ઠીકઠીક કહેવાઈ ગયું છે. કોઈ બીનામાં કોઈને પણ અજાણતાં અન્યાય થઈ જતો હોય તે બધાની ક્ષમા યાચી લઉં છું. જૈન કહેવડાવાતા દરેક વર્ગની ખાસ, કારણ કે તેમને મેં સૌથી વધુ કડવું ઓસડ પાવા પ્રયત્ન કર્યો છે.

## પગદંડી

વિરમગામ નિવાસ દરમ્યાનની બીના વિરમગામનું સરવૈયું અને વિદાય સમારંભની કાર્યવાહી ઉપર આપેલ હેવાલમાં આવી જાય છે.

### વિહાર વેળાએ

વિરમગામની લગભગ આમજનતાએ નિવાસ દરમ્યાન જે સ્નેહથી નવડાવ્યો તેમાં વિહારની ઘટના ખાસ ઉલ્લેખપાત્ર છે.

સફાઈ ઈનામી હરીફાઈમાં પાંચેક લત્તાઓએ ભાગ લીધો હતો. તેમાં ચારને તો ઈનામો મળ્યાં, પાંચમાને પણ ઉત્તેજન મળ્યું. દેશાઈ પોળમાં ઠેર ઠેર 'સંતબાલ ઘણું જીવો' એ નજરે પડતું હતું. વ્યક્તિને ઉદ્દેશીને બોલાતો જયનાદ કે 'ઘણું જીવો' એ શબ્દ દરેક સંયોગોમાં ચલાવી લેવા લાયક નથી. પણ આ પરથી વિશાળ એવી આ પોળમાં સફાઈ પ્રત્યેનું અને તે પરથી 'સંતબાલ' નામ પ્રત્યેનું સન્માન જણાઈ આવતું હતું. એક ઠેકાણે ઝાડુ સહિત રહેલા બાળકનું ચિત્ર મને ખાસ ગમ્યું. જવાહરના જયહિંદનો અને ગાંધીજીનો સિદ્ધાંતો પ્રત્યેનો આગ્રહ પણ દેખાતો હતો.

અગાઉ જોયેલી આ ગંદી પોળમાં આવી સફાઈ નમૂનેદાર હતી. પંડયા ફળીએ તો પ્રથમ ઈનામ લીધું હતું. તેની જહેમત અપાર હતી. ચીમનભાઈવાળો લત્તો સુંદર શબ્દો અને લલિતકળાથી ચમકતો હતો. લુહારકોઢનાં પૂજારા બાળકોએ પણ ઝાડુ, તબકડાં વગેરેને મૂકયાં હતાં. આમ સફાઈ, સુંદરતા અને સંસ્કારિતાનો સંગમ આગંતુક તથા ગ્રામવાસી અનેક ભાઈબેનોએ જોયો.

વિહાર વેળાએ ઝાડુની સલામી આપી. હાથમાં ઝાડુ લઈને બહેનો, યુવકો, બંધુઓ નીકળે, ભંગીભાઈ પણ સાથે સામેલ હોય અને અનેક ભાઈબહેનોનાં પ્રેરક વચનો ગીતો હોય, આ દશ્ય ખરે જ મને ભીંજવતું હતું.

સેંકડો ભાઈઓ બહેનો જિનથી છેલ્લે છેલ્લે છૂટાં પડયાં. છૂટાં પડતી વખતે પૃથક્ પૃથક્ ઉદ્દેશીને થોડું કહેવાયું. નયનો અશ્રુ સારે એવું એ કરુણ ચિત્ર હતું. પણ અમે તો વારંવાર ટેવાયેલા એટલે આંખો પાણી પણ ભાગ્યે જ સારે, છતાં વિહારવેળાએ આંસુ પડયાં કે પડશે એવું વિરમગામમાં બની ગયું હતું.

બેંડના સરોદો હતા; આવું સરઘસ મારા જેવાને શોભે ? પણ બેંડના વગાડનારા જે ભાવવાળા હતા અને ઝાડુ, પાવડાનું પ્રદર્શન હતું, તેથી સમાધાન મેળવ્યું. વિરમગામે ખરે જ ઝાડુની મહત્તા વધારી મૂકી.

વિહાર વેળાએ મેં જરા દોટ મૂકી, તોપણ થોડાંઓ તો સાથે જ ચાલ્યાં. ધાકડી બપોર ગાળ્યા. સભા થઈ. ગોવિંદભાઈના પ્રયત્ને ઘણા લોકોએ 'ચા' વગેરેની પ્રતિજ્ઞા લીધી. ધાકડીથી વિહાર કરી વઘાડા ગયા. વઘાડામાં તો માંડલથી લીલચંદભાઈ આવી ચૂકયા હતા. રાત્રે સભા થઈ. હરિજનો સાથે ગોવિંદભાઈ તથા આપણું મંડળ બેઠું અને પ્રથમ તો ચણભણ શરૂ થઈ, પણ પછી શાંત વાતાવરણ થઈ ગયું. અહીં પણ વાતાવરણ ઠીક જામ્યું હતું.

તળપદા(લોકપાલ પટેલ) બહેન મોંઘીબેન સાથે હતાં. ગોવિંદભાઈને શિરે તો માંડલ લગી પહોંચાડવાની જવાબદારી હતી. હરિજન આલાભાઈ ધાકડીથી છૂટા પડયા. મહાદેવ પાસેની જગ્યામાં પણ વિરમગામવાસી સાથે જ જમ્યાં. ધાકડીથી પાછાં ફરનાર પૈકી કેટલાંકે તો ઉચ્ચકોટિની પ્રતિજ્ઞાઓ લીધી હતી. જેમાં બ્રહ્મચર્યનો પણ સમાવેશ હતો.

## માંડલમાં ચાર દિન

માંડલમાં પ્રભાતે પહોંચ્યા તે પહેલાં તો મીજબાનબેનોનું મંડળ અગાઉથી પહોંચેલું, તે સામે જ આવી ગયું હતું. જેમાં મીરાંબેન, ચંચળબેન, મણિબેન, વનિતાબેન વગેરેનો

સમાવેશ થતો હતો.

માંડલ વાસીઓએ સ્નેહ, ઠીકઠીક પાથર્યો. કાર્યક્રમ ભરચક હતો. માંડલ લગભગ અગિયારમા સૈકાનું ઐતિહાસિક સ્થળ છે. હાજી મહમદબીન કાસિમ કાઠિયાવાડમાં ગયો તે મંડલિક (માંડલ) થઈને ગયો હતો, એમ ઈતિહાસિક વિગતો કહે છે. વસ્તુપાળ તેજપાળનું બાળપણ માંડલમાં જ વીત્યું હતું. જૂના લેખપત્રો પણ મળે છે.

ગઢ, ઐતિહાસિક સ્થળો, મંદિર, મસ્જિદ વગેરે તથા લત્તાઓ પણ જોયા. એક દિવસ વચ્ચે નવા જઈ આવ્યા. બહેનો બંધુઓ, સાથે હતાં. વિહારના થોડા જ પ્રસંગો પરથી જે સંસ્કારિતા સાંપડે છે, તે કદાચ બીજી રીતે ભાગ્યે જ મળે ! 'નવા' રણછોડભાઈનું ગામ. ત્યાં સવર્ણભાઈઓએ પણ પ્રતિજ્ઞા લીધી. હરિજનભાઈ-બહેનોએ ખૂબ લીધી.

માંડલમાં ચારે રાત્રિએ જુદાં જુદાં સ્થળોએ પ્રવચનો થયાં. મુસ્લિમ ભાઈઓ, બેનો, યુવકો વગેરેની પણ સભાઓ યોજાઈ. માંડલમાં રાષ્ટ્રીયતા અને જાગૃતિ ખૂબ છે. સફાઈ સમિતિ વિષે વાટાઘાટો થઈ. ગ્રામપંચાયતના સભ્યોએ પણ રસ લીધો અને સહકારનું વચન આપ્યું. અહીં મહાજનનું પણ જોર બહુ છે. પાંજરાપોળ ખાસ ઉલ્લેખપાત્ર છે. બહુ વિશાળ જગ્યા, અને સુંદર મકાનો છે. ગૌશાળા અને ભામનો પ્રશ્ન ત્યાં મૂકયો છે. 'અહીંનું ખેડૂત મંડલ પણ ઠીક છે. 'નવા'માં આઠ સાળો ચાલે છે. સ્વાશ્રયી કાંતણ પણ જૂજ છતાં માંડલમાં છે ખરું. ઉત્સાહ સારો છે.

પૂજ્ય ન્યાયવિજયજી મહારાજની પ્રથમ મુલાકાત અહીં જ થઈ. સરળતા અને સ્નેહ બતાવ્યો. શ્રી અદેસિંહભાઈ તથા ચુનીભાઈ કવિનો લીલચંદભાઈએ માંડલવાસીને લાભ લેવડાવ્યો.

## પાટડી

માંડલથી વિહાર કરી સાંજે પાટડી આવ્યા. લીલચંદભાઈ સાથે જ હતા. લીલચંદભાઈનું ભાષણ તો અવનવા વિષયો પર જ્યારે જોઈએ ત્યારે ચાલતું જ થાય. નિખાલસતા ઠીક છે. વ્યવસ્થિત અભ્યાસ અને નિવૃત્તિ હોય તો લીલચંદભાઈ આજ કરતાં ખૂબ દીપી ઊઠે. તેઓ ખૂબ મદદગાર થતા હતા.

પાટડીમાં પહેલી રાતે તો સાદ બેસવાને કારણે પ્રવચન મોકૂફ જ રાખવું પડયું. બીજે ત્રીજે દહાડે સભાઓ થઈ. બેનોની, વિદ્યાર્થીઓની, કાર્યકરોની ઉપરાંત રાત્રે તો ખરૂ જ. ચેતન ઠીક દેખાયું.

પાટડી ફરીને જોવાયું. મસ્જિદમાં ગયા. મુસ્લિમ બાળકોનો અભ્યાસ ચાલુ હતો. તેઓ પ્રાર્થના બોલ્યા. પ્રાણજીવનભાઈ(પાટડી દરબારના અંગત મિત્ર) સાથે હતા.

પાટડીમાં ઉકરડાના ગંજ અને ખાઈઓએ ખાસ ધ્યાન ખેંચ્યું. આ વિષે કાર્યકરો સાથે અને પાટડી દરબારના પત્રોમાં ચર્ચા થઈ છે.

પાટડીમાં ગ્રામસફાઈ સમિતિની સ્થાપના થઈ ગઈ. વિરમગામવાસીઓ અહીં પણ સારા પ્રમાણમાં દેખાયા હતા. દશરથના પિતાજી આવ્યા પછી તેઓ અહીંથી ગયા.

પાટડી દરબારની મુલાકાત તેમની ઈચ્છાએ થઈ. 'કાલાંના ભાવ ઓછા આપે છે. ' એ વાત સાંભળેલી તે થતાં તેઓ ઉગ્ર થયા. હું પણ થયો છેવટે તો સ્નેહપૂર્વક છૂટા પડયા. પણ હું માનસિક ઉગ્રતામાં વહી ગયો, તે માટે મને પશ્ચાત્તાપ થવો જોઈતો હતો, તે થયો. પાટડી દરબાર ખેતી, ઘોડા બાબતોમાં પણ રસ લે છે.

પાટડીમાં હરગોવિંદદાસજી મહંતના ગુરુજી પણ મળ્યા. બહુ સરળ નિખાલસ લાગ્યા. સંતોષ થયો.

અહીં પૂંજાભાઈ, મોહનભાઈ અનેક કાર્યકરોનું સુંદર જૂથ છે.

માંડલની વસ્તી સાડા છ હજારની અને પાટડીની વસ્તી ૭૬૦૦ ની માંડલમાં વણિક્ વધારે પાટડીમાં પાટીદાર વધારે.

### બજાણા

પાટડીથી પૂંજાભાઈ અને મોહનભાઈ સાથે હતા. બજાણા આવ્યા. અહીં ૩૫૦૦ની વસ્તી છે. તેમાં મુસલમાનો વધુ છે. ચૂંવાળિયાકોળી પણ વધુ છે બજાણાનાં ચોવીસ ગામ છે. નાનું રાજ્ય છે. રાજાએ સમવાયતંત્રની યોજનાનો અસ્વીકાર કરતાં, વડોદરા નીચે એ વહીવટ ગયો છે. અને રાજાને જિવાઈ બાંધી આપી છે. રાજવીએ ગાદી છોડતાં પહેલાં જે પ્રજાને બંધારણ આપ્યું છે તેમાં ત્રણ કલમો વાંધા પડતી છે, જેનો ઉલ્લેખ પત્રમાં થયો છે. બજાણા સ્ટેટની ઘણી જમીન અસ્તવ્યસ્ત પડી છે. તે વ્યવસ્થિત થાય તો ઉત્તમ. આ વિષે હાલ નિમાયેલા વડોદરા રાજ્યાધિકારીને પત્ર પાઠવ્યો છે.

બજાણામાં મોટી સભા થઈ. ઘણા લોકોએ નિયમો લીધા. હરિજનવાસે તો ખૂબ સ્નેહથી નવડાવ્યા. બજાણામાં પૂંજાભાઈને પણ ઠીક રસ પડયો. અમોને પણ સંતોષ થયો.

## બજાણા પછી મજીઠી

બજાણા પછીથી મોટી મજીઠી આવ્યા.મોટી મજીઠીમાં વિરમગામની શુભ હવા પ્રથમથી જ ફેલાઈ ચૂકી હતી. ત્યાંના કેટલાક કાર્યકરો પણ કમિંજલા સંમેલનમાં આવ્યાથી પરિચિત હતા. ત્યાં પણ પ્રતિજ્ઞાઓ લેવાઈ. ત્યારબાદ વિઠ્ઠલગઢ આવ્યા. વચ્ચે સાબલીચેડથી વિઠ્ઠલગઢનો રસ્તો ચોરભયથી ગ્રસ્ત રહે છે, પણ હમણાં વડોદરા રાજ્યાધિકારી વસંતલાલ આવ્યા પછી ઠીક સંભળાય છે. વિઠ્ઠલગઢ રાજવી તરફથી પ્રજાને અતિ ત્રાસની ઘટનાઓ વારંવાર કાને સંભળાય છે. ત્યાંનું દારૂપીઠું ભારે નામચીન છે. નલકાંઠાના આપણા કાર્યો વચ્ચે તે એક અંતરાયરૂપ છે. ઓઘડભાઈ વિઠ્ઠલગઢમાં આવી ગયા છે. દેવસીભાઈ ખોજા હિજરત કરી ગયેલા તે હજુ આવ્યા નથી. હમણાં અહીં સાંભળ્યું કે વિઠ્ઠલગઢ રાજવીને વૈરાગ્ય થયો છે. પ્રત્યક્ષ મુલાકાત વિના વધુ તો શું કહેવાય ? પણ પ્રજા મુખે સંભળાયેલા અસહ્ય સીતમની વાતો હૃદય અકળાવે છે. બજાણા વિઠ્ઠલગઢની પ્રજાને વડોદરા રાજ્ય પ્રજામંડળ સાથ આપે એ જાતનો પત્ર રા.પ્ર.મંડળ પર લખ્યો છે.

## કમિંજલા

કમિંજલાના દરબારોને પાટડીમાં બોલાવ્યા હતા. તેમની રૂબરૂ ધિરાણ સમિતિ, નિશાળ વગેરે પ્રશ્નો ચર્ચ્યા હતા. કમિંજલાનો સ્નહ તો છે જ. કમિંજલામાં ફરીથી ઘેર ઘેર ફરી લીધું. અને ટૂટેલી પ્રતિજ્ઞાનું સંધાન કર્યું. હરિજનવાસે તો સારી રીતે પાળ્યું જ છે. કદાચ સંમેલન થાય પણ ખરું. અહીં ગઈ કાલે દાસ અને મગનભાઈ વિરમગામથી આવી ગયા. ગઈ કાલે અહીં તેઓએ ભાષણો પણ કર્યા. વિરમગામ-વાસીઓએ પ્રાર્થનાનો કાર્યક્રમ ભરપૂર, ઉત્સાહથી ચાલુ રાખ્યો છે. સૂચવેલી વાતો આચરવામાં ચિત્ત પરોવ્યું છે. આવતી તા. ૧૬-૧૨-૪૫નો જાહેર સફાઈ દિન વિચાર્યો છે. સંભવ છે કે હંમેશ કરતાં વધુ સભ્યો જોડાય. બીજાં પણ કાર્યક્રમો તરફ વધુ સાવધાન છે. એમને અહીંથી એક સંદેશો મોકલાવ્યો છે.

હવે અહીંથી આવતી કાલે જ વિહાર કરી કમિંજલા અડતાલીસીનાં ગામડાં ફરવા કાજે નીકળી જવાના છીએ. જેનો કાર્યક્રમ આ સાથે છે. તેમાં વિરમગામનું પણ વાચક સ્થાન જોશે.

**કમિંજલા : તા. ૫-૧૨-૪૫**

# વિહારનો કાર્યક્રમ

| | | | |
|---|---|---|---|
| નભોઈ : | ગુરુ, તા. ૬-૧૨-૪૫ | વણી : | સોમ અને મંગળ. |
| જેજરા તથા | | કાંકરાવાડી હેબતપુર : બુધ | |
| સૂરજગઢ : | શુક્ર તા. ૭-૧૨-૪૫ | ઘોડાસર : | ગુરુ |
| આસલગામ : | શનિ | બાબાજીપુરા : | |
| જેતાપુર : | રવિ | લેંબડ(ખાંખરીયું) : શુક્ર | |
| બકરાણા : | સોમ, મંગળ, બુધ | કલ્યાણપરુ | |
| મહાદેવપુરા : | બુધ રાત્રિ અગર ગુરુ પ્રભાત | પદમાપરુ | |
| | | વાંટુ : | શનિ, રવિ |
| લિયા : | ગુરુરાત્રિ | માલીયાપુરા જ્યોતિપુરા ભદેણા : સોમ | |
| થોરી નાની : | શુક્રરાત્રિ | રાજપુર : | મંગળ |
| જાલમપુરા : | | છાબડી, લેંબડ : | બુધ |
| થુલેટા : | શનિ, રવિ, | શારદ : | ગુરુ |
| ઘોડા : | સોમ, મંગળ. | ઢાંકી : | શુક્ર |
| કેશવપુરા વનથલ : બુધ | | ઓળખ-માલિકા : શનિ | |
| વસવેલિયા : | ગુરુ | સાકર, મોટી કઠેચી : રવિ | |
| ખેંગારિયા : | શુક્રરાત્રિ | નાનું સાપર, | |
| મોટી થોરી : | શનિ રાત્રિ | મોટું સાપર : | સોમ |
| કાજીપુરા : | રવિ | કુમરખાણ : | મંગળ |
| વિરમગામ : | રવિ | વડલા અને કરસનગઢ : બુધ | |
| | | ગાંગડ : | ગુરુ |
| | | કમિંજલા : | શુક્ર |

ખાસ અપવાદ સિવાય આ જ કાર્યક્રમ રહેશે.

## પ્રતિજ્ઞાધારીઓની સંખ્યા

### સંવત ૨૦૦૨ના કાર્તિક પૂર્ણિમા પછીના વિહારથી શરૂ પ્રતિજ્ઞાધારીઓની સંખ્યા

ગામવાર પ્રતિજ્ઞાધારીઓની સંખ્યા નીચે મુજબ છે. જેમાં દારૂ, મુડદાલથી માંડીને 'ચા' બીડી સુધીના આવી જાય છે.

| | | |
|---|---|---|
| ધાકડી - ૫૦ | બાંમણવા-૧૩ | મજીઠી-૧૩ |
| વઘાણા-૪૪ | પાટડી-૪૧ | કમિંજલા-૭૮ |
| નવા-૫૩ | બજાણા-૧૦૧ | |

# પાઠકોને

છેલ્લા સાડા ત્રણ વર્ષથી 'વિશ્વવાત્સલ્ય' લેખિત માસિક ચાલે છે, હવે એને ચાર વર્ષ થવા આવશે. હું ન ભૂલતો હોઉં તો એનું મંગલાચરણ પાલેજથી થયું. પ્રેરક પ્રિય છોટુભાઈ હતા. એ નિયમિત બહાર પડે એવો મને આગ્રહ હતો. દર મહિનાની અંતિમ તારીખે એ બહાર પડે એ ઈચ્છા હતી, પણ લેખક અને સુશોભનકારને તે રીતે વ્યવસ્થિત અને નિયમિત અવકાશ મળવો અશક્ય હતો છતાં પ્રમાણમાં ઉત્તમલાલભાઈ અને જયંતપંડયાએ એ કામ હૃદયપૂર્વક કરતા હતા ત્યાં તો ૧૯૪૨ની ઑગસ્ટની ૯મી આવી. સરકારી દમન સામે આ અન્યાયના સક્રિય વિરોધના એક નાના પ્રતીકરૂપે એ વાત રાખી છે કે 'અનિયમિત કાળલગી પોસ્ટને સ્વયં ટેકો ન આપવો' એને પરિણામે અનિયમિતતા મેં જ સર્જી, હવે પોસ્ટ ચાલુ થઈ છે.

છેલ્લા ચતુર્માસથી એક માસિક બહાર પડે, એ જોવાનો લક્ષ્મીચંદભાઈ અને વાડીભાઈનો અતિઆગ્રહ છે. એક વર્ષના ખર્ચનો પણ બોજો એમણે આપવાનો નિરધાર કર્યો છે. પણ જ્યાં લગી તંત્રીપણું સંભાળી શકે તેવો વ્યવસ્થિત, નિવૃત્ત સભ્ય ન મળે ત્યાં લગી એ મુલતવી રહે તે દેખીતું છે. હમણાં જ તા. ૧૯-૧૧-૪૫ની મિટિંગમાં એક કામચલાઉ સલાહકાર સમિતિ નિમાઈ છે. જેણે એક બાજુથી તંત્રી મેળવવા પ્રયત્ન કરવાનો છે અને બીજી બાજુ સરકારી પરવાનગી મેળવવાની છે. આ સમિતિમાં આપણા નિકટના જનો ઉપરાંત રસિક મોદી, ચુનીલાલ વર્ધમાન શાહ અને સરખેજી (ગુજરાત સમાચારમાં હાલ કાર્યકરે છે તે ) પણ છે.

એમનો આગ્રહ હતો. આ લખાણ પત્રિકારરૂપે હાલ પ્રગટ થાય છે. બચુભાઈ પર આ લખાણ જાય છે. તેઓ ઘટતું કરશે. પાઠકના હાથમાં આ લખાણ વહેલું મોડું મળે તો તે ચલાવી લે.

## મિટિંગોનો ટૂંક અહેવાલ

ગઈ તા. ૧૮-૧૧-૪૫ના એક મિટિંગ દવાખાના અંગે અને એક મિટિંગ માસિક-પ્રકાશન અંગે મળી ગઈ.

માસિક અંગે અનેક પ્રેમીજનોના વિચારો જાણ્યા પછી મેં અગાઉ આપેલ સમિતિને મહોર છાપ લાગી ગઈ. જે વિષે 'પાઠકોને' વાળા લખાણમાં કહેવાઈ ચૂક્યું છે.

દવાખાનાની મિટિંગમાં રિપોર્ટ ભાઈજયંતીલાલે તૈયાર કરેલો અને થોડું સંશોધન કરાવેલું તે પાસ થયો, એટલે છપાવવાનું કર્યું. પંચવર્ષીય યોજનામાં મોંઘારત તથા કાશીબેનના અભાવ પછી બીજાં નર્સબેન રહે તેમનું વેતન એ ચઢાવતાં જે સુધારો થયો તે પસાર કરાયો અને કવિશ્રીના વેતનના ૫૦+૧૫=૬૫ પૈકી જ. સા. ફંડ દવાખાના અને મ. સા. પ્ર.) એમ નક્કી થયું. અને દવાખાનાના સભ્યોની ફરીથી પસંદગી કરી. કુલ્લે પંદર નિમાયા. તેમાં ઈશ્વરભાઈ (બાવલા), ગોવિંદભાઈ (વિરમગામ), ચીમનભાઈ મોદી(અમદાવાદ), નંદલાલ અજમેરા ઉમેરાયા અને પડિયાજી ઘટયા. પ્રમુખ વૈદ્યરાજ. બે મંત્રીઓ (૧) ત્રીકમભાઈ (૨) જયંતીલાલ મકાન અંગેની વ્યવસ્થા વિચારવા માટે પેટા સમિતિ નિમાઈ છે. વૈદ્યરાજને જ્યારે કૌટુંબિક ફરજો અંગે ખર્ચ થાય ત્યારે કમિટિએ તેમને આગ્રહપૂર્વક તે ખર્ચ આપવું.

જી.ભા.ન.જલ સ. ફંડ સંસ્થાની મિટિંગ તા. ૧૮મીને બદલે વીસમી જયંતીભાઈએ કરી તે બદલ તેમને મીઠો ઠપકો અપાયો હતો. કારણ કે 'જ્ઞાનપર્વ' યોજના અંગે બીજા દહાડા રોકાયા હતા.

૧. આ વેળાએ છોટુભાઈની વિનંતીને લીધે ચતુર્માસના મૌન પછીના દહાડામાં 'જ્ઞાનપર્વ' રખાયેલું તેમાં ગુરુ, શુક્ર, શનિ, સોમ ને મંગળ પાંચ દહાડા મનુષ્યનું વૈયક્તિક અને સામાજિક જીવન કેવું હોય ? તે જાતની વ્યાખ્યાનમાળા ગોઠવાઈ હતી.

તા. ૨૦-૧૧-૪૫ની એ સભામાં રીપોર્ટ બહાર પાડવાની બહાલી અપાઈ. પોપટભાઈ, મિંગલપુરના કામની વાત તત્કાળ લાવ્યા હતા. તેની મંત્રી દ્વારા જોવાઈને બહાલી આપવાનું નક્કી થયું હતું. હિસાબો મંજૂર થયા હતા. નવા ફંડના ઉઘરાણા અંગે પ્રોત્સાહન અપાયું હતું. ફંડ ઉઘરાવવા અંગે સિદ્ધાંતદષ્ટિ ન ભુલાય એ ચેતવણીનો સૂર મેં આપ્યો હતો.

## ચતુર્માસિક રસોડા અંગે

વિરમગામ ચતુર્માસ અંગે રસોડાખર્ચનું વાડીભાઈએ સૂચવ્યું હતું. મનહરભાઈની માંગણી એ રીતે હતી કે બીજાઓને તક મળે છે, અમોને આ તક મળવી જોઈએ. પણ વિરમગામવાસીઓએ એ ઉપાડી લીધેલું. એ દષ્ટિ વાડીભાઈનું અન્ય સ્થળે, એ રકમ વિરમગામ ખાતે આપી શકાશે, એ જાતનું ધ્યાનદોરી આ જવાબદારી વિરમગામને ઉપાડવાની તક આપેલી. વિરમગામમાં વિના આમંત્રણે આવાગમન થયેલું એટલે આ વાત એમને માટે વધુ શોભારૂપ હતી, ફરજથી ઉપરાંતની હતી. વિરમગામવાસીઓમાં પણ ઈશ્વરભાઈએ એ હોંસથી પોતેજ ઉપાડી લેવાનું ઉચ્ચાર્યું

હતું. દાસ સાથે તેમણે વાતચીત કરેલી ત્યારે દાસે ૧૦૦૦-૧૨૦૦ની વાત કરેલી. પણ આંકડો અંદાજ ૧૬૨૫ નો થયો. કશા જ સંકોચ વિના તેમણે તે પૂરો કર્યો છે. નામની કશી જ ધમાલ વિના કે 'હાહોકાર'કર્યા વિના ચૂપરીતે એક અપરિચિત મનુષ્ય આ રીતે તૈયાર થાય એને એક સુચિહ્ન ગણી શકાય. કીર્તિ વાંચ્છુ ધનિકથી ચેતવું જોઈએ. પણ ચૂપચાપ કાર્યકરતા ધનિકની કદર તેટલા પૂરતી કરવી જ જોઈએ. ધન અનીતિજન્ય હોય, તો તેને પુણ્ય નહિ કહી શકાય. તે વાત તો છે જ. પણ સમાજની ઘરેડમાં પડેલો છતાં કીર્તિનો ખાસ લાલચુ નહિ અને પાપથી ડરનારો એવો ધનિક અનીતિમાં રચ્યાપચ્યા રહેલા કીર્તિના ખાસ લાલચુ ધનિક કરતાં ઊંચે સ્થાન છે, એટલું તો આપણે કહેવું જ રહ્યું.

રસોડાખર્ચ જમનાર પાસેથી જ મળે એ પ્રથા ઈચ્છનીય છે. પરંતુ તેનો અમલ સર્વસ્થળે શકય નથી. એમ માનીને પણ આજે ચાલતી ઘરેડમાં હજી આપણે સુધારો વધુ પ્રમાણમાં કરવો ઘટે છે. તેવો અમલ જ્યાં લગી ન થાય ત્યાં લગી પણ સ્વેચ્છાએ પ્રેરાતો માણસ સમાજને ચરણે સાધન ધરવા તૈયાર થતો હોય તો તે વાતને હું ક્ષમ્ય ગણું છું. આ કિસ્સામાં તો જમનાર પાસેથી લેવા જેટલી જ સિદ્ધાંત જાળવણીનો મને સંતોષ મળ્યો છે. એટલું અવશ્ય કે આ જાળવણીનો યશ મને નથી, બીજાને છે.

### દુર્લભજી ખેતાણી

દુર્લભજી ખેતાણી વિરમગામ આવી ગયા. થોડા દહાડા રહ્યા, પણ તે દરમ્યાન વિરમગામને એમણે સ્નેહરસ ચટકાં પાયાં અને પોતે પીધાં; તેમના જાપાનના અનુભવોના કથન પરથી દરેક વેપારી જો આ દૃષ્ટિ ધરાવે તો દેશની સુંદર સેવા થાય, એમ કહેવું પડે છે.

વિરમગામને પં. દરબારીલાલજી અને બીજા અનેકનો ઓછો વધતો લાભ મળ્યો તેમાં ચંચળબેન (રવિશંકર મહારાજનાં વીરબેન) અને ભાઈ દુર્લભજી ખેતાણીનો પણ સમાવેશ થાય છે.

★ ★ ★

**સાધુતાની પગદંડી : ખંડ બીજો**
**હવે પછી ૧૯૪૭ ની વિહારયાત્રાની**
**ડાયરી આપવામાં આવી છે.**

# સૌરાષ્ટ્રની વિહારયાત્રા

**★ ૩૦-૧૧-૪૭ : ગોરાધૂમા**

સાણંદનું ચાતુર્માસ પૂરું થયા પછી પ્રવાસ કાઠિયાવાડ તરફનો વિચારાયો હતો. પરંતુ હરિજન આશ્રમમાં ઘણાં વરસોથી કામ કરતા કોટકસાહેબની માંદગી અને તેમને મહારાજશ્રીને મળવાની તીવ્ર ઈચ્છા હોવાથી થોડા દિવસ આશ્રમમાં અને આજુબાજુ રોકાવા વિચાર્યું હતું. આ પ્રસંગનો લાભ લઈને દશક્રોઈવાળા ભાઈઓ એક અઠવાડિયા માટે તાલુકાનાં ગામડાંમાં ખેંચી ગયા. બીજી એક વાત પાઈપ લાઈન અંગેની પણ હતી. સરકારનું લક્ષ્ય બરાબર જાય તે માટે પ્રચાર વગેરેની જરૂર હોઈ દોઢેક માસ ભાલ નળકાંઠાના પ્રદેશમાં આપવાનું પણ વિચાર્યું.

સાણંદથી નીકળી સીધા ગોરાધૂમા આવ્યા. અંતર છ માઈલ હશે. ઉતારો નિશાળમાં રાખ્યો હતો. રાત્રે જાહેરસભા સારી થઈ હતી. અહીં દૂધ ભરાતું હોવાથી મહારાજશ્રીએ ગામલોકોને સમજાવ્યું કે તમારા બાળકોની અને તમારી તંદુરસ્તી દૂધમાં છે. ઘરના ઉપયોગ પૂરતું સાચવીને પછી એનું વેચાણ કરો. બાળકોને સશકત બનાવવા આગ્રહ કર્યો હતો.

**★ ૩૧-૧૧-૪૭ : હરિજન આશ્રમ, સાબરમતી**

ગોરાધૂમાથી વિહાર કરી આશ્રમ આવ્યા. અંતર નવ માઈલ હશે. ઉતારો ગાંધીજીનું નિવાસસ્થાન એવા હૃદયકુંજમાં હતો. રોજ સવાર સાંજ પ્રાર્થના થતી. સાંજે પ્રાર્થના પછી પ્રાસંગિક કહેવાતું. અહીંના હરિજન કન્યા છાત્રાલયની પ્રાર્થનામાં મહારાજશ્રીને આવવા વિનંતી થતાં ત્યાં ગયા. અહીંની બાળાઓની શિસ્ત અને શાંતિ વખાણવા લાયક છે. પ્રાર્થના વખતનું વાતાવરણ ખૂબ સુંદર હોય છે. પ્રાર્થના બાદ મહારાજશ્રી બહેનોને ઉપયોગી પ્રાસંગિક કહેતા. એક દિવસ કેળવણીનુ રહસ્ય સમજાવ્યું હતું. તેમાં તેમણે જણાવ્યું કે કેળવણી એટલે માત્ર લખતાં વાંચતાં શીખ્યાં એટલું જ નહીં, પણ જીવન કેમ જિવાય એ બતાવે એ કેળવણી હોવી જોઈએ. તમે ગમે ત્યાં જાઓ પણ તમારું અંતર સંસ્કાર વિહોણું ન બને તે જોવું જોઈએ. કેળવણી એ કે જીવન વહેવારમાં ઉપયોગી થાય. પશ્ચિમની કેળવણીની અસર આપણા સંસ્કારોને ઘેરી વળી છે. તેને ધીમે ધીમે દૂર કર્યે જ છૂટકો છે.

કોટકને મળવા ઝડપથી આવ્યા, પણ મહારાજશ્રી અહીં લગભગ સવાદશે પહોંચ્યા અને કોટક ૮.૪૦ એ મૃત્યુ પામ્યા, એટલે મેળાપ ન થઈ શકયો. પણ એમના શબને જોઈ શકયા. તેમનાં પત્ની શારદાબહેનને આશ્વાસન આપ્યું.

★ ૩-૧૨-૪૭ : કોબા

હરિજન આશ્રમમાં ત્રણ દિવસના પૂરા નિવાસ પછી આશ્રમથી કોબા જવા વિહાર કર્યો. અંતર નવ માઈલ હશે. વચ્ચે થોડો વખત સાબરમતી- રામનગરવાળા ભાઈઓના આગ્રહથી ત્યાં રોકાયા હતા. અમારી સાથે ૫ ભાઈઓ અને બે બહેનો હતાં. કોબામાં કસ્તૂરબા તાલીમવર્ગમાં બે બહેનો કામ કરે છે. ભાઈ હરિવલ્લભ પરીખ પણ અહીં રહે છે. ભવિષ્યમાં અહીં નદી કિનારે કસ્તૂરબા તાલીમ વર્ગની બધી પ્રવૃત્તિઓ વિકાસ થાય એવી યોજના વિચારાઈ રહી છે. અત્યારે તો બહેનો બાલમંદિર, સામાન્ય દવાખાનું અને કાંતણ ચલાવે છે. બાળકોને શિક્ષણ આપવાનાં સાધન સાદાં અને બહુ કીમતી નથી; છતાં સુંદર રીતે શિક્ષણ આપવાનો પ્રયત્ન થાય છે. રાત્રે નવાકોબામાં જાહેર સભા થઈ હતી. મહારાજશ્રીએ કહ્યું હતું કે હવે કંટ્રોલ જાય છે તે વખતે આપણી ફરજ ખાંડ કે ગોળ નહીં ખરીદીને ભાવની સપાટી નીચે લાવવાની છે. વળી જો ગામેગામે મંડળો રચાઈ જાય તો વ્યવસ્થિત રીતે માલ મળી શકે.

★ ૪-૧૨-૪૭ : અમદાવાદ

કોબાથી વિહાર કરી અમદાવાદ આવ્યા. અંતર દસ માઈલ હશે. પ્રથમ ગિરધરનગરમાં થોડું રોકાયા હતા. પછી પંચભાઈની પોળમાં જયકાન્ત કામદારના મકાનમાં રોકાયા હતા. રાત્રે પ્રાર્થના પછી પ્રાસંગિક કહ્યું હતું. બીજે દિવસે સવારના નવ વાગ્યે પ્રેમાભાઈ હોલમાં જાહેર સભા થઈ હતી. ત્યારબાદ ગિરધરનગરમાં છોટાલાલજી મહારાજ સાથે વાર્તાલાપ કરવા ગયા હતા. ત્યાંથી હઠીભાઈની વાડીએ થોડું રોકાઈ નિરાશ્રિતોની છાવણીની મુલાકાત લીધી હતી. રાત્રે પણ મુકામે આવી પ્રાર્થના પ્રવચન થયાં હતાં.

★ ૫-૧૨-૪૭ : નાગરિકોની જાહેર સભા

**સ્થળ : પ્રેમાભાઈ હૉલ, અમદાવાદ**

**વિષય : રાષ્ટ્રિય સરકાર અને પ્રજાધર્મ**

આપણે જે પરિસ્થિતિમાં છીએ તેનો ગંભીરપણે વિચાર કરવો જોઈએ. દુનિયામાં જે એક જબરજસ્ત ક્રાન્તિ થઈ રહી છે, અને આપણા દેશમાં પણ ન કલ્પી શકાય તેવી તેની અસર પણ થઈ છે, અને એટલે જ મેં આજનો આ વિષય પસંદ કર્યો છે.

સામાન્ય રીતે એક જૈન સાધુ જ્યારે આવા વિષય ઉપર બોલે ત્યારે કદાચ કોઈને નવાઈ લાગશે, પણ જેઓ જાણે છે તેમને કંઈ નવું નહીં લાગે. ધર્મ અને રાષ્ટ્ર કોઈ દિવસ જુદાં પડી શકે નહીં. હું એક નાનો સરખો પ્રયોગ કરી રહ્યો છું. તે સ્થળ છે

અહીંથી નજીકનો ગ્રામ્યવિસ્તાર નળકાંઠા કે જ્યાં પછાત વર્ગની પ્રજા રહે છે. તે પ્રજા તળપદા કોળી છે જેનું નામ બદલીને મેં 'લોકપાલપટેલ' રાખ્યું છે. આટલો વિષય-સ્પર્શ કરીને હવે હું મુખ્ય મુદ્દા પર આવું છું.

દુનિયાની સાથે માનવના હૃદયનો એક સંસ્કારધર્મ નહીં હોય તો દુનિયા ક્યાં જઈને અટકશે તે કહી શકાતું નથી.

ધર્મ એટલે સંપ્રદાય નહીં, પણ ધર્મ એટલે એક જાતની વિકાસની દિવ્યભૂખ. એ ભૂખથી માણસ એકબીજા સાથે કેમ એક થઈને રહી શકે તેના અભ્યાસ પછી મને લાગ્યું છે કે કોઈપણ ક્રાન્તિ કરવી હશે તો ધર્મ દ્વારા જ થઈ શકશે. ગાંધીજી ધર્મના બળથી જ ક્રાન્તિ કરી શકયા છે. તેમના આ હૃદયબળની સાથે કોંગ્રેસીઓ અને રાજ્ય સત્તા વચ્ચે વિચારોનો કંઈક ભેદ રહે છે, એક બાજુ દુનિયાનો પ્રવાહ ઊલટો દેખાતો ચાલે છે, બીજી બાજુ એક પ્રવાહ એકતા માટે પ્રયાસ કરતો ચાલે છે. ગામડાંમાં અર્થ ઉપર જો એકતા કરવી હોય તો તુરત થશે, પણ લડત જ્યારે અમુક તબક્કે પહોંચશે ત્યારે તે લડત પછી પડી જશે. એટલે જ હું અભ્યાસ પછી એ વિચાર ઉપર આવ્યો છું કે માનવતાના પાયા ઉપરનું સંગઠન જ કામયાબ નીવડશે. ૧૫મી ઑગસ્ટ પછી અને એ પહેલાં જે ઘટનાઓ બની ગઈ છે અને એ એટલી બધી ઝડપી બની ગઈ હતી કે તે પ્રત્યક્ષ જોઈ શકીએ છીએ. હિન્દના ભાગલા પડયા. પૂ. ગાંધીજીએ પણ કચવાતે મને તેને ટેકો આપ્યો છે. શું કરે ? દેશની સ્થિતિ, પ્રજાની નાડ વગેરે જોઈને તેમને તેમ કર્યા વગર છૂટકો જ નહોતો. ત્યારપછી જે કંઈ બન્યું છે તે તમો જાણો છો. હુલ્લડો અને પરિણામે નિરાશ્રિતોની છાવણીઓ તમે જોઈ શકો છો. હવે મુખ્ય મુદ્દો આ પ્રશ્નોને હલ કેમ કરવા તે છે. વિચારભેદને કારણે, અંગત સ્વાર્થને કારણે એક સરખું કામ કરી શકાતું નથી. તો બીજી તરફ મૌલિક વિચારનો અભાવ છે. સામાન્ય પ્રજા તે નહીં કરી શકે, પણ જેઓ નેતા કહેવડાવે છે, ધર્મગુરુઓ કહેવડાવે છે, તેઓ પણ મૌલિક વિચાર કરી શકતા નથી. મૂડીવાદે પણ પોતાનું જોર અજમાવ્યું છે. સાચો સાધુ મૂડીવાદ સામે બળવો પોકારે છે. તેનું કારણ એ છે કે માણસ જડની પૂજા કરે છે ત્યારે પોતે પણ જડ બની જાય છે. મૂડી હોય તો જ મૂડીવાદ આવે છે એમ નથી, પણ એ મૂડીનો ઉપયોગ તેને અપાતી પ્રતિષ્ઠા, તેની ઉપર તેનો આધાર છે. જો આપણે દીર્ઘદૃષ્ટિથી વિચાર કરીશું તો બધા કોયડા ઉકેલી શકીશું.

નિરાશ્રિતોનો પ્રશ્ન આપણી સરકારને ગળે વળગેલો પ્રશ્ન છે. કોઈપણ સરકારે પ્રજાને પેટ, પહેરણ અને પથારી મળી રહે તેવો પ્રયત્ન કરવો જોઈએ. આપણા નેતાઓ તટસ્થ રીતે દુનિયા સમક્ષ ન્યાયી સાબિત થયા છે એમ મને લાગે

છે. પાકિસ્તાનના નેતાઓ કયાં જઈ રહ્યા છે તે પણ હું જોઈ શકું છું. કોઈપણ કોમવાદી નેતા, સુંદર રીતે રાજ્ય ન ચલાવી શકે. આપણી સામે લીગવાદી મુસ્લિમોનો પ્રશ્ન ખડો થયો છે. લીગ વિસર્જન કરીને તેઓ કોંગ્રેસમાં જોડાવા માગે છે. વિશ્વાસ વગર કોઈ મનુષ્ય જીવી શકે નહીં. સાવધાની જરૂરી રાખવી જોઈએ. આપણે લાંબો વિચાર કરવો જોઈએ. મુસ્લિમો પાકિસ્તાન ચાલ્યા જાય એ બનવું મુશ્કેલ છે. તમને ગંધ આવે તો સત્તાવાળને જાણ કરો, પણ તમે શસ્ત્ર હાથમાં ન પકડો. કોઈ પણ વ્યવસ્થિત સરકાર ત્યારે જ સુરાજ્ય કરી શકે કે જ્યારે પ્રજા કાયદો પોતાના હાથમાં ન લેતાં સરકારને સોંપે, તેના કાયદાનું પાલન કરે.

આજે મૂડીવાદની અસર નાબૂદ કરવી હોય તો પ્રેમથી તેમને કહેવું જોઈએ કે તમે જે મૂડી એકઠી કરી છે, તે પ્રજાના પરસેવાની, પરિશ્રમથી લોહીથી એકઠી થઈ છે; તેનું પ્રાયશ્ચિત કરો, ત્યાંથી પાછા હઠો. જો ધર્મગુરુઓ પોતાનું સાચું બિરુદ સાચવી શકયા હોત તો દેશની આ સ્થિતિ ન હોત. ગાંધીજીએ બધા જ પ્રશ્નો ધાર્મિક રીતે જ વિચાર્યા છે. ગાંધીજીની અસર લોકોના હૃદય સુધી પહોંચી છે, પણ મોટે ભાગે તે પૂજવાપાત્ર જ રહી છે, આચરવા પાત્ર રહી નથી. આપણે તો કોઈપણ ઉપાયે સ્વરાજ લેવું હતું પછી તે ગમે તે રસ્તે આવે અને તે આવી ગયું છે, અને કામ પૂરું થયું છે. એટલે રાજ્ય મળ્યું છે, પણ પ્રજા ઘડાઈ નથી.

બીજો મુદ્દો કંટ્રોલ બાબતનો છે. સરકાર કંટ્રોલ નથી કાઢતી તો લાંચ રુશવત, ચોરી અનીતિ કાળાંબજાર ખૂબ વધી પડે છે. અને કાઢે છે તો નફાખોરો મોઢું ફાડીને ઊભા છે. આનો ઉકેલ પ્રજા જ કરી શકે છે. હું ગામડાંમાં જઈને એ કહેવાનો છું કે થોડા દિવસ ખાંડ-ગોળ લેવાનું બંધ કરો. આપણી રાષ્ટ્રીય સરકારને મજબૂત બનાવવી હોય તો તે પ્રજાના સહકાર વિના નહીં થઈ શકે. એક ભાઈએ કહ્યું કે, વધારે ભાવ લેનારને ફાંસીને માંચડે ચઢાવે તો કાળાં બજાર અટકે. મેં કહ્યું કે નીતિ અને સદાચાર ઉપર જ આપણે જીવીએ છીએ. હું પોતે તો એવું ન હોય તો તેનું વહેલામાં વહેલું વિસર્જન કરું છું. એને સ્વચ્છ કર્યે જ છૂટકો. આપણને કાયદાનો સનેપાત થયો છે. એ કાયદો જ્યારે આપણા ઉપર લાગુ પડે છે ત્યારે આપણે જ સરકારને ગાળો ભાંડીએ છીએ. અને બચવા માટે લાંચ રુશવત આપીએ છીએ. ગામડાંના લોકો કહે છે : સરકાર ચા બંધ કરે તો અમે બંધ કરીએ. આપણે સમજીને બંધ કરી શકતા નથી.

પ્રવચન પૂરું થયા પછી ડૉ. હરિપ્રસાદ દેસાઈએ ઉપસંહાર કરતાં કહ્યું કે મહારાજશ્રીએ જે કહ્યું છે તે ચોપડીઓ વાંચીને નહીં, પણ અનુભવથી કહ્યું છે. એમણે જે પ્રવચન કર્યું છે તે ધર્મથી જરાયે દૂર નથી. આજે નવી સ્મૃતિઓ રચવાની જરૂર છે.

એકેએક માણસે સમગ્ર રીતે જીવવું જોઈએ તો જ સૌ સુખી થાય. રામચંદ્રજીએ ધોબીની વાતથી સીતાજીને ત્યાગ્યાં. કારણ કે તેમણે જોયું કે પ્રજાના વિચારોથી વિરુદ્ધ હું ન જઈ શકું. ખરો રાજા તે કે જે ખરો સંન્યાસી થઈ શકે છે. સંતબાલજીને હું મોટામાં મોટા તત્ત્વજ્ઞાની માનું છું, જે જીવન કેમ જીવવું તે જ બતાવે છે. બુદ્ધ ભગવાને પોતાના શિષ્યોને કહ્યું : તત્ત્વજ્ઞાનની વાતો જવા દો, આત્માની વાતો જવા દો, પ્રત્યક્ષની મુખ્ય વાત કહો. સંતબાલજી આ કહે છે.

## પૂ.મુનિશ્રી છોટાલાલજી મહારાજ સાથેનો વાર્તાલાપ :

સંતબાલજી : છોટાલાલજી મહારાજ એ લિંબડી સંપ્રદાયના સાધુ છે. હું પણ એ જ સંપ્રદાયનો હતો. હતો એટલા માટે કે સમાજે જાહેર કર્યું હતું કે સંતબાલજીનાં વાણી, વિચાર અને વર્તન જોઈને તેમને સંપ્રદાયની બહાર મૂકવામાં આવે છે. જોકે મેં સંપ્રદાય છોડયો નથી.

છોટાલાલજી મહારાજે કહ્યું : આપણે પ્રયત્ન કરીએ, સાધુઓનો અભિપ્રાય જાણીએ, તેમને મળીએ અને તમો સંપ્રદાયમાં પાછા આવી જાઓ તો ઠીક થાય.

સંતબાલજી : હું તો એમ માનું છું કે જૈન સમાજ ભલે ગમે તેટલા ફિરકામાં વહેંચાયેલો હોય, તોપણ જૈન એ એક વાડો નથી એ દર્શન છે. એટલે ટૂંકી દૃષ્ટિથી કે સાંપ્રદાયિક રૂઢિની સામે જ્યાં જ્યાં મને લાગ્યું છે ત્યાં વિરોધ જાહેર કર્યો છે. આવી રીતે સમાજ તૈયાર થાય એ સંભવ ઓછો છે.

બપોરના નિરાશ્રિત કેમ્પોની મુલાકાત લીધી. સ્વામીનારાયણ કેમ્પમાં ૨૨૭૦ માણસો હતાં, રિલિફ કેમ્પમાં ૫૦૦ જણ હતાં. બધાં સિંધથી આવ્યાં હતાં. સિંધ એસોસિયેશન દાળ રોટલી શાકભાજી આપે છે. રોટલી સ્ત્રીઓ કરે છે, કૉંગ્રેસ વહીવટ કરે છે. ત્રણ મણ શાક છીપાપોળ રાહત સમિતિ રોજ મફત આપે છે. દૂધ વગેરે પણ નાનાં બાળકોને આપે છે. દૂધનાં રેશનકાર્ડ કાઢયાં છે. કેટલાક મિલમાં જાય છે. કેટલાંક બહેનો પૈસાથી સ્વેટર ભરી આપે છે. દવા અને સાધનો આપે છે તબિયત વધુ ખરાબ હોય તો વા.સા.હૉસ્પિટલમાં મોકલે છે. બધા કેમ્પોનો વહીવટ પૂનમચંદ કોબાવાળા કરે છે.

આશરે ત્રીસ હજાર નિરાશ્રિતો આવ્યાં છે. ૪૩૦૦ અહીં કેમ્પમાં છે. અમદાવાદમાં ૮ હજારની જોગવાઈ છે. મિલ ઑનર્સ ઍસોસિએશને દરેક મિલમાં ૨૦ માણસ લેવાનું નક્કી કર્યું છે. પરંતુ તેમાંય પૂરા સપ્તાહનું કામ મળતું નથી, બે દિવસ કામ કરી પાછા આવે છે. તેનું કારણ એ પણ હોઈ શકે કે જોઈતું કામ ન મળતું હોય.

મહારાજશ્રીએ પૂછ્યું : પાકિસ્તાન સરકાર પર વિશ્વાસ કરેંગે ? જવાબ : નહીં. એક ભાઈ કહે, મુફતકા નહીં ખાયેંગે. હમ ફકીર નહીં હૈ, હમકો શરમ આતી હૈ યહ ખાના ખાનેકી. મજૂરી કરકે ખાયેંગે. એક બાઈ કહે, અમારા વતનમાં જઈએ એવો આશીર્વાદ આપો મહારાજ ! એક બાઈ કહે, હમ કમજોર નહીં બ્રાહ્મણ હૈ.

એક ડોશીમાની દીકરી કહે, 'મહારાજ ! આ મારી માને માથે હાથ મૂકો. સુખી થાય." ડોશી અંધ, બહેરી અને બીમાર હતી. દીકરીના હાથ પકડી રાખતી અને બંગડી ઉપરથી તે દીકરીને ઓળખતી. એક ભાઈ બહેન ખૂબ શ્રદ્ધાળુ લાગ્યાં, તેમની સ્થિતિ દયાજનક હતી, તેમના ૧૬ વર્ષના જુવાન છોકરાને મુસલમાનો પાકિસ્તાનમાં લઈ ગયા છે. ભાઈ રડતો હતો, બહેનની આંખમાં ઝળઝળિયાં હતાં. કેટલાંક કહેતાં હતાં, કેવાં પાપો ઊભરાઈ આવ્યાં છે કે ઈશ્વર પણ અદૃશ્ય થઈ ગયો છે ! છાવણીઓની કરુણ સ્થિતિ હતી . આ દૃશ્યો તો પ્રત્યક્ષ જોવાથી જ સમજાય. ઈતિહાસના કોઈ કાળમાં આટલી મોટી માનવોની હેરાફેરી થઈ નહીં હોય.

### ★ ૬-૧૨-૪૭ : નરોડા

અમદાવાદથી સવારના વિહાર કરી નરોડા આવ્યા. અંતર સાત માઈલ. ઉતારો ધર્મશાળામાં રાખ્યો હતો. સાંજના અહીંના પ્રગતિમંડળના આશ્રયે ચાલતી પ્રવૃત્તિઓ જોઈ હતી. ત્યાંથી હરિજનવાસ-ભંગીવાસની મુલાકાત લીધી હતી. રાત્રે જાહેર પ્રવચનમાં મહારાજશ્રીએ જણાવ્યું કે, હું જે કહીશ એમાં તમારા સમગ્ર ગામનો સ્વાર્થ હશે એવી વાતો કરીશ. એમાં વ્યક્તિનો સ્વાર્થ આવી જ જવાનો, પણ અંગત સ્વાર્થ માટે પ્રયત્ન કરશો તો સરવાળે નુકસાન થશે. દુનિયામાં જબરજસ્ત ક્રાન્તિ થઈ ગઈ. છેલ્લામાં છેલ્લી શોધ અણુબૉમ્બની થઈ. જેણે હીરોશીમા અને નાગાસાકી જેવાં મોટાં નગરોનો નાશ કરી નાખ્યો. અત્યારે શાન્તિ લાગે છે ખરી, પણ તે ઉપરની છે. એટલે કાયમી શાન્તિ માટે ગામડાંએ જાગવાનું છે. ગામડાં જાગશે તો જ સાચી શાન્તિ મળશે. ગામડાં ખેડૂત ઉપર ઊભાં છે. ખેડૂત જગતનો તાત ગણાય છે. પણ અત્યારે તેની શી સ્થિતિ છે ! આ સ્થિતિમાંથી નીકળવા માટે મંડળોની જરૂર પડશે. એમાં ચોંદશિયા ગણાતા લોકો વિઘ્નો નાખશે, પણ તમે આંખ અને કાન સાબદા રાખજો. એકસંપ રાખશો તો કોઈની તાકાત નથી કે તમને હેરાન કરી શકે ! જો આપણે ભજકલદારમાં પડી જઈશું તો એ જડ હોવાથી આપણે પણ જડ બની જઈશું. ગામમાં કોઈ ભૂખ્યો ન રહે તેની કાળજી રાખો. એ જ ઉપયોગી થશે. મહાજનો બુદ્ધિથી આપણને મદદ કરશે. ગામને જોઈતું અનાજ સંગ્રહ કરી વધારાનું જ વેચજો. ભરવાડ ભાઈઓ ભેળ કરે છે. આ એક જાતનું પાપ છે. તમે ઢોર પાળો છો તે સારી વાત છે,

પણ દૂધ દોહી લીધા પછી ગાયોને પારકાના ખેતરમાં ચરવા છૂટી મૂકી દેવી એ કોઈ રીતે હિતાવહ નથી. ખેડૂતોએ સરકારે બાંધ્યાભાવ કરતાં વધારે ભાવ લેવા નહીં, અને લેવા હોય તો જ્યારે ભાવ લો ત્યારે ભગવાનને સામે રાખશો. અને એવી રીતે જ બીજે વરસે વાવવા જાવ ત્યારે એ જ રીતે યાદ કરજો કે હે ભગવાન ! જેવા પૈસા લીધા તેવા વરસજો. અનાજના ભાવ વધારવા માટે મેં તમારા વતી વકીલાત તો કરી લીધી છે; કારણ કે ખેડૂત ચુસાવો ન જોઈએ. અમારો ધંધો અન્યાયની સામે લડવાનો છે, અને એ જ રીતે તમો અન્યાય કરશો તો તમારી સામે પણ અમારે વિરોધ કરવો પડશે. આપણે માટે નીતિ એ જ મુખ્ય બળ છે, ધનરૂપી મૂડી ઓછી પડવાની એ કારણે ઝઘડા રહેવાના પણ તમે નીતિને જ વળગી રહેશો.

સભા પછી છ ભરવાડોએ છ માસની ચા અને કેટલાકે દારૂ નહીં પીવાની પ્રતિજ્ઞા લીધી હતી.

### ★ ૭-૧૨-૪૭ : અણાસણ

નરોડાથી પ્રવાસ કરી અણાસણ આવ્યા. અંતર ત્રણ માઈલ હશે. મુખ્ય વસ્તી ઠાકોર ભાઈઓની છે, આગેવાન મુખી ભલાભાઈ પટેલ છે. આમ તો નિખાલસ છે. તેમણે બધી વાતો મહારાજશ્રી પાસે કરી : 'અમે બગડયા છીએ અને અમલદારો પણ બગડયા છે. તપાસવા માટે આવે ત્યારે કહે, પટાવાળાને તાકો આપજો. ખાખી કપડું આવ્યું છે તો થોડું મોકલજો, ખાંડ મોકલજો આમ બને છે. બીજી વાત એ કરી કે અમલદારોને લાંચ આપી અનાજ ભરીને ગાડાં હેરફેર કરીએ છીએ, પછી પકડે તો કહીએ કે ભાઈ ! રૂપિયા પચાસ નક્કી કર્યા છે ને ? પછી જવા દે. લોકલબોર્ડમાં પણ તેઓ સભ્ય છે. કોઈએ કહ્યું મિસ્ત્રી લોકો પૈસા ખાઈ જઈ કશું જ કામ કરતા નથી. આ માટે એ સભ્યનો અભિપ્રાય પૂછયો તો કહે મિસ્ત્રી બદલાય તો અમે ખુશી છીએ.

આ ગામની મુલાકાત પછી પરઢોલ આવ્યા. અંતર દોઢ માઈલ. ઉતારો નિશાળમાં રાખ્યો હતો, બપોરના જાહેર સભા થઈ હતી. તેમાં ખેડૂતોના પ્રશ્નો અંગે કહ્યું. સરકાર કંટ્રોલ કાઢે તો ખેડૂતોએ પોતાનો કંટ્રોલ કરવો જોઈએ. ખેડૂત મંડળો રચી એક અવાજ કાઢવા કહ્યું. લોકોની ફરિયાદ હતી કે નેતાઓ વોટ જોઈએ ત્યારે જ આવે છે, બાકી કોઈ ડોકાતું નથી. અહીંના ચમાર ભાઈઓને કૂંડ માટે જમીનની જરૂર છે. તે માટે તેઓને અરજી કરવા કહ્યું.

ત્યાંથી સાંજના પ્રવાસ કરી વહેલાલ આવ્યા. અંતર ચાર માઈલ હશે. ઉતારો

ધર્મશાળામાં રાખ્યો હતો. રાત્રે જાહેરસભામાં મોટી મેદની એકઠી થઈ હતી.

મહારાજશ્રીએ કહ્યું : પહેલાં આપણે ત્યાં ચાર ચોકીદાર ચોકી કરતા હતા. પહેલો ચોકીદાર સાધુ. તે દર્શને આવનારને સહજ રીતે પૂછતા કે નીતિનો રોટલો ખાવ છો ? સત્ય આચરણ કરો છો ? ના કરતા હો તો અમને મુખ બતાવશો નહીં. પણ અત્યારે તો જવાબ મળે છે : 'મહારાજ ! તમારે એ પૂછવાનું હોય ? અમે ગમે તેમ વર્તીએ પણ મોક્ષનો રસ્તો બતાવો !' ભાઈ મોક્ષ સહેલો નથી. 'હરિનો માર્ગ છે શૂરાનો કાયરનું નહિ કામ જોને !' અત્યારે ઊલટું છે. બધા ભજકલદારંમાં પડયા છે.

બીજો ચોકીદાર સ્ત્રી, માતા, બહેન હતી. તે પૂછતી, ધન કયાંથી લાવ્યા છો ? નીતિનું ન હોય તો મારાં છોકરાંને નથી આપવું. ત્રીજા ચોકીદાર આપણા પંચો હતાં. એટલે પંચ ત્યાં પરમેશ્વર કહેવાય છે. જ્યાં ન્યાય થતો હોય ત્યાં ન્યાયીને આવવું જ પડે. પણ અત્યારે ચૌદશિયા બની ગયા છે. ખરી રીતે ચૌદશિયા એટલે ચૌદિશ-ચારે દિશા, ચારેબાજુની ચોકી કરનાર, મારા ગામમાં કોઈ અનિષ્ટ દાખલ ન થાય તેની ચોકી રાખે. પણ અત્યારે ઊલટું છે. ચારે બાજુથી ખાઉ ખાઉ. અને લડાવવાનો ધંધો. ચોથી ચોકી બ્રાહ્મણોની હતી. રાણાપ્રતાપ અને પુરોહિતનો દાખલો મોજૂદ છે.

પહેલી ચોકીનું સ્થાન હવે ખાદીવાળાએ લેવું રહ્યું. લોકો ખાદીની ટોપી દેખીને સાધુ માને છે, ત્યાગી માને છે. પણ પોલ જુએ છે ત્યારે ખાદીવાળા આવા અને ખાદીવાળા તેવા કહે છે, માટે તેમણે ચોક્કસ સ્થાન પ્રાપ્ત કરી લેવું જોઈએ. બીજું સ્થાન ભાવિષ્યનાં નાગરિકો (બાળકો) લેશે. મૉન્ટેસોરી, ગિજુભાઈએ તેમને પ્રભુના પયગંબરો કહ્યાં છે. ત્રીજું સ્થાન હવે પછાત વર્ગો લેશે એમાં શૂદ્રો, ઠાકોરો ભીલોનો સમાવેશ થાય છે. શૂદ્રો એટલે હલકા એ ભ્રમ આપણામાં પેસી ગયો છે, સેવા કરે તે શૂદ્ર. મને કોઈ શૂદ્ર કહે તો આનંદ પામું. તેનો હાથ પકડવામાં કંઈ ખોવાનું નથી. લોકોએ સંપ રાખવો જોઈએ. બે એકડા ભેગા થાય તો અગિયાર થઈ જાય. બીજા કશા ખાતર નહીં પણ અર્થ માટે તો ભેગા થાઓ ! અત્યારે આપણે ગ્રામધર્મ સાવ ચૂકી ગયા છીએ, ઘોળીને પી ગયા છીએ. ગામનો માણસ આપે તો બાજરાના બાર અને બહાર અગિયારમાં આપવા તૈયાર થઈએ છીએ. એટલે નૈતિક મંડળ ઊભાં કર્યા સિવાય છૂટકો નથી. સાચું સ્વરાજ્ય આપણા હાથમાં છે. આપણા ઘરમાં છે. બાકી તો ધોળા, ગયા અને કાળા આવ્યા એને સ્વરાજ્ય નહીં કહેવાય.

સભા પછી ૪૩ જણાએ ઓછાવત્તા સમયની ચા નહીં પીવાની પ્રતિજ્ઞા લીધી હતી. (નામોની યાદી અહીં આપી નથી.) ગામની વસ્તી ૨૨૦૦.

★ ૮-૧૨-૪૭ : કૂબડથલ

વહેલાલથી નીકળી કૂબડથલ આવ્યા. અતંર ત્રણ માઈલ. લોકો એકઠા થયા. તેમણે ગણોતધારા માટે બે સુધારા સૂચવ્યા (૧) ગણોતધારો ઓછામાં ઓછી છ એકર જમીનવાળાને લાગુ પડવો જોઈએ નહીં. બીજી વાત એ કરી કે અમુક એકરથી વધુ ખેડનાર ગણોતિયાને વધુ જમીન ખેડવાનો હક્ક હોવો જોઈએ કાં તો સાંથે ભાગે ખેડૂત આપી શકે.

અહીં ૧૬ જણાએ ઓછીવત્તી મુદતની ચા નહીં પીવાની પ્રતિજ્ઞા કરી. વસ્તી ૧૭૫૦ આગેવાનો જીવાભાઈ જેઠાભાઈ પટેલ, ઠાકોર ભૂપતસંગ બેચરજી. કુબડથલથી કૂહા આવ્યા. અંતર સાડાચાર માઈલ. ઉતારો ચોરામાં રાખ્યો. રાત્રે પ્રાર્થના પછી જાહેર સભા થઈ, ખેડૂત મંડળની સ્થાપનાના પ્રશ્નો ચર્ચાયા. ગામની વસ્તી ૩૫૦૦ મુખ્ય વસ્તી ઠાકોરોની. મુખ્ય આગેવાન શંકરલાલ દવલભાઈ પટેલ અને ડૉ. છોટાભાઈ પટેલ

★ ૯-૧૨-૪૭ : બાકરોલ (બુજરંગ)

કૂહાથી પ્રવાસ કરી બાકરોલ આવ્યા. અંતર ચાર માઈલ હશે. લોકો ભેગા થયા. અહીં છેલ્લા  પાકને ઘણું નુકસાન થયું છે. મોટા કરા સાથે વરસાદ પડયો હતો. લોકોએ કહ્યું આ વરસે લેવી અને મહેસૂલ માફ થવાં જોઈએ.બે જણે જિંદગીપર્યંત ચા નહીં પીવાની પ્રતિજ્ઞા લીધી. વસ્તી ૧૨૦૦. આગેવાન પા. છોટાભાઈ. ધોરીભાઈ અને ઈશ્વરભાઈ ભૂલાભાઈ.

બાકરોલથી વિહાર કરી ધામતવાણ આવ્યા. અંતર ૨ માઈલ. ઉતારો ચોરામાં રાખ્યો. પ્રાસંગિક કહ્યું. ૩૧ જણાએ કોઈએ જિંદગીભર કોઈએ મર્યાદિત સમયની ચા નહીં પીવાની પ્રતિજ્ઞા લીધી. વસ્તી ૨૪૦૦ ઠાકોરો મુખ્ય, આગેવાન ઠાકોર કાળા બાપુજી, ભટ ગીરજાશંકર મોતીરામ.

★ ૯-૧૨-૪૭ : વાંચ

ધામતવાણથી વિહાર કરી વાંચ આવ્યા. અંતર ચાર માઈલ હશે. ઉતારો ધર્મશાળામાં રાખ્યો હતો. ગામ લોકોએ ઢોલ નગારાં સાથે વાજતે ગાજતે સ્વાગત કર્યું. રાત્રે જાહેર સભા થઈ તેમાં મહારાજશ્રીએ કહ્યું, પહેલાં લોક ખેતરમાં બી વાવતાં,  બીજ માવડી પાસે માગણી કરતા  : હે બીજ માવડી ! દે દે એક તાવડી : બે ગોધા અને એક ગાવડી' બસ પતી ગયું. અત્યારે આપણે દેવી કે પ્રભુ પાસે અભરે ભરાજો, પૈસા આપજો. આપણે શોધીએ છીએ સુખ અને બી વાવીએ છીએ દુખનાં,

બળતા થાંભલાને બાથ ભીડી બૂમો મારીએ છીએ, 'હું બળું છું રે, બળું છું રે કોઈ છોડાવો.' પણ તું આ થાંભલાની બાથ મૂકી દે. તો કહે ના, એમ ને એમ ઠંડક કરી દો. આમ વાત છે. બીજી વાત કંટ્રોલ નીકળી જાય તો તમે રાજી તો છો, પણ પછી અનાજ શા ભાવે વેચશો ? કંઈક તો કંટ્રોલ રાખવો પડશે. રામ અને રાવણ બે છે. રામને જોઈએ તો નીતિ જાળવવી પડશે. અને રાવણ જોઈતો હોય તો બધું ખુલ્લું છે. ધોળી ટોપી વાળાને લોકો ગાળો બોલે છે. જેને પતરાં નથી મળતાં તે ગાળો બોલે છે. મળે છે તે કાળાં બજારમાં વેચે છે, પણ કોઈને જવાબદારીનું ભાન નથી. ફાવે તેમ બોલે છે અને ફાવે તેમ વર્તે છે. છેલ્લે ચા છોડવા અને શહેરમાં દૂધ નહીં ભરવાનું સમજાવ્યું હતું.

અહીં શિવાભાઈ પટેલ અને રણછોડકાકા આગેવાનો મળવા આવ્યા હતા. ખેડૂત મંડળના સભ્યો નોંધાયા હતા.

વસ્તી ૨૨૦૦ની આગેવાન શાહ ચંદુલાલ ભીખાભાઈ, મંત્રી : મણિલાલ ડાહ્યાભાઈ.

**★ ૧૦-૧૨-૪૭ : હાથીજણ**

વાંચથી નીકળી હાથીજણ આવ્યા. અંતર દોઢ માઈલ. ઉતારો ચોરામાં રાખ્યો. લોકોએ વાજતે ગાજતે સ્વાગત કર્યું હતું. ચોરામાં સભા થઈ. મહારાજશ્રીએ કહ્યું, હું ભાવ વધારવા માટે દલીલ કરતો રહ્યો છું. પણ એક ખેડૂત પ્રતિનિધિ તરીકે સામાન્ય રીતે કહી શકાય. ખેડૂતો એકી અવાજે અવાજ કાઢે તો આપણી ઘણી ફરિયાદો દૂર થાય. એ માટે આપણે ખેડૂત મંડળો સ્થાપવાં જોઈએ. આપણું મજૂર ધન પૈસાને લીધે મિલમાં ઘસડાય છે. આપણાં અનાજ વેચવાનો કોઈ ઘડો નથી, બીજી મુશ્કેલીઓ પણ છે. એનો ઉપાય ખેડૂત મંડળ જ છે.

અહીં ખ્રિસ્તી મિશન સ્કૂલ ચલાવે છે: વસ્તી ૧૧૬૮ એમાં હરિજનો મુખ્ય છે. આગેવાનો હરિજન લક્ષ્મણ મકન અને મણિલાલ ચકાભાઈ. હાથીજણથી વિહાર કરી નરોડા આવ્યા. અંતર ચાર માઈલ હશે. ઉતારો સહકારી સોસાયટીના મકાનમાં રાખ્યો હતો. હિન્દુ મુસ્લિમોની સભા થઈ હતી. નરોડાથી વિહાર કરી શાહવાડી આવ્યા. ઉતારો છગનભાઈને ત્યાં રાખ્યો હતો. રાત્રે જાહેરસભા થઈ, નહેરમાં પાણી ઓછું આવે છે. ચંડોળા તળાવનાં છ ગામમાં પણ પાર્ટીઓ છે. બોલનાર પાણી લઈ જાય છે. સરકારી તંત્રની પણ ખામી છે. અંગ્રેજ સરકારના રાજ્યમાંથી એક વાત શીખી ગયા છીએ અને તે ગમે તેમ બોલવાનું. ગાંધીજી ઘણીવાર કહેતા કે બોલવામાં સંયમ કેળવો જવાબદારીનું ભાન રાખો. વલ્લભભાઈને પણ લોકો

મૂકતા નથી. ડાહ્યાભાઈ (સરદારના દીકરા)આટલા કમાઈ ગયા, દિનકરભાઈ દેસાઈ (પુરવઠા પ્રધાન) લાખો કમાઈ ગયા. લોખંડ સિમેન્ટ મળતાં નથી. નેતાઓ લાંચ માગે છે વગેરે. આ બધાનો ઉકેલ જવાબદારીનું ભાન રાખવું જોઈએ. ગાળીને બોલવું. મને માન ગમે તો બીજાને માન આપો. ગાળ ન ગમે તો બીજાને ગાળ ન આપો, પણ આપણે તો ગણવાનું જુદું અને આચરવાનું જુદું. હરિજનો જેવો વર્તાવ આપણી સામે કોઈ કરે તો કેવું લાગે ? તો હરિજનોને કેવું લાગતું હશે ? ગાંધીજીનો ઉપકાર માનો કે હજુ પાકિસ્તાન થયું છે દલિતીસ્તાન નથી થયું !

ભરવાડના ભેળનો પ્રશ્ન વિકટ બન્યો છે. ગાયને દોહીને ઊભા મોલમાં તગડી મૂકીએ છીએ. ગામોગામ આવી બૂમો આવે છે, એટલે સરકારને રાતપાલીનો કાયદો કરવો પડે છે. આ સરકારને માટે અને આપણા માટે શરમાવનારું છે.

ગામની વસ્તી ૫૦૦, આગેવાનો પા. ચતુરભાઈ નાથાભાઈ, ભરવાડ હરતુભાઈ ચોથાભાઈ

### ★ ૧૧-૧૨-૪૭ : અસલાલી

શાહવાડીથી વિહાર કરી અસલાલી આવ્યા. અંતર ચાર માઈલ હશે. ઉતારો ધર્મશાળામાં રાખ્યો. લોકો સાથે ખેડૂતમંડળ અને ખેતીના પ્રશ્નો અંગે ચર્ચા થઈ. બપોરના હરિજનવાસની મુલાકાત લીધી. તેમને પાણીને કૂવે જવાનો રસ્તો નથી તે કરવાની જરૂર છે.

ગામની વસ્તી ૨૪૦૦ પાટીદાર અને ઠાકોર અડધા અડધા છે.

મુખ્ય આગેવાન પટેલ રણછોડભાઈ બકોરભાઈ , ઠાકોર જીવાજી વીસાજી, પટેલ ઉમેદભાઈ નારણભાઈ, હરિજન રામભાઈ પૂજાભાઈ.

સાંજના અસલાલીથી જેતલપુર આવ્યા. અંતર દોઢ માઈલ. ઉતારો હાઈસ્કૂલમાં રાખ્યો હતો. વિદ્યાર્થીઓ સ્વાગત માટે સામા આવ્યા હતા. તેમના ઉત્સાહનો પાર નહોતો. તેમણે ગાર્ડ ઑફ ઑનરનું માન આપ્યું હતું. ૪-૧૫ વાગે લોકલ બોર્ડના સભ્યો સાથે વાર્તાલાપ કર્યો હતો. રાત્રે પ્રાર્થના પછી પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ રાખ્યો હતો.

**પ્રશ્ન :** ખેડૂત દુ:ખી કેમ ?

**જવાબ :** જો ખેડૂત દુ:ખી હોય તો આખી દુનિયા જ દુ:ખી હોય. આજે ખેડૂત, ખેડૂત નથી રહ્યો, પણ વેપારી થઈ ગયો છે. સાચો વેપારી, વેપારીએ સારો, પણ આ તો

અનીતિનો જ વેપાર,પછી સુખ હોય ક્યાંથી ? વેપારીની રીતે ખેતી નહીં થઈ શકે. ખેતી કમાણી માટે નથી, પણ ફરજ માટે છે. ફરજ ભૂલીએ એટલે દુઃખ આવે. ચાર બ્રાહ્મણ હતા. તેમને કોઈએ ગાય ભેટ આપી હતી. વારા ફરતી દોહવાની હતી. પહેલો કમળાશંકરનો વારો આવ્યો, તેણે વિચાર્યું કે કાલે મારે ક્યાં દૂધ હાથ આવવાનું છે ? શા માટે ખવડાવું ? ખર્ચ કરું ? ગાય હૃષ્ટપુષ્ટ હતી એટલે દૂધ નીકળ્યું, બીજાનો વારો આવ્યો એણે પણ એમ જ કર્યું. ત્રીજાએ અને ચોથાએ એમ કર્યું. પરિણામે ચારેયે ગાય ગુમાવી, આવી છે આપણી મનોદશા !

**પ્રશ્ન :** પ્રાર્થનાની જરૂર શા માટે ?

**જવાબ :** પ્રાર્થના એ જીવનની સ્વાભાવિક વસ્તુ છે. કોઈપણ વિચાર પ્રાર્થના વગર થઈ શકતો જ નથી. પણ તેનો ખરો ફાયદો ત્યારે જ માલૂમ પડે કે જ્યારે તે ઈશ્વરાભિમુખ હોય.મન કેટલીકવાર દલીલો કરે છે કે વળી પ્રાર્થનાની જરૂર શા માટે ? એકાગ્રતા કેળવવા માટે પણ તેની જરૂર છે, સ્વામી રામતીર્થને એક ભાઈએ પ્રશ્ન પૂછયો. એકાગ્રતા કેવી રીતે કેળવાય ? ત્યારે તેમણે કહ્યું, મનમાં તમારે વાંદરાનું ચિંતન ન કરવું, પણ પરિણામ એ આવ્યું કે તેનું મન વાંદરામય બની ગયું. સર્વક્ષેત્રમાં રહીએ તોપણ આત્મભાન નહીં વિસ્મરીએ' પ્રાર્થનાનો નિચોડ આ છે.

**પ્રશ્ન :** વિશ્વવાત્સલ્યનું રહસ્ય શું ?

**જવાબ** : જગત સાથેનું હેત તેનું નામ વિશ્વવાત્સલ્ય. જીવો જીવસ્ય જીવનમ્ સૂત્ર એમાંથી ચાલ્યું છે. માંસાહારી જે જીવને ખાય છે તે લોહી, તેવા વિચારો સાથે બાળકમાં ઊતરે છે. એ પ્રજા પોતાની પ્રજા સામે ઝઘડે છે, બીજાને કોળિયો કરી જવા પ્રયત્ન કરે છે. સત્ય એ આપણા પિતાનો પિતા છે. પ્રહ્લાદ, મીરાં વગેરેએ સત્યને પ્રથમ માન્યું તે મેળવવા બ્રહ્મચર્ય જરૂરી છે. પાંચ રૂપિયા આપીને સો રૂપિયા મળતા હોય તો પાંચ રૂપિયા છોડીએ કે નહીં ? ગાંધીજીએ થોડું ત્યાગીને વધુ લીધું છે. ત્યાગ એક રીતે મોટો ભોગ છે. જગતની હિંસા સામે ટકી રહેવાનું બળ ત્યાગમાંથી આવે છે. નિર્ભયતા મુખ્ય અંગ છે. વસ્તી ૨૫૦૦ પટેલો મુખ્ય છે.

### ★ ૧૨-૧૨-૪૭ : નાજ

જેતલપુરથી વિહાર કરી નાજ આવ્યા. અંતર દોઢ માઈલ. અહીંના લોકોને કહ્યું, માણસ ક્રોધમાં આવે છે ત્યારે પોતાનો નથી રહેતો શેતાનને આધીન થઈ જાય છે, અને બે પાડા બાઝે છે અને ખોડો ઝાડનો નીકળી જાય છે. માટે સંગઠન કરીને ખેડૂતમંડળ સ્થાપો.

અહીં ચાર ગામની વચ્ચે એક સરકારી જમીન છે. તેમાં તળાવ થાય તો ૧૩૦૦ વીઘાં કયારી થઈ શકે તેમ છે. વસ્તી ૬૦૦. નાજથી નીકળી ગીરમથા આવ્યા. અંતર દોઢ માઈલ હશે. ઉતારો યુવક મંડળની ઑફિસે કર્યો. અહીં હરિજનવાસમાં મિશન સ્કૂલ ચાલે છે. અસ્પૃશ્યતા વધુ છે. .વસ્તી ૮૦૦. આગેવાનો - મિસ્ત્રી જેઠાલાલ કિશોરભાઈ, ઉમેદભાઈ નાથાભાઈ. ગીરમથાથી નીકળી પાલડી થોડું રોકાઈ કાસિંદ્રા આવ્યા અંતર સાડાપાંચ માઈલ. ઉતારો ધર્મશાળામાં રાખ્યો. રાત્રે જાહેર સભા થઈ. વસ્તી ૩૫૦૦ મુખ્ય વિઠ્ઠલભાઈ શાહ.

**★ તા. ૧૩-૧૨-૪૭ : ભાત-કાવિઠા અને બાવળા**

કાસિંદ્રાથી વિહાર કરી ભાત આવ્યા. અંતર અઢી માઈલ. ઉતારો એક મકાનમાં રાખ્યો. લોકો ભેગા થયા ખેડૂત સંગઠન કરવા સમજાવ્યા.

ભાતથી કાવિઠા આવ્યા અંતર દોઢ માઈલ હશે. ઉતારો નાથાભાઈ ગ્રામસેવકના મકાનમાં રાખ્યો. વસ્તી ૨૨૦૦ કાવિઠાથી વિહાર કરી સાંજના બાવળા. અંતર છ માઈલ હશે. ઉતારો જિનમાં રાખ્યો હતો. અહીંના પાંચ દિવસના નિવાસ દરમ્યાન ઘણા કાર્યક્રમો રાખ્યા હતા. તા. ૧૪મીએ અનાજના નૈતિકભાવ નક્કી કરવા માટે પૂ. રવિશંકરદાદા, ડૉ. છોટુભાઈ, મગનભાઈ પટેલ વગેરે આગેવાનોને બોલાવ્યા હતા. કેટલાક લોકલ બોર્ડના સભ્યોને પણ કામોની ફરિયાદ અંગે બોલાવ્યા હતા, અસલાલી અને વટવાના ભાઈઓ પણ પોતાના પ્રશ્નો માટે આવ્યા હતા. સારી વાતો થઈ. ભાલની પાઈપ લાઈન વિષે ધારાસભ્યો સાથે ચર્ચા કરી હતી.

તા. ૧૫મીએ બાવળા હાઈસ્કૂલમાં પ્રવચન રાખ્યું હતું. મહારાજશ્રીએ તત્કાલીન પ્રશ્ન અનાજનો છે તેની સમજણ આપી હતી. બ્રિટિશ સલ્તનતે આપેલી ગુલામીમાંથી આપણે સંસ્કૃતિને બદલે ધનને મહત્તા આપી છે, તેનાથી ઘણા પ્રશ્નો ઊભા થાય છે. વિદ્યાર્થીઓને કહ્યું, તમારી ૩૦૦ની સેના છે. ધારો તો ઘણું કરી શકો. ડાંગરના દસથી વધુ ભાવ ન લેવા તમારા વડીલોને સમજાવજો. મિલોને કારણે ખેતી માટે મજૂરો નથી મળતા અને તેથી ખેતી મોંઘી પડે છે માટે મિલોને સ્થાને ગૃહઉદ્યોગો વધવા જોઈએ એમ કરવું.

સમાજવાદ એટલે શું ? એવા પ્રશ્નને નાનું દૃષ્ટાંત આપી સમજાવતાં મહારાજશ્રીએ કહ્યું : પેંડા ભરેલો એક થાળ હોય તમને બધાને પહોંચી વળે તેટલો હોય, પણ મોટા વિદ્યાર્થી ધક્કો મારી આગળ આવી પાંચ દશ ખાઈ જાય અને બાકીના એમ રહી જાય. આને શાહીવાદ અથવા અસમાજવાદી કહેવાય અને બધાને સરખી રીતે વહેંચાય તે સમાજવાદ કહેવાય.

હિન્દુસ્તાની અને હિન્દી બેમાંથી કઈ જોઈએ ? એ વિષે બોલતાં જણાવ્યું કે અત્યારે તો પાણીના જથ્થાને ડાંગથી જુદા પાડયા જેવું લાગે છે, પણ તે એક થવાનાં છે એવી આશા રાખીએ. પણ હિન્દુસ્તાની શીખીએ તો કંઈ વાંધો નથી. ઉર્દૂ શબ્દો આપણી ગુજરાતી ભાષામાં એટલા બધા પેસી ગયા છે કે તેને કાઢી નાખીએ તો ભાષા જ ન રહે. દા.ત. ઉમર, મોજે, જરૂર, જબરજસ્ત, કબર શબ્દો ઉર્દૂના છે. આપણે અંગ્રેજીની આટલી બધી ગુલામી કરી તો આટલું ઉર્દૂ નહીં ચલાવી શકીએ ?

આત્મિક કેળવણી અને શારીરિક તાલીમ એ ઉપર બોલતાં જણાવ્યું કે આત્મા વગરનું શરીર શબ જ છે, કોઈપણ શારીરિક તાલીમ આધ્યાત્મિકતા સિવાય સાચી શકિત મેળવી શકે જ નહીં. આપણો વ્યાયામ વાંઝિયો ન હોવો જોઈએ. વિરમગામના વિદ્યાર્થીઓએ તળાવમાં લીલ જોઈ અને તે કાઢવા પ્રયત્ન કર્યો આનું નામ સાચી શારીરિક કેળવણી. ઘર બળતું હોય અને કહીએ કે મારે કસરત કરવા જવું છે તો તે અયોગ્ય ગણાશે.

**★ ૧૬-૧૨-૪૭ : બાવળા**

અહીંના સંતઆશ્રમમાં હરિજન પ્રવેશ નહોતો તેથી લોકોનો આગ્રહ છતાં મહારાજશ્રી ત્યાં ન ઊતર્યા. આ કારણે તેની કારોબારીની મિટિંગ મળી. તેમાં એવું ઠરાવ્યું કે સાધુ સંત અથવા વ્યાખ્યાનની કથાવાર્તા શ્રવણ કરવા તેમની સંમતિસહ સર્વકોમ આવી શકશે અને કોઈ અસ્પૃશ્યતા સૂચક વર્તાવ રાખશે નહીં. આથી મહારાજશ્રીએ છેવટે આશ્રમમાં મુકામ કર્યો હતો. એક નવું હિંમતભર્યું પગલું ભર્યું તેથી સૌને ધન્યવાદ આપ્યા. 'સંતઆશ્રમ' હવે એના નામ પ્રમાણે સાર્થક થશે ! •

બપોરના વેપારીઓની એક સભા અનાજની ખરીદ વેચાણ સંબંધી વિચાર કરવા બોલાવી હતી. કેટલીક ચર્ચાના અંતે ઍસોસિયેશન સ્થાપવા અને તે દ્વારા રૂપિયા દસથી વધારે ભાવે કમોદ નહીં ખરીદવા, અને લાલાકાકા તથા મહારાજશ્રી કહે તે નફે વેચવા ઠરાવ્યું હતું. બીજે દિવસે ઍસોસિયેશન સ્થપાઈ ગયું હતું તેની જાણ કરતો તાર પણ મુંબઈ સરકારને કર્યો હતો. કેટલીક વખત કેવાં ત્વરિત પગલાં ભરાતાં હોય છે !

તા. ૧૭મીએ ભાલ નળકાંઠાના આગેવાન ગણાતા ૧૮ ગામના લોકોની સભા થઈ હતી. મહારાજશ્રીએ તેમને નૈતિક ભાવ કહ્યા. લોકો ખુશી થઈ ગયા અને કહ્યું કે અમે હવે આથી વધારે ભાવે વેચીશું નહિ. બે તાલુકાનું એક એક મંડળ પણ સ્થપાઈ ગયું. બે બે કાર્યકર્તા પણ સાથમાં લીધા. મરજિયાત લેવી પણ થોડી ૧૦ ટકા જેટલી આપવી અને અપાવવી એમ ઠરાવ્યું.

રાત્રે સંતઆશ્રમમાં જાહેરસભા થઈ હતી તેમાં હરિજન પ્રશ્નનો ઉલ્લેખ કર્યો હતો. કાળ કેટલીક વાર માણસને ઘડે છે અને કેટલીક વાર એ કાળનો કોળિયો પણ થઈ જાય છે. આમ કાળને કાળચક્ર પણ કહેવાય છે. રેંટમાં જેમ એક ભરાય છે અને એક ખાલી થાય છે.એમ વારાફરતી વારો આવે છે. તેમ આ યુગમાં હવે હરિજનનો વારો આવ્યો છે. તેમનો નંબર પહેલો થશે માટે લોકોએ સમજવું જોઈએ.

**★ ૧૮-૧૨-૪૭ : માણકોલ**

બાવળાથી સવારના વિહાર કરી માણકોલ આવ્યા, અંતર આઠ માઈલ હશે. ઉતારો ચોરામાં રાખ્યો હતો. મહારાજશ્રીનાં દર્શન કરીને ગામ ખૂબ આનંદિત થઈ ગયું હતું. પ્રથમ તો એક હરિજન બાઈ મળ્યાં, તેમણે વાસમાં જઈ વાત કરી અને દોટે દોટે બાળકો આવીને મહારાજશ્રીને વંદન કરવા લાગ્યાં. રાત્રી સભામાં ઠીક ઠીક વાતો થઈ.
વસ્તી ૮૦૦

**★ ૧૯-૨૦-૨૧-૧૨-૪૭ : ઝાંપ**

માણકોલથી વિહાર કરી ઝાંપ આવ્યા. અંતર ૧૦ માઈલ હશે. ઉતારો બલદેવભાઈના ઉતારે રાખ્યો. ચોરામાં સભા રાખી હતી. તેમાં અનાજના ભાવ લેવી અને આપણી ફરજ એ અંગે ચર્ચા કરી. વળી અહીંથી પાઈપ લાઈન શરૂ થવાની હોવાથી તેમનો મત પણ લીધો હતો. તેમણે કહ્યું અમે રાજી છીએ. બપોરના અમદાવાદથી મુ.લાલાકાકા, ડૉ. છોટુભાઈ, મગનભાઈ, રણછોડભાઈ ઈશ્વરભાઈ પટેલ વ. આગેવાનો આવ્યા હતા. તેમની સાથે અનાજ પરિસ્થિતિ, વેપારી મંડળો, લેવી બાબત, અંગે ચર્ચા થઈ હતી. લાલાકાકાનો મુદ્દો એ હતો કે ડાંગર તો શ્રીમંતોનો ખોરાક છે. ગરીબો માટે જુવાર, બાજરી, બાવટો જોઈએ તે આપણે બહારથી મેળવવું રહ્યું તો તેને માટે બહારથી વ્યવસ્થા કરવી જોઈએ. બીજી પણ જરૂરી ચર્ચા થઈ.
વસ્તી ૧૨૦૦

**★ ૨૧-૧૨-૪૭ : દેવથલ**

ઝાંપથી વિહાર કરી દેવથલ આવ્યા. અંતર ચાર માઈલ હશે. ઉતારો મશરૂભાઈના ડેલામાં રાખ્યો હતો. લોકોને ભેગા કરી અનાજ સંબંધી વાતો કરી. ઠરાવ કરાવ્યો. પાઈપ લાઈન યોજના માટે લોકમત લીધો. તેઓ રનીંગ ખર્ચ આપવા ખુશી છે. મેણી અને ધરજી ગામના ભાઈઓને પણ પાઈપ લાઈન વિષે મત જાણવા માટે બોલાવ્યા હતા. કેશુભાઈ, બલદેવભાઈ, મેઘા મતાદાર વ. આવ્યા હતા.
વસ્તી ૭૦૦

## ★ ૨૨-૧૨-૪૭ થી ૨૪-૧૨-૪૭ : શિયાળ

દેવથલથી વિહાર કરી શિયાળ આવ્યા. અંતર સાડાચાર માઈલ હશે. ગામ લોકો તથા વિદ્યાર્થીઓએ દૂર સુધી સામે આવી સ્વાગત કર્યું. બીજે દિવસે આઠેક ગામના ખેડૂતોની એક સભા બોલાવી હતી. બાવળાથી ઈશ્વરભાઈ માધવજીભાઈ આવ્યા હતા. અનાજ-પાઈપ લાઈન અંગે સમજૂતી આપી હતી. દુમાલીના એક દરબાર પરહદમાં માલ નિકાસ કરતા હતા તેમને બોલાવી સમજણ આપી હતી.

વસ્તી ૧૯૦૦ પઢાર મુખ્ય છે. આગેવાન : પઢાકાનજી ભગત

## ★ ૨૫-૧૨-૪૭ : બગોદરા

શિયાળથી વિહાર કરી બગોદરા આવ્યા. અંતર સાડાચાર માઈલ હશે. બપોરના જાહેરસભા થઈ. વસ્તી ૧૨૦૦

## ★ તા. ૨૬-૧૨-૪૭ : ગૂંદી

બગોદરાથી ધીંગડા, જાહેરસભા કરી.પ્રશ્નો ચર્ચ્યા. પછી સાંજના ગૂંદી આવ્યા ઉતારો ઉપાશ્રયમાં રાખ્યો હતો. તા ૨૭મીએ વેપારી પ્રતિનિધિઓની સભા થઈ. તેમાં બાવળા, ધોળકા, હડાળા, સાણંદ, શિયાળ, બગોદરા, વિરમગામ વગરે ગામના વેપારીઓ આવ્યા હતા. અમદાવાદથી લાલાકાકા, મગનભાઈ રણછોડભાઈ, શિવાભાઈ પટેલ વગેરે આવ્યા હતા. વેપારી ઍસોસિયેશન નક્કી કરવા માટે સૌ એકઠા થયા હતા. આમાં ધોળકા, વિરમગામવાળા ભળવા માગતા ન હતા. વળી બાવળા, સાણંદ વેપારીઓમાં પણ ફાટફૂટ હતી. આર્થિક લોભને કારણે ઍસોસિયેશન ના થઈ શકયું. બાવળામાં જે મંડળ નીકળ્યું હતું તે પણ છેવટે નિષ્ફળ ગયું. મહારાજશ્રીની દષ્ટિ પ્રજાનું ઘડતર કરવાની હતી. માત્ર અનાજ ઉઘરાવવું અને રાહત આપવી એટલો જ પ્રશ્ન નહોતો. ખાનાર અને ખેડનાર બન્નેને પોષાય, વેપારીને યોગ્ય મહેનતાણું મળે તો કંટ્રોલની જરૂર જ ન પડે આ દષ્ટિ હતી.

છેવટે લાલાકાકાએ બે લાખ રૂપિયા મેળવી આપવાનું કહ્યું અને જિલ્લા અનાજ સમિતિ તરફથી ૨૫ ટકા માલ નૈતિક ભાવે ખરીદવો એમ ઠરાવ્યું. શ્રીમંત વેપારીઓ અને અમદાવાદવાળા પણ બધું જોખમ ખેડવા અને ખેડૂતમંડળને પૈસા ધીરવા તૈયાર ન હતા, છેવટે બે લાખમાં જે ખોટ આવે તે લાલાકાકાએ માથે લીધી. બીજે દિવસે ખેડૂતોની સભા થઈ હતી તેમને અનાજ પ્રશ્ન સમજાવ્યો હતો.

સવારના પ્રાર્થના પ્રવચનમાં મહારાજશ્રીએ પોતાનું મંથન વ્યકત કર્યું હતું કાર્યની કેટલી મર્યાદા હોવી જોઈએ તે બાબત ચર્ચા થઈ હતી.

વસ્તી ૧૨૦૦, મુખ્ય લોકપાલ પટેલ.

★ ૨૮-૧૨-૪૭ : જવારજ

ગૂંદીથી વિહાર કરી જવારજ આવ્યા. ઉતારો ચોરામાં રાખ્યો હતો. રાત્રે જાહેરસભામાં મહારાજશ્રીએ જણાવ્યું કે આકાશ એ કુદરતની કિતાબ છે. એ કિતાબ સામે ખેડૂત જ્યારે જુવે છે ત્યારે કુદરતના (ન્યાયના) વિચારો જ આવે છે. દાણાઓ વાવતાં કે વાઢતાં એ આકાશ સામે (કુદરત સામે) જ જુએ છે, તે ખેડૂત અનીતિ કરે તે કેમ પાલવે ? અનીતિના ધનથી આપણને કશાયમાં રસ નથી પડતો. ખાવામાં રસ નથી પડતો. પીવામાં રસ નથી ખાવા ખાતર ખાઈ નાખીએ છીએ. કામ કરવા ખાતર કામ કરીએ છીએ. ગીતાના ૭૦૦ શ્લોક રોજ વાંચીએ પણ ગીતા પ્રમાણેનું આચરણ કરી જીવન ન જીવીએ તો ગમે તેટલા શ્લોકો બોલીએ પણ ગીતા છેટી જ કહેવાય. ખેડૂતની પરગજુવૃત્તિ સંબંધમાં દૃષ્ટાંત આપતાં તેઓશ્રીએ જણાવ્યું કે દુષ્કાળ હતો. ધાન કયાંય ન હતું. એવા સમયે એક ખેડૂત પોતાના ઘરમાં રાખેલ અનાજનું ઓશિકું કરીને સૂતો, ભૂખ્યો રહ્યો, બીજ સાચવ્યું. તે એટલે સુધી કે કોથળાનું ઓશિકું કરી સૂઈને મરણ પામ્યો. એટલા ખાતર કે આટલું બીજ સચવાશે તો તેના પાકથી આખું ગામ જીવી શકશે. પોતે મૃત્યુ પામ્યો. એની કેવી ખાંભી થઈ હશે ? આદર્શજીવન જીવી ગયો. ગ્રામધર્મ બજાવ્યો. આ દેશ ફકીરનો પૂજક છે. નીતિનો પૂજક છે. ન્યાયનો પૂજક છે. ભોગનો નહીં પણ હવે તો ધનનો પૂજક બની ગયો છે.

વસ્તી ૧૨૩૬ મુખ્ય રાજપૂત : આગેવાન : ફુલજીભાઈ રાહાભાઈ, મોહનભાઈ નાનભાઈ, હરિજન વાલાભાઈ ગણેશભાઈ

★ ૨૯-૧૨-૪૭ : કોઠ

જવારજથી પ્રવાસ કરી કોઠ આવ્યા. અંતર સાડાચાર માઈલ. ઉતારો ઉપાશ્રયમાં રાખ્યો. આ બાજુ અનાજના વેપારનું આ પીઠું ગણાય છે. બપોરના લોકોની જાહેર સભા થઈ. અમદાવાથી લક્ષ્મીદાસ આસર અને જયંતીલાલ ખુશાલદાસ શાહ આવ્યા હતા. અનાજની પરિસ્થિતિ ઉપર પ્રવચન થયું. લોકોએ નૈતિક ધોરણે વર્તવાનો ઠરાવ કર્યો. લક્ષ્મીદાસ આશરે એક યોજના મૂકી. તે એ કે ગ્રામ ઉદ્યોગહાટ બધો માલ ખરીદે અને વ્યવસ્થિત વહીવટ કરે. યોજના ઠીક હતી. એટલે તે બાબતનો વિચાર કરવા તા. ૧લીએ ડાંગરિયા ગામોના ખેડૂતોની એક સભા ઝાંપ મુકામે ભરવા ઠરાવ્યું. લોકો સમજીને પોતાનો બધો માલ આ સંસ્થાને આપવા તૈયાર થાય તો જ આ શકય બને, નહિ તો પછી મરજિયાત લેવી લઈને કામ છોડી દેવું એવું વિચાર્યું.

આગેવાનો : મોટાભાઈ સરદારસિંહ હરિસીંગ, કેસરીસિંહ ઉદેસિંહ

**★ ૨૯-૧૨-૪૭ : ગાંગડ**

કોઠથી વિહાર કરી ગાંગડ આવ્યા. અંતર ચાર માઈલ. ઉતારો સેવાસમાજના મકાનમાં રાખ્યો હતો.

**★ ૩૦-૧૨-૪૭ : ભામસરા**

ગાંગડથી ભામસરા આવ્યા. અંતર ચાર માઈલ. લોકોને ડાંગરના ભાવ વિશે સમજૂતી આપી.

સાંજના વિહાર કરી કેસરડી આવ્યા. અહીં પણ નૈતિક ભાવ અંગે જ સમજૂતી આપી.

ભામસરાથી કેસરડી થઈ ઝાંપ આવ્યા.

અહીં દસેક દિવસ રોકાવાનું ગોઠવ્યું. ઉતારો બળદેવભાઈના ઉતારે હતો. નળ-કાંઠા ખેડૂતમંડળની નક્કર રચના થાય એ માટે આટલા દિવસ આપવા જરૂરી હતા.

**ભાલ નળકાંઠા ખેડૂતમંડળની રચના :**

સભા ભરવા માટે મોટર દ્વારા જ્યાં સુધી પહોંચાય ત્યાં સુધી પહોંચીને ખબર આપ્યા. લગભગ ૬૦ ગામના ખેડૂતોને આમંત્રણ મોકલ્યાં હતાં. ૪૪ ગામના લોકોએ હાજરી આપી હતી. રવિશંકર મહારાજ, લક્ષ્મીદાસ આસર પણ આવ્યા હતા. તેમણે ખેડૂતોને સુંદર સલાહ આપી હતી છેવટે ભાલ નળકાંઠા ખેડૂતમંડળ સ્થાપવાનું નક્કી થયું હતું.નૈતિક ભાવે પોતાની ડાંગર આપે તે સભ્ય બને એમ ઠરાવ્યું હતું. પરહદમાં માલ નિકાસ ન થાય તે માટે પોલીસ ઉપરાંત સ્વયંસેવકોની પણ મદદ મેળવવા પ્રયત્ન થયો હતો. અત્યારે લગભગ ૧૩ હજાર મણ ડાંગર ખરીદાઈ છે, ખરીદી ચાલુ રાખી છે. મહારાજશ્રી અને શ્રીઆસર ફરી આવ્યા હતા. ખોટ આવશે તોપણ આસર ભોગવશે એમ ઠરાવ્યું હતું. ત્યારબાદ ફરીથી તા. ૧૧-૧-૪૮ના રોજ ખેડૂતોની એક સભા બોલાવી હતી તેમાં કારોબારી અને સભ્ય થનારે ૧૦ ટકા મરજિયાત લેવી, ફરજિયાત આપવી જોઈએ એમ ઠરાવ્યું હતું. મંત્રી તરીકે શ્રી અંબુભાઈ શાહ કામ કરશે. આ શરતે કારોબારીમાં લેવામાં આવ્યા છે. આર્થિક બધી જવાબદારી તેમણે લીધી છે. ઘઉંની ખરીદી માટે ઘોળી મુકામે તા. ૩૦ના રોજ એક સભા ભરવા ઠરાવ્યું, તેમાં પૂ. દાદા અને શ્રી આસર પણ હાજરી આપે એમ નક્કી થયું.

### ★ ૧૩-૧-૪૮ : શિયાળ

ઝાંપથી વિહાર કરી શિયાળ આવ્યા. અંતર આઠ માઈલ. રાત્રે સભામાં બધી કોમના આગેવાનોએ પરહદમાં માલ નહીં મોકલવાની બાંહેધરી આપી રામજીભાઈએ સ્વયંસેવકોનું થાણું અહીં નાખવા વિચાર્યુ.

### ★ ૧૪-૧-૪૮ : ગૂંદી

શિયાળથી વિહાર કરી ગૂંદી આવ્યા. અંતર બાર માઈલ હશે. ઉતારો ઉપાશ્રયમાં રાખ્યો હતો. અંબુભાઈ સભામાં ચર્ચવાના મુદ્દા વિચારી ગયા. બાવળાવાળા ઈશ્વરભાઈ પટેલ આવ્યા તેમની સાથે અનાજની વ્યવસ્થા અંગે કેટલીક વાતો થઈ. મહારાજશ્રી અહીં ઉપાશ્રયમાં હતા ત્યારે બીજા ચાર મૂર્તિપૂજક સાધુઓ આવ્યા હતા. તેમની ઈચ્છા બીજે ઊતરવાની થઈ. કારણ કે તેમને એમ લાગતું હતું કે આ મહારાજ, તો વાતો ચોખા ઘઉંની કરે છે એટલે કે એ તો કોંગ્રેસ કાર્યકર છે; રાજકારણી પુરુષ છે. અમારે ક્રિયા કરવી તે અહીં ન ફાવે. એ તો મગેય ભરડે અને જુવારેય ભરડે એમને આવી પ્રવૃત્તિમાં ધર્માચરણ લાગતું ન હતું. કેવી બલિહારી !

### ★ તા. ૧૬-૧-૪૮ : લક્ષ્મીપુરા-લોલિયા

ગૂંદીથી લક્ષ્મીપુરા આવ્યા. અંતર દોઢ માઈલ હશે. નારસંગભાઈને ત્યાં ઊતર્યા આખું ગામ ખૂબ જ ભાવિક લાગ્યું. અહીં જયંતીભાઈ શાહ અને બલદેવભાઈ મળવા આવ્યા હતા. ધોળીની તા. ૩૦મીની સભા અંગે વાતો થઈ. ઘઉંના પ્રચાર માટે પણ રવિશંકર મહારાજ કે સંતબાલજી બેમાંથી એકની હાજરીની જરૂર પડશે તેમ કહ્યું.

વસ્તી ૨૨૫ : કાળુભાઈ દોઢિયા, નારસંગ માવસંગ સગર

લક્ષ્મીપુરાથી લોલિયા આવ્યા. અંતર પાંચ માઈલ. ઉતારો વખતસંગ દાદાભાઈને ત્યાં રાખ્યો. રાત્રે જાહેર સભા ઉતારામાં રાખી હતી. મહારાજશ્રીએ કહ્યું : કાળા બજારથી આપણે ઘેરાઈ ગયા છીએ કારણ કે ધનનો રોગ લાગુ પડયો છે. આપણને બે પેટ છે. એક પેટ સુંદર ભોજન જમ્યા પછી એથીયે અધિક સુંદર ભોજન મળે તોપણ ના પાડે છે; પણ ધનનું પેટ હજારો મળે તો પણ લાખોની આશા કરે છે. મતલબ કે, ભરાતું જ નથી. અને એથી આપણને અશાન્તિ રહે છે. ગીતામાં ભગવાને કોલ આપ્યો છે કે જ્યાં નારાયણ છે ત્યાં મારો વાસ છે. એ નારાયણ એટલે સત, સત્યરૂપી નારાયણ. એ નહીં હોય તો લક્ષ્મી ચાલી જશે. એ તો બિલાડી ઉપરનાં રુંવાડાં જેવી છે. તેની ઉપર હાથ ફેરવતાં જેમ ગલગલિયાં થાય છે તેમ નારાયણ વગરની લક્ષ્મી

દેખીને થાય છે, પણ એવી લક્ષ્મી કોની પાસે કેટલી રહી છે ? ચોર ચોરી કરે તેની ચિંતા નથી, પણ એમાંથી એ ચોરીનો સંસ્કાર જે પેસી જાય છે તેની ચિંતા છે. પૈસા એ શકુનિના પાસા છે. યુધિષ્ઠિર માનતા હતા કે આ હમણાં હું જીતી જાઉ છું, પણ બધું ખોયું, નીતિની લક્ષ્મી કાયમ રહેશે.
વસ્તી ૧૨૦૦ : વેરૂભા નારસંગ, હરિજન મઘાભાઈ ગલાભાઈ, કાળુભાઈ નારણભાઈ

## ★ તા. ૧૭-૧-૪૮ : ધનાળા, કમિયાળા અને પીંપળી

લોલિયાથી વિહાર કરી ધનાળા આવ્યા. અંતર પાંચ માઈલ. સાણંદવાળા વાસુદેવ વૈદભાની આ સાસરી હોઈ તેઓ અહીં મળવા આવ્યા હતા. લોકો સાથે જરૂરી ચર્ચા થઈ. વસ્તી ૩૧૪ :

ધનાળાથી સવારના જ કમિયાળા આવ્યા. અંતર ત્રણ માઈલ. ઉતારો સ્વામિનારાયણ મંદિરમાં, બપોરે સભા થઈ, લોકોએ કહ્યું ઘઉંનો ભાવ રૂપિયા દસ મળે તો તેથી વધુ લેવા લલચાઈશું નહીં. અહીં હરિજનોનાં ૫૨ ગામના આગેવાનો પૈકી બે આગેવાનો રહે છે. તેમની સાથે નાતમાં સંપ જળવાઈ રહે અને હરિજનોનાં દેવાં ઓછાં કેમ થાય તે સંબંધી ચર્ચા કરી.
તા. ધંધુકા. વસ્તી ૬૦૦

## પીંપળી

કમિયાળાથી સાંજના પીંપળી આવ્યા. અંતર ત્રણ માઈલ હશે. નાનચંદભાઈ આગળથી આવી ગયેલા. ગામલોકો વિદ્યાર્થીઓ સાથે તેમણે સ્વાગત કર્યું. ઉતારો નિશાળમાં રાખ્યો હતો. રાત્રે જાહેરસભા થઈ. પાઈપ લાઈન વાટે પાણી મળે તો ગામ ખુશી છે, પણ રનિંગ ખર્ચ અને બીજું કંઈ અમે નહીં આપી શકીએ, તેમ જણાવ્યું. તાલુકદારોનાં ૬૦ ઘર છે. આમજનતા દબાયેલી છે. ઊંચું મસ્તક રાખી બોલી શકે તેમ નથી. ખેતીમાં અડધો ભાગ લે છે . ગઈસાલ ખેડૂતોએ કહ્યું ત્યારે સો મણે પાંચ મણ પથારો આપ્યો. ગણોતધારાનો અમલ થતાં તો આવાં તાલુકદારી ગામોમાં વરસો જશે.

## ★ ૧૮-૧-૪૮ : આમલી, કાદિપુર, ધોલેરા

પીંપળીથી વિહાર કરી આમલી આવ્યા. અંતર પાંચ માઈલ હશે. ઉતારો લોકલ બોર્ડની નિશાળમાં કર્યો. લોકો સાથે વાતો થઈ કેટલાકે કહ્યું, ગઈ સાલ

જલસહાયક સમિતિએ સારું કામ નહિ કરેલું, એ કારણે કેટલાક મતભેદ કાર્યકરો સાથે હતા. ગામ લોકોએ પોતાનો લૂલો ખુલાસો કર્યો . તેમને ધોળી આવવા કહ્યું નિશાળનું મકાન તદ્દન ખરાબ હાલતમાં છે. શાળામાં માત્ર પાંચ સાતની સંખ્યા આવે છે. પાઈપ લાઈન માટે પૈસા આપવાની ના પાડે છે. તળાવ સારું છે.

વસ્તી ૯૦૦

આમલીથી કાદિપુર આવ્યા અંતર ચાર માઈલ. ઉતારો દરબારી ઉતારામાં રાખ્યો. લોકો સાથે વાતો થઈ. તેમણે કહ્યું : અમારા ગામને ભલે પાણીનું સુખ રહ્યું, પણ જેમ ધર્માદા આપીએ છીએ તેમ બીજા માટે પાઈપ લાઈનના પૈસા ભરીશું.

વસ્તી ૪૫૦

## ★ તા. ૧૯-૧-૪૮: ધોલેરા

કાદીપુરથી સાંજના નીકળી ધોલેરા આવ્યા. અંતર ત્રણ માઈલ. ઉતારો ડૉ. રણછોડભાઈના દવાખાને રાખ્યો હતો. વરસાદનું માવઠું થયું હતું તેથી જમીન ચીકણી થઈ ગઈ હતી છતાં કાર્યક્રમ નક્કી થઈ ગયેલો હોવાથી જવાનો પ્રયત્ન કર્યો. રસ્તામાં વરસાદ પડયો, કાદવ ખૂંદતા ખૂંદતા આવ્યા. અહીંના જૈનોનો આગ્રહ હોવાથી બીજે દિવસે ઉપાશ્રયની ભોજનશાળામાં મુકામ કર્યો. ધોલેરા પહેલાં મોટું બંદર હતું ત્યારે ત્રીસ હજારની વસ્તી હતી, આજે ૩૫૦૦ની વસ્તી છે. મકાનો સૂનાં પડયાં છે. જાણે કોઈ નરરાક્ષસ ભરખી ગયો હોય તેવી સૂનકાર નગરી લાગે છે ! સ્વામિનારાયણનું વિશાળ મંદિર છે અને બીજાં પણ મંદિરો દરેક સંપ્રદાયનાં છે. અહીંનું મોતી તળાવ સુંદર છે. લક્કડકામ સસ્તું મળે છે. અહીંના દાળિયા વખણાય છે. બોરીંગ બહુ જ મોટું છે, પણ પાણી ખારું અને બહુ ગરમ આવે છે.

મુખ્ય આગેવાન : ઠક્કર નંદલાલ રમણલાલ, શા. નાનચંદ ચુનીલાલ,
ડૉ. રણછોડભાઈ, હરિજન રાણાભાઈ શમાભાઈ, રાવુભા લધુભાભાઈ

## ★ ૨૧-૧-૪૮ : ભડિયાદ

ધોલેરાથી સડકે સડકે ભડિયાદ આવ્યા અંતર ત્રણ માઈલ હશે. ઉતારો ઉપાશ્રયમાં રાખ્યો. રાત્રે જાહેર સભા થઈ. નંદલાલભાઈ સાથે હતા.

વસ્તી ૨૫૦૦

આગેવાનો,પા.ગોવિંદ ભગવાન, ગુલાબસંગ, હરિજન અમરા કરસન

## ★ ૨૨-૧-૪૮ : રોજકા

ભડિયાદથી સવારના રોજકા આવ્યા. અંતર દસ માઈલ હશે. ઉતારો

ઉપાશ્રયમાં રાખ્યો. રાત્રે સભા થઈ હતી.
વસ્તી ૧૭૫૦
સરદાર પથુભા મનુભા, હરિજન લઘરા વસરામ

**★ ૨૩-૧-૪૮ : ધંધૂકા**

રોજકાથી નીકળી ધંધૂકા આવ્યા. અંતર ચાર માઈલ હશે. ઉતારો હરિજન છાત્રાલયમાં રાખ્યો હતો. હાઈસ્કૂલમાં વિદ્યા અને આપણી ફરજ એ વિષય ઉપર મહારાજશ્રીનું પ્રવચન રાખ્યું હતું. સાંજના વિદ્યાર્થીઓ સમક્ષ વાર્તાલાપ રાખ્યો હતો. કોમવાદથી થતું નુકસાન સમજાવ્યું હતું : મુખ્ય કાર્યકર : બાબુભાઈ મોહનલાલ શાહ, ડૉ. પોપટભાઈ આણંદજીવાળા, મુસેભાઈ કાળુભાઈ દેસાઈ
વસ્તી ૧૬૦૦૦

**★ ૨૪ થી ૪-૨-૪૮ : ધોળીમાં વિશ્વવત્સલ ચિંતકવર્ગ**

ધંધૂકાથી વિહાર કરી રાયકા આવ્યા. અંતર પાંચ માઈલ હશે.અમારે ધોળી જવાનું હતું પણ વચ્ચે જ ગામ લોકોએ રોકી લીધા, ઉતારે વાર્તાલાપ થયો. છોકરાંને સાકર વહેંચી આનંદ કર્યો; વસ્તી ૪૮૫

મુખ્ય આગેવાનો : રાજભાઈ દેવીસીંગ રાજપુત, ભગવાનભાઈ હરિભાઈ પટેલ

રાયકાથી નીકળી ધોળી આવ્યા. અંતર ત્રણ માઈલ હશે. ગામ લોકોએ વાજતે ગાજતે સ્વાગત કર્યું. બહેનોએ કુમકુમ અક્ષતથી વધાવ્યા. ગામ લોકોના આનંદનો પાર નહોતો. આગેવાન કાળુ પટેલ મહારાજશ્રીના ભકત હતા.

અહીં વિશ્વવત્સલ્ય ચિંતક વર્ગ, વિશ્વવાત્સલ્ય ઔષધાલયની મિટિંગ, જલસહાયક સમિતિની મિટિંગ, ભા.ન.પ્રાયોગિક સંઘની મિટિંગ એમ જે પ્રવૃત્તિઓ ચાલે છે તેની મિટિંગો રાખી હતી. મહારાજશ્રી કાઠિયાવાડ તરફ જતા હોઈ છેલ્લાં છેલ્લાં બધા મળી લે તેમ ગોઠવાયું હતું. તા. ૩૦મીના રોજ ખેડૂતોની મોટી સભા થઈ હતી તેમાં શ્રી રવિશંકર મહારાજ, લક્ષ્મીદાસ આસર વગેરે આવ્યા હતા. દરબારોએ અને તેમાંય કુમારશ્રીએ સ્વાગત અને બીજા કાર્યોમાં સારો રસ લીધો હતો.

તે જ દિવસે પૂ. બાપુજીના અવસાનના દુઃખદ સમાચાર જાણ્યા. ખૂબ જ દુઃખ થયું. હવે પલટાયેલી પરિસ્થિતિમાં મહારાજશ્રીએ કયાં વિહાર કરવો તે બાબત વિચાર કરવા રવિશંકર મહારાજને પાછા બોલાવ્યા. તેઓ આવ્યા અને કહ્યું, હાલ તુરત પૂરતા તો તમે કાઠિયાવાડમાં જાઓ.

ચિંતક વર્ગ તારીખ બીજી સુધી રહ્યો હતો. ૧૭ ભાઈબહેનો આવ્યાં હતાં. સૌને

ઓળો અને પોંક ખાવાની મઝા પડી. ગામે ખૂબ સેવા કરી. તેમાં કાળુ પટેલનો મુખ્ય હિસ્સો હતો. વચ્ચે એક દિવસ કમાલપુર અને વખતપુર જઈ આવ્યા. અહીંથી દોઢ માઈલ દૂર ભાદર નદી છે, તેમાં પાણી થોડું છે ત્યાં બધાં સ્નાન કરવા જતાં. પાણીનો અહીં બહુ ત્રાસ છે. પણ જલસહાયક સમિતિ તરફથી વિશાળ તળાવ ખોદાયેલું છે.

વસ્તી ૭૦૦. મુખ્ય આગેવાન : કાળુભાઈ અમુભાઈ, ભગવાનભાઈ હરજીભાઈ, તાલુકદાર કુમારશ્રી જોરાવરસિંહજી

**★ ૫-૨-૪૮ : અડવાળ**

ઘોળીથી સવારના નીકળી અડવાળ આવ્યા. અંતર ચાર માઈલ હશે. બપોરે તાલુકદારો અને ખેડૂતોની સભા થઈ. અહીં પગી લોકોની ઠીક ઠીક વસ્તી છે. એક પગી કે જે ખેડૂતો માટે હિંમતભેર બોલી શકતો હતો તેમને દરબારોએ અરજી કરી ગૂંડા ઍકટમાં પકડાવ્યો છે. ભાગ કાયદેસર ત્રીજો હોવા છતાં પાંચ દુ લે છે. છતાંય ખેડૂતોને નોટિસો આપી છે.

વસ્તી ૩૦૦૦. ગરાસિયા લોકોની મુખ્ય વસ્તી છે.

**★ તા. ૬-૨-૪૮ : ઝાંઝરકા**

અડવાળથી પ્રવાસ કરી ઝાંઝરકા આવ્યા. અંતર ત્રણ માઈલ હશે. અહીં હરિજન કોમની સૌથી મોટી ધર્મ સંસ્થા છે. તેને 'જગ્યા' કહે છે. તેમાં મંદિર છે, સમાધિ છે. મહંત લાલદાસ સારી સેવા બજાવે છે. તેમને મળ્યા હતા.

વસ્તી ૯૦૦

**★ તા. ૭-૨-૪૮ : કંથારિયા**

ઝાંઝરકાથી વનાળા થઈને કંથારિયા આવ્યા. ઉતારો ઉપાશ્રયમાં રાખ્યો. અહીં બે દિવસ રોકાયા એક દિવસ હરિજનવાસમાં પ્રવચન રાખ્યું હતું. બન્ને દિવસ રાત્રી સભા સારી થઈ હતી. અહીંના કાર્યકર હરિશંકર વિદ્યાર્થી છે. તેમણે એક આશ્રમ પણ બનાવ્યો છે. અહીં નિશાળ છે પણ હરિજનોના બાળકોને એનો લાભ મળતો નથી.

વસ્તી ૨૦૦૦, સૌથી વધારે વસ્તી હરિજનોની છે !

અહીંથી વઢવાણ જિલ્લો શરૂ થાય છે.

★

# સૌરાષ્ટ્રમાં પ્રવેશ

**★ તા. ૮-૨-૪૮ : છલાળા**

કંથારિયાથી નીકળી છલાળા આવ્યા. અંતર ત્રણ માઈલ. ઉતારો ઉપાશ્રયમાં રાખ્યો. હવે કાઠિયાવાડી સંસ્કૃતિનાં દર્શન થવા લાગ્યાં. રાત્રે જાહેર સભામાં ચાર વર્ણ ચાર આશ્રમનો ધર્મ સમજાવ્યો.
વસ્તી ૯૨૫

છલાળામાં ૨૨ ભાઈ બહેનોએ ઓછાવત્તા સમયની ચા નહીં પીવાની પ્રતિજ્ઞા લીધી હતી.

**★ તા. ૯-૨-૪૮ : ભડકવા, લાલિયા**

છલાળાથી બપોરના ભડકવા આવ્યા. અંતર સાડાચાર માઈલ. ઉતારો ઉપાશ્રયમાં રાખ્યો હતો. પાદરમાં વાંસળ નદી વહે છે. એક કૂંડ છે. અહીં ભાદરવા વદી અમાસે મેળો ભરાય છે.
વસ્તી ૧૮૦૦ :

ભડકવાથી નીકળી સાંજના લાલિયા આવ્યા. અંતર ચાર માઈલ. ઉતારો ઉપાશ્રયમાં રાખ્યો હતો. રાત્રિ સભા સારી થઈ હતી.
વસ્તી ૧૨૦૦ આગેવાન, લીંબાભાઈ માવજીભાઈ

**★ તા. ૧૦-૨-૪૮ : વસતડી તથા મોરવાડ**

લાલિયાથી વિહાર કરી વસતડી આવ્યા. અંતર આઠ માઈલ હશે. ઉતારો ઉપાશ્રયમાં રાખ્યો હતો. સભામાં ૨૦ ભાઈ બહેનોએ ઓછાવત્તા સમય માટે માંસાહાર નહિ કરવાની પ્રતિજ્ઞા લીધી હતી.
વસ્તી ૨૩૦૦ :

વસતડીથી સાંજના વિહાર કરી મોરવાડ આવ્યા. અંતર સાડા ત્રણ માઈલ હશે. ઉતારો ઉપાશ્રયમાં રાખ્યો. અહીં નદી કિનારે બોરડીનાં ઘણાં વૃક્ષો છે.
વસ્તી ૩૫૦

**★ તા ૧૧ થી ૨૫-૨-૪૮ : સાયલા**

મોરવાડથી નીકળી સાયલા આવ્યા. અંતર છ માઈલ હશે. સંતબાલજી મહારાજના ગુરુદેવ પૂજ્ય નાનચંદ્રજી મહારાજ અહીં જ બિરાજમાન હતા. ઉતારો ઉપાશ્રયમાં જ હતો ગામલોકોએ સામે ચાલી ભાવભર્યુ સ્વાગત કર્યુ હતું.

અડવાળાથી નીકળી અમે છલાળા આવ્યા. ભાલનું ખારું તળ અહીંથી બદલાય છે છતાં, અહીંની જમીનમાં પણ તેલિયું પાણી નીકળે છે કે જે ખૂબ ગરમ પડે છે. એટલે આવાં ગામોમાં પણ તળાવ કે નળના પાણી વગર છૂટકો નથી. રસ્તામાં જાંઝરકા ગામ આવ્યું. અહીં ગુજરાત અને કાઠિયાવાડની હરિજન કોમની સૌથી મહત્ત્વની ગણાતી ધાર્મિક જગ્યા છે. મહંત, હરિજનો અને સવર્ણોના આગ્રહથી થોડો સમય રોકાઈ અમે આગળ ચાલ્યા. એક નવા જ પ્રદેશમાં હવે અમારો પ્રવેશ થઈ ચૂકયો હતો. તાલુકદારી ગામો; નિસ્તેજ મુખી, ચિંથરેહાલ ખેડૂતો. જે ગામોમાં વિઘોટી હતી ત્યાંની સ્થિતિ સારી હતી. ભાલનો ઝાડપાન વગરનો મુલક છોડયા પછી અહીં કૂવાના પાણીની વાડીઓને કારણે લીલોતરી અને વૃક્ષોની ઘટા આંખે ચઢતી હતી. એક પછી એક ગામડાં પસાર કરતા કરતા મોરવાડ આવ્યા. નદીકિનારે બોરડીનાં જૂથ જામેલાં હતાં. બોર પણ સામાન્ય બોરડી કરતાં વધુ પ્રમાણમાં હતાં. ત્યાંથી સાયલા જવાને નીકળ્યા. ગામને પાદરે જ ભાઈ બહેનો રાહ જોઈને બેઠાં હતાં. ગામની નજીક પહોંચતાં પહોંચતાં ટોળું વધવા લાગ્યું. આ એક અપૂર્વ દિવસ હતો, છેલ્લા કેટલાય દિવસથી ગુરુદેવ નાનચંદ્રજી મહારાજના, સંતબાલ કયાં છે ? કયારે આવે છે ? એવા પત્રો આવ્યા કરતા હતા. આજે એ શુભ દિવસ આવી પહોંચ્યો અને ગુરુશિષ્ય ગળગળે હૈયે મળ્યા. પ્રાસંગિક બોલતાં સંતબાલજીએ કહ્યું. "હું એમ તો બાહ્યદષ્ટિએ ગુરુદેવથી દૂર વસું છું. પણ અંતરથી હું દિવસે દિવસે વધુ ને વધુ નજીક જઈ રહ્યો છું.

બીજે દિવસે ગાંધીજીનો શ્રાદ્ધદિન હોવાથી યુવક મંડળ તરફથી પ્રભાત ફેરી, કાંતણ, ગીતાવાંચન, ભસ્મ પધરામણી વગેરે કાર્યક્રમો યોજાયા હતા.

બપોરના ગીતા વાચન બાદ શ્રી નાનચંદ્રજી મહારાજે ગાંધીજીને પ્રિય વૈષ્ણવ જન તો તેને કહીએ' ગવડાવ્યું હતું અને કહ્યું, જે સાચો વૈષ્ણવ છે, તે સાચો મુસલમાન છે, સાચો જૈન છે, સાચો ખ્રિસ્તી છે. જે પરની પીડા જાણે છે તે ધર્મી છે. કોણ કહી શકશે કે ગાંધીજી અમારા ન હતા અને જો આપણે એમને આપણા માનતા હોઈએ તો એમના આદર્શોને આપણે અપનાવવા જોઈએ. સ્પૃશ્યાસ્પૃશ્યતામાં અભેદ, હિંદુમુસ્લિમ એકતા અને શ્રમની પ્રતિષ્ઠા એ એમના જીવનની મુખ્ય વાતો હતી.

ત્યારબાદ નગરજનો સાથે અમે હરિજનવાસમાં ગયા. ત્યાં પ્રસંગોચિત બોલતાં મુનિશ્રીએ કહ્યું : "કામથી કોઈ ઊંચ કે નીચ નથી, ગુણથી ઉચ્ચતા અને નીચતા આવે છે. આને આપણે ઊલટી રીતે સમજીએ છીએ. આગળ બોલતાં તેઓએ, કહેવાતા અસ્પૃશ્યોમાં પ્રત્યાઘાતો પડે તે પહેલાં જ અપનાવી લેવાની સવર્ણોને ભલામણ કરી

હતી. ત્યારબાદ ભસ્મ કોને હાથે પધરાવવી એ પ્રશ્ન આવ્યો. કેટલાક ભાઈઓએ કહ્યું, "આ પ્રસંગે સારા પૈસા એકઠા થઈ શકે એમ છે, તો ઉછામણી કરીને જે વધુ પૈસા આપે તેના હાથે પધરાવવી." આ સૂચન અંગે પોતાનો અભિપ્રાય રજૂ કરતાં મહારાજશ્રીએ કહ્યું, "આપણે ભાવના કરતાં કાર્યને વધુ મહત્ત્વ આપીએ છીએ, તેથી જ પાયામાં ભૂલ રહી જાય છે. ધનવાનને એકવાર પ્રતિષ્ઠા મળી એટલે લોકો નીતિ-અનીતિ કાંઈ પણ જોયા વગર ધન એકઠું કરવા લાગી જાય છે. મને પૂછો તો હું ધનને પ્રતિષ્ઠા ન જ આપી શકું. તમે કોઈ પવિત્ર બ્રાહ્મણ કે જેણે ગાંધીજીના આદર્શનું થોડું પણ પાલન કર્યું હોય તેને હાથે આ વિધિ કરાવો તો મને ગમે.

સામાન્ય રીતે દેશભરમાં મોટા કાર્યકરો, અમલદાર કે રાજાઓને હસ્તે ભસ્મસમર્પણની વિધિ થઈ હતી, અહીં મહારાજશ્રીએ સૂચન કર્યું કે આ ગામની જ એક બાળાને ગાંધીજીએ પોતાની દીકરી તરીકે ઉછેરી છે, તો એમની અંતિમ ભસ્મ પણ હરિજનબાળાને હાથે જ સમર્પણ થાય તો સારું ગણાય. યુવાનો અને ગામલોકોએ એ સૂચન વધાવી લીધું. સાયલા ગામના નગરજનોનું આ પગલું ખરેખર સ્તુત્ય ગણાય.

ભસ્મ પધરામણી પૂર્વે બે બોલ કહેતાં મહારાજશ્રીએ કહ્યું, "બાપુની ભસ્મ તો હમણાં પાણીમાં અદશ્ય થઈ જશે. બાકી રહેશે તેમના આદર્શો - સત્ય અને અહિંસા. બાપુની કાયમી યાદ માટે આ આદર્શોને આપણે ન ભૂલીએ. અત્યારની તમારા દિલની ભાવનાને ટકાવી રાખવાનો આ જ એક માર્ગ છે."

સમય થયો. જે ગામે બાપુને પ્રથમ હરિજન-પુત્રી આપેલી, તે જ ગામની અને તે જ કોમની એક બાળાને હાથે તેમનાં અવશેષોની છેલ્લી પધરામણી થઈ. બ્રાહ્મણોએ વેદમંત્રો ઉચ્ચાર્યા લોકોએ પ્રભુસ્મરણ કર્યું, પોલીસે સલામી આપી અને ગાંધીજીના જયનાદ સાથે સૌ વિખરાયાં.

રાત્રિ-પ્રાર્થનામાં સંતબાલજીએ બોલતાં કહ્યું, "ઘણાંને થશે ગાંધીજી અને આ સાધુને શું લાગે વળગે ? ધર્મ અને રાજકારણને મેળ કયાંથી મળે ?" હું તેમને કહું છું, "ધર્મ એ કાંઈ મંદિર કે મસ્જિદની વસ્તુ નથી. એ તો અંતરની વસ્તુ છે. ધર્મ અને રાજકારણને છૂટા છેડા હોઈ જ ન શકે. ધર્મમાં રાજકારણ સમાઈ જાય છે. ધર્મ વગરનું રાજકારણ રાવણ રાજ્ય જેવું બની જાય છે. જે દિવસે ધર્મગુરુઓ રાજ્યતંત્રના વાહકો અને પ્રજાને દોરનાર બનશે, તે દિવસે પૃથ્વી ઉપર સ્વર્ગ ઊતરશે.

સાયલાના નિવાસ દરમ્યાન એક દિવસ મુસ્લિમ ભાઈઓની સભા રાખી હતી. યુવક મંડળના સભ્યોએ પણ તેમાં ભાગ લીધો હતો. મુસ્લિમોને હવે પાકિસ્તાન તરફથી નજર ખેંચી હિંદી સંઘ તરફ નજર રાખવાનું મહારાજશ્રીએ કહ્યું હતું. અહીં બંને કોમ વચ્ચે ઘણો સારો ભાઈચારો છે. ઘણા વખત પહેલાં તેઓએ લીગ વિખેરી નાખી છે અને હિંદુઓએ પણ તેઓના રક્ષણની બાંહેધરી આપી છે.

એક દિવસ ગુજરાતી શાળાનાં શિક્ષક શિક્ષિકાઓની મિટિંગ રાખી હતી. તેમાં શિક્ષકોને નવી પરિસ્થિતિ અંગે કેમ વર્તવું તે અંગે ખ્યાલ આપ્યો હતો અને તેમની મુશ્કેલીઓ સાંભળી હતી.

★ ★ ★

મને ખાત્રી છે કે મુસ્લિમ બિરાદરોની આ પરિષદ માત્ર બૃહદ્ ગુજરાતના જ નહિ બલકે હિંદી સંઘ અને પાકિસ્તાનભરના મુસ્લિમો તેમજ હિન્દુઓને એ સંદેશો આપશે કે દ્વિરાષ્ટ્રની ભૂલને અમો પશ્ચાત્તાપપૂર્વક સાફ કરીશું અને માનવતાના પાયા પર પુનઃ સ્થાપિત થનારી અખંડ હિન્દની વ્યાસપીઠ દ્વારા એશિયા અને ઈતર ખંડની પ્રજાને તે જ માર્ગે જવાની પ્રેરણા આપીશું.

(મુસ્લિમ પરિષદને પાઠવેલા સંતબાલજીના સંદેશમાંથી)

સાયલાથી નીકળી અમે સુદામડા આવ્યા. અહીંની એક વિશેષતા એ છે કે એકેએક કોમના માણસો અહીં ગિરાસદાર છે અને જાતે ખેતી કરે છે. અહીંનું સરોવર ખૂબ વિશાળ છે. નહેર વાટે ખેતી માટે આજે પણ પાણી અપાય છે. એની બચતના બે લાખ રૂપિયા પડયા છે. જો તેનો ઉપયોગ સરોવરને વિકસાવવામાં થાય તો ભવિષ્યમાં તે ખેતીને ખૂબ ઉપયોગી થઈ શકે. અહીંના હરિજનોમાં ડાંગસિયા કરીને એક જાતિ છે. તેમનો પહેરવેશ ભરવાડ કોમના જેવો ગરમ કપડાંનો જ છે. તેઓના ચહેરા પણ તેજસ્વી હોય છે. અને ગરમ કપડાં વણવાનું જ કામ કરે છે. એમનું જીવન જોઈ આપણને સ્પષ્ટ લાગે કે સવર્ણો ને હરિજનોનો સંબંધ અને જીવનવ્યવહાર કેટલો નિકટનો છે. અહીંની હરિજન સભામાં પૂ. મહારાજશ્રીએ કહ્યું, "આપણે ખાદી વણીએ છીએ ખરા પણ કાંતતા નથી, કેટલાક કાંતે છે તો વણતા નથી, કારણ કે આપણને એ ઉદ્યોગોની પાછળનું સાચું રહસ્ય સમજાયું નથી. પૈસા કયાંથી મળે તે તરફ આપણી નજર જાય છે. તેથી જ મિલોમાં ભરતી થાય છે. પણ એ મિલોએ તો હજારોને રોજી આપી લાખોને બેકાર કર્યા છે."

સુદામડાથી ચોરવાડ, બલદાણા થઈ લિંબડી આવ્યા. ઉપાશ્રયમાં બિરાજતા જૈન મુનિ મહારાજોના આગ્રહથી સવારમાં 'જૈનો અને જૈનત્વ' એ વિષય ઉપર એક પ્રવચન રાખવામાં આવ્યું હતું. એ વિષય પર બોલતાં મહારાજશ્રીએ કહ્યું, "જૈન એટલે ચારિત્ર્યવાન વ્યક્તિ. અને જે ચારિત્ર્યવાન હોય તેની જગત પર છાપ કેમ ન પડે ? માણસ ગમે તે કોમનો કેમ ન હોય, પણ જ્યારે એને જૈન શબ્દથી સંબોધવામાં આવે છે ત્યારે એની વિશિષ્ટ ફરજ ઊભી થાય છે. તે ફરજ છે : મિત્તી મે સવ્વ ભૂએષુ. એટલે કે પ્રાણીમાત્રમાં પોતારૂપ આત્મા છે એમ વિચારનાર પોતાના જીવનવ્યવહારથી બીજાને દુઃખ કેમ આપી શકે ? કેટલીકવાર અમુક શબ્દોને અને વસ્તુઓને પ્રતિષ્ઠા મળી જાય છે. જેમ કે ખાદી પહેરનારથી લાંચ ન લેવાય કે દેવાય. તેવી જ રીતે જૈન શબ્દથી શી ફરજ ઊભી થાય છે, તેનો આપણે વિચાર કરવો જોઈએ. જૈન એટલે જીતનાર. તેનું જીવન અને કવન સમાજમાં આગળ તરી આવવું જોઈએ, પણ આજે તો યુવાનોને પોતાની જાતને જૈન કહેવડાવાતાં શરમ આવે છે. તેનું કારણ કહેવાતા જૈનીઓની દષ્ટિનો દોષ છે.

જૈનોના તીર્થંકરો ક્ષત્રિય જાતિમાંથી થયા છે. કારણ કે વીરતા તેમનું મુખ્ય અંગ છે. જે પોતે જાગેલો હોય અને બીજાને જગાડતો હોય તે જ છે સાચો વીર. આવો વીર બીજાને ચેપ લગાડે. એ વીરની તાકાત એવી ઠંડી હોય છે કે આખું વિશ્વ એના ખોળામાં આવી આળોટવાની ઈચ્છા કરે છે. એ વીર શાંતિનો સાગર હોય છે. એના રાઈ રાઈ જેટલા ટુકડા કરે, તો પણ મોઢેથી એક શબ્દ પણ તે ન ઉચ્ચારે. એવી વીરતાનો પૂજક સાચો જૈન જન્મતો નથી, પણ ગુણથી થાય છે. માણસ ગમે તે કોમમાં જન્મ્યો હોય પણ તેનામાં જો આ ગુણો હોય તો તે જૈન જ છે. જ્યાં જ્યાં અન્યાય દેખાય ત્યાં ત્યાં તે દોડી જઈ તેનો પ્રતિકાર કરે છે. આ દષ્ટિએ ગાંધીજી એક સાચા જૈન હતા. એમની આખી જિંદગી સત્ય અને અહિંસા માટે લડવામાં જ ગઈ છે. સત્ય અને અહિંસા તેમના પ્રણવમંત્ર છે. જૈન ધર્મ પોતા તરફ વધુમાં વધુ ઉદાર થવાનું શીખવે છે. આપણે જો એવા થઈશું, તો જૈન ધર્મનો સૂર્ય સોળે કળાએ ખીલી ઊઠશે. તેનો પ્રકાશ આખા જગતને અજવાળશે.

ઉપસંહાર કરતાં છોટાલાલજી મહારાજે કહ્યું : જૈન કોમનો મોટો ભાગ વેપારી છે. જ્યાં સુધી તે વિશ્વાસઘાત અને કાળાં બજારમાંથી ઊંચે ન ઊઠે, ત્યાં સુધી તે બીજાને શું ઉપદેશ આપી શકે ?

ત્યાંની એક જાહેર સભામાં એક યુવાન બાઈએ પ્રશ્ન પૂછ્યો, કે મહારાજ, તમારી પ્રવૃત્તિઓ ગમે છે તો ખરી, અને દેશની પરિસ્થિતિની દષ્ટિએ એ જરૂરી પણ

છે. પણ આપે દીક્ષા ટાણે ત્યારે જે પ્રતિજ્ઞાઓ લીધી હતી તેમાં ફેરફાર થઈ શકે ખરો ? મહારાજશ્રીએ કહ્યું કે પ્રતિજ્ઞાનો આશય તો રાગ, દ્વેષ, મોહ, માયા વગેરે જીતવાનો છે. આત્માનું કલ્યાણ વિશ્વના કલ્યાણ સાથે જ છે. એટલે જ પોતે તરવું અને બીજાને તારવા એ પ્રતિજ્ઞા જ્યારે વ્યવહારમાં આવે છે, ત્યારે વિચાર માગી લે છે. મહાવીર બાર વર્ષ ફર્યા તેનું કારણ પ્રાણીમાત્રનો અભ્યાસ કરવો એ હતું. ચંડકોષિક જેવા સાપના ડંખ પ્રત્યે પણ અમી વરસાવવામાં સફળ થયા ત્યારે તે સાધના પૂરી થઈ એમ માન્યું. વ્યકિતની આધ્યાત્મિક દશા માપવાનું સ્થાન સમાજ જ છે. અને એ દષ્ટિએ લોકસંપર્કમાં ફકત એટલું જ ધ્યાન રાખવાનું છે કે રાગદ્વેષથી હું કયાં કયાં દૂર રહી શકું છું ને કયાં કયાં પડી જાઉ છું.

જડ ક્રિયાકાંડને આપણે ધર્મ માની લઈએ છીએ એટલે આવા પ્રશ્નો ઊઠે એ સ્વાભાવિક છે. પણ ધર્મ એ તો અંતરની વસ્તુ છે.જીવનની એકેએક ક્રિયામાં તે માર્ગદર્શન આપી શકે છે.

### ★ તા. ૨૭-૨-૪૮ : ચોરવાડ

સુદામડાથી નીકળી ચોરવાડ આવ્યા. અંતર આઠ માઈલ હશે. ઉતારો ઉપાશ્રયમાં રાખ્યો હતો. અહીં ફરીવાર આવવાનું બન્યું હતું.

### ★ તા. ૨૮-૨-૪૮ : બલદાણા

ચોરવાડથી વિહાર કરી બલદાણા આવ્યા. અંતર નવ માઈલ હશે. ઉતારો ઉપાશ્રયમાં રાખ્યો હતો. રાત્રે સભા સારી થઈ હતી.

### ★ તા. ૨૯થી ૩ માર્ચ, ૧૯૪૮ : લિંબડી

બલદાણાથી વિહાર કરી લિંબડી આવ્યા. અંતર સાત માઈલ હશે. ઉતારો ઉપાશ્રયમાં રાખ્યો હતો. ગામ લોકોએ સામા આવી સ્વાગત કર્યું હતું. પૂજ્ય સાહેબ અને છોટાલાલજી મહારાજનો આગ્રહ ઉપાશ્રયમાં ઉતારવાનો હતો. તેમણે કહ્યું અમને હરિજન પ્રશ્ન નડતો નથી, પણ સંઘને પૂછવું જોઈએ. મહારાજશ્રીના આવવાથી બધા વર્ગોનો ખૂબ જ આદરભાવ જણાઈ આવતો હતો. લાધાજીસ્વામિ પુસ્તકાલય અને સામે બીજું પુસ્તકાલય ખૂબ સારાં અને મોટાં છે.

હા પસ્તાવો !

લિંબડીનો આ પ્રસંગ છે. સાંજની પ્રાર્થના માટે અમે જઈ રહ્યા હતા. એકાએક એક ભાઈએ આવી મહારાજશ્રીને સમાચાર આપ્યા, 'કરસન પગીનો પુત્ર અને તેનો

સાથીદાર આપને મળવા માગે છે.' પ્રાર્થના અને પ્રવચનનો સમય નક્કી હતો એટલે મહારાજશ્રીએ કહ્યું, 'પ્રાર્થના અને પ્રવચન પછી'. પ્રવચન પૂરું થતાં બે જુવાન સભામાંથી ઊભા થયા. લોખંડી શરીર, કેડે કમરબંધ અને હાથમાં લટકતી તલવાર. એમની આંખો જોતાં જ લાગે કે એ સામાન્ય માનવી નથી. આ બે હતા : કરસન પગીનો દીકરો વાહન પગી અને વાહનનો સાથીદાર પોપટ પગી. આખી સભા આશ્ચર્યમાં ડૂબી ગઈ.

લિંબડીના હિજરતના એ દિવસો હતા. પાણિશણાનો કરસન પગી રાજ્યનો હાથો બન્યો અને લૂંટ ચલાવવા માંડી. આજે પણ એના નામથી લિંબડીવાસીઓનાં હૈયામાં કમકમાં આવી જાય છે. એનો દીકરો વાહન એનાથીય સવાયો નીકળ્યો. પોપટ પગી એનો સાથી થયો. લૂંટ, ખાતર, શિકાર, દારૂ કાંઈ બાકી ન રાખ્યું.

તે બન્ને જુવાનો આગળ આવ્યા અને હાથ જોડી ગળગળે અવાજે મહારાજશ્રી પાસે આવી બોલ્યા, "મહારાજ નેમ આપો, અમારાં પાપી જીવન અમોને સતાવી રહ્યાં છે. બહુ દી'થી કોઈ પવિત્ર સાધુની શોધમાં હતા. કોઈ સાચા સાધુ પુરુષ મળી જાય તો પાપનો એકરાર કરી પાવન થઈએ."

'તમે મને ક્યાંથી ઓળખો ?' મહારાજશ્રીએ પૂછ્યું.

'તમોને ? તમોને કોણ ના ઓળખે ? ધોમ ધખતો તાપ અને ભાલના સૂકા પ્રદેશમાં ઉઘાડે પગે જે અમારે માટે ફરે તેને અમે ન ઓળખીએ ? થોડા દિવસ પર ખબર મળી કે આપ આંય લિંબડીમાં પધારવાના છો, અને કાલે ચાલ્યા જવાના છો. એટલે દોડતા આવ્યા છીએ.' વાહને કહ્યું.

'તમારી વાણીમાં તમારા દિલના ભાવો વહે છે. વિકૃત્ત માર્ગે ચઢેલી શૂરવીરતા જો સારે માર્ગે વળે, તો જાદુઈ અસર પેદા કરે છે. શૂરવીર જ આવો સાચો ધર્મિષ્ઠ બની શકે. હાલ તુરત તો તમો બંનેને દારૂ, શિકાર અને લૂંટમાં ભાગીદાર ન બનવાની તમે તમારી શકિતનો ઉપયોગ કર્યો છે તો હવે તેમના સંરક્ષણ માટે વાપરજો. તમે સાચા માનવ બનજો.'

સભા તો દિગ્મૂઢ થઈ ગઈ. આ વાહન પગી ! આ પોપટ પગી ! એમનો હૃદયપલટો !

સભા પૂરી થઈ. મહારાજશ્રીએ શાંતિસૂત્ર ગાયું. લોકો વિખેરાયા. વાહન મહારાજશ્રી પાસે આવી પહોંચ્યો અને ચરણમાં ઢળી ફરીથી આશીર્વાદ માગવા લાગ્યો.

'મહારાજ ! આજથી હું તમારો છું. જ્યારે જ્યારે તમોને મારી મદદની જરૂર પડે ત્યારે મને બોલાવજો. ભાલ નળકાંઠાની લૂંટથી મારું કાંઈ જ અજાણ્યું નથી. લૂંટફાટ કરનાર એકેએકની સાથે મારો પરિચય છે. મારો ઉપયોગ કરજો.

મહારાજશ્રીની આંખમાં પ્રેમ અને શાંતિ તરવરતાં હતાં.

**હા પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઊતર્યું છે,**

**પાપી તેમાં ડૂબકી દઈને પુણ્યશાળી બને છે.**

એકાએક કલાપીના કાવ્યની એ પંક્તિ મારા દિલમાં ગુંજી ઊઠી.

**જયકાન્ત કામદાર**

★

બીજે દિવસે સવારના વ્યાખ્યાન રાખ્યું હતું. તેમાં બધાં યુનિટોએ હાજરી આપી હતી. મહારાજશ્રીએ કહ્યું :

ધર્મ પાળનાર વ્યક્તિનું જીવન અને આચાર જોઈને તે લોકોને ધર્મ તરફ નફરત થતીજાય છે. એવું કયું કારણ ઊભું થયું છે કે જૈન ગણાતા માણસો શરમાય છે ! એનું કારણ ધર્મ કે જૈન શબ્દ નથી, આપણું આચરણ છે. જૈનોના તીર્થંકરો ક્ષત્રિય જાતિમાંથી થયા છે કારણ કે વીરતા તેનું મુખ્ય અંગ છે. ક્ષત્રિયોમાંથી ઉત્પન્ન થયા છે તેની પાછળ રહસ્ય છે. પોતે જાગેલો હોય એ જ બીજાને જગાડે. જે સૂતેલા હોય તે બીજાને સુવડાવે. તાકાતવાળો હોય તે બીજાને ચેપ લગાડે. આખા વિશ્વનું ઝેર ઘોળીને પી જનારા હોય છે. માટે તે જાતિમાંથી આવ્યા છે. અનંતમાંથી માત્ર ૨૪ને તીર્થંકરનું સ્થાન આપ્યું છે અને તે વીર વર્ગમાંથી. એટલે કે ધર્મ ભવ્ય તાકાત માગે છે. તે તાકાત એવી ઠંઠી હોય કે માણસ તેમાં સમાઈ જાય, આખું જગત તેના ખોળામાં બેસવાની ઇચ્છા કરે, એવો તાકાતવાન માણસ હોવા છતાં શાન્તિનો સાગર હોય. રાઈ રાઈ જેટલા ટૂકડા કરે તો પણ એક હરફ સુધ્ધાં ન ઉચ્ચારે. હાડોહાડની મિંજા એક રંગ લાગ્યો હોય કે જે કદી ન જાય. હનુમાનનું ચરિત્ર એવું છે જેમને રામ વગરની કોઈ ચીજ નહોતી ખપતી. રામમય હતા. અરહંત હક્કને દેવોએ કેટલું દુઃખ દીધું ? મહાવીરમાં કંઈ નથી એમ કેમ કહેવાય ? ત્યારે આજે આપણે કેવું જીવન જોઈએ છીએ ? કલૈયાકુમાર જેવા જુવાનોએ ગોળીઓ ઝીલી ! કેટલું દુઃખ આપ્યું છતાં એક શબ્દ ના ઉચ્ચાર્યો. જૈન જન્મતો નથી, ગુણથી થાય છે. કોઈપણ કોમમાં જૈનના ગુણ હોય તો તે જૈન જ છે. એટલે જ અન્ય લિંગ સિદ્ધ કહ્યું. કોઈપણ કોમમાં સિદ્ધ થઈ શકે છે.

ઉપસંહાર કરતાં છોટાલાલજી મહારાજે કહ્યું, કેટલાક મૂછ નથી રાખતા કારણ કે એ મર્દ રહ્યા જ નથી એટલે હાથે કરીને મૂછ કઢાથી નાખે છે. જૈન કોમ વેપારી છે. પોતે જ કાળાં બજાર અને વિશ્વાસઘાત કરતા હોય ત્યાં બીજાને શું કહી શકે? પોતે જ કાયર હોય તે બીજાને મરદાનગી શું આપી શકે? હું તો સંતબાલજીને કહું છું કે તમે જે ધર્મમાંથી આ બધું મેળવ્યુ છે, તે ધર્મના લોકોને વીર બનાવવા માટે અહીં બેસો, તેમની વચ્ચે કામ કરો. જોકે મને કહેવાનો હક્ક નથી.

તા. ૨-૩-૪૮ના રોજ મહિલામંડળના મકાનમાં બહેનોની સભા રાખી હતી. આ સભામાં ૧૨ બહેનોએ ચા નહીં પીવાની પ્રતિજ્ઞા લીધી હતી. એક વખત ભંગીવાસની મુલાકાત લીધી. મહારાજશ્રીએ કહ્યું, ભંગી એટલે ઋષિ, ઋષિએ ભીખ ન માગવી જોઈએ. એઠું ન ખાવું જોઈએ. સ્વચ્છતા રાખવી, ભણવું, દારૂ બીડી વગેરે વ્યસનો છોડવા કહ્યું. અહીં ભંગી માંસાહાર નથી કરતા.

આ પછી હરિજનવાસની મુલાકાત લીધી. ત્રણ હરિજનવાસ છે. બધે વાસમાં ફરવા ઘણાં ભાઈબેનો સાથે આવ્યાં હતાં. હરિજનો વણકરીનું કામ કરે છે. આ પછી સ્મશાનગૃહની મુલાકાત લીધી. સુંદર વ્યવસ્થા છે.

રાત્રે મુસ્લિમોની સભા થઈ. ઘણા લોકો આવ્યા હતા. છેલ્લે હકીમસાહેબે પ્રવચન કર્યું હતું.

**★ તા. ૪-૩-૧૯૪૮ : ભલગામડા**

લિંબડીથી ભલગામડા આવ્યા. અહીંની વસ્તીનો મોટો ભાગ દરબારોનો છે. રાત્રિસભામાં મહારાજશ્રીએ ચારે વર્ણના ગુણધર્મ સમજાવ્યા હતા. બ્રાહ્મણ, ભૂદેવ કહેવાય છે. પહેલાંના વખતમાં એ લોકો જગતનાં સંતાનને પોતાનાં સંતાન ગણતા. તેમને સંસ્કાર આપવા માટે જીવન ગાળતા અને એ કાર્ય કરતાં જ મરતા. પરંતુ જ્યારથી બ્રાહ્મણને ત્યાં જન્મે તે જ બ્રાહ્મણ, એમ આપણે માનતા થયા, ત્યારથી લાયકાતનું ધોરણ ચાલ્યું ગયું અને કહેવાતા બ્રાહ્મણો પોતાનું કર્તવ્ય ચૂકયા.

બ્રાહ્મણનો દીકરો લોટ માગવા નીકળે એ કેટલી શરમની વાત છે ! દરભંગા તરફના એક પંડિત અમને ન્યાયશાસ્ત્ર ભણાવવા આવ્યા હતા. એક દિવસ એમણે જોયું કે એક બ્રાહ્મણ લોટ માગે છે અને જનતા તેને ગમે તેમ જવાબ આપે છે. પંડિતને ખૂબ દુઃખ થયું. 'બ્રાહ્મણની આ દશા ! મારા દેશમાં હોય તો માર્યા વગર ના છોડું.' અને વાત પણ સાચી છે. એ તરફના પ્રદેશમાં દાન કે ભિક્ષા આપવા માટે બ્રાહ્મણોને ઘેર જઈને આજીજી કરવી પડે છે, એટલું તેમનું સ્વમાન છે.

હવે, સાચો ક્ષત્રિય એટલે શું ? ક્ષત્રિય એટલે પ્રજાનો અદનો સેવક. સેવક હતો એટલે જ પ્રજાએ તેને પોતાનો નેતા બનાવ્યો. પ્રજાના જાનમાલનું રક્ષણ કરી શકે એવો એ વીર હતો, સમરાંગણ એને મન આનંદનું સ્થાન હતું, અન્યાયનો સામનો કરવો એ તેની ફરજ હતી. આ વર્ગની દરકાર પ્રજા પોતે કરતી, અને તેમની જરૂરિયાતો ઘેર બેઠાં પહોંચાડતી. અરવલ્લીના ડુંગરોમાં રખડતો મહારાણા પ્રતાપ અને તેનાં સંતાનો ટુકડો રોટલા માટે વલખાં મારતાં હતાં, ત્યારે ભામાશાએ પોતાની માલમિલકત એના ચરણમાં ધરી દીધી હતી. પણ પ્રતાપે ઈન્કાર કર્યો, ત્યારે તેણે કહ્યું : "મહારાણા ! તમારી મારફતે આ તો હું મારા દેશને જ આપું છું." આવાં તો કેટલાંયે દષ્ટાંતો આપણી સમક્ષ મોજૂદ છે. પણ રાજ્યકર્તાઓ જ્યારે સેવક મટીને ધણી થઈ બેઠા ત્યારે પ્રજાને એમના પ્રત્યે નફરત પેદા થઈ. કેટલાક રાજાઓ આજે બ્રિટિશરો સાથેની સંધિ યાદ કરે છે. પણ એ સંધિ પાછળનો આશય જુદો હતો. વિલાયતમાં તો પ્રજાની વિરુદ્ધ રાજા જઈ ન શકે. એમ કરે તો પ્રજા તેને ગાદી પરથી ઉઠાડી મૂકે. અરે લગ્ન પણ પ્રજાની સંમતિ વિના ન કરી શકે. એ જ પ્રજા હિંદના રાજવીઓ સાથે સંધિ કરે છે, કે 'રાજા પ્રજામત વિરુદ્ધ વર્તે તો પણ માથું નહિ મારીએ પ્રજાને મદદ તો ન જ કરે, ઊલટું રાજાપક્ષે પોતાનાં સાધન વાપરે. આ ઉપરથી એમનો હેતુ આપણે સ્પષ્ટ સમજી શકીએ છીએ.

ભલગામડાથી અંકેવાડિયા થઈને અમે વઢવાણ આવ્યા. વઢવાણમાં એક ભાઈએ પૂછયું : 'મહારાજ, હરિજનોને તમે વધુ પડતું મહત્ત્વ આપો છો, તો ભવિષ્યમાં એ લોકો માથે નહિ ચઢી વાગે ?'

'એ ડર રાખવાની કોઈ જરૂર નથી.' મહારાજશ્રી કહ્યું, 'અને છતાંય પ્રત્યાઘાત પડે તો એ સહન કરીને પણ આગળ વધ્યેજ છૂટકો. એ તો આપણામાં ઊંચાપણાની કોઈ ગ્રંથિ કામ કરી રહી હોય છે, એટલે આમ લાગે છે. હું તો ધર્મદષ્ટિએ કહું છું, પણ રાજકીય રીતે જોઈએ તોયે આ વર્ગની સંખ્યા સાત કરોડ જેટલી છે. હવે તો ૨૧ વર્ષનાં કોઈપણ સ્ત્રીપુરુષને મતાધિકાર મળવાનો. એવે વખતે આપણે સૌ સંયુક્ત રીતે મતદાન કરીશું તો જ પરિણામ સારું આવશે. છૂટા પડી ગયા, તો પરિણામ શું આવશે તે આપણે જોયું છે.'

આગળ ચાલતાં એમણે કહ્યું : 'કેટલાક ભાઈઓ બળાપો કરે છે કે કોંગ્રેસે પાકિસ્તાન સ્વીકારીને બહુ ખોટું કર્યું છે. પણ ખરું જોતાં એમ કરવામાં આપણે જ બહુ મદદ કરી છે. દરેક બાબતમાં આપણે મુસલમાનોથી અતડા રહ્યા હતા. આ બધાંય કારણો આજે હરિજનવર્ગ સામે મોજૂદ છે. એનો ઉકેલ લાવવો હોય તો આપણે

ઊંચાપણાની ગ્રંથિ નાબૂદ કરવી જોઈએ, અને તેમની સાથે ખરા મનથી સંપર્ક સાધવો જોઈએ. આ વાત બધા વર્ગો સાથેના વહેવારમાં લાગુ પડે છે. આપણે વિવેકપૂર્વક વર્તીશું તો બીજાં અનેક સ્થાનોનાં અનિષ્ટોમાંથી ઊગરી જઈશું.'

બહેનોની એક સભામાં મહારાજશ્રીએ કહ્યું, 'હવેના યુગમાં ખડતલ તન અને ખડતલ મનવાળી વીરાંગનાઓની જરૂર છે. આજથી જ બધાંએ પોતાની સંતતિને વીરતાની અને ગમે તેવાં સંકટો પાર કરવાની તાલીમ આપવી જોઈએ. એમણે હિંમત કેળવવી જોઈએ.' સભાજનોને તેમણે કહ્યું : 'સૌરાષ્ટ્રનું ઉત્થાન કરવું હોય તો આંતરિક મતભેદ અને કુસંપ દૂર થવાં જોઈએ.'

વઢવાણ શહેરથી જોરાવરનગર જતાં વચ્ચે 'વિકાસ વિદ્યાલય'માં થોડો વખત રોકાયા હતા. કાઠિયાવાડની તીર્થભૂમિ જેવી આ સંસ્થા સુંદર કાર્ય કરી રહી છે. અનાથ બાળકો તથા દુખિયારી બહેનોને આ સંસ્થા શક્ય એટલી મદદ આપે છે. વિવિધ વિષયોનું શિક્ષણ આપવા ઉપરાંત સ્વાવલંબી ધોરણે વિદ્યાલય ચલાવવામાં આવે છે, એ એની વિશેષતા છે. પણ દુઃખની વાત તો એ છે કે સંસ્થા આવી સુંદર હોવા છતાં શહેરના લોકો પૂરતો રસ આ ત્યજાયેલાં બાળકો પ્રત્યેની સૂગને કારણે લેતા જણાતા નથી.

વિદ્યાલયની બહેનો સાથે થોડો વાર્તાલાપ કર્યા પછી અમે જોરાવરનગર થઈ વઢવાણ કેમ્પ ગયા હતા. નિર્વાસિતો અને મિયાણાઓ વચ્ચે થયેલા ખટરાગનો સુખદ રીતે અંત લાવવા મહારાજશ્રીએ પ્રયત્ન કર્યો હતો. ત્યાર પછી ઘઉંના પ્રશ્નને અંગે ભાલમાં પાછા વળવાનું થયું, એટલે પાણીસણા થઈ અમે ગુંદી આવ્યા.

### ★ તા. ૫-૩-૧૯૪૮ : અંકેવાળિયા-સમલા

ભલગામડાથી વિહાર કરી અંકેવાળિયા આવ્યા. અંતર બે માઈલ, ઉતારો ઉપાશ્રયમાં રાખ્યો, ધોળીથી આગેવાન સાત પટેલિયા આવ્યા હતા. તેમની અને દરબારો વચ્ચે ભાગબટાઈ અંગે સમાધાન થયું. કુમારશ્રીએ મહારાજશ્રી પ્રત્યે સારો ભક્તિભાવ દર્શાવ્યો હતો.

અંકેવાળિયાથી સાંજના સમલા આવ્યા. અંતર બે માઈલ, ઉતારો નિશાળમાં કર્યો. રાત્રે દરબારો સાથે સારી વાતો થઈ.

### ★ તા. ૬ અને ૭ માર્ચ, ૧૯૪૮ : વઢવાણ શહેર

સમલાથી વિહાર કરી વઢવાણ આવ્યા. ઉતારો સેવાસદનમાં રાખ્યો હતો. રાત્રે ધોબી ફળીના ચોકમાં જાહેર સભા રાખી હતી. બીજે દિવસે બપોરે બે વાગ્યે

હરિજનવાસ ૩ થી ૪ કન્યાશાળામાં બેનોની સભા રાખી હતી. રાત્રે આઝાદ ચોકમાં જાહેર સભા રખાઈ હતી. શ્રી શિવાનંદજી સ્થાનિક કાર્યકરો, બેનોભાઈઓ મોટી સંખ્યામાં આવ્યાં હતાં. પ્રવચન બાદ છોટુભાઈ પુરાણીનું પ્રવચન થયું હતું. તેમણે સરકાર સામે કેટલીક ટીકા કરી હતી અને સમાજવાદને ટેકો આપવા જણાવ્યું હતું.

મહારાજશ્રીએ નમ્ર ભાષામાં તેનો ખુલાસો કર્યો હતો. તેમણે કહ્યું કે અત્યારે હિન્દી સંઘ (કોંગ્રેસ)નું બળ તોડવા કરતાં તે કેમ મજબૂત બને તેવાં પગલાં લેવાં જોઈએ. હિન્દી સરકાર સમાજવાદને પગલે જઈ રહી છે, પણ ધીમે ધીમે.

ભંગીવાસમાં ભગવાનજીભાઈ પંડયા શાળા ચલાવે છે. તેઓ હરિજનોમાં સુંદર સેવાકાર્ય કરી રહ્યા છે. શિવાનંદજીનો સારો સહકાર છે.

વસતી ૨૫૦૦૦

મુખ્ય સેવકો : શિવાનંદજી, ભગવાનજી પંડયા, હરિજન નથુભાઈ માસ્તર, નગીનદાસ ગાંધી

**★ તા. ૮ થી ૧૨ : જોરાવરનગર-વઢવાણ કેમ્પ**

વઢવાણથી વિહાર કરી સવારના કન્યા વિદ્યાલયમાં રોકાયા. બહેનો સાથે વાર્તાલાપ થયો. તેમનું કામ, વર્ગો, શિક્ષણ જોયું. સાત શિક્ષિકાઓ છે, ૭૫ કન્યાઓ છે. પુષ્પાબેન મહેતાનાં ભત્રીજી અરુણાબેન દેસાઈ સુંદર સંચાલન કરે છે. અનાથ બાળકો નિઃસહાય સ્ત્રીઓ, પતિતોને રક્ષણ આપવાનું કામ પણ કરે છે.

સાંજના ત્યાંથી નીકળી જોરાવરનગર આવ્યા. અંતર બે માઈલ હશે. ઉતારો જૈન શાળામાં રાખ્યો હતો. રાત્રે પ્રાર્થના બાદ પ્રશ્નોત્તરી થઈ હતી.

★ તા. ૯-૩-૧૯૪૮ **ના રોજ સ્થા. જૈનશાળામાં બહેનોની સારી સભા થઈ હતી**

રાત્રે જૈનશાળાની બહાર જાહેર સભા થઈ હતી. સૌરાષ્ટ્રના ઉત્થાનના પ્રશ્નો અંગે અને ધનની પ્રતિષ્ઠા ઘટાડવા અંગે કહ્યું હતું.

વસતી ૭૦૦૦

જોરાવરનગરથી વિહાર કરી વઢવાણ કેમ્પ આવ્યા. અંતર બે માઈલ. ઉતારો યુવક મંડળના પ્રમુખ શાંતિલાલ રાયચંદને ત્યાં રાખ્યો હતો. અહીં જૈનોની બન્ને ફિરકાની બોર્ડિંગ છે. તે બન્નેની એક સભા રાખી હતી. ત્યારબાદ ભંગીવાસમાં ગયા હતા. ખ્રિસ્તીઓના કબ્રસ્તાનમાં તેમની સભા રાખી હતી. હરિજન સ્કૂલ છે.

રાત્રિસભામાં માનવતાનાં લક્ષણો ઉપર પ્રવચન રાખ્યું હતું. એક દિવસ નિરાશ્રિત કેમ્પની મુલાકાત લીધી. બહેનો સિલાઈ, ભરત-ગૂંથણ કરે છે. એક દિવસ

મિયાણાવાસની મુલાકાત લીધી તેમનાં ૧૨ ગામ છે. મુખ્ય આગેવાનો અયુબભાઈ, ઈસ્માઈલભાઈ, સામંતભાઈ, ઉમરભાઈ અને કાસમભાઈ છે. પહેલાં આ લોકોને પરગામ જવું હોય તો પરવાનગી લેવી પડતી હતી, હાજરી પણ લેવાતી પરંતુ ૧૫ ઑગસ્ટ પછી હિન્દી સરકારે પ્રતિબંધ ઉઠાવી લઈ સુંદર કાર્ય કર્યું તેથી સૌ રાજી થયા છે. આ લોકોનાં ૧૦૦ ઘર છે.

એક દિવસ રતનચંદ્રજી શ્રાવિકા શાળાની મુલાકાત લીધી. બહેનોની સંખ્યા ૭૦ છે. ભરત ગૂંથણ શિખવાડે છે, પ્રૌઢશિક્ષણ પણ ચાલે છે. મહારાજશ્રીએ પછાત વર્ગની બહેનોને અપનાવવા કહ્યું હતું.

૧૨-૩-૪૮ના રોજ હાઈસ્કૂલમાં વિદ્યાર્થી સભા થઈ. તેમાં મહારાજશ્રીએ કહ્યું કે એક રીતે આપણે સૌ વિદ્યાર્થીઓ છીએ. ભણતર શા માટે ? ભણ્યા પછી જ સેવા કરી શકીએ એમ ન માનશો. ભણતાં ભણતાં પણ સેવા કરી શકાય. ૧૯૪૨માં વિદ્યાર્થીઓએ મોટો ફાળો આપ્યો છે. હવેનું રાજકારણ બીજા પ્રકારનું છે. વાદ શું છે ? દુનિયા ક્યાં જઈ રહી છે તે જોવું પડશે. કુંભાર માટીનો પિંડો લઈને પહેલાં એ વિચાર કરે છે કે મારે શું બનાવવું છે ? તેમ ભણતાં પહેલાં વિચારી લેવું જોઈએ મારે શું કરવું છે ? થીયરી શીખીએ છીએ. પ્રેક્ટિસ બાકી રહે છે. ગાંધીજીએ નવી તાલીમ આપી. શિક્ષણ ચાલતું હોય ત્યારે છોકરા કાંકરીઓ મારે છે. કારણ શિક્ષણમાં આનંદ નથી. ભણવું અને ગણવું જુદું છે. ગણવું એટલે આચારમાં મૂકવું. ભણવું એટલે મોઢે કરવું. યુધિષ્ઠિરનો ક્ષમાનો પાઠ આવે છે. સાત દિવસે ક્ષમાનો પ્રયોગ સિદ્ધ થયો ત્યારે જ નિશાળે ગયા. ગાંધીજીનો ચોરીનો પ્રસંગ. ચોરી કરી તો ખરી, પણ પશ્ચાતાપ બહુ થયો. પિતાજી કઈ ન બોલ્યા, ફક્ત આંખમાંથી બે આંસુ પડયાં. ગાંધીજી મહાન થયા તેનું કારણ મન-વચન અને કાયામાં એકવાકયતા હતી. શ્રમને આપણે હલકું કામ માન્યું છે. તેના અભાવથી મનની વૃત્તિને કારણે છૂટયા. પછી તોફાન કરે છે. ગાળો બોલે છે. 'સા વિદ્યા યા વિમુક્તયે ' હોવી જોઈએ. સાણંદમાં હોળી વખતે છોકરાઓ કોઈનો દાદર ચોરી લાવ્યા. તેમને સમજાવ્યા તેમનું મન તો કોરા કાગળ જેવું છે. એટલે પાછો મૂકી આવ્યા.

નિરાશ્રિત કેમ્પની મુલાકાત લીધી ત્યાં જણાવ્યું કે જે કુટુંબો અહીં રહ્યાં છે તેમણે પ્રેમથી રહેવું જોઈએ. જ્યાં રહેતા હોય ત્યાંની પ્રજા સાથે મેલજોલ રાખવો જોઈએ. પાકિસ્તાનની જે મિલકત હોય તેના પુરાવા રાખો, પણ એમ માનીને ચાલો કે એક પાઈ પણ નહીં મળે, પણ મરીને જીવતા હોઈ તેમ માનવું. આપણે માંસાહારી છીએ તો બીજાને સૂગ ન આવે તેમ કરવું. જો આમ કરીશું તો પ્રજાનો પ્રેમ મેળવી શકીશું.

આમપ્રજાની સહાનુભૂતિ માટે ધીરજ રાખવી પડશે. કોણ શું કામ કરી શકે તેમ છે, તેની વિગત એકઠી થાય તો તો સરકાર કે પ્રજા પાસે મૂકી શકાય. પાકિસ્તાન પરત્વેનો રોષ કાઢી નાખવો જોઈએ. હિન્દી સરકાર લઘુમતીનું રક્ષણ કરવા બંધાયેલી છે. લાંચ રુશવત ન આપવી જોઈએ. કયાં રહેવું છે તે ચોક્કસ કરી લેવું જોઈએ. નિરાશ્રિત પ્રશ્ન પ્રજાને અને સરકારને ખૂબ મૂંઝવી રહ્યો છે. જેમ ગાડીમાં બેઠેલા બીજા બહારનાને સહન નથી કરી શકતા, તેમ પ્રજા કદીક ન સહન કરે તો પણ તમે સહન કરી લેશો. અહીં તમારે ડરવાની કોઈ જરૂર નથી. સરકાર મજબૂત છે પણ સાથે સાથે કોઈ ઉશ્કેરાટ થાય તેવી વાણી કે વર્તન પણ ન કરવું. બાળકોને ભણાવજો.

બપોરના સ્ત્રીઓની સભા ૩ થી ૪ જૈન ભોજનશાળામાં થઈ હતી.

અહીં ભાલ નળકાંઠાના કાર્યકરો મહારાજશ્રીને મળવા આવ્યા. તેમણે કહ્યું કે ઘઉંના પ્રશ્ન અંગે ભાલમાં આપની હાજરી જરૂરી છે. આપની હાજરી હોય તો ખેડૂતો મણ ઉપર એક રૂપિયો બચત રાખે અને એ બચતથી આખા પ્રદેશની એક બેન્ક ઊભી થાય. વળી ખેડૂતોને રૂપિયા નવથી ઓછો ભાવ ન મળે. આ બધાં કારણથી મહારાજશ્રી ભાલ નળકાંઠામાં પાછા ફર્યા.

### ★ તા. ૧૩-૩-૪૮ : મેમકા-ભડિયાદ

વઢવાણથી નીકળી મેમકા આવ્યા. અંતર સાત માઈલ. ઉતારો ઉપાશ્રયમાં રાખ્યો. અમારી સાથે જયકાન્ત કામદાર અને ભગવાનજી પંડયા આવ્યા હતા.

ખેડૂતોને અનાજની પરિસ્થિતિ સમજાવી તે પછી ભંગીવાસ અને હરિજન-વાસની મુલાકાત લીધી. તેમના પ્રશ્નો ચર્ચ્યા હતા.

વસતી ૧૪૦૦, મુખ્ય કોમ દલવાડી

મેમકાથી સાંજના વિહાર કરી ભડિયાદ આવ્યા. અંતર ચાર માઈલ હશે. વચ્ચે દરબાર સાહેબનું સાંકળી ગામ આવ્યું હતું.

વસતી ૪૦૦

### ★ ૧૪-૩-૪૮ : મોટા ટીંબલા

ભડિયાદથી નીકળી મોટા ટીંબલા આવ્યા. અંતર સાત માઈલ હશે. વચ્ચે ઉમેદપુર અને ઘાઘરેટિયા ગામ આવ્યાં. રાત્રે જાહેર સભા સારી થઈ.

વસતી ૧૧૦૦

### ★ તા. ૧૫-૩-૪૮ : પાણશીણા

ટીંબલાથી વિહાર કરી પાણશીણા આવ્યા. અંતર આઠ માઈલ હશે. ઉતારો કરસન પગીના દીકરા વાહણ પગીને ત્યાં રાખ્યો હતો. આ વાહણ પગી આ

વિસ્તારમાં લૂંટારા અને ચોર ડાકૂ તરીકે પ્રખ્યાત હતા. લૂંટ અને ચોરી બળાત્કાર અને ખૂન તેને મન સહજ હતું. તેમણે પોતાનું પ્રાયશ્ચિત કરી, લિંબડીની જાહેરસભામાં મહારાજશ્રી સમક્ષ-ચોરી લૂંટ શિકાર ન કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. તે પ્રસંગ આગળ જોઈ ગયા છીએ. તેને પ્રોત્સાહન મળે અને ફરી સમય મળે કે ન મળે તે દૃષ્ટિએ પાંચ માઈલ ફરીને પણ અહીં આવ્યા. તેમને ખૂબ સંતોષ થયો. કહેવા લાગ્યા : 'બાપુ, અમ રાક્ષસનો ઉદ્ધાર થયો. જૈનોની ઈચ્છા ઉપાશ્રયમાં ઉતારવાની હતી, પણ વાહણની ઈચ્છા પોતાને ત્યાં ઉતારો કરાવવાની હતી. તેણે કહ્યું : તમે તો સુધરેલા છો. પણ અમે રાક્ષસ જેવા છીએ. અમને સુધરવાની તક આપો. બપોરના ચૂંવાળિયા ભાઈ બેનોની સભા થઈ. મહારાજશ્રીએ પ્રથમ લિંબડીની હિજરતનો ઈતિહાસ કહ્યો. તે વખતે લૂંટમાં કરસન પગીનું નામ આવ્યું. મેં કહ્યું : હું મળી શકું તો સારું પણ બીજા કામમાં રોકાઈ ગયો. આ લોકો પાસે કોઈ ગયું નથી. જેથી આમ બને છે. ભાલ નળકાંઠામાં ઢોર ચોરીની વાતો ખૂબ સંભળાય છે. તમારો પરાપૂર્વનો ઈતિહાસ જોતાં એમ લાગે છે કે સત્સંગ નહીં મળવાને કારણે તે ચોરી લૂંટ તરફ વળે છે. કોઈપણ માણસ ચોરીથી સુખી થયો હોય તેવું જણાતું નથી, આખો વખત ચચરાટ થયા કરે અને બહેનોની ચિંતાનો તો પાર જ રહેતો નથી. લૂંટ કરતાં બીજા માણસોની ટોળી મળી જાય છે. ૮૪+૫૨ ગામના લોકો ભેગા મળી નિશ્ચય કરે કે અમારે ચોરી કરવી નથી. કરી હોય તેનું પ્રાયશ્ચિત કરે. જેસલે અઘોર પાપ કર્યાં હતાં. તોરલ પાસે ખરાબ માગણી માટે ગયો. નાવડી ડૂબવા લાગી ત્યારે તોરલે કહ્યું : 'જેસલ' તારાં પાપને પ્રકાશી નાખ. માફ થશે અને પીર થઈ ગયો. રાવણ આપણા હૃદયમાંથી નીકળી જાય તો રામ આપોઆપ સ્થાપન થઈ જાય. કબીર સાહેબની પત્નીએ ભગતને ત્રણ વાર રામનું નામ લેવાનું કહ્યું. કબીરે કહ્યું, અગ્નિને એકવાર અડીએ તો બળીએ તેમ રામનું એકવાર નામ લઈએ તો બેડો પાર થઈ જાય. એ રામનું નામ હૃદયથી લેવું જોઈએ. સમાજે તેમને હૂંફ આપવી જોઈએ. વચન પાળવાની પ્રેરણા આપવી જોઈએ. સમાજમાં બે જાતની લૂંટ હોય છે. સફેદ અને કાળી. વેપારી કાળાં બજાર કરે તે સફેદ લૂંટ છે. મારે બન્નેને લડાવવા નથી. પણ બન્ને વર્ગ સમજી લે. લક્ષ્મી આજે રાવણની બની ગઈ છે. નીતિ આવશે તો રામ આવશે. લૂંટથી કોઈ બે પાંદડે થયા નથી. લિંબડીના ઈતિહાસમાં કસરન પગીને માથે કાળી ટીલી ચોંટી છે. તેને હવે ધોઈ નાખવી જોઈએ. તમે નકામા કોઈના હાથા બની ગયા છો. આજે કાઠિયાવાડનું એકમ થયું છે. તેવે વખતે તમારી પ્રતિષ્ઠા જે ગઈ છે, તેને પાછી લાવો. જો તેમ કરશો તો સુખી થશો. નહિ તો તે બીજી આંખે જોશે કે જેથી તમોને બળથી વશ કરશે. હાજરી પુરાવવી એ કલંક લાગી જશે.

સભા પૂરી થયા પછી, વાહણ પગી સાથે બીજા નવ જણે જિંદગી સુધી ચોરી, દારૂ, પાપ અને શિકાર નહીં કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. એક વણિક શા. ત્રંબકલાલ કેશવલાલે પણ જિંદગી સુધી ચોરી, દારૂ અને મટન નહીં ખાવાની પ્રતિજ્ઞા કરી હતી.

એક બહેને વાહણને પ્રતિજ્ઞાપાલન માટે ખૂબ જ ભાવવાહી પત્ર લખ્યો હતો. (તે પત્ર અહીં આપ્યો નથી .)

વાહણપગીએ ધોળીબાઈ નામની તળપદા બાઈને ધર્મની મા કહીને રાખી છે, તેની બેન રતન ખૂબ હોંશિયાર છે. તે પોતે જ કહેતાં હતાં કે મારો ધણી ડાકૂ છે. તેને પ્રતિજ્ઞા લેવડાવો. હાજર રહેલાં કેટલાંક બેનોએ કહ્યું, પ્રતિજ્ઞા લે તો પુણ્યનો ઉદય થાય અને કેસમાં જિતાય. બહેને કહ્યું અમને કેસની કંઈ પડી નથી, પણ આવતો ભવ સુધરી જાય તે માટેની વાત છે. વાહણને જો સારો અમલદાર બનાવવામાં આવે તો તે કહે છે કે આખા કાઠિયાવાડના ધાડ ચોરીના ગુનામાં હું એકલો પકડી આપું. ઘરે ઘરનો ભોમિયો છું. આ મેડી ઉપર રોજ કેટલાય માણસો દારૂની મહેફિલ કરતા હતા, હવે પ્રતિજ્ઞા પછી બંધ થઈ ગયા છે. રાત્રે જાહેર સભા થઈ હતી.

વસતી ૨૫૦૦

### ★ તા. ૧૬-૩-૪૮ : દેવપરા અને મીઠાપુર

પાણશીણાથી દેવપરા આવ્યા. અંતર સાત માઈલ હશે. ઉતારો ઉપાશ્રયમાં રાખ્યો. વસતિ ૭૦૦ માણસની છે.

દેવપરાથી મીઠાપુર આવ્યા. અંતર પાંચ માઈલ, મુકામ નિશાળમાં રાખ્યો. ઘઉંના પ્રશ્ન અંગે ચર્ચા કરી.

**★ તા. ૧૭-૩-૪૮ :** મીઠાપુરથી નીકળી શિયાળ આવ્યા. અંતર પાંચ માઈલ અહીં ઘઉંના પ્રશ્ન અંગે આજુબાજુનાં ગામોમાંથી લોકોને બોલાવ્યા હતા. તેમને ખેડૂત મંડળને ઘઉં આપવા સમજાવ્યા.

### ★ તા. ૧૮-૩-૪૮ : બગોદરા

શિયાળથી બગોદરા આવ્યા. અંતર પાંચ માઈલ હશે. ઉતારો ગગુભાઈના ઉતારે રાખ્યો હતો. રાત્રે લોકોને ખેડૂત મંડળ અને ઘઉંના પ્રશ્ન અંગે સમજણ આપી હતી.

### ★ તા. ૧૯-૩-૪૮ : ગૂંદી

બગોદરાથી નીકળી ગૂંદી આવ્યા. અંતર સાત માઈલ હશે. ઉતારો ઉપાશ્રયમાં રાખ્યો હતો. તા. ૨૦મીએ ખેડૂત પરિષદ ભરાઈ. અમદાવાદથી લક્ષ્મીદાસ આસર

ઉપરાંત ધોળકા-ધંધૂકા તાલુકાના કાર્યકરો અને પચાસ ગામના લોકો આવ્યા હતા. પ્રથમ મહારાજશ્રીએ ખેડૂત મંડળની સ્થાપના કેમ થઈ તે સમજાવ્યું હતું અને હવે સરકારે કંટ્રોલ ઉઠાવી લીધા છે તે ફરી ન આવે તે માટે પ્રયત્નો કરવા જોઈએ. નીતિની રીતે ખેડૂતો તૈયાર થાય તો અત્યારે તક છે, તે ઝડપી લેવી જોઈએ. વળી જો ખેડૂત મંડળને ઘઉં અપાય અને દર મણે રૂપિયો બચત થાય તો તે ઉપર છથી સાત ગણું ધિરાણ થઈ શકે. એટલે ખેડૂતોને બીજા ઉપર આધાર રાખવો ન પડે. વળી મોટી રકમ એકત્ર થાય તો પોતાનો પાક પોતે જ વેચી શકે તેનું બજાર પોતાના હાથમાં જ આવે.

મહારાજશ્રીની દૃષ્ટિ એકલા પૈસા વધારે મળે તે માટે નહીં,પણ પૈસા તો મળે જ (પોષણ થાય તેટલા) પણ નીતિની મૂડી વધારે મળે અને જગતનો તાત કહેવાતો ખેડૂત બધા વર્ગોને માર્ગદર્શન આપી શકે; એની પ્રતિષ્ઠા વધે એ મુખ્ય હતી.

આમ ખાનાર અને ખેડનાર બન્નેને પરવડે તે માટે સફેદ ઘઉંના ૯ થી ૧૨ અને લાલ ઘઉંના આઠથી સાડા નવ ભાવ નક્કી કરવામાં આવ્યા, અને દર પંદર દિવસે કમિટિ, બજાર પીઠ જોઈને ઉપરની મર્યાદામાં રહી ભાવ નક્કી કરે એમ ઠરાવ્યું.

### ★ તા. ૨૩ અને ૨૪ : જવારજ

ગૂંદીથી સાંજના જવારજ આવ્યા. અંતર અઢી માઈલ હશે. ઉતારો ચોરામાં રાખ્યો હતો. ખેડૂત મંડળમાં ભળવા માટે લોકોને સમજાવ્યા. દોઢ દિવસ ચર્ચા ચાલી. દરેક બાજુથી આ પ્રશ્નને ચર્ચ્યો. અંતે અપવાદ સિવાય બધા ખેડૂતો મંડળમાં જોડાઈ ગયા. આ ગામની છાપ આજુબાજુના ગામડાં ઉપર પડે તેમ હતી. તેથી અહીં રોકાયા હતા.

### ★ તા. ૨૫-૩-૪૮ : સરગવાળા

જવારજથી વિહાર કરી સરગવાળા આવ્યા. અંતર પાંચ માઈલ હશે. ઉતારો ચોરામાં રાખ્યો હતો, અહીંના ખેડૂતો ગરીબ છે. આગેવાનો મંડળમાં ભળ્યા. અહીં મીરાંબેન અને બીજાં બેત્રણ બાવળાથી મળવા આવ્યાં હતાં. બીજે દિવસે પાછાં ગયાં હતાં. ગામમાં કુસંપ હતો તેમને સંપ કરવા કહ્યું. એક ગઢવીએ દારૂ, માટી ન વાપરવાની પ્રતિજ્ઞા લીધી.
વસતી ૯૫૦

### ★ તા. ૨૬-૩-૪૮ : ભોળાદ

સરગવાળાથી નીકળી ભોળાદ આવ્યા. અંતર ત્રણ માઈલ ઉતારો ઉપાશ્રયમાં

રાખ્યો, લોકો કેળવણીવાળા લાગ્યા. કૉંગ્રેસ પ્રત્યે ઠીક ઠીક રોષ ઠાલવ્યો. થોડા ભાઈઓ મંડળમાં જોડાયા. અહીંના વેપારીભાઈઓએ ઠીક ઠીક વિરોધ બતાવ્યો. આડકતરી રીતે ખેડૂતમંડળની ભૂલો બતાવતા હતા.
વસતી ૧૦૪૦

**★ તા. ૨૭-૩-૪૮ : સમાણી તથા ઉતેળિયા**

ભોળાદથી પ્રવાસ કરી સમાણી આવ્યા. અંતર બે માઈલ. ઉતારો મંદિરમાં રાખ્યો હતો. બપોરે લોકોને ભેગા કરી મંડળ વિષે સમજણ આપી હતી.
વસતી ૫૦૦

સમાણીથી સાંજના ઉતેળિયા આવ્યા. અંતર ત્રણ માઈલ હશે. રાત્રે જાહેર સભા નિશાળના ચોગાનમાં થઈ. કારભારીએ સારો ભાવ બતાવ્યો.
વસતી ૧૩૦૦

**★ તા. ૨૮-૩-૪૮ : ગૂંદી**

ઉતેળિયાથી ગૂંદી આવ્યા. અંતર ત્રણ માઈલ હશે તા. ૩૦મી જલસહાયક સમિતિની મિટિંગ મળી હતી.

અહીંથી મણિભાઈ પોતાને વતન ગયા હતા. મહારાજશ્રી સાથે જયકાન્ત કામદાર રહ્યા હતા, થોડો વખત જામનગરના મગનભાઈ વોરા પણ સાથે રહ્યા હતા.

**તા. ૨-૪-૪૮ : ફેદરા**

**તા. ૩-૪-૪૮ : ધંધૂકા**

**તા. ૪-૪-૪૮ : વાગડ**

**તા. ૫-૪-૪૮ : નાગનેશ**

**★ ૬-૪-૧૯૪૮ : રાણપુર**

રાણપુરમાં હરિજન ભાઈઓને ઉદ્દેશીને બોલતાં મહારાજશ્રીએ કહ્યું, " તમારી દશા જોતાં મને ખૂબ દુઃખ થાય છે. જો તમારે સ્વમાનપૂર્વક જીવતાં શીખવું હોય, તમારા ધંધાને પ્રતિષ્ઠા આપવી હોય, તો તમારે નવા ધંધા શીખી લેવા જોઈએ. આજે સામાન્ય રીતે સફાઈ એ ભંગીનો જ ધંધો એમ માની લેવાયું છે અને ભંગીભાઈઓના દિલમાં પણ એમ જ થઈ ગયું છે કે અમારા સિવાય આ ધંધો કોણ કરવાનું છે. એ ભ્રમ હવે તમારે કાઢી નાંખવો જોઈએ. અને નવાં નવાં ક્ષેત્રોમાં ઝંપલાવવું જોઈએ."

અહીં આખો દિવસ પ્રવૃત્તિમાં જતો હતો. એક દિવસ મસ્જિદમાં મુસ્લિમ ભાઈઓની એક સભા રાખવામાં આવી હતી. તેઓની સમક્ષ બોલતાં કહ્યું, "કોમવાદે જે કર્યુ છે તેમાંથી બોધપાઠ લઈ હવે આપણ આગેકૂચ કરવી જોઈએ અને માનવતાના પાયા ઉપર સંગઠન સાધી દેશના ઉત્થાનકામમાં લાગી જવું જોઈએ. જો મુસ્લિમ મૌલવીઓ અને હિંદુ સાધુસંતો આવા કાર્યમાં લાગી જાય તો જ ધર્મને નામે ફેલાયેલું ઝનૂન નીકળી શકે. મસ્જિદોમાં સાધુસંતો અને મંદિરોમાં મૌલવીઓ આવી એક બીજાના ધર્મનાં સાચાં તત્ત્વો સમજાવે અને સમજવાનો પ્રત્યન કરે તો સાંપ્રદાયિકતાએ જે જુદાઈ ઊભી કરી છે તે નાશ પામે."

ત્યાંથી પાંચાલનો પ્રદેશ શરૂ થાય છે. વહેલી સવારે અમે રાણપુરથી લોયા જવા નીકળ્યા.

**તા. ૭-૪-૪૮ : લોયા**

**તા. ૮-૪-૪૮ : મોટા ભાડલા**

**તા. ૯-૪-૪૮ : નોલી**

**તા. ૧૦-૧૧-૪-૪૮ : ધાંધલપુર**

**તા. ૧૨-૧૩-૧૪-૪-૪૮ : ચોટીલા**

**તા. ૧૫-૪-૪૮ : મોલડી**

**તા. ૧૬-૪-૪૮ : બામણબોર**

**તા. ૧૭-૪-૪૮ : બેટી**

**તા. ૧૮-૪-૪૮ : માલિયાસણ**

## ★ તા. ૧૯-૪-૪૮ થી ૨૭-૪-૪૮ : રાજકોટ

રાજકોટમાં તા. ૧૯થી ૨૭ સુધીના રોકાણ દરમ્યાન જુદા જુદા કાર્યક્રમો યોજાયા હતા. બે દિવસ મુખ્ય પ્રધાન ઢેબરભાઈના મુકામે રહ્યા હતા. ઢેબરભાઈની નમ્રતા ખૂબ જ વખાણવા જેવી હતી. પોતે ખૂબ શ્રમ કરે છે. મહારાજશ્રીને તેમણે કહ્યું : 'આપ ચોમાસું અહીં જ કરો મને ખૂબ આનંદ થશે. તમે કહેશો તે વ્યવસ્થા કરી આપીશ. બીજું પણ મકાન છે. અમે પણ ગાંધીજીના કામને વરેલા છીએ. આપ પણ એ જ કરો છો તો આપની હાજરીથી અમારું નૈતિક બળ વધશે.

મહારાજશ્રીએ કહ્યું : 'આપને અગવડ પડે.'

તેમણે કહ્યું : ' મને તો આનંદ થશે.'

મુખ્યમંત્રી હોવા છતાં મહારાજશ્રીની પાસે નીચે બેસી ગયા અને સામાન્ય માણસની જેમ મહારાજશ્રીને બેસવા માટેનો પાટલો પોતાને હાથે ઊંચકીને મૂકયો. અમે જોતા રહ્યા.

તા. ૨૧-૪-૪૮ના રોજ કોનોટ હૉલમાં ઢેબરભાઈના પ્રમુખપદે જાહેરસભા વિષય : ધન અને ધર્મનો સબંધ.'

તા. ૨૨-૪-૪૮ : રાત્રે નવ વાગે : બેડીપરામાં હરિજન વાસમાં સભા પ્રમુખઃ જગુભાઈ પરીખ

તા. ૨૩-૪-૪૮ : સવારે સાડા આઠ વાગે કોનોટ હૉલમાં જાહેરસભા, વિષય : આદર્શ સમાજવાદ : પ્રમુખ : નાનાભાઈ ભટ્ટ રાત્રે ૯ વાગે કરણપરા ચોકમાં જાહેરસભા. વિષય : 'સૌરાષ્ટ્રના ઉત્થાનના પ્રશ્નો' પ્રમુખ : જેઠાલાલ જોશી

તા. ૨૪-૪-૪૮ : સવારે સાડા આઠ વાગ્યે વિદ્યાર્થી સભા. સ્થળ : આલ્ફ્રેડ હાઈસ્કૂલ, વિષય : વિદ્યાર્થીઓ અને રાજકારણ.

બપોરના કન્યાવિદ્યાલયની મુલાકાત ૪ વાગે હરિજન યુવકમંડળનું ઉદ્‌ઘાટનઃ પ્રમુખ જગુભાઈ પરીખ. રાત્રે ૯ વાગે ઠક્કરબાપા હરિજનવાસમાં સભા, વિષય : હરિજનોનો યુગ

તા. ૨૫-૪-૪૮ સવારના ૯ વાગે સંઘરાજકા હાઉસમાં સભા. વિષય : જાત મહેનત અને યંત્રવાદ : પ્રમુખ રસિકભાઈ પરીખ. બપોરના ૪ વાગે ટાઉનહોલમાં બહેનોની સભા વિષય : માતાઓનું સ્થાન. પ્રમુખ : ભક્તિબા. રાત્રે મજૂરો સાથે વાર્તાલાપ સ્થળ : સેનેટોરિયમ

તા. ૨૬-૪-૪૮ : રાષ્ટ્રીયશાળામાં પ્રાર્થના પ્રવચનનો કાર્યક્રમ પ્રમુખઃ નારણદાસકાકા

★ ★ ★

તા. ૨૩-૪-૪૮ના રોજ કરણપુરા ચોકમાં સૌરાષ્ટ્રના ઉત્થાન પ્રશ્નો અંગે મહારાજશ્રીનું જાહેર વ્યાખ્યાન યોજાયું હતું. મહારાજશ્રીએ જણાવ્યું કે હું અહીં વીસ વરસે આવું છું. તેટલા ગાળામાં સૌરાષ્ટ્રનું એકમ રચાઈ ગયું છે, ૨૦૨ રાજ્યોના સિમાડા ભૂંસાઈ ગયા છે. તેવે વખતે આવેલા સ્વરાજ્યને કેમ પચાવી શકાય તેનો વિચાર કરવાનો છે. મારા મનમાં ચાર પાંચ પ્રશ્નો ઘોળાયા કરે છે તે આ છે. પ્રથમ છે મુસ્મિલ એકતા, એટલે કે કોમી એકતાનો. બીજો, સીમાડા ભૂંસાયા હોવા છતાં

તાલુકદારો અને રાજા સામે પ્રજાનો કેમ મેળ બેસે તે છે. ત્રીજો, અસ્પૃશ્યતા નિવારણ અને ચોથો આપણા દેશની અંદર ઉત્પાદક વર્ગ ઓછો થઈ ગયો છે અને બેઠાં બેઠાં ખાનારો વર્ગ વધુ થઈ ગયો છે. ત્રીસ કરોડમાંથી ફક્ત ત્રણ કરોડ ઉત્પાદન કરે છે. એક કમાનાર પાછળ નવ બેઠાં બેઠાં ખાનાર છે. એટલે જો આપણે ઉત્પાદન નહીં વધારીએ તો આંતરરાષ્ટ્રીય જગત સામે આપણે નહીં ટકી શકીએ. પાંચમો પ્રશ્ન છે હમણાં જ કોંગ્રેસથી છૂટા પડેલા સમાજવાદી પક્ષનો છે. આ બધામાં આપણી જવાબદારી છે. તેનો ખ્યાલ રાખવા કહ્યું. તે પછી મુસ્લિમ ધર્મ સંબંધી પ્રવર્તતી ગેરસમૂજતી દૂર કરવા, મુસલમાન ધર્મ વિષે કેટલોક ખ્યાલ આપ્યો.

તા. ૨૪-૪-૪૮ના રોજ આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં 'વિદ્યાર્થી અને રાજકારણ' એ વિષય ઉપર પ્રવચન રાખ્યું હતું. મહારાજશ્રીએ પ્રથમ પા કલાક મોડું થયું તેનો ઉલ્લેખ કરી વિદ્યાર્થીઓનો વિષય હોવા છતાં બીજા વર્ગો પણ આવ્યા તેથી આનંદ વ્યકત કર્યો. તેમણે કહ્યું, વિદ્યાર્થીબંધુઓ તમો મૂડીવાદનો નાશ કરવા ઈચ્છો છો ? એ કયો મૂડીવાદ ! ગુંડાગીરી એ પણ મૂડીવાદ છે. તોફાન એ મૂડીવાદ છે. એટલે જરૂરિયાતને ઘટાડવી એ જ સાચા મૂડીવાદનો નાશ છે.

ચંડાલ કન્યાએ દસ શેર અનાજ ચોર્યું. તેની સજા મેજિસ્ટ્રેટે કરી ત્યારે બચાવમાં કન્યાએ કહ્યું : મારા પિતાએ ત્રણ દિવસ સુધી કામ માટે માગણી કરી, ત્રણ દિવસ ભૂખ્યા રહ્યા તે સહન ન થતાં મેં આ ચોરી કરી છે. વિદુર આ વાત સાંભળી રહ્યા. જે રાજ્ય કામ કરવાની ઇચ્છાવાળાને કામ ના આપે, અને લાચારીથી ચોરી કરવી પડે તેમાં રાજ્ય ગુનેગાર છે, ચોરી કરનાર નહીં. કન્યાને ઈનામ આપી છોડી મૂકે છે.

ભૂગર્ભ પ્રવૃત્તિથી આપણે ગમે તેમ વર્તવા મંડી પડયા છીએ. ભણીને શું કરશો ? ગાડીવાળો કે નાવિક જતો હોય તો તે ચોક્કસ ધ્યેય લઈને જાય છે, પણ તે કહે કે જ્યાં જવાય ત્યાં જઈશ, તો લોકો તેને મૂર્ખ કહેશે. લોકો કહે છે કે, પ્રધાનો આટલો બધો પગાર કેમ લે છે ? ગરીબ દેશને આ ન પરવડે. પણ તમે જ્યારે સગેવહાલે જાવ છો ત્યારે તમારી નજર કયાં જાય છે ? બંગલા તરફ કે ઝૂંપડી તરફ ! પૂછો છો શું ધંધો કરો છો ? પગાર કેટલો મળે છે ? મતલબ કે વધારે ધનવાન અને વધારે પગારદાર ઈચ્છો છો. જો આમ હોય તો બીજાની ટીકા કેમ કરી શકાય ?

બપોરના કન્યા વિદ્યાલયની મુલાકાત લીધી. ત્યાંથી ૪ વાગે હરિજન યુવક મંડળ નું ઉદ્દ્ઘાટન થયું. પ્રમુખ જગુભાઈ પરીખ હતા. મહારાજશ્રીએ જણાવ્યું કે સેવા એ સહજ ક્રિયા બનવી જોઈએ. તેમાં કોઈપણ જાતના બદલાની આશા ન હોવી જોઈએ. કોઈપણ લાલચથી સેવાધર્મ ન ડગે. સાધકને જે સિદ્ધિ મળી છે, જે ક્ષેત્ર મળ્યું છે, તેનો

ઉપયોગ કરવાનું મન થાય છે. યુવાનીમાં ઘણી અભિલાષા જાગે છે, તેને યોગ્ય વળાંક ન મળે તો ખોટે રસ્તે જાય છે. દેશ આઝાદ થયા પછી એ યુવાનોની શકિતને યોગ્ય રસ્તો આપવો જોઈએ. હિન્દની મૂડી એ યુવાનો છે. સ્ત્રી હો કે પુરુષ બન્ને દેશની મૂડી છે. આપણો વિજય થયો છે. એ વિજય થાય છે ત્યારે ઉત્સાહ પણ આવે છે. ત્યારે ખૂબ જાગૃત રહેવાની જરૂર છે. યુવાનોનાં મંડળની જરૂર તો છે. એ યુવાનોની શકિત કયે રસ્તે વળશે તે ખાસ જોવાનું છે. શકિતનું મૂળ તો સંયમ છે, જેટલો જેનો સંયમ તેટલી તેની શકિત વધારે. મહાત્માજીને પહેલવાન મળવા આવ્યા ત્યારે તેમણે કહ્યું, મારું શરીર નબળું, તમો મજબૂત, હસ્તધૂનનમાં મારાં હાડકાં ખખડી જશે. ત્યારે એ પહેલવાને જવાબ આપ્યો, અમો તો એકનાં હાડકાં ખખડાવી નાખીએ, પણ તમે તો આખી સલ્તનતનાં હાડકાં ખખડાવી શકો છો. દાદાભાઈએ એકલે હાથે ૧૦૬ જીવોને પાણીના પૂરમાંથી બચાવ્યા હતા. બેકવર્ડ ઓફિસરની એક જગ્યા માટે થોકડો અરજી આવી. દરેક ઇચ્છે કે હું મોટો અમલદાર થાઉં. પણ કોઈ એમ નથી કહેતું કે મારી કોમને માટે મારો છોકરો આપું ! પગાર વધારાથી કંઈ આપણું પેટ ભરાવાનું નથી. આપણને બે પેટ છે. એક પેટ બહાર છે તે થોડું ખાવાથી ભરાઈ જાય છે, પણ બીજું પૈસાનું પેટ છે તે ભરાતું નથી. માણસ જ્યારે ત્યાગને માર્ગે શકિત વાપરવા તૈયાર થાય છે ત્યારે શકિત અનેક ગણી વધી જાય છે. જગુભાઈ મને કહેતા હતા કે મને એક ભાઈ કહેતા હતા કે હું જ્યાં જ્યાં ગામડે જાઉં છું ત્યાં હરિજનવાસની મુલાકાત લઉં છું. કારણ કે બાપુ કદાચ જન્મ લેશે તો એ હરિજનને ત્યાં જ લેશે. એટલે તેનાં દર્શન કરવા જાઉં છું. જો એવા બાપુ તમારા વાસમાં જન્મ લેવાના હોય તો આપણો વર્તાવ કેવો હોવો જોઈએ ?

રાત્રે નવ વાગે ઠક્કરબાપા હરિજનવાસમાં 'હરિજનોનો યુગ' એ વિષય ઉપર પ્રવચન અપાયું હતું. જોકે હરિજન બહેનોએ હાજરી આપી ન હતી. અહીંના ભંગી ભાઈઓ જાગૃતિવાળા જણાયા.

તા. ૨૫-૪-૪૮ના રોજ સંઘરાજકા હાઉસમાં રસિકભાઈ પરીખના પ્રમુખપદે 'જાતમહેનત અને યંત્રવાદ' એ વિષય ઉપર મહારાજશ્રીએ બોલતાં જણાવ્યું કે દરેક શાસ્ત્રમાં વહેવારુ વાત કરી છે. રાજકારણ અને ધર્મકારણ જુદાં નથી. જીવનમાં જે ક્રિયા થઈ રહી હોય છે તેમાં આપણે પોતે સાક્ષી છીએ. તેમ દેશમાં જે ક્રિયા થાય છે તેમાં આપણે સાક્ષીભૂત છીએ. ઘરની ગંદકી ન હોય પણ પાડોશીની હોય તો પણ તે આપણને દુર્ગંધ મારે છે. તેને આપણા માટે પણ દૂર કરવી જોઈએ. જીવન વિકાસની દષ્ટિ જોઈતી હોય તો જગતનો વિચાર કરવો જોઈએ. બધાં કારણોનો વિચાર કરીને

તેને અનુરૂપ થવું જોઈએ. હિન્દની પુરાંત જે ઓછી છે તેની પૂર્તિ કરવાની છે અને સાથે સાથે દુનિયાને અહિંસાનો સિદ્ધાંત આપવો છે. સાથે સાથે સુખ સગવડ પણ જનતાને આપવાં છે. સમાજવાદીઓ માને છે કે યંત્રવાદનો કોઈ વાંધો નથી. તે કહે છે કે બધા ઉદ્યોગોનું રાષ્ટ્રીયકરણ કરી લઈશું જાતમહેનતનું મહત્ત્વ ગાંધીજીએ વધાર્યું તેના અભાવે અત્યારે દવાખાનાં પોષાય છે. એક બાળક જન્મે છે. ત્યારથી શ્રમ કરવા મંડી જાય છે. અત્યારે અલ્પારંભ અને મહારંભમાં લોકો પડયા છે હાથ ચક્કીમાં પાપ માને છે. મશીનમાં પાપ નથી. ત્યારે પાપ એ શું છે ? પાપ લાગવાથી માણસનો ચહેરો ફરી જાય છે ? નિર્બળતા એ પાપ છે. આળસ એ પાપ છે. કેટલીએ ઘંટીઓ ભાંગીને ચક્કી થાય છે.

એકલી મૂડીની વહેંચણીથી સમાજવાદ નહીં આવે. વહેવારિક બાબતોમાં સરકારને બોજો નહિ આપવો જોઈએ. જેટલા ધંધા વિકેન્દ્રીકરણ થશે એટલા આપણે સુખી થઈશું. કેન્દ્રીકરણથી હિંસા આવે છે. કામ વધે છે અને તેમાંથી હિંસા થાય છે. જરૂરિયાતો જેટલી ઓછી તેટલી સ્થિતિ સારી. યંત્રો ઉપર વિચાર નહીં કરીએ તો મૂડીવાદની જેમ તે આપણને ભરખી જશે. જૈન શાસ્ત્રોમાં હજારો ગોકુળોની વાત આવે છે. તે એ બતાવે છે કે શ્રમ એ મુખ્ય જરૂરી અંગ છે. એ શ્રમ વગર આજે આપણે જોઈએ છીએ કે સૂર્યનારાયણનાં કિરણો ઉઠાડે છે. ચા પછી શરીર કાંટે આવે છે. બ્રિટન અને આપણામાં ફેર એ છે કે ત્યાં શ્રમ છે પણ સ્થિતિ જુદી છે. બુદ્ધિ જેમ મૂડી છે તેમ શ્રમ પણ મૂડી છે. એને સાચવવી જોઈએ. જે યંત્ર આપણી પાછળ ચાલે તેની જરૂર છે. જેની પાછળ આપણે ચાલવું પડે તેવાં યંત્રોની જરૂર નથી. હું સૌરાષ્ટ્ર સરકારને પણ અપીલ કરું છું કે તેઓ ગામડાંના ગૃહઉદ્યોગોને તૂટતા બચાવે અને વધુ વિકસાવે. ગામડાં ભાંગીને શહેર ન બને તે ખાસ જુઓ.

## બહેનોની સભા

બપોરના ૪ વાગે ટાઉન હોલમાં ભકિતબાના પ્રમુખપદે બહેનોની સભા થઈ હતી.

રાત્રે સેનિટોરિયમમાં મજૂરો સાથે વાર્તાલાપ રાખ્યો હતો.

તા. ૨૬-૪-૪૮ : રાષ્ટ્રીયશાળામાં પ્રાર્થના અને સભા રાખ્યાં હતાં.

તા. ૨૭-૪-૪૮ના રોજ કોલેજ સામેના મેદાનમાં જાહેરસભા થઈ હતી. તેમાં મહારાજશ્રીએ નગરધર્મના વિષય ઉપર બોલતાં જણાવ્યું કે વિચારોની વિવિધતા હોય પણ વિરોધ ના હોય. ત્રીજા વિશ્વયુદ્ધની વાતો થાય છે ત્યારે હિન્દ અલગ ન રહી શકે એટલે યુદ્ધનાં મૂળ કારણો શોધી કાઢવાં જોઈએ. તેનો ઉપાય શોધવો જોઈએ.

કારણ ધર્મની ખામી નથી. ધર્મના પિછાણની ખામી છે. નગદ એટલે ભજકલદારં નહીં પણ નગદ એટલે રોકડીઓ. જેમ અગ્નિને અડીએ અને કાલે દાઝતા નથી તુરત દાઝીએ છીએ. પણ ધર્મને આપણે પરભવની વસ્તુ માની છે. આજે પુણ્ય કરીશું તો પરભવમાં મોક્ષ મળશે. પણ કોઈ કહે રૂપિયા સો આપો, પરભવમાં ૫૦૦ આપીશ તો કોઈ નહીં આપે. કારણ કે ભરોસો નથી અને ખોવાનું છે. પણ સગવડિયું શોધીએ છીએ. ધર્મ તો માથું માગે છે, ધર્મનું આચરણ કઠિન છે પણ અશકય તો નથી જ.

પ્રોફેસરનો દીકરો પ્રોફેસર નહીં બને, પરીક્ષા પાસ કરે તો જ બને. જૈનનો છોકરો જૈન માનીએ છીએ. વૈષ્ણવના છોકરાને વૈષ્ણવ માનીએ છીએ. ગર્ભમાં માબાપોની અસર આવે છે ખરી, પણ સંપૂર્ણપણે બધા સંસ્કારો નથી આવી જતા. વિદ્યા જેમ ભણવી પડે છે તેમ ધર્મની પણ તાલીમ લેવી પડે છે. જૈન શૈવ કે વૈષ્ણવ છો તેની ખાતરી શી ? તો કહેશે કે આ અમારું લેબલ છે તે ખાતરી. ગોળના માટલાનો આંક હોય પણ ગોળ ના હોય તો તેની કિંમત આપી શકાયં નહીં. તેમ ધર્મનો મસાલો ના હોય પણ લેબલ (ટીલાંટપકાં) હોય તો તેને ડિગ્રી આપી દઈએ છીએ.

એક બાઈએ જૈન સાધુને ભાવથી ભિક્ષા આપી. પછી લેબલ જોયું તો સાધુ બીજા વાડાના લાગ્યા. એટલે અફસોસ થયો. તે બોલવા લાગી (વોશીરે વોશીરે) મારો ધર્મ ચાલ્યો ગયો. ધર્મને આવો બોદો બનાવી દીધો હતો કે સહજ સહજમાં ચાલ્યો જાય. પણ બાઈનો વાંક નહોતો. તેને એવું ઠસાવવામાં આવ્યું હતું કે આવું લેબલ હોય તે જ મારા, બાકીના બીજાના. આવી સાંપ્રદાયિકતા ઠેર-ઠેર જોવા મળે છે. આમાં વાંક લોકોનો નથી પણ તેમને સમજાવનારા સાધુ ફકીરોનો હોય છે. ધર્મને નામે અધર્મ પેસી જાય છે ત્યારે મહા અનર્થ થઈ જાય છે. ધર્મને નામે ચોરી લૂંટ આગ બધું થઈ શકે છે. આ ધર્મ નથી શીખવતો, પણ પોલો ધર્મ આવું શીખવે છે. એક હરિજન તળાવમાં પાણી પીવા ગયો. કોઈ કોળીએ જોયું એટલે ડાંગ લઈને મારવા ગયો. પેલાએ કહ્યું. માબાપ મારો વાંક શું ? પેલો કહે : મારું તળાવ અભડાવ્યું. ત્યારે હરિજન જૂઠું બોલ્યો, માબાપ મેં હાથપાણી લીધું હતુ,પીધું નથી. તોં ચાલ્યો જા. આવા ધર્મને નામે પેઠેલા અધર્મને કાઢનાર તપોમૂર્તિ જોઈએ. બ્રિટિશ સરકાર કહેતી તમારા ધર્મમાં હસ્તક્ષેપ નહીં કરીએ, પણ બીજી તરફ ઉઘાડે છોગે વેશ્યાલયોના, દારૂના, સટ્ટાના દેવાળુ કાઢવાના પરવાના કરી આપ્યા. એક વૈષ્ણવ જાત્રા કરવા નીકળ્યો,. વૈષ્ણવ ઘર શોધ્યું. કોઈએ શેઠનું ઘર બતાવ્યું. જઈને પૂછયું, તમે વૈષ્ણવ છો ? ના, વૈષ્ણવ હજુ થયો નથી. પણ જ્યારે સમાગમ થયો અને જોયું તો બધી ક્રિયા શુદ્ધ વૈષ્ણવની. એનું અભિમાન ઊતરી ગયું. હું·મને વૈષ્ણવ માનતો હતો. અંતરમાં બૅટરી પડી

હોય છે. તેનો પ્રકાશ બહાર આવ્યા સિવાય રહેતો નથી. તેના એકેએક અંગમાંથી ધર્મ વહે છે. 'પાવન પગલાં' કરો, તેનો અર્થ એ નથી કે સ્થૂળ પગલાં પાડો પણ ધર્મના આચરણવાળી વ્યકિત અમારે ત્યાં આવે તો કંઈક ધર્મનાં આંદોલન આવે. અનીતિના અન્નથી લોહીનું ઝેર બને છે. એ ઝેર આખા સમાજમાં વ્યાપે છે.

રાજકોટના આઠ દિવસના મુકામ દરમ્યાન ભરચક કાર્યક્રમ હતો. એક દિવસ હરિજનવાસમાં થઈને સટ્ટા બજારમાં ગયા. ત્યાં હૉલવાળા ભાઈઓના આગ્રહથી સંતબાલજીએ કેટલીક સાફ સાફ વાતો કહી .

સમાજ તો પ્રવાહ જેવો છે . તેને જેમ વાળીએ તેમ વળે. બુદ્ધિશાળી જનતા જ આવું માર્ગદર્શન આપી શકે. પણ દુઃખની વાત એ છે કે સરસ શકિત જ આજે વાડામાં પુરાઈ ગઈ છે. તમારી શકિત જો તમે જનતા માટે વાપરો તો કેટલા ઉપયોગી થઈ શકો ! સટ્ટાની વ્યાખ્યા કરતાં તેમણે કહ્યું, જે વેપારમાં સર્જન ન હોય પણ વિનાશ હોય તેનું નામ સટ્ટો, એવો ઉત્પાદન વગરનો ધંધો વાંઝિયો હોય છે. એવો ધંધો પોતાનો અને પરનો બંનેનો નાશ નોતરે છે. વેપારનો અર્થ વિનિમય થાય છે. ઉત્પાદક પાસેથી લઈ વાપનારને પહોંચતું કરવું અને એ રીતે ઉપયોગી થવું એ એની ફરજ છે.

સટ્ટો તો જાદુગરના આંબા જેવો છે . જાદુગરનો જાદુઈ આંબો ફળ તો આપે છે પણ તે કોઈના ખાવાના ખપમાં આવતું નથી. સટ્ટાના પૈસા પણ તેવા જ છે. માણસને જ્યારે એકદમ પૈસાદાર થઈ જવાની ઈચ્છા થાય છે ત્યારે તેની નજર સટ્ટા તરફ વળે છે. કેવી આશ્ચર્યની વાત ! ન કાંઈ આપવું કે ન કાંઈ લેવું, છતાં લાખોના સોદા, સટ્ટો કરવા જનાર કોઈ એકાદ લખપતિ થઈ ગયો હોય તેને જુએ છે, પણ હજારો ખુવાર થયા તે તો બિચારા શોધ્યા જડતા નથી.

સટોડીઆ કહે છે કે અમારા ધંધામાં વચનની ભારે કિંમત છે. તેઓ દાન પણ આપે છે. પણ આનો પાયો જ મૂળથી ખોટો છે. જ્યાં સુધી તમારા જેવો દેશનો બુદ્ધિશાળી વર્ગ સાચા સર્જન તરફ નહિ વળે, ત્યાં સુધી આપણા દેશનો ઉદ્ધાર અશક્ય છે.

રાજકોટના નિવાસ દરમ્યાન ત્યાંની રાષ્ટ્રીયશાળામાં બે વાર પ્રાર્થનામાં હાજરી આપી હતી. પ્રાર્થના બાદ પ્રવચન કરતાં મહારાજશ્રીએ કહ્યું, સમાજમાંથી જે યોગ ચાલ્યો ગયો હતો તે ગીતા ગાઈને વાસુદેવ પાછો લાવ્યા. ખરી રીતે યોગ કોઈ દિવસ જતો જ નથી, ફકત ભુલાઈ જાય છે એને મહાપુરુષો જન્મીને તેને જાગૃત કરે છે. અસ્પૃશ્યતા આપણે ત્યાં હતી જ નહિ છતાં આજે આપણા સમાજમાં તે ઘર કરી ગઈ છે. માણસના જીવનમાં જ્યારે સદ્‌ગુણોનો વિકાસ થાય છે ત્યારે તે ઊંચે જાય છે. તે

પોતાની જાતને બીજાથી સારો કહેવડાવવા પ્રયત્ન કરે છે. આમ ધીમે ધીમે ગૌરવગ્રંથી દઢ થતાં થતાં ઊંચનીચની ભાવનાનો જન્મ થાય છે. અને આ વૃત્તિ હદ વટાવી જતાં અસ્પૃશ્યતામાં પરિણમે છે.

ગાંધીજીએ રેંટિયાની જે વાત કહી છે તે પણ નવી નથી. ફક્ત ભુલાઈ જ ગઈ હતી. ગાંધીજીએ તે તાજી કરી આપી. ગાંધીજીએ એક બે નહિ પણ જીવનનાં લગભગ બધાં જ ક્ષેત્રોને નવીદષ્ટિ આપી છે. એ બધાંમાં જો સૌથી અગત્યનું કાર્ય કર્યું હોય તો તે શ્રમને પ્રતિષ્ઠા આપવાનું. રેંટિયો એ શ્રમનું પ્રતીક છે. શ્રમજીવીનાં કપડાં પરસેવાવાળાં અને ધૂળથી ઢંકાયેલાં હોય છે. એને મેલોઘેલો જોઈ આપણે એનાથી દૂર ભાગીએ છીએ. આપણા દિલમાં એના તરફ સદ્‌ભાવ નથી પ્રગટયો કારણ કે આપણી આંખ ધન અને ઉપરનાં કલેવર જોવાને ટેવાઈ ગઈ છે.

આજે આપણે ત્યાં બધે જ અવ્યવસ્થા ફેલાઈ ગઈ છે. આનું કારણ પગને ઠેકાણે માથું મુકાયું છે અને વળી પાછો કર્મવાદના સિદ્ધાંતને આધારે એનો બચાવ કરવામાં આવે છે. આજે સમાજમાં જે છે તે કર્મવાદ, એટલે વ્યવસ્થાવાદ નહિ પણ અવ્યવસ્થાવાદ જ છે.

**પ્રજાના સેવક**

બે દિવસ અમે સૌરાષ્ટ્રના વડા પ્રધાનને નિવાસસ્થાને રહ્યા. શ્રી ઢેબરભાઈની નમ્રતા અને સામાન્યમાં સામાન્ય માણસની પણ સગવડ સાચવવાની કાળજી ખૂબ ધ્યાન ખેંચે એવી હતી. તેઓ વહેલી સવારથી કામે લાગી જતા અને પોતાનાં દૈનિક કામો કરતાં કરતાં પણ મળવા આવનારાઓને મુલાકાતો આપતા અને તેઓની વાત ધ્યાનથી સાંભળતા.

**સમાજનું પાપ**

એક દિવસ અમે બાલાશ્રમની મુલાકાતે ગયા. નાનાં બાળકો અમોને તાકીને જોઈ રહ્યાં. નાનું બાળક-તદ્દન નબળું આંગળીએ આવીને વળગી પડયું. તે કોઈની હૂંફ ઝંખતું હતું. કેટલાંક બાળકોને પગારદાર બેનો રમાડતી હતી. એમની ખરી માતાઓ પણ ત્યાં ઊભી હતી.અમોને જોતાં જ તે શરમાઈ ગઈ અને અમારાથી દૂર ચાલી ગઈ. શરમનું કારણ સમજાયું. અમને થયું, એમની આ શરમને માટે કોણ જવાબદાર છે ?

**૨૮-૪-૪૮ : ખોરાણા**

રાજકોટનો ૯ દિવસનો કાર્યક્રમ પૂરો કરી ખોરાણા આવ્યા. અંતર ૮ માઈલ હશે.

ઉતારો વેઈટીંગ રૂમમાં કર્યો. સાંજના ગામમાં ગયા હતા. ઉતારો ઉપાશ્રયમાં રાખ્યો હતો રાત્રે જાહેર સભા થઈ હતી.
વસ્તી ૧૧૦૦ મુખ્ય વસ્તી કણબીની છે.

## ★ ૨૯-૪-૪૮ : સીંધાવદર

ખોરાણાથી નીકળી સીંધાવદર આવ્યા. અંતર દસ માઈલ હશે. ઉતારો ઉપાશ્રયમાં રાખ્યો હતો. વાકાંનેરનું ભાયાતી ગામ છે. હરિજનોને વેઠ કરવી પડે છે. ગામમાં થઈને જઈ શકાતું નથી, એટલી આભડછેટ છે.

## ★ તા. ૩૦-૪-૪૮ થી ૨-૫-૪૮ : વાંકાનેર

સીંધાવદરથી નીકળી વાંકાનેર આવ્યા અંતર સાડાપાંચ માઈલ. ઉતારો વીસાશ્રીમાળી ભોજનશાળામાં રાખ્યો હતો.ઘણા લોકો સ્વાગત માટે સામે આવ્યા હતા. બપોરના સાડાત્રણ વાગે બહેનોની સભા રાખી હતી તેમાં મહારાજશ્રીએ જણાવ્યું હતું કે, હવે જમાનો એ આવ્યો છે કે આપણે એકલાં નહીં જીવી શકીએ આખા દેશનો વિચાર કરવો જોઈશે, સમાજની પાસેથી લીધું છે તો સમાજનું પણ કંઈક કામ કરવું જોઈએ. સમાજ સારો નહીં હોય તો આપણે સુખચેનથી નહીં રહી શકીએ. જેમ એક દુર્ગંધ મારતી ચીજ બીજે ઘેર પડી હોય પણ તેની ગંધ આપણને અસર કરે છે તેવી રીતે સમાજનું છે.

અનીતિથી મેળવેલા અનાજથી આપણી બુદ્ધિ બગડી જાય છે. પૂણિયો શ્રાવક સામાયિક કરવા બેઠો, પણ મન સ્થિર ન રહ્યું કારણ શોધ્યું તો જણાયું કે તેનાં પત્ની ભૂલથી પાડોશીનાં છાણાં પૂછયા સિવાય લાવી હતી. આ છાણાંથી બનાવેલ રસોઈ ખાધી હતી. જો આટલી ભૂલથી આમ બને તો તદ્દન અનીતિમય અનાજથી આપણું મન કેમ સ્થિર રહી શકે ? એક શેઠનો ધારવડાંનો પ્રસંગ કહેતાં તેમણે જણાવ્યું કે શેઠને ધારવડાં ખાવાનો વિચાર આવ્યો એટલે પત્નીને બનાવવા કહ્યું. તે અનાજ ખાધું પછી ખોટા વિચાર આવવા લાગ્યા તે એટલી હદ સુધી કે દીકરી ઉપર કુદષ્ટિ થઈ. દીકરી રડતી રડતી મા પાસે ગઈ, માએ કારણ પૂછયું, તો જણાયું કે કોઈ માણસ વેશ્યાને ત્યાંથી જુવાર ચોરીને શેઠની દુકાને ઓછાભાવે વેચી ગયો હતો. એ જુવારનાં આ ધારવડાં હતાં. આપણે કહીએ છીએ કે જેવાં અન્નજળ ભાગ્યમાં હોય તે ખાય. દૂધની રસોઈ ન અભડાય કારણ દૂધ એટલે નીતિ. નીતિ કોઈ દિવસ અભડાય નહીં. માણસ જેટલો ઉચ્ચ નીતિવાન તેટલા વિચાર તેના ઊંચા, જેમ એકમાંથી બે થાય ત્યારે ગોટાળો

થાય તેમ બેમાંથી એક થાય ત્યારે પણ ગોટાળો થાય. દા.ત. જ્યારે સૌરાષ્ટ્રનું એકમ થયું છે ત્યારે ઘઉંનો ભાવ છ હોય તેના બાર થયા. કારણ શું તે વિચારવું જોઈએ. કેટલોક આપણો વાંક હોય છે. ઘરનાં છોકરાં ઘંટી ચાટે અને પાડોશીને આટો. ઘર બાળીને તીરથ ન થાય એવું આજે છે. પહેલાં મને નહિ પણ મારા પાડોશીને એ વાત હતી હવે તે લાવવી પડશે. ગાંધીજીની ફિકર જગત કરતું. કારણ કે તે જગતની ફિકર કરતા. અનાજની અછત છે. માટે એંઠું ન મૂકો. નાતને જમાડવાનું બે વરસ બંધ રાખો. ઉણોદરી કરો. નકામું ન બગાડો. એટલે દેશનો મહત્ત્વનો પ્રશ્ન ઊકલી જાય.

## રાતની સભા, સ્થળ આઝાદચોક

તા. ૩૦-૪-૪૮ : રાત્રી સભામાં બોલતાં મહારાજશ્રીએ જણાવ્યું કે સૌરાષ્ટ્રના ઉત્થાન પ્રસંગે ત્રણ પ્રશ્નો મુખ્ય મહત્ત્વના છે. ખુશામત, ટીકાખોરી અને દહીં અને દૂધમાં પગ રાખવાની નીતિ. આ ત્રણે વાતોને તજવાની કહી અને ધનને પ્રતિષ્ઠા ન આપવાની વાત કરી. ધર્મગુરુ, વૈદ અને રાજમંત્રી એ ત્રણેય પોતાનો ધર્મ ચૂકે તો દેશ નાશ પામે. વૈદ ભૂલે તો શરીરનો નાશ કરે, મંત્રી ચૂકે તો રાજ્યનો નાશ કરે, અને ધર્મગુરુ ચૂકે તો સર્વનો નાશ કરે. સાચો મંત્રી વિભિષણ હતો, તેણે સાચી સમજ આપી રાવણને કહ્યું સીતાને પાછાં આપવાં જોઈએ એટલું જ નહિ રામને ચરણે નમવું જોઈએ. ભૂલની માફી માંગવી જોઈએ. અત્યારે સ્થિતિ જુદી છે. ટીકા કરીએ પણ તે જવાબદારીપૂર્વક, બીજાના કલ્યાણ માટે હોવી જોઈએ.

## તા. ૧-૫-૪૮ : વિદ્યાર્થીઓની સભા

હાઈસ્કૂલમાં વિદ્યાર્થીઓ સમક્ષ બોલતાં મહારાજશ્રીએ જણાવ્યું કે ૧૯૪૨ની ભૂગર્ભ પ્રવૃત્તિએ જે નુકસાન કર્યું છે, તેનો વિચાર કરવો જોઈએ. જ્ઞાન સાથે ગમ્મત થાય એવા શિક્ષણ માટે શિક્ષણ યોજના વિચારાય. શ્રમ દ્વારા, જ્ઞાન દ્વારા જ્ઞાન એ એનો હેતુ હોય છે. વ્યાયામ વાંઝિયો ન હોવો જોઈએ. વિરમગામના વ્યાયામવીરોએ મુનસર તળાવની લીલ કાઢવાનો સંકલ્પ કર્યો. અને કામ શરૂ કર્યું. સંકલ્પ બળ શું નથી કરતું ? નેપોલિયન સંકલ્પ બળથી જ આટલા આગળ વધ્યા હતા. તમો વિદ્યાર્થીઓ પણ આ રજાના દિવસોમાં સુંદર ઉપયોગ કરી શકો. ગામડાંમાં ટૂકડીઓ પાડી જાવ, તેમનો અભ્યાસ કરો, સફાઈ કરો જે ઈચ્છે તેને ભણાવો નહી તો પછી શકિત રખડવામાં અને આળસમાં જશે.

મિસ કેથેરાઈને લોકસંપર્ક માટે પોતાનો ચહેરો બાળ્યો. અત્યારે તો માણસ જેટલો અતડો તેટલો તે પોતાને શિક્ષિત માને છે. ખરી રીતે જે માણસ જેટલો

લોકસંપર્કમાં રહે, તેટલો તે શિક્ષિત. જો દષ્ટિ લઈને જશો, તો પથ્થરમાંથી જ્ઞાન મેળવી શકશો. અત્યારે ઘણા વાદ ફાટી નીકળ્યા છે. અત્યારે આર્યો અને અનાર્યો કંઈ દેખાતા નથી. એટલે તમે બધા વાદોથી પર થઈને એક જ વાદ અને તે માનવતાવાદમાં જોડાઈ જાઓ ! ગુંડાગીરી સામે જરૂર વિરોધ કરો, પછી તે ગુંડાગીરી હિન્દુની હોય કે મુસલમાનની હોય.

તા. ૧-૫-૪૮ના રોજ તાલુકા સ્કૂલમાં જાહેર સભા રાખી હતી તેમાં ધર્મકારણ અને રાજકારણ જુદાં નથી તથા હિન્દુ-મુસ્લિમ એક્તા ઉપર કહ્યું હતું.

તા. ૨-૫-૪૮ના રોજ આઝાદચોકમાં જાહેરસભા રખાઈ હતી. તેમાં પ્રથમ દુલેરાય માટલિયાએ સૌરાષ્ટ્ર સરકારની નીતિ અને પ્રજાની બેજવાબદારી ભરી ટીકાઓનો જવાબ આપ્યો હતો. તેમણે કહ્યું હતું કે નાનું બાળક પ્રથમ પજવણી કરે છે પછી ભાંગ્યું તૂટયું બોલતાં શીખે છે અને ત્યાર બાદ સમજણ આવતાં વ્યવસ્થિત જીવન જીવવા કોશિશ કરે છે. તેમ આપણે બાળક દશામાં આવ્યા છીએ. એટલે ગમે તેમ બોલીએ છીએ. સૌરાષ્ટ્રને લાભ થતો હોય તો પોતાનો થોડો લાભ જતો પણ કરવો પડે. સૌરાષ્ટ્ર સરકાર પ્રજાના ટેકા ઉપર ઊભી છે જ્યારે તેનો ટેકો નહીં હોય ત્યારે તે રાજ્યસત્તા ઉપર નહીં હોય. પણ એટલું ખરું કે આ સરકાર પછી રાજાઓ તો ત્રણ કાળે આવવાના નથી પણ લોહીયાળ ક્રાન્તિ જરૂર આવશે અને તે વખતે આપણે શોક કરીશું એટલે વિચાર કરીને આ સરકારને ટેકો આપશો.

ત્યારબાદ મહારાજશ્રીએ અત્યારના કાળને અનુરૂપ થોડું પ્રવચન કર્યું હતું. મોડી રાત્રે ગામના આગેવાનો મહારાજશ્રી પાસે આવ્યા હતા, અને વાંકાનેરના ઉત્કર્ષ માટે એક ચૂંટાયેલા પ્રતિનિધિઓની સભા બોલાવવા નક્કી થયું હતું.બીજે દિવસે ચાર વાગે પ્રવાસ કરવાનો હતો, પણ લોકોનો ખૂબ આગ્રહ થવાથી, આગેવાનોના મતભેદોનો નિકાલ આવે તેમ હોવાથી, થોડું વધારે રોકાયા હતા.

વાંકાનેરની વસ્તી ૨૨૦૦ ની છે, અહીંના રાજા સામાન્ય રીતે લોકપ્રિય છે એમ લોકોની વાત ઉપરથી લાગ્યું. એકંદરે શહેરની બાંધણી સુંદર છે. મચ્છુ અને પતાવીયાના સંગમ ઉપર પાઘડીપને આવેલું છે. પાસે જ ઊંચો ડુંગર છે તેની ઉપર રાજાનો મહેલ સુંદર દેખાવ આપે છે. ડુંગરની ટોચ ઉપર કાળકામાતાનું મંદિર છે તળેટીમાં ધર્મશાળા છે. ધર્મશાળાથી મંદિર પર્યંત પાકાં પગથિયાં છે. ડુંગર ઉપર રહીને જોઈએ તો શિયાળામાં સુંદર લીલોતરીનો દેખાવ દેખાય છે. ઉનાળામાં શીતળ પવન વાતો હોય છે. બીજી વિશેષતા એ છે કે મંદિર અને મહેલ વચ્ચે સર્ચલાઈટ ગોઠવવામાં આવી છે. કોઈ જાહેર તહેવારોએ કે મોંઘેરા રાજ્ય મહેમાનો આવ્યા હોય

ત્યારે તેને લગાડવામાં આવે છે. દૂર સુધી તેનો પ્રકાશ જાય છે. ઈલેક્ટ્રિક્સ છે સ્ટેશનથી બે માઈલ દૂર છે. જંકશન છે અહીંથી મોરબી વગેરેની ગાડી બદલાય છે. એકંદરે બજારની બાંધણી સુંદર છે, રાજ્યનાં ૮૫ ગામ છે મોટાં ગામોમાં ટેલિફોન લાઈન છે અહીંના મૂડીવાદી વર્ગને રાજાશાહી તરફ ઠીક ઠીક પ્રેમ છે.

અહીંના લોકોના પ્રેમ અને આનંદનો પાર ન હતો. અમે બેઠા હતા ત્યાં એક વૃદ્ધ માતા પધાર્યા. તે આંખે અંધ હતાં. તેમને બધા મીઠીમા કહેતા. તે નજીક આવી ગળ ગળે હૈયે બોલી ઊઠયાં, "તમારા દર્શનની આશા નહોતી, પણ આખરે આવી પહોંચ્યા ખરા."

બપોરે બહેનોની સભા રાખવામાં આવી હતી. પ્રવચનને દશ જ મિનિટની વાર હતી, પણ કોઈ નજરે ચઢતું ન હતું. પણ એક મિનિટમાં જ બહેનોનાં ટોળાં આવી પહોંચ્યાં અને પ્રવચન શરૂ થતાંમાં તો આખો હોલ ભરાઈ ગયો.

## ★ તા. ૩-૫-૪૮ : તીથવા

વાંકાનેરથી સાંજના નીકળી તીથવા આવ્યા. અંતર છ માઈલ હશે. ઉતારો દરબારગઢમાં રાખ્યો હતો. આખો રસ્તો ડુંગરાળ હતો. વાંકાનેર સ્ટેટમાં આ સૌથી મોટું ગામ છે. રાજ્યમાં મુખ્ય વસ્તી મૂમણા લોકોની છે. રાત્રે દરબારગઢમાં જાહેર સભા થઈ. વ્યસનો અને કોમીએકતા વિષે કહ્યું.

વસ્તી ૧૮૦૦

## ★ તા.૪-૫-૪૮ : અરણીટીંબા અને ટોળ

તીથવાથી નીકળી અરણીટીંબા આવ્યા. અંતર ચાર માઈલ. ઉતારો ઉપાશ્રયમાં રાખ્યો.

આ ગામમાં જ મહારાજશ્રીએ બાળપણમાં કેળવણી લીધી હતી. જે ગામને અમે ઘણા દિવસથી જોવા ઝંખતા હતા તે સંતબાલજીની જન્મભૂમિ ટોળમાં અમે આવી પહોંચ્યા. નાનું સરખું ગામ. અમને કહેવામાં આવ્યું કે, લોકો શિવલાલ મહારાજની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા. અમારામાંથી જેઓ આગળ ગયા હતા તેમણે ગામના લોકોને કહ્યું, 'સંતબાલજી આવે છે'. જાણે સંતબાલ સાથે કાંઈ જ સંબંધ ન હોય તેમ 'અમે તો શિવલાલને લેવાને આવ્યાં છીએ.' બધાનાં મોંમાં શિવલાલભાઈ ! શિવલાલભાઈ !' રમતું હતું આ નાનકડી દુનિયામાં પ્રેમનું

સામ્રાજ્ય છવાઈ ગયું. નાનાં મોટાં બધાં જ સંબંધીઓના સંતબાલજીએ ખબર પૂછયા.

મહારાજશ્રી જે ઘરમાં જન્મ્યા તે નાનું ઘર, માતુશ્રી મોતીબાઈએ બંધાવેલો ચણનો ચોતરો અને મહારાજશ્રીની શ્રદ્ધાપાત્ર હનુમાનની દેરી જાણે વર્ષોથી એમની પ્રતીક્ષા કરતાં અહીં ઊભાં છે, આજે એમનામાં પણ ચેતન નજરે ચડતું હતું. જાણે કહી ન રહ્યાં હોય કે આ નાના ખોરડામાં એ જન્મ્યા. આ હનુમાનજીની દેરીને ઓટલે બેસી બ્રહ્મચર્યની પ્રેરણા પીધી, અને આ ચણના ચોતરાની જેમ આખા જગતનાં પ્રાણીમાત્રને વાત્સલ્યરસથી ભીંજવવા તેમણે પ્રવજ્યા લીધી.

એક રાત રોકાઈ ભારે હૈયે અમે ત્યાંથી વિદાય લીધી અને હડમતિયા થઈ મોરબી આવી પહોંચ્યા.

### ★ તા. ૫-૫-૪૮ : હડમતીયા અને લજાઈ

ટોળથી નીકળી હડમતીયા આવ્યા. અંતર ૪ માઈલ હશે. ઉતારો ઉપાશ્રયમાં રાખ્યો હતો. અમારો વીરપુરનો કાર્યક્રમ હતો પણ પાદરથી ગામમાં ખબર પહોંચી ગઈ એટલે લોકોએ ખૂબ આગ્રહ કરી રોકયા. બપોરના પ્રચવન થયું. તેમાં અસ્પૃશ્યતા નિવારણ, ખેડૂત સંગઠન અને ચાલુ બનાવો ઉપર કહ્યું હતું.

હડમતીયાથી સાંજના નીકળી લજાઈ આવ્યા. અંતર ૩ માઈલ. ઉતારો ઉપાશ્રયમાં રાખ્યો હતો. રાત્રે વાર્તાલાપ રાખ્યો હતો. હરિજનોને છોકરાંને નિશાળે મોકલવા કહ્યું.

### ★ તા. ૬-૭-૮ મે-૧૯૪૮ : મોરબી લજાઈથી નીકળી મોરબી

**મોરબી એટલે મુનિશ્રી**
**સંતબાલજીની દીક્ષાભૂમિ**
**જન્મવતન : ટોળ**

## તા. ૭-૫-૪૮ : મજૂર સભા

મિલપ્લોટમાં મજૂરો સમક્ષ બોલતાં મહારાજશ્રીએ જણાવ્યું કે તમારી જાત કોણ એમ પૂછું તો તમે કહેશો કે ધંધો એક નાત છે, હરિજન હોય, બ્રાહ્મણ હોય, કોળી હોય, મુસલમાન હોય પણ મિલનો પ્રશ્ન ચાલશે તો આપણે એક થઈ જઈશું. પગાર વધારા માટે કે કલાકો ઓછા કરવા માટે એકત્ર થઈશું. પણ વિકાસ માટે ધર્મ માટે એકત્ર થવાનું હશે ત્યારે મુશ્કેલ બનશે.સર્વધર્મ સમાન છે. કોઈ ઉચ્ચ નીચ નથી એ ભાવના આપણે ભરવી પડશે. એ ભાવના સિવાય આપણે ઊંચા આવવાના નથી. હિન્દુ મુસ્લિમ ઝઘડામાં માણસે કામ નહોતું કર્યું પણ શેતાને કામ કર્યું છે. અમદાવાદના મજૂરોએ તે હુલ્લડમાં ભાગ લીધો નહોતો.

જેમ આર્થિક બાબતમાં આપણે એક થઈએ છીએ તેમ ધાર્મિક બાબતો અને બીજા અનેક પ્રશ્નોમાં આપણે એક થવાનું છે, જુદા ચોકાઓ સૌથી પહેલાં ભૂંસી નાખવા પડશે.

બીજી વાત મિલ ચલાવવામાં મજૂરી, વ્યવસ્થા અને મૂડી એ ત્રણ ચીજની જરૂર હોય છે. એકલી મૂડીથી મિલ ન ચાલે. એકલી મજૂરી હશે તો ચાલશે. અનાજ પકવવું હશે તો મજૂરીની ખાસ જરૂર પડશે એમાં મૂડી કે વ્યવસ્થા નહીં હોય તો ચાલે. એટલે ઈશ્વરે આપેલી મૂડી કે જે શ્રમ છે તેનાથી માણસ જેટલો દૂર જાય છે તેટલો ઈશ્વરથી દૂર જાય છે. આજે સમાજનું શીર્ષાસન થઈ ગયું છે એટલે માથું નીચું હોવાથી ચાલી શકતો નથી. શ્રમ પ્રથમ, વ્યવસ્થા બીજી, મૂડી ત્રીજી એમ હોવું જોઈએ. પણ ઊલટું છે, તેનું કારણ ધર્મગુરુઓ છે. કર્મવાદનો ઠેકો લગાડવામાં આવે છે મિલમેનેજર બુદ્ધિનું થોડું કામ કરીને દૂધ ચોખા ખાય છે, તેણે પુણ્ય કર્યા છે એમ કહેવાય છે અને મજૂરો પરસેવો વાળે અને ઓછું વેતન મળે તો પરભવનાં પાપ કહેવાય છે.

ત્રીજી વાત આપણે સંસ્કાર કેમ વધારીએ તે છે. સંસ્કાર વગર જીવી શકીએ નહીં. શ્રમ કરીને થાકી ગયા હોઈએ છીએ એટલે આનંદ કરવાનું મન થાય છે. એ આનંદ સિનેમા નાટક દારૂ કે ચા વગેરેમાંથી મેળવીએ છીએ. એ આનંદ ખરજવાની ચળ જેવો હોય છે. દારૂ તો હવે જવાનો છે, પણ ચા તો ખુલ્લી રહેવાની છે. એની અંદર ત્રણ પ્રકારનાં ઝેર આવે છે. આપણે ગામડામાંથી આવ્યા ત્યારે કેવું તેજવાળું શરીર હતું ! પાંચ વરસ પછી કેવું થઈ જાય છે ? શેરડી જેમ કોલામાંથી પસાર થઈ જાય છે અને છોતાં નીકળે છે તેમ આપણે છોતાં થઈને બહાર નીકળીએ છીએ. તેનું કારણ વ્યસનો છે.

ચોથી વાત સંગઠનની છે. સંગઠન બે પ્રકારનાં હોય છે. ઈમારત તોડવી હોય, આગ લગાડવી હોય, તો સંગઠનથી થઈ શકે છે. પણ ખરું સંગઠન તો સર્જન કરવામાં

છે. આજે એક પવન વાય છે કે ધીમીગતિ અને વધુ પૈસા આ ખોટું છે. ગાયને દોહીને જીવી શકાય, કાપીને નહીં.

સાંજના છ વાગ્યે વર્કશૉપના મજૂરભાઈઓની સભા યોજાઈ હતી. રાત્રે સાડાઆઠ વાગ્યે પોટરી વર્ક્સના કામદારોની સભા રાખવામાં આવી હતી. પોટરીમાં કામ કરનાર મોટો વર્ગ કુંભારનો છે. મજૂરી બહુ ઓછી છે. માટી મશીનથી એક રસ બનાવી પછી કપ-રકાબી , બરણી વગેરે બનાવવામાં આવે છે. ગેલન કે રતલી બરણી બનાવવા માટી તોલીને આપવામાં આવે છે. તેને ચાકડા ઉપર ચઢાવી કુંભાર વાસણ ઉતારે તેમ ઉતારવામાં આવે છે. અઢી ગેલનની બરણી રૂપિયામાં ૧૭ બનાવી આપવામાં આવે છે, આમ બે ત્રણ વખત સાફસૂફ થઈ ગયા પછી એક ઠેકાણે તેના પેચ પાડવામાં આવે છે. પછી ભઠ્ઠીમાં પકવી બહાર કાઢવામાં આવે છે. કપરકાબીનું પણ આવું જ છે. (મહેન્દ્ર ગ્લાસ વર્ક્સ જોયું હતું.)

**તા. ૮-૫-૪૮ : દરબારગઢમાં જાહેરસભા**

આજે લગભગ ત્રણ ચાર વાગ્યાથી શહેરમાં તોફાની હવા શરૂ હતી. અમો બેઠા હતા તેવામાં એક ભાઈએ કહ્યું, એક દારૂડિયો માણસ પ્રજામંડળનું બોર્ડ ભૂંસી નાંખીને તોફાન કરે છે, પોલીસ પકડતી નથી. દુલેરાય માટલિયા બેઠા હતા, તેમણે કહ્યું, પોલીસ ઈન્સ્પેક્ટરને કહો, દવે સાહેબને કહો. સાંજના ખબર પડી કે લોકોનાં ટોળે ટોળાં ફરે છે અને બજાર બંધ થઈ ગઈ છે. અમો જ્યારે પ્રવચન માટે જતા હતા ત્યારે ટોળાનો ભેટો થયો, ટોળું સમાજવાદ ઝિંદાબાદ લખધીરસિંહજીબાપુનો જય, પ્રજામંડળ મુર્દાબાદ એવા પોકારો પાડતું હતું અને ધોળી ટોપી દેખાય તેને માથેથી ઉપાડી લેતું હતું. કહેવાય છે કે રાષ્ટ્રધ્વજ અને ટોપીઓ બાળી નાખવામાં આવી. ખાસ કરીને તેમની બૂમ અનાજ અંગેની હતી.

લોકોનું કહેવું એમ થયું કે આવા સંયોગોમાં તમારે સભા ન રાખવી, પણ મહારાજશ્રીએ કહ્યું કે કોઈ સાંભળવા ન આવે તો કંઈ નહીં, પણ આપણે તો આપણો કાર્યક્રમ ચાલુ રાખવો જ. સભા થઈ, મોટી સંખ્યામાં ભાઈ બહેનોએ લાભ લીધો. રાત્રે ટોળાએ તોફાન વધુ કર્યું. દુલેરાયે ટોળાને ખૂબ સમજાવ્યું, પણ તેમણે તો પથ્થરનો મારો શરૂ કર્યો. ત્યાંથી દવે સાહેબને બંગલે ટોળું ગયું. દવેએ ખૂબ શિસ્ત અને નમ્રતાપૂર્વક ટોળાને શાન્ત રહેવા કહ્યું. તમારી માગણી મૂકો, હું સરકારને પહોંચાડું છતાં ટોળાએ કહ્યું, અમારે અત્યારે જ અનાજ જોઈએ અને એમ પથ્થર મારો શરૂ કર્યો. કાચ તોડી નાખ્યા લોકો બંગલામાં ઘૂસી ગયા. તેવામાં વાંકાનેરથી અને જી. આઈ. પી. વગેરે આવ્યા. લાઠીચાર્જ અને હવામાં ગોળીબાર કરીને ટોળાને

વિખેર્યુ. પછી સરકારી મોટર પડાવી લઈને ટોળું ગામમાં પ્રચાર કરવા નીકળ્યું. આપણી સરકારે અમારા ભાઈઓ ઉપર ગોળીબાર કર્યો, ખૂન કર્યું. બાપુની જે વગેરે બોલતા મહારાજશ્રી જ્યાં સૂતા હતા ત્યાં મોટરમાંથી બૂમ પાડી. મહારાજશ્રી નીચે ઊતર્યા તેમને કહ્યું, આમ તોફાન ન કરો, તમારા બે ચાર આગેવાનોને મારી પાસે લાવો, તમારા પ્રશ્નો સમજીએ. ટોળાએ કહ્યું, બાપુએ મોટર આપી છે અને મુડદાંને માટે એક ખટારો પણ આપ્યો છે, પણ સવારમાં ખબર પડી કે તે મોટર બાપુની નહિ પણ સરકારની હતી. ડ્રાઈવરને માર મારી ખૂંચવી લીધી હતી. આ તોફાનમાં માટલિયાની હિંમત અને દવે સાહેબની છેવટ સુધીની અહિંસાની રીતે ટકી રહેવાની રીત સુંદર હતી.

મોરબી સુંદર શહેર છે. ૫૦ હજારની વસ્તી છે. શહેરમાં બાવલાં અને ટાવર આવે છે. ખૂબ રળિયામણું શહેર છે. વડોદરાનું બચ્ચું કહી શકાય. ઉદ્યોગો પણ ઘણા છે. મજૂરી સસ્તી છે એટલે ઉદ્યોગોને અવકાશ છે. પોટરી વર્કસ, ગ્લાસ વર્કસ, વેજીટેબલ ઘીનું કારખાનું, મિલ વર્કશોપ, ઈલેકિટ્રકસ વોટર વર્કસ છે, રાજમહેલ સુંદર છે નદીને બંધ બાંધી, પાણી અટકાવી સ્ટોર કરવામાં આવ્યો છે તેની ઉપર ઝૂલતો પુલ બાંધવામાં આવ્યો છે. મણિમંદિર મહેલ ખૂબ જ સુંદર છે.

### ★ તા. ૯-૫-૪૮ : વીરપર

મોરબીથી વિહાર કરી વીરપર આવ્યા. અંતર છ માઈલ. ઉતારો ઉપાશ્રયમાં રાખ્યો. રાત્રે જાહેર સભા થઈ. દીક્ષા પહેલાં મહારાજશ્રી આ ગામમાં લગભગ ૨૭ દિવસ રહ્યા હતા.

### ★ તા. ૧૦ થી ૧૨ : ટંકારા

વીરપરથી વિહાર કરી ટંકારા આવ્યા, અંતર સાત માઈલ હશે. ઉતારો ઉપાશ્રયમાં રાખ્યો હતો, ગામે હાર્દિક સ્વાગત કર્યું હતું. ઘણાં ભાઈ બેનો દૂર સુધી સામે આવ્યાં હતાં.

રાત્રે સભા દરબારગઢના મેદાનમાં થઈ, બીજી સભા બચુભાઈના બંગલામાં રાખી હતી. દરબારે એક રાજમહેલ નદી કિનારે બંધાવ્યો છે. લખધીરસિંહજી બાપુ બે દિવસ પૂ. મહારાજશ્રીના દર્શને આવી ગયા. મોરબીનાં તોફાનો વિષે થોડી વાત પણ કરવાની હતી, ખુલાસો સારો થયો. આર્યસમાજના સ્થાપક દયાનંદ સરસ્વતીનું આ જન્મસ્થાન છે. જેમણે પ્રજાને વીરતાના પાઠ શીખવાડયા અને ધાર્મિક અંધશ્રદ્ધા અને જડતામાંથી પ્રજાને બચાવી. આજે તેમનું મકાન નથી, પણ ગિરધરભાઈ મહેતા કરીને એક સજ્જન છે તે તેમની યાદી રાખી રહ્યા છે, આર્યમંદિર ચલાવે છે અને

શક્ય તેટલી સેવા આપે છે.

### ★ તા. ૧૨-૫-૪૮ : પટેલ વાસમાં સભા

મહારાજશ્રીએ જણાવ્યું કે ધર્મ એ મંદિર કે દેવળની વસ્તુ નથી. મહાદેવની મૂર્તિ હોય કે વિષ્ણુ ભગવાનની મૂર્તિ હોય દરેકમાં કોઈ ને કોઈ ભાવના ભરેલી હોય છે. આપણી નમન ક્રિયા પણ હાથ જોડીને માથું નમાવીને કરીએ છીએ. તેથી આગળ સાષ્ટાંગ દંડવત કરવામાં આવે છે. તેથી આગળ સત્સંગ ક્રિયા કરવામાં આવે છે. પણ આ બધામાંથી જો ભાવ ઊઠી જાય તો ક્રિયા રહેવા છતાં તે જડ ગતાનુગતિક ચાલે. મંદિરમાં ઘંટ વગાડે છે તેની પાછળ પણ ભાવ છે. ઘંટ વાગતાંની સાથે આપણા કાનમાં પડઘો પડે છે. તેનાથી મને ભાન થાય છે કે અત્યારે હું દર્શન કરવા આવ્યો છું, એટલે મારા મુખમાંથી નીકળેલો અવાજ જો સાચો નહીં હોય તો ઈશ્વર રાજી નહીં રહે. જીવન ચાલ્યું જાય છે પણ જિંદગીનો રણકો રહી જાય છે. કેટલાક લોકો મૃત્યુ પામે છે ત્યારે લોકો કહે છે, કાશ ગઈ ! બહુ નડતો હતો. પણ ગાંધીજીનું મૃત્યુ થયું ત્યારે કેટલાયનું હાર્ટફેઈલ થયું. આમ ભાવના વગર બધું જ નકામું છે. જીવ શિવ અને માયા ત્રણ તત્ત્વમાંથી નીકળે છે. આમ પગ ઊંચો કરવો કે તેમ ઊંચો કરવો, પૂર્વમાં નમવું કે પશ્ચિમમાં નમવું એમાં પણ ભાવ હોય છે. લગ્નમાં પૂર્વ તરફ મુખ રાખી બેસાડાય છે. ઉત્તર તરફ મસ્તક કરી સૂઈ ન જવાય. આ બધામાં કંઈ ને કંઈ ભાવના ભરેલી હોય છે. સૂરજ સામે જોઈએ છીએ ત્યારે ઈશ્વરનાં દર્શન થાય છે. મોટો બંગલો હોય કે રંકની ઝૂંપડી હોય તે એક સરખો તપે, મુડદાલને કહે મારા જેવો તેજસ્વી બન.

ચોટલી કેમ રાખો છો ? દાઢી કેમ રાખો છો ? લાજ કેમ કાઢો છો ? તો કહે ખબર નથી.મારવાડમાં ચૂડલા પહેરે છે. કેટલા બધા હાથી મૃત્યુ પામે ! પણ કહે, એ તો ના છોડાય. નલકાંઠામાં મોટાં બલૈયાં પંહેરે છે. ગુંડો આવ્યો હોય અને માથામાં એક મારે તો ફોડી નાંખે. એક કાળે તેની જરૂર હતી, જંગલમાં એકલા જવાનું થાય અને ગુંડાગીરીનું જોર વધુ. આજે તેની કોઈ જરૂર નથી. છતાં આગે સે ચલી આતી હૈ. કારજ (બારમું) એટલે કાર્ય, લાડવા નહીં ઘણા માણસો એકઠા થયા હોય ત્યારે રોટલા ન બનાવી શકે એટલે શીરો હલાવી નાખે, પણ આજે ન પહોંચતો માણસ હોય તેને પરાણે કરાવે, કહે અમે મદદ કરીશું ગભરાઈશ નહીં, એટલે શૂરવા ચઢે. પછી પૈસા લેવા આવે ત્યારે ઝૂરવા ચઢે. શિયાળ ગામમાં એક જણે જગતિયું કર્યું. ઘરબાર વેચી નાખ્યાં. આમાં જવાબદાર ખાવા જનાર છે. કહે છે ખરા કે સંપત હોય તે કરે. પણ સામાજિક બંધન એવાં હોય છે કે સંપત વગરનો થાય. ધોલ મારીને ગાલ રાતા રાખવા પડે છે. એટલે કારજ એટલે લાડવા બંધ કરવા, પણ માતાપિતાની સ્મૃતિ

તાજી રાખવી. જપ, તપ કરવાં, દાન કરવું. સારી ભાવના ભાવવી. દાન કહેવાતા બ્રાહ્મણોને નહીં પણ સેવકો કે હરિજનોને અગર કોઈ સંસ્થાને શિક્ષણ માટેનાં સાધનોમાં આપવું. મરણ વખતે રોવાનું નાટક તો રીતસર કરવામાં આવે છે. બાઈઓ તાલબદ્ધ છાજિયાં લે છે. છાજિયાં એટલે છાજે તેવું કરવું, પણ આજે તો નાટક ચાલે છે. આ કૂટવાનો તાલીમ વર્ગ ચાલે છે. ગોર્યોના તહેવાર એને માટે ગણાય છે. કૂદી કૂદીને છોકરીઓ કૂટે છે એને ડેડો કહે છે.

લગ્નમાં છેડા છેડી બંધાય છે. જેવી રીતે વસ્ત્રનું સંધાન કરવામાં આવે છે તેવી રીતે ગોરમહારાજ કહે છે, તમારા બેનાં દિલનાં સંધાન સમાજની શાખે, ગુરુની સામે કરવામાં આવે છે. સહનાવવતુ કહેવાય છે. એટલે સુખ દુઃખમાં સાથે રહેવાનું કહે છે. સપ્તપદીમંત્રમાં કેટલો ભાવ છે ! સ્ત્રી અને પુરુષ એ પ્રકૃતિનાં પ્રતિબિંબ છે. જ્યાં ઐશ્વર્ય હોય છે ત્યાં સંસાર કેટલો મઘમઘે છે ! ગૃહસ્થાશ્રમને કેટલાક પાપ માને છે, પણ એ તો એક સુંદર આશ્રમ છે. કુંભાર એટલે કુંભકકાર, ઘડો બનાવનાર તેને પણ સમાજે ઉતારી પાડયો છે, કહે છે કુંભાર જેવો છે એટલે કુંભાર આજે ગાળના રૂપમાં વપરાય છે. પણ એ તો જગતનો મહાન વૈજ્ઞાનિક છે.માટીમાંથી કેટકેટલી વસ્તુ બનાવી. ઊનાળામાં કોઈ વસ્તુથી પાણી ઠંડું ન થાય માટલીમાં થાય, પણ આજે ગધેડો અને કુંભારને તદ્દન નીચે ઉતારી પાડયાં છે. કેટલીકવાર ગધેડા કરતાં માણસ નીચો હોય છે. ગધેડાનું કામ પૂરું થયું એટલે માલિક છોડી મૂકે ઉકરડા ફંફોસીને જીવે. માલિકને કશો ભાર નહિ.

ગાયનું મૂત્ર છાણ હાડકાં વગેરે કામ આવે માણસનું કશું કામ ન આવે. તેનો મળ જોઈને મોઢું વાંકું થઈ જાય. આમ આપણી દરેક ક્રિયામાં ધર્મ વ્યાપી રહેલો હોય છે. ઊંઘમાં પણ ધર્મ રહેલો હોય છે. ઈશ્વરનું નામ લઈને સૂઈએ તો સારી ઊંઘ આવે. સવારે સ્ફૂર્તિ વ્યાપી જાય. ખોટાં બગાસાં, વિકલ્પો , સ્વપ્નાં ન આવે.

## ★ તા. ૧૩-૫-૪૮ : મેઘપુર

ટંકારાથી નીકળી મેઘપુર આવ્યા. અંતર પાંચ માઈલ હશે. ઉતારો જગ્યામાં કર્યો હતો, રાત્રે લોકો સાથે વાતો કરી હતી.

## ★ તા. ૧૪-૫-૪૮ : લતીપુર

મેઘપુરથી નીકળી લતીપુર આવ્યા. અંતર દસ માઈલ હશે. ઉતારો ઉપાશ્રયમાં રાખ્યો હતો. રાત્રે સભામાં સારા પ્રશ્નો ચર્ચાયા. અહીં હરિજનોની જુદી શાળા છે. સંખ્યા ૨૭ની છે મકાન નથી એટલે ઢોર પુરવાનો ડબો છે એમાં છોકરાંને બેસાડે છે

સમકિતના પાંચ અતિચારો કહ્યા છે. શંકાનો અર્થ એ છે કે જ્યારે માણસ પોતાની માન્યતાને, કદાગ્રહને પોષવા પૂછે તો તેને કહેવાય કે તને સમકિત નહીં મળે. પણ જિજ્ઞાસા વૃત્તિથી કોઈ પૂછે તો હરકત નથી. ગૌતમ સ્વામી જિજ્ઞાસા બુદ્ધિથી મહાવીરને વારંવાર પ્રશ્નો પૂછતા.

સત્ય એ એક એવી વસ્તુ છે કે તે જીવનમાં ચોક્કસ છે. તેની સામે કોઈ શંકા કરે તો અકાંક્ષા અને વિચાર કરી શકીએ.

માણસ જ્યારે અસત્યનું વારંવાર મંડન કરે છે ત્યારે તે અસત્યમય બનતો જાય છે. વાસુદેવે જ અર્જુનને લડાઈમાં પ્રેર્યો ત્યારે કોઈ કહેશે કે આવા પ્રેરનાર માણસને ભગવાન કહી શકાય ? અને વાત સાચી છે. યુદ્ધમાં હજારોનો સંહાર થયો. પણ કોઈપણ વસ્તુને ઢાલની જેમ બીજી બાજુ હોય છે. એક માણસ કાયર થતો હોય અને અન્યાયને સહન કરી લેતો હોય તે સારો કે અન્યાયનો સામનો કરી વીર થનાર સારો ? જો જવાબ હામાં હોય તો હિંસાને ઉત્તેજન આપનાર વાસુદેવ નહીં કહી શકાય. હલ વિહલ અને કુણિકનો પ્રસંગ છે. કુણિકની સ્ત્રી પદ્માવતીએ હલવિહલની પત્ની પાસે હાર અને હાથી જોયાં. પોતાના પતિ પાસે એની માગણી કરાવી. પરિણામે યુદ્ધ થયું. હલ-વિહલ મામા ચેડા મહારાજા પાસે ગયા. સલાહ માગી. ચેડામહારાજે કહ્યું કે ભાઈને નાતે કહે તો આપવું પણ સત્તાના મદથી કહે તો ન આપવું. પરિણામે લડાઈ થઈ અને એક કરોડ અને એંશી લાખ માણસનો સંહાર થયો. પાપ કોને થયું ? અપરાધીને હણવામાં પાપ નથી. અહિંસાથી સામનો કરે તો ઉત્તમ. તે ન બને તો શસ્ત્રથી, પણ કાયર તો ન બનવું. આવું ભવ્ય દર્શન જે ધર્મે આપ્યું તે ધર્મને માનનારા લોકો અહિંસાના નામે પાખંડ પોષે તે કેમ ચાલે ? વાણિજ્ય વહેવાર કરે તે વાણિયો. ચાંપો વાણિયો હતો સાથે ધર્મે જૈન હતો. જિનનો અનુયાયી તે જૈન. રાગ દ્વેષને જીતે તે જૈન.

અનાજ, પાણી વનસ્પતિનો વિરોધ નહિ કરી શકાય. પણ એમાં વિવેક જરૂર લાવી શકાય. એક પાણીના ટીપામાં અસંખ્ય જીવો હોય છે. છતાંય હજારો ગાયો પાળવાની વાતો જૈન સૂત્રોમાં આવે છે. કેટલું પાણી વપરાતું હશે ?

કલિકાચાર્ય નામના સાધુ એક સાધ્વીના શિયળભંગ વખતે પોતાનો વેશ છોડીને શસ્ત્ર પકડે છે, અને સાધ્વીને છોડાવે છે. એમણે વિચાર કર્યો કે અત્યારે હું મૂંગો રહીશ તો હું પાપી ઠરીશ અને તે કદાપિ નિવારી નહીં શકાય. જ્યારે શસ્ત્રો લઈશ તો એક પાપ થશે પણ તે પશ્ચાતાપ દ્વારા નિવારી શકાશે અને લોકોમાં એક સંસ્કાર વ્યાપી

જશે. હિંસાનો આધાર દ્રવ્યહિંસા ભાવહિંસા અને દ્રવ્ય અહિંસા અને ભાવ અહિંસામાં છે. ક્રિયા જે ભાવથી થાય છે તે ભાવ ઉપર પાપ પુણ્યનો આધાર છે. માણસ કસાઈખાનેથી પણ પ્રેરણા લઈ શકે છે. તાજમહાલમાંથી કેટલાય ભાવ લઈ શકાય છે, વખત પલટાય છે ત્યારે બધું પલટાઈ જાય છે.

એક બાજુ ત્યાગ અને તપ જાગે, બીજી બાજુ ભોગ પણ જાગે. આવું મારે હોય તો કેવું સારું ! જરાક મતમતાંતર થાય તો જાઓ તમે નાતબહાર, અને એમ હજારો વાડા પડી ગયા છે. હવે ઉદારતાથી સહી લેવાનો વખત આવ્યો છે. જૈનધર્મ બધા વાડા, બધા ધર્મોનાં તત્ત્વોને સહી શકે છે. કોઈ કૂતરાં કે વાંદરાં મારે તો તેનો વિચાર કરવો જોઈએ. શા માટે મારવામાં આવે છે ? તેનાં કારણો શોધવાં જોઈએ. પાટણમાં કૂતરાકૂતરી માટે અલગ અલગ પાંજરાપોળ રાખી જન્મ સંખ્યા ઘટાડી છે. કોઈ કહેશે કે એ તો પાપ કર્યું, પણ જ્યાં ગોળીએ મરાતાં હતાં તેના કરતાં વહેવારુ માર્ગ બનાવ્યો. ધર્મ જીવનના એકેએક પ્રશ્નમાં માર્ગદર્શન આપી શકે છે. સમાજવાદ જૈનશાસનમાં ભર્યો પડયો છે.

અમે કચ્છમાં આવેલ માંડલ ગયા હતા, ત્યાં જાણ્યું કે ત્યાંના જૈનો નવા આવનારને એક રૂપિયો અને એક ઈંટ આપતા હતા. એક લાખ ઘર હતાં. આવનાર લખપતિ અને મકાનવાળો થઈ જાય. સમાન બનાવવા હોય તો એક ગરીબ હોય તો પોતાની સાથે કેવી રીતે બેસાડી શકે ? એક જગ્યાએ કહ્યું, પ્રજાપતિનો વેપાર તું હડપ ન કર. પૃથ્વીના પેટાળમાં ખનિજ પડયું છે, તેનો વેપાર ન કર. કારણ તેના ગર્ભમાં પડેલી વસ્તુ લઈ લે તો તે વંધ્યા બને. વંધ્યા બને તો સર્જન થઈ ન શકે. સારી સારી વસ્તુ ઉત્પન્ન થઈ ન શકે. કારણ કે રાસાયણિક તત્ત્વો ઓછાં થઈ જાય.

રાજ્યોનું ઐકય થયું તેમ ધર્મોનું ઐકય થઈ જાય તો કેટલું સુંદર કામ થઈ જાય ! તેના ધનનો સદુપયોગ થાય. પૈસાથી અને પ્રતિષ્ઠાથી શ્રમની કદર કરતા થઈએ. લૂંટ-વેઠ અને ભીખ ત્રણ મહાશત્રુ. સરકારે ભીખબંધીનો કાયદો કર્યો. પણ મેં કહ્યું લૂંટબંધી કરો. એટલે વેઠ અને ભીખ બન્ને બંધ થઈ જશે. ચા બંધીની વાત આવે છે તો હોટલવાળા કહે છે કે આટલા બધા નોકરો બેકાર બને તેનું શું ? તેમને પડી છે પોતાની કમાણીની અને ઢાલ બનાવે છે નોકરોને. આવું જ બીજે બને છે. ધર્મ આ બધાંમાંથી માર્ગ કાઢે છે.

બીજે દિવસે જાહેરસભામાં ગઈકાલના અધૂરા પ્રશ્નો ચર્ચાયા હતા. ઠાકોર સાહેબ અને અમલદારોએ પણ હાજરી આપી હતી. પ્રવચનમાં મહારાજશ્રીએ

સૂચના સિવાય દાંડી પિટાવવી નહીં એવો કલેકટરે હુકમ કાઢયો હતો. તેનો ખુલાસો કરતાં જણાવ્યું કે ધર્મસત્તા રાજ્ય સત્તાથી ઉપર છે. તેને હુકમની જરૂર ન હોય. ગરાસદારો અને ખેડૂતો બન્ને પ્રેમથી જીવે ગરાસદારો દુનિયાના વાતાવરણને સમજે અને બીજી પ્રજા પ્રેમથી તેમની પાસે જઈ આખી વસ્તુસ્થતિનો ખ્યાલ આપે. આપણે વર્ગવિગ્રહ નહીં પણ વર્ગમેળ જોઈએ છે, છેવટે સમાજવાદ વિશે કહી પૂરું કર્યું હતું.

**★ તા. ૨૬-૫-૪૮ : ખીલોસ**

ધ્રોળથી વિહાર કરી ખીલોસ આવ્યા. અંતર આઠ માઈલ, ઉતારો ઉપાશ્રયમાં કર્યો હતો. ખીલોસ મહારાજશ્રીની માસીનું ગામ છે. મુખ્ય વસતી મુસલમાનોની છે. તેમાંનો મોટોભાગ લીગી માનસવાળો લાગ્યો. કેટલાક પાકિસ્તાન ચાલ્યા ગયા છે.

રાત્રે જાહેરસભામાં ગ્રામધર્મ ઉપર કહેવાયું. સભામાં ૨૧ માણસોએ ચા નહીં પીવાની પ્રતિજ્ઞા લીધી હતી.

**★ તા. ૨૭-૫-૪૮ : હડિયાણા**

ખીલોસથી હડિયાણા આવ્યા. અંતર આઠ માઈલ હશે, ઉતારો નિશાળમાં રાખ્યો. રાત્રે દરબારગઢમાં જાહેર સભા થઈ. તેમાં મહારાજશ્રીએ જણાવ્યું કે ૨૦૨ રાજ્યોના સીમાડા ભૂંસાઈ ગયા, હવે પ્રજાએ પોતાની જવાબદારી સમજવી જોઈએ. ગમે તે બોલવું, ગમે તેમ વર્તવું, એ ટેવો રહી ગઈ છે. હવે સ્વરાજ્ય આવ્યા પછી એ ટેવો જવી જોઈએપાત્ર સિવાય વસ્તુ ટકતી નથી. ખેડૂતોએ કેટલાય વરસોથી જમીન છોડી દીધી હોય તેની માગણી કરે છે. બીજી બાજુ તાલુકદારો પોતાનું સાધી ઘરખેડ માટે વેતરણ કરે છે. પ્રજાએ આ વસ્તુને સમજવી જોઈએ.

**★ તા. ૨૮-૫-૪૮ : જાંબુડા**

હડિયાણાથી જાંબુડા આવ્યા. અંતર આઠ માઈલ, ઉતારો મંદિરમાં કર્યો હતો. બપોરે ત્રણ વાગ્યે જાહેર સભા થઈ. જામનગરથી કેટલાંક દર્શનાર્થી અહીં આવ્યાં હતાં. સાંજના અમે ધુંવાવ આવ્યા હતા.

**★ તા. ૨૯-૫-૪૮ થી ૨૧-૬-૪૮ : જામનગર**

ધુંવાવથી વિહાર કરી જામનગર આવ્યા. અંતર છ માઈલ હશે. નિવાસ ઉપાશ્રયમાં રાખ્યો. સ્વાગત કરવા બહુ મોટી સંખ્યામાં લોકો સામે આવ્યાં હતાં.

રાત્રે ચાંદીચોકમાં જાહેર સભા રાખી હતી. વિષય હતો 'સમન્વયવાદ'. મહારાજશ્રીએ કહ્યું : પાંચ વરસે હું અહીં આવું છું, પણ અહીં તમોને જોઈને મને ઘણી આત્મીયતા લાગે છે. જ્યાં દિલભર પ્રેમ છે ત્યાં આત્મીયતા હોય જ. ગાંધીજીની

કલ્પનામાં આટલું વહેલું હિન્દનું સ્વરાજ્ય આવશે તે ન હતું, પણ 'ક્વિટ ઈન્ડિયા' એ સાર્થક કર્યું. બ્રિટિશરો ગયા છતાં હિન્દના ભાગલા તો પડયા જ. તે શાથી પડયા તેની ઐતિહાસિક રીતિએ હું નહિ મૂકું કારણ કે ઈતિહાસ આજે ચાલુ વ્યાખ્યા કરે છે.

આપણા દિલમાં જો ભાગલા ન હોત તો દુનિયાની કોઈ તાકાત, સામ દામ ભેદ કે બીજી કોઈ રીતે આ ભાગલા ન પડાવી શકત. એટલે આજનો વિષય સમન્વયવાદનો લઈશ. તમો આટલી મોટી સંખ્યામાં આવ્યાં છો તે જ બતાવે છે કે તમે કંઈક સાંભળવા ઉત્સુક છો. હું કહેવા ખાતર કહું તો કામ ન થાય અને રસ પણ ન પડે એટલે તમારો સંબંધ જે પ્રેમમય છે તેને ઉપયોગ તરફ લઈ જવાય તો સારું છે.

માથું અને પગ જુદાં છે, છતાં કામ સહકારથી કરે છે. શરીરનું એકેએક અંગ આમ કરે છે. તો દેશનાં માનવી, દેશના ધર્મો સમન્વયથી કેમ ન જીવી શકે ? આમ નથી જીવતા તેથી આપણી વિકાસમાં પ્રગતિ થઈ શકતી નથી. અશોકચક્ર આપણા વાવટામાં મૂકયું છે. એ બતાવે છે કે જુદી જુદી માન્યતાવાળા જુદા જુદા ધર્મના માણસો એક વાવટા નીચે રહી શકતા હતા. જો સૌરાષ્ટ્રનું એકમ થયું છે તો ધર્મોનું એકમ ન થાય ? એનો અર્થ એ નથી કે બધી પ્રજા એક ગુરુની શિષ્ય થઈ જાય. આપણા ઘરમાં કોઈને રોટલી ખાવાની ઈચ્છા થાય, કોઈને ફરસાણ ખાવું છે, કોઈને બટાટા ખાવા છે. એમ જો દરેક પોતાનો કક્કો પકડી રાખે તો ઘર ન ચાલે. ત્યાં આપણે સમન્વય કરી શકીએ છીએ. આવો સમન્વય આપણા રાજકારણમાં અને ધર્મકારણમાં જરૂરી છે. ગાંધીજી સમન્વયવાદના ગુરુ હતા. દરેક વાદના લોકો તેમની પાસે આવતા, તેમની સલાહ લેતા. ચુસ્ત હિંસક માણસ પણ તેમનું, પ્રેમપાત્ર બની જતું. તે જાણતા હતા કે દરેક માણસ પોતે જે માનતો હોય છે તે સાચી રીતે જ માનતો હોય છે તો તેને કેવી રીતે ગોઠવી શકાય, કેવી રીતે સદુપયોગ કરી શકાય ? આજે લોકો નાઝીવાદ માગે છે કહે છે કે આ પ્રજા દંડા સિવાય સીધી થઈ શકે નહીં. કુદરતે આટલાં બધાં માણસો બનાવ્યાં; છતાં કોઈનું મોઢું એક સરખું નથી. બધાં જુદાં છે. ત્રીજે પગથિયે ઊભેલો માણસ કહે, ચાર પગથિયાં બાકી છે. બીજે ઊભેલો માણસ કહે પાંચ બાકી છે બન્ને સાચા છે દેશનું પરિવર્તન ચોક્કસ ગોઠવાઈ જાય ત્યારે આપણે જોઈશું કે શ્રીમંતો પોતાના દિલથી ટ્રસ્ટી થઈને પ્રજા સમક્ષ પોતાના ધનભંડાર ખુલ્લા મૂકશે. આ વાત છે તો અઘરી. પણ સંયોગો બદલાય છે ત્યારે તે સહેલી બની જાય છે. ગૌતમ અને કેશી બન્ને જુદા વિચારના હતા. નાના મોટા હતા છતાં એક થઈ ગયા. કેશીમુનિ એક મહાન ખૂની અને નાસ્તિક. રાજા જોડે વાત કરે છે એવા તો ઊલટા પ્રશ્નો પૂછે છે કે ગમે તેવો માણસ અકળાઈ જાય, પણ રાજાએ એને સંતોષકારક જવાબ આપ્યા અને તેનો

હૃદયપલટો કર્યો. આપણે થોડી વાતોમાં એમ માનીએ કે આ કેમ સમજતો નથી. ઊંધો છે તે કેમ ચાલે ? (કૃષ્ણ)વાસુદેવનું પાત્ર કેટલું સુંદર છે. ઝઘડાનો અંત લાવવા વિષ્ટિકાર બન્યા. કૌરવોને માત્ર પાંચ ગામ આપવા કહ્યું છતાં ન માન્યા. એટલે યુદ્ધની તૈયારી થવા માંડી. દુર્યોધન દોડયો વાસુદેવ પાસે. અર્જુન પણ ગયો. છતાં વાસુદેવે તેને જરાયે ધુતકાર્યો નહીં. તે જાણતા હતા કે જેમ અર્જુનની એક વિચારસરણી છે, તેમ દુર્યોધનની પણ એક વિચારસરણી છે. ભલે ઊલટી દિશામાં હોય. આપણી સંસ્કૃતિ જે સમન્વયવાદ શીખવતી હતી તે બિચારી આજે કયાંક ઘોરતી પડી છે ? પંડિત નહેરુ કેટલો સમન્વયવાદી પુરુષ છે ! સરદારના વિચારો, અમલદારોના વિચારો, પ્રજાના વિચારો બધાનો સમન્વય કરીને પોતાની નૌકા આગળ ધપાવી રહ્યા છે. તે એટલે સુધી આગળ ધપાવે કે અશોકચક્ર જે પોતાના દેશનું જ નહીં પણ સમગ્ર દુનિયાની માનવજાતનું પ્રતીક બને, સૌ માનવ તરીકે જીવે. જુદા જુદા મોકાએ સમન્વય સાધી લેવો જોઈએ. સ્ત્રી અને પુરુષ જુદાં છે, પણ એમણે સમન્વય સાધ્યો તો સર્જન થયું. આમજનતાનો અવાજ રાજ્યમાં વધુમાં વધુ લાવવો હોય તો સમન્વયવાદની જરૂર છે.

## સાતત્યરક્ષા અને પરિવર્તનશીલતા

સવારના આઠ વાગે વ્યાખ્યાન આપતાં મહારાજશ્રીએ જણાવ્યું હતું કે આપણે કોઈપણ વસ્તુ કે વ્યકિત જોઈએ તો પળે પળે પરિવર્તન થતું દેખાય છે. જગત પણ પરિવર્તનશીલ છે. બાળકનો ફોટો હોય તે મોટો થાય ત્યારે જુએ તો તેને પોતાનામાં કેટલું પરિવર્તન લાગે ? હું કેવો કોમળ હતો. આજે કરચલી પડી ગઈ છે. વિશ્વના એક એક ભાવો પરિવર્તનશીલ હોય છે. બાળકનાં કપડાં ઘરડો માણસ પહેરે તો નહિ પહેરી શકે. એવી રીતે ધર્મ પણ પરિવર્તનશીલ છે. દ્રવ્ય ક્ષેત્ર કાળ અને ભાવ પ્રમાણે ધર્મ પરિવર્તનશીલ થાય છે. હા, ધર્મનાં બે અંગ છે. એક શરીર અને બીજું આત્મા. મૂળભૂત આત્મા સત્ય છે, શરીર અને ક્રિયાકાંડો છે તે પરિવર્તનશીલ છે. આપણાં ક્રિયાકાંડો અને શબ્દોના ભાવો પરિવર્તનશીલતાની દષ્ટિએ જોઈએ તો એક વખતે જે ધર્મ હતો તે બીજે વખતે અધર્મ પણ થઈ શકે, અને અધર્મ ધર્મ હોઈ શકે. સામાયિક એક રીતે ધર્મ છે. બીજી રીતે કોઈ માસણે ગુનો કર્યો હોય અને તે વખતે બચવા માટે સામાયિક કરવા બેસી જાય તો તે સામાયિક અધર્મ થઈ જાય. પ્રસન્નચંદ્ર રાજર્ષિ જેવાની પણ ભાવો પ્રમાણો નર્કની સ્થિતિમાં કલ્પ્યો છે તો આ ભાવમાં બેઠેલો માણસ અધર્મ કરી રહ્યો હોય છે.

સવારમાં વિહાર કરીએ તો સૂરજ સામે આવે, સાંજના વિહાર કરીએ તો સૂરજ પાછળ આવે. જો એમ વિચાર કરીએ કે આમ કેમ ? આનું કારણ પરિવર્તનશીલતા

હોય છે. શિયાળામાં ગરમ કપડાં પહેરીએ છીએ. પણ ઉનાળો આવ્યો કે એ જ કપડાં અકળામણાં લાગે છે. એક નાનું કપડું પણ સહન થતું નથી. તેમ આપણા ધર્મકાંડોમાં પણ પરિવર્તનશીલતા જ લાવવાની જરૂર છે. રાજાઓએ રાજ્યનો ત્યાગ કરી દીધો છે. આ મૂડીદાર ભાઈઓ પણ સ્વેચ્છાથી પોતાની મૂડી ત્યાગી દેશે. એમ હું ઇચ્છું છું ત્યારે તો સવાલ કરવામાં આવે છે કે શું કર્મનો નિયમ ખોટો ? કર્મનો નિયમ એ નથી બતાવતો કે સ્થાપિત હિતોનું જિંદગીભર કાયમ રક્ષણ કરવું. બિલકુલ બેકાર રહીને વિલાસ અને ભોગમાં અન્યાયી રીતે માણસ જીવતો થયો. એટલે કર્મનો નિયમ બદલાય છે. છેલ્લા કાળથી આપણે એ ભૂલ કરીએ છીએ. આ અંગે એક શાસ્ત્રના દૃષ્ટાંત દ્વારા સમજાવવા પ્રયત્ન કરીશ.

કપિલા દાસીને લોકોએ કંજૂસનું પાત્ર કલ્પી છે. કોઈ બાઈ કંજૂસ હોય તો તેને કપિલા જેવી કહેવામાં આવે છે. હું બીજી રીતે વિચારું છું. કપિલા દાસીને દાન કરવાનો અધિકાર જ નહોતો. તે દાન કરી જ કેવી રીતે શકે ? જે માણસ કમાયો નથી તે દાતા કેવી રીતે હોઈ શકે ? અને દુનિયા કહે તો પણ પોતે કેવી રીતે માની શકે ?છેવટે તેના હાથે ચાટવો બાંધવામાં આવે છે ત્યારે તે કહે છે : દાન હું નથી કરતી રાજાનો ચાટવો આપે છે. એક રજ લેવી હોય તો શ્રીમંધર સ્વામીની આજ્ઞા લેવામાં આવે છે. વૈદિક ધર્મમાં પ્રસાદી કહેવામાં આવે છે. ઈશ્વર સામે તે આરજૂ કરે છે કે, હે પ્રભુ ! આ અન્ન અમે લાવ્યા નથી આપનું છે. ઈશ્વર એટલે સમાજ. સમાજના દેવે જે દોલત આપી છે તેમાં આપનો મોટો ફાળો છે. એટલે તેનો ઉપભોગ મારા એકલા માટે કેવી રીતે કરી શકું ? જોકે આજે ટ્રસ્ટીઓ માલિક થઈ બેઠા છે. આનંદઘનજી કહે છે, ઘડિયાળી તું ઘડીએ ઘડીએ ડંકા બજાવે છે તો આ નટ માથે પાઘડી બાંધે છે પા-ઘડી પછી શું થનાર છે તેની પણ જેને ખબર નથી. ચેતીને ચાલજે ભાઈ ! જિંદગી પા ઘડી છે. રવીન્દ્રનાથ ટાગોર થોડા શબ્દોમાં કહી ગયા છે. ધર્મ અને વિજ્ઞાનની ગતિમાં વિજ્ઞાન આગળ થઈ ગયું છે અને ધર્મ બિચારો પાછળ રહી ગયો છે. ઘોડાની આગળ ગાડી જોડી છે. એક વિજ્ઞાનમાંથી એણે એવું બિલાડું કાઢયું કે જે સંહાર કરી શકે અણુબોમ્બ બનાવ્યો જે વિનાશ કરે સર્જન ન કરી શકે.

શ્રેણિક રાજાની તિજોરી શું એટલી બધી ખાલી હતી કે ચેલણારાણી માટે રત્નકંબલ ન ખરીદી શકે ? મગધ એટલે કેટલું મોટું રાજ્ય ! કેટલી કમાણી ! એની પાસે મિલકત ન હતી એમ નહીં, પણ તે જૈન હતો. એટલે માનતો હતો કે મિલકત મારી નથી હું તો ટ્રસ્ટી છું. રાજતંત્ર ચલાવવું અને સાથે વિનિમય કરવો. રાણીને કહ્યું કે પ્રજાની મંજૂરી સિવાય એ કેમ ખરીદી શકાય ? તે કંજૂસ ન હતા પણ તે સમજતા હતા કે હું જો ગમે તેમ

વર્તું તો મારી પેઢી, મારી પ્રજા મારો દાખલો લે અને ઊંધે માર્ગે ચાલ્યાં જાય.

ભિક્ષુકો ઘર ઘર ભિક્ષા માગવા માટે નીકળે છે. તે ભીખ માગવા નથી નીકળતા, તે ઉપદેશ આપવા માટે નીકળે છે. દીયતામ દેતાં રહેજો, ચેતજો નહિ તો અમારા જેવી સ્થિતિ થશે. નિરાશ્રિતોનો પ્રશ્ન સમજાવ્યો. ગઈ કાલે લાખોપતિ હતા તે આજે ભિખારી બની ગયા. કર્મના નિયમમાં એક કાંકરી પણ ખરતી નથી. બનવાનું તે જ બને છે. દષ્ટિનું પરિવર્તન એ જ સામો પુરુષાર્થ. સ્થૂળ પવન માટે પશ્ચિમની બારી ખુલ્લી મૂકીએ છીએ. પણ આંતરિક પવન કે જેનું પૂર ચાલ્યું આવે છે તે અટકયું અટકે તેમ નથી. તેને અનુકૂળ થઈ જવું તે જ ધર્મનું તત્ત્વ છે. અનીતિની લક્ષ્મી એક પ્રકારનું પાપ છે, શ્રાપ છે. પહેલાં જ્યારે લક્ષ્મી આવે ત્યારે આપણો ચહેરો ફરી જતો. વાન ફરી જતો. લોકો માટે જીવતા. નિર્લેપ રહીને આપ્યા કરે તે સમજતા હતા કે આ મૂડીનો હું ટ્રસ્ટી છું. જૈન સૂત્રોમાં એકે એક પાને સમાજવાદ ભર્યો છે. છઠ્ઠે વ્રત દિશાની મર્યાદા છે. દિશાની મર્યાદા એટલે શું ? તું જ્યાં જન્મ્યો છે ત્યાંના લોકો ત્યાંના સમાજ સાથે તારું ઋણ છે તે તમારે ચૂકવવું જ જોઈએ. તું બીજે જઈશ તો તારી ફરજ ચૂકીશ. આપણે અહીં મકાન હોય, રંગુનમાં હોય, મુંબઈમાં હોય. રહેનાર બે હોય મકાન પાંચ હોય એટલે સરકારને કાયદો કરવો પડયો. ખાલી મકાન ન રાખી શકાય.

જ્યારે દેશમાં દુષ્કાળ આવ્યો ત્યારે જગડુશા પાસે એટલું બધું અનાજ હતું કે લોકોને જિવાડી શકે. તેણે વિચાર કર્યો હશે કે અનાજ સંઘરીશ તો એમાં જીવાત પડશે તેનાં કરતાં તેને સાફ કરીને લોકોને આપું તો વધુ ઉપયોગી થશે, લોકો જીવશે.

પ્રાચીનકાળમાં લાખો સોના મહોરો હતી. પણ તેનો ઉપયોગ કેવો કરતા હતા ! ચત્તારી મંગલમ્‌માં શું કહેવાય છે ? શરણં લક્ષ્મીનું નહીં, પુત્ર પરિવારનું નહીં, પણ શરણ ધર્મનું માંગ્યું. આજે ઊલટું છે. પ્રભુની પાસે જઈને માગણી કરીએ છીએ કે સારાં નરવાં રાખજો. ઠીક છે સાજાં હોઈશું તો પ્રભુભકિત થશે. પ્રભુદર્શનથી માલમિલકત મળે એ કયા ધર્મની વાત. પાપ પંથમાં મારો પગ ન પડે એ માગું. ભગવાન ચેતવણી તો આપે છે, પણ આપણે માનતા નથી. લખપતિ જોઈને થાય છે કે હું કેમ નથી બની શકતો ? શકિત નથી તો કાળાં બજાર નથી થઈ શકયાં. એક કાળ એવો હતો કે આપણે માનતા કે બહુ પાપ કર્યા હશે તો ઓઢણાં આપ્યાં, સ્ત્રીદેહ મળ્યો. પણ મૂલ્યાંકનો બદલાય છે ત્યારે તે પુણ્ય બની જાય છે. સ્ત્રીઓને પ્રધાનપદ આપવાનું નક્કી થાય પુરુષને નહીં તો બધા માને કે સ્ત્રીનો અવતાર સારો.

એક ચોર ચોરી કરીને મિલકત લાવે છે અને એક શાહુકાર પાસે પાઈ નથી. તોય આપણે શાહુકારને પુણ્યશાળી માનીશું. કારણ કે તેણે અનીતિ નથી કરી. નરકમાં

ગયેલા જીવોની તાકાત ઘણી હોય છે. કાપી નાખો તો એક થઈ જાય. ચોરમાં શક્તિ ઘણી છે. પણ એને પુણ્ય નહીં કહી શકાય. નીતિથી જેણે લક્ષ્મી મેળવી છે તેને પુણ્યશાળી કહી શકો. પણ જેણે સરાસર અનીતિ કરી છે, સમાજને છેતર્યો છે, તેને નીતિમાન કેમ કહી શકાય ? જે માણસ જેટલો છે તેનાથી ઓછું મૂલ્ય ન આંકો, વધુ પણ ન આંકો. ખોટું આંકીએ એટલે તે મિથ્યાત્વી. માંગલિક સાંભળવી, રોગ કાઢવા માટે નહીં, સારી ભાવના માટે. ચમત્કારને ધર્મમાં પરોવીએ તો ગજબ થાય. ચારિત્ર્યનો ચમત્કાર સૌથી મોટો છે. નીતિને પુણ્ય કહીશું કે અનીતિને પુણ્ય કહીશુ ? ગુજરાતમાં એક વેપારી પાકયો તેણે વિચાર્યું કે આજે અનીતિ સિવાય વેપાર થઈ શકે તેમ નથી એટલે તેણે વેપાર છોડયો. પરિણામ એ આવ્યું કે સરકારને જ્યારે જરૂર પડે ત્યારે તેમને બોલાવે છે. કીર્તિ અને ધન બન્ને આવ્યાં. આજે સમાજમાં જ્યાં અને ત્યાં કંકાસ-કજિયા નજરે પડે છે તેનું કારણ શું ?

એક વખત સ્ત્રીઓનું મૂલ્યાંકન વધી જાય છે, એક વખત ધનનું મૂલ્ય વધી જાય છે, એક વખત શ્રમનું મૂલ્ય વધી જાય છે પછાત વર્ગનાં બાળકો કેવી સરસ કેળવણી લે છે ? મેડમ મોન્ટેસરી અમદાવાદ હરિજન કન્યા આશ્રમમાં આવ્યાં ત્યારે તેમણે કહ્યું, દુનિયામાં આવાં બાળકો મેં નથી જોયાં. જો તેમને સંસ્કાર મળે, અવસર મળે તો ખૂબ આગળ વધી જાય છે. એક જમાનો બ્રાહ્મણનો હતો. આજે ઊલટું છે, છેલ્લો નંબર પહેલો આવ્યો છે.મહાજન એટલે મોટો માણસ સમાજનું કલ્યાણ કરે, આજે 'મોટા જીન' જે વળગે છે તેવો બની ગયો છે. હવે આપણી ભૂલને સમજીએ. ધર્મનું સંશોધન કરીને જગતને આપણે પ્રેરણા આપીએ. હિન્દનો માનવી દુનિયાભરમાં જાય ત્યાં જુદો તરી આવે. જેમ હીરો તુરત પરખાઈ જાય છે તેમ તે પરખાઈ જાય.

## તા.૩૦-૬-૪૮ : ભોઈવાસમાં રાત્રિસભા પ્રવચન

સભામાં પૂ સંતબાલજીએ જણાવ્યું કે તમો ત્રણે થરના લોકો ઊંચા મધ્યમ અને નીચલા થરના ભેગા થયા છો તે જોઈને મને સંતોષ થયો છે. તમે જામનગરવાસીઓ સાથે જીવો છો, રહો છો અને જીવનની જરૂરિયાતો અરસપરસ મેળવતા રહ્યાં છો છતાં ત્રણેના મનનો મેળ તૂટી ગયો છે. તેને આપણે દિલથી સાંધવાનો છે. કેવળ રાજકીય પ્રશ્ન અંગે, કેવળ રોજી અંગે કે રોટી માટે એકબીજા સાથે મેળ સાધીશું તો પણ તે ઝાઝો વખત નહીં ટકે. રોટી શરીરને પોષણ આપે આત્માને નહીં આપે, ધર્મ શબ્દથી આપણે તેને સાંધીશું તો કાયમ સંબંધ ટકશે. સમાજવાદ અને ધર્મમાં મેં ફેર જોયો નથી, અહીં જેવા લોકો ભેગા થયા છે તેવા જ વર્ગમાં હું દશ વરસથી કામ કરી રહ્યો છું. માળા તિલક વગેરે ધર્મ તરફ લઈ જનારાં સાધનો છે. જેમ મુંબઈ જવું હોય

તો પગપાળા જઈ શકો છો,મોટરગાડીથી જઈ શકો છો, ટ્રેનથી પણ જઈ શકો છો. હવે તો એરોપ્લેનથી પણ જઈ શકો છો. પણ પહોંચી શકો ત્યારે જ ખરા.

હિન્દે પ્રાચીન કાળથી કંઈક મહાવિભૂતિઓ પકવી છે અને છેલ્લી-છેલ્લી વિભૂતિ આ જ પ્રદેશમાં સૌરાષ્ટ્રમાં પાકી, તેમણે ધર્મથી દુનિયાને માર્ગદર્શન આપ્યું છે. વ્યાયામમાં શીર્ષાસન કરવામાં આવે છે તેમાં માથું નીચું હોય છે પગ ઊંચા હોય છે. એ સ્થિતિમાં તેને ચાલવાનું કહીશું તો નહીં ચાલી શકે. હાથ એ ક્ષત્રિય હતા અને પગ એ નીચલો થર હતો ,આજે સમાજનું શીર્ષાસન થયું છે. આપણે જો એક થઈશું નાત મટી જઈને એક થઈને જીવીશું કેટલાં ભોઈ કુટુંબો દુ:ખી છે, કેટલાં કોળી કુટુંબો ગરીબ છે તે બધાનો વિચાર કરીશું તો સાચું સુખમળશે .

ગયા વખતના કરતાં આ વખતે જામનગરની શેરીઓ બહુ સારી નથી થઈ. એમાં એકલી મ્યુનિસિપાલિટીનો વાંક નથી, આપણે પણ જવાબદાર છીએ. ઘરને આંગણે છોકરું જંગલ જાય તો આપણે વાંધો લેતાં નથી. એક પણ નવાનગરનો વાસી દુ:ખી હોય તો આપણે પણ તેમાં ભાગીદાર છીએ. મહાત્માજીએ ખાદીની પ્રવૃત્તિઓ કરી. સારા સારા માણસોએ પહેરી પણ ખરી, પણ એની પાછળનો આશય સિદ્ધ નથી થયો. રેંટિયો એ શ્રમનું પ્રતીક છે. શ્રમ એ મનુષ્ય જીવનનું મુખ્ય પાસું છે. શ્રમજીવીનો એક રીત હું વકીલ છું. પછાતવર્ગો એટલું જરૂર યાદ રાખે કે જમાનો મજૂરોનો આવ્યો છે. મજૂરોનો એટલે મજૂરીનો, શ્રમનો. હિન્દ સરકાર અને સૌરાષ્ટ્ર સરકાર કિસાનો અને મજૂરોનું હિત પહેલું જોશે. મજૂરીની કિંમત હું રૂપિયા આના પાઈથી નથી માપતો. મજૂરોમાં બે દુશ્મનો જોવા મળે છે. મજૂરો તેને મિત્ર માને છે. તેનું નામ ચા અને દારૂ છે. દારૂનું પીણું કેટલાક પ્રદેશોમાં શિષ્ટાચારરૂપે મનાય છે. પણ આપણે ત્યાં તેને સામાજિક સ્થાન નથી મળ્યું. હરિજનો અને કોળીમાં કોઈ પ્રસંગે છાંટો પાણી જોઈએ જ બહેનોને આ વાત નથી ગમતી, પણ આ ટેવ પડવાનાં કારણો પૈકી આપણે પણ છીએ. બગીચા અને બીજાં આનંદનાં સાધનો તેમને માટે ક્યાં હોય છે ? મેલાં કપડાં હોય એટલે બીજી પ્રજા તેમને અડતાં સંકોચ પામે. એ દશામાં તેમનો આનંદ થોડાં ભજિયાં અને દારૂની પ્યાલીમાં હોય છે તેને કાઢવા સિવાય છૂટકો જ નથી. આ બધી પછાત કોમોને સુધારવા માટે બીજા કોઈની આશા રાખ્યા સિવાય સૌ પોતપોતાની કોમનાં મંડળો સ્થાપી સુધારાનું કામ ઝડપી શરૂ કરે. તમારાં બાળકોને મજૂરીના ભોગે પણ ભણાવો દિવસે ન મોકલી શકાય તો છેવટે રાત્રિ શાળાઓમાં પણ ભણાવો.

બીજો દુશ્મન ચા છે. આ વાત તમને નજીવી લાગશે, પણ મારે મન બહુ મોટી છે. દારૂડિયાને તો કોઈ આંગળી ચિંધશે પણ ચા પીનારને ચાવડીઓ કોઈ કહેતું નથી. બાળલગ્નો એ પણ આપણને ખૂબ નુકસાનકર્તા છે. એમાં સ્ત્રીઓની બહુ હાલાકી થાય છે. કેટલાંક કહે છે આંખ ઊઘાડી હોય ત્યાં લગી પતાવી દઈએ અને લાકડે માંકડું વળગાડી દઈએ. પણ આ ખોટું છે બાળકો ભણે ગણે સમજદાર થાય ત્યાર પછી જ લગ્ન કરવાં જોઈએ. બારમાં બંધ કરવાં જોઈએ. ખોટા ખર્ચા આજથી જ દૂર કરો.

મધ્યમ વર્ગ, મજૂરો તરફ દષ્ટિ વાળે, તેમને રાહત આપવામાં મદદ કરે. કોઈએ વાડી કરી હોય શહેરમાં વેચવા આવે ત્યારે તેને જે ઓછો ભાવ મળે છે તેમાં મદદ કરે પૈસાની સાથે ધર્મથી પણ તેમને ઊંચા લાવો. ઉપલા થર કે જે શોષણ કરતા હોય તેના હાથા ના બનશો. કેવળ મૂડી ઉપર રળતો વર્ગ હવે આપણા ભારતવર્ષમાં ના રહે.

છેલ્લી વાત હિન્દુ-મુસ્લિમ એકતાની છે. કોઈપણ કોમ કે દેશ મજહબના નામ ઉપર અલગ પડીને વિકાસ સાધી શકતો નથી. ભાગલા પડયા છે તે એક દિવસ પશ્ચાતાપ જરૂર લાવશે. ધર્મનું નામ લઈને માણસો અલ્લા હો અકબર અને હર હર મહાદેવનું નામ લઈને લાઠી અને છરા લઈને નીકળે છે. એમાં ધર્મ નથી ધર્મને નામે શયતાન પડેલો હોય છે. નિરાશ્રિતોની લંગાર જોઈને દિલ કંપી ઊઠે છે. શું ધર્મે આ પરિસ્થિતિ કરી છે ? બ્રિટિશરોએ કહ્યું, અમારે ધર્મમાં હાથ ન નાખવો એમણે કલેવરને સાચવ્યું આત્માને ભરખી લીધો.

## તા. ૧-૬-૪૮ : સવાર ૮.૪૫ વાગ્યે વિભાજી હાઈસ્કૂલમાં આપેલું વ્યાખ્યાન :

જીવનમાં બે ભાવો હોય છે : એક સ્થિર અથવા સ્થાયી(નિશ્ચિત) અને બીજો અસ્થિર પરિવર્તનશીલ. સ્થાયીભાવ ઉપર અસ્થાયીપણું ન આવે અને અસ્થાયી ઉપર સ્થાયી ભાવ ન આવે તે વાત ખાસ ધ્યાન રાખવાની છે. આમાં ફેરફાર થાય છે ત્યારે મહાપુરુષો ચેતવે છે. દ્રવ્ય, ક્ષેત્ર કાળ અને ભાવ એ ચાર ભૂમિકા છે ક્ષેત્ર એટલે જે સ્થળે રહે તે, જે સમયમાં હોય તે કાળ, જે ભાવમાં હોય તે ભાવ. કોઈપણ વિચાર આવે તો આ ચાર કસોટીથી માપવો. કયા ક્ષેત્રમાં છે, કયા કાળની વાત થાય છે, કઈ ભૂમિકા ઉપર વ્યકિત છે તે બધું જોઈને વાત કરવી જોઈએ. જો આમ ન કરીએ તો ધર્મને બદલે અધર્મ થઈ જાય. ભૂમિકા સિવાય જો વાત કરવામાં આવે અને તે ગ્રહણ કરે તો મોટો અનર્થ પણ થવાનો સંભવ છે. પુણ્ય પાપ, ધર્મ અને અધર્મ આ ચાર શબ્દોને આ ચાર કસોટીથી માપવાં જોઈએ. પૈસા અને પુણ્યનો સંબંધ નથી. એક કાળ એવો હતો કે ધન એ પુણ્યનું ફળ મનાતું હતું.ધર્મ એટલે ક્રિયાકાંડને, ધર્મ નહીં

કહી શકીએ. ધર્મની વ્યાખ્યા, સદ્‌ગુણ તરફ જવામાં મદદ કરે તે પુણ્ય; દુર્ગણ તરફ લઈ જાય એવી કોઈપણ પ્રણાલી તે પાપ. બુદ્ધિ શરીર-વાણી પૈસો વગેરે સાધન છે. પણ તે ચેતન સાથે સંબંધ ધરાવે છે, આત્માના ગુણોને આગળ ધપાવવા માટે ધન ઉપયોગી થતું નથી. પરંપરાએ તેણે સાધન તરીકે ફાળો આપ્યો છે. શુભ આશ્રય પુણ્ય છે. અશુભ આશ્રય પાપ છે. પહેલું સુખ તે જાતે નર્યા, બીજું સુખ તે ઘેર દીકરા, ત્રીજું સુખ તે સુલક્ષણી નાર અને ચોથું સુખ તે કોઠીએ જાર. એમાં આજીવિકાનાં સાધનોની જરૂર હતી. એટલા જ માટે શાસ્ત્રોમાં ગાયોનાં ગોકુળોની વાત આવે છે. ગાયોનું ધણ કહેવાય છે. ધણ એટલે ટોળું નહીં. પણ ધન, સ્ત્રીને પણ ધન મનાતું, સેવક-ચાકરને પણ ધન મનાતું, આટલું સમજી જવાય તો ધનને જે મહત્ત્વ આપવામાં આવે છે તે ઓછું થશે.

આજે આપણે માનીએ છીએ કે પૈસો હશે તો ડૉક્ટર થવાશે, સ્ત્રી મળશે બધાં આપણને માન આપશે, આજે જે પ્રચલિત નાણું છે તેની ઉપર બધાં સાધનો સ્થિર થઈ ગયાં છે. શાલીભદ્ર નામના એક પુરુષ થઈ ગયા. આગલા જન્મે તે ગોવાળનો પુત્ર હતો. તેની માતા જાતમહેનત કરીને ગુજરાન ચલાવતાં. એક દિવસ દીકરાએ કહ્યું કે મા આજે મને કોઈ સારી ચીજ બનાવી આપ. માને થયું કે દીકરાને મન થયું છે તો હું ખીર કરી આપું. એટલે દૂધ તો હતું, ચોખા નાખી ખીર બનાવી દઉં. બનાવી અને છોકરાને ખીર ઠારવાનું કહી બજારમાં કોઈ વસ્તુ લેવા ગઈ. છોકરાને ખીર ખાવાની તીવ્ર ઉત્કંઠા હતી. ખાવાની તાલાવેલી લાગી હતી. ખાવાની તૈયારી કરે છે ત્યાં એક સાધુ 'ભિક્ષાન્ન દેહી' કહીને ઊભા રહે છે. છોકરો કંઈ સમજતો નથી. તે સમજતો હતો કે મારે આપવું જોઈએ. એટલે ખીરની થાળીમાં વચ્ચે લીટો કરી અડધું નાખવા વિચાર કર્યો. પણ તે તો કેવી રીતે બને ? વસ્તુમાં માલ ન હતો, વસ્તુના ભાવમાં માલ હતો. શબરીનાં બોરની કિંમત ન હતી તેના ભાવમાં કિંમત હતી. તેણે વિચાર કર્યો હતો કે મારો રામ આવશે ત્યારે મારાં આ મીઠાં બોર ખાશે. આ કોરા ઘડાનું ઠંડું પાણી પીશે. ઝાડનાં પાંદડાંનાં પડિયા બનાવીશ. કેટલાય દિવસ વાટ જોઈ. માતંગ ઋષિએ નહોતું કહ્યું કે રામ અચૂક આવશે. શબરીને વિશ્વાસ હતો કે એક દિવસ જરૂર મારો રામ આવશે. અને રામ આવ્યા. ઘેલીગાંડી થઈ ગઈ. લક્ષ્મણને થયું કે આ બાઈ ગાંડી થઈ ગઈ છે કે શું ? રામ કહે, ભાઈ ! તું બોર સામે ન જો. કેટલા વખતથી તેણે કેળવણી લીધી હતી ત્યારે આ ભૂમિકાએ તે પહોંચી હશે. માણસ જ્યારે ભાવાવેશમાં આવી જાય છે ત્યારે તે પ્રેમપાત્રને તુંકારાથી બોલાવે છે. એંઠાજૂઠાની તેને ખબર નથી પડતી બુદ્ધિહીન બના દો ભગવાન કે જેથી હું રામને પામી શકું.

દુર્યોધનના મેવામાં નહોતું એ વિદુરની ભાજીમાં હતું. દ્વારકાના રાજમાં નહોતું તે સુદામાના તાંદુલમાં હતું. ધર્મનું તત્ત્વ હૃદયના સ્થાયી ભાવમાં હોય છે તે બહાર નથી. સ્વામીરામતીર્થ ભિક્ષા લેવા ગયા, એક બાઈએ દૂધ આપ્યું. પણ તેના પર જે તર હતી તે આપવા વિચાર ન હતો, પણ તે કંઈ એવી વસ્તુ નહોતી કે ચોંટી રહે. નાખતાં પડી ગઈ. મુખમાંથી હાય નીકળી ગઈ. સ્વામીજીએ કહ્યું માઈ 'એ હાય નિકાલ લે, બાઈ ભોંઠી પડી ગઈ. ભાવના એ મોટામાં મોટી વસ્તુ છે એક મિત્રની પેન્સિલ ભેટ અને બીજાની કિંમતી વસ્તુની ભેટ એમાં પેન્સિલ છે તો તુચ્છ પણ એ આપવા પાછળ મન મોટું છે જ્યારે કીમતી વસ્તુ પાછળ નથી. પેન્સિલની કિંમત આપણે મન મોટી છે. કારણ કે તેની પાછળ ભાવ છે. આમ ભાવનાથી પિરસાયેલ ખીર સાધુએ આરોગી ખૂબ સંતોષ પામ્યા. ગોવાળ બાળ એક શ્રેષ્ઠીને ત્યાં જન્મ પામ્યા તે શાલીભદ્રની રિદ્ધિ-સિદ્ધિ આજે પ્રખ્યાત છે. લોકો ચોપડામાં આજે ધનતેરસે પૂજા કરે છે. શાલીભદ્રની રિદ્ધિ-સિદ્ધિ હજો. એ રિદ્ધિ ધનદોલતની નહીં પણ સદ્‌ગુણની રિદ્ધિ સિદ્ધિ.

મા બજારમાંથી આવી છોકરાને પૂછયું 'બેટા ! ખીર ખાઈ ગયો.' ત્યારે કહ્યું મા ! એક સાધુને જમાડી દીધી. બહુ સારું કર્યું બેટા ! બીજી બનાવી. દીકરાએ કહ્યું, ના મા હવે મને સંતોષ છે. સાધુને ભ્રમરની ઉપમા આપી છે. તે અમૃત લે છે. આપવામાં જે સંતોષ છે તે ઊપભોગમાં નથી, કારણ કે તેમાં બે મજા છે. એક દ્રવ્યની મજા અને બીજી ભાવની મજા. પેલામાં તો હાથ મોઢામાં જાય એટલે હાથની મજા આવે. પણ આજે ઊલટું છે. દાન દેવામાં જેટલી મજા આવે છે, તેના કરતાં ઊપભોગમાં વધુ મજા આવે છે. અતિથિસત્કાર વૈદિક કાળથી ચાલ્યો આવે છે. વેદોમાં તેનું ખાસ વિધાન કરેલું છે. આ ઘર જમીન પ્રાણ બધું આપનું જ છે. ખુશીથી રહો. જ્યાં સુધી રહેવું હોય ત્યાં સુધી, પણ આજે આપણે ધનને મહત્ત્વ આપતા થયા છીએ. આપણા વહેવારો પણ ધનમય બની ગયા છે. ખાનદાન એટલે સદ્‌ગુણી. ગમે તેવા કપરા કાળમાં પણ નીતિ ના ચૂકયા હોય તે. ધીમે ધીમે પૈસાદાર સાથે નીતિવાનને ખાનદાન કહેવા લાગ્યા. આજે એકલા ધનવાન જ ખાનદાન કહેવાય છે. એટલી હદ સુધી કે ધર્મસ્થાનકોમાં પણ તેની મહત્તા ખૂબ વધી છે. કેટલીક જગ્યાએ તકિતઓ ચોડેલી મારેલી હોય છે. ફલાણા ભાઈના મોક્ષાર્થે અથવા નિર્વાણ અર્થે આટલા રૂપિયા આપ્યા છે. મોક્ષનો સંબંધ પૈસા સાથે જોડયો.

શાલીભદ્રને પુણ્ય મળ્યું, સાથે ધર્મનો અનુબંધ થયો એટલે ધર્માનુબંધી પુણ્ય થયું અને પૈસા ખૂબ મળ્યા. એક દિવસ શ્રેણિક મહારાજ તેને મળવા આવ્યા. માતાએ પુત્રને બોલાવ્યો. બેટા, રાજા આવ્યા છે. તો કહે 'નાખી દો વખારમાં' એને મન

રાજા એક જાતનું કરિયાણું હતું. પણ જ્યારે નીચે આવ્યો ત્યારે તેને ભાન થયું કે હું જે છું તેનાથી કંઈક વધુ જગતમાં છે. ઝાડ સૂકું હોય તેને પાડી નાંખવામાં આવે છે. નાના છોડ હોય તેને પાણી પાવામાં આવે છે, વાડ કરવામાં આવે છે. હેતુ બેઉ માટે સારો છે. સૂકાનાં લાકડાં બાળવાનું કામ આપશે, નાનો છોડ ફળ આપશે, છાયા આપશે આથી વસ્તુ બદલાય ભાવ બદલાતો નથી. એક કાળે ખાદીની ટોપીવાળો રાંચો ગણાતો આજે તેને પ્રતિષ્ઠા મળી એટલે મહાન માણસ ગણાય છે. એમ જ્યારે પૈસાનું મૂલ્યાંકન બદલાઈ જશે ત્યારે સદ્‌ગુણનું સ્થાન આગળ આવી જશે. ધન એ પુણ્ય સાચું ,પણ એ પુણ્યની પાછળ નીતિ હોય. જે રિદ્ધિની પાછળ ત્યાગ છે, નીતિ છે, સત્ય અને સદાચાર છે તે પુણ્ય છે, પણ જેની પાછળ પાપ છે, અનીતિ છે, વિકાર છે તેને પુણ્ય કેમ કહેવાય ? શાલીભદ્રની રિદ્ધિસિદ્ધિ એટલા માટે પ્રખ્યાત છે કે તેની પાછળ ત્યાગ હતો. આજે સમાજનું શીર્ષાસન થઈ ગયું છે. ભકિતની પાછળ ત્યાગ ન હોય તો નકામી બની જાય છે. પૈસાદાર વ્યકિતનો તિરસ્કાર કરવાની કોઈ જરૂર નથી આજે જે ધન અનીતિથી આવ્યું છે, તેને પાપ માનીશું તો માણસ જે દોટ મૂકે છે તેનાથી અટકશે.

નવાબ અશફુદૌલા દાન આપતાં આપતાં આનંદમાં મસ્ત થઈ જતો તે બોલતો કે 'દેનેવાલે ઔર હૈ ભેજત હૈ દિનરૈન. લોક નામ હમરો કહૈ ત્યાં નીચા નૈન' હું આપવા વાળો કોણ ? આ ભાવના જ માણસને પુણ્યને માર્ગે આગળ લઈ જાય છે. જેની પાછળ બોધીબીજ, ભાવના, સત્ય, પ્રેમ હોય એવું તત્ત્વ મળે એવી માંગણી આપણે કરીએ. દાન આપનાર એમ માનીને આપશે કે મેં જે કંઈ પાપ કર્યું છે તેના પ્રાયશ્ચિત રૂપે આપું છું. તે નામની આશા નહીં રાખે પુણ્ય અને પાપની વ્યાખ્યા પરિવર્તનશીલ હોવાથી બદલાઈ શકે છે.

## સમાજવાદ એટલે શું ?

એક જાહેરસભામાં મહારાજશ્રીએ જણાવ્યું કે હું જે કંઈ બોલી રહ્યો છું તેની ભૂમિકા સમાજવાદની છે. સમાજવાદ એ હાઉ નથી. માણસ પોતાના માટે જીવવું મૂકી સમાજ માટે જીવતો થાય, સમષ્ટિ તરફ દષ્ટિ પલટે તેનું નામ સમાજવાદ સમાજવાદ એ કોઈ વાતોની વસ્તુ નથી એ તો આચરણની વસ્તુ છે. તેની શરૂઆત અંગત જીવનથી કે અંગત મૂડીથી ન થાય તો રાષ્ટ્રના શાસનથી થાય એમ હું માનતો નથી જે પ્રજા ઘડાઈ ન હોય તે પ્રજાને કાયદાના ભયથી ઘડવી તે સત્તાશાહી, ફાસીવાદ લાવવા બરાબર છે. હિન્દમાંથી બ્રિટિશરો ગયા. સૌરાષ્ટ્રમાંથી રાજા એક બાજુ બેઠા પ્રજાના હાથમાં અધિકાર આવ્યા છતાં ચારે બાજુ બુમરાણો સંભળાય છે.

કેટલીક સાચી બૂમો પણ હશે, છતાં મોટે ભાગે આપણું જીવન કેવું છે, કઈ ભૂમિકા ઉપરથી તે બોલી રહ્યો છે, તે જોવું જોઈએ.

ગાંધીજીએ બે નવા શબ્દો શબ્દકોષમાં આપ્યા. 'સત્યાગ્રહ અને સવિનય કાનૂન ભંગ'. હમણાં ત્રીજો શબ્દ આવ્યો છે. કાળાં બજાર, બજાર તો કાળાં દેખાતાં નથી. મજાનાં રૂપાળાં આલીશાન મકાનો દેખાય છે. ચાંદી બજાર, સટ્ટા બજાર, તેના હોલ કેટલા ભવ્ય છે ! B.M. શબ્દ અચૂક છે. કાળાશ બતાવતો એ શબ્દ છે. દુનિયાભરમાં એ પ્રસર્યો છે. છતાં અહીં તે ખટકે તે સ્થિતિમાં પ્રસર્યો છે. ચાર જણ એક ઘરમાં રહેતાં હોય તેમાં એક ચોરી કરવા મંડી જાય તો એ ઘરનું શું થાય ? પણ આપણને અનીતિ પચી ગઈ છે. એટલે નવું લાગતું નથી. કાળાબજારિયા બજારમાં નીકળે તો લોકો કહે છે ખરા ! પણ પેલા લોકો માને છે કે, તમે બેટા ! આવવાના છો તો અમારી પાસે ને ? વાત સાચી છે. આપણે કોઈ વસ્તુથી નભાવી લેવાનું શીખ્યા નથી. સટ્ટાવાળા કહે છેઃ અમે જેટલા ઉદાર છીએ, જેટલાં દાન આપીએ છીએ તેટલાં બીજા નહીં આપે. વચન તો અમો ફેરવીએ જ નહીં. પણ આ વેપારનો પાસો જ ખોટો છે તેનું શું ? જે વેપારમાં સર્જન નથી, તે સટ્ટો છે. આજે સર્જન કરનારા ત્રણ કરોડ છે. બાકીના ૨૭ કરોડ તેનીપીઠ ઉપર ચઢી બેઠા છે તે ઊતર્યા સિવાય કોઈનો ઉદ્ધાર થવાનો નથી. એક ટટ્ટુ ઉપર નવ જણ ચઢી બેસે તો શું થાય ?

આજે સમાજમાં ત્રણ શત્રુ મુખ્ય છે. ભીખ, વેઠ અને લૂંટ. ઉઘાડી લૂંટ કરનારને પોલીસ પકડે છે, પણ જે બુદ્ધિથી, ધનથી લૂંટ કરતો હોય તેને કોણ પકડે ! બે ચિત્ર છે, એક સુંદર બંગલો છે. એક નાનું પણ સાદું મકાન છે. બંગલાનો રહેનાર આ શેઠ શરીરે સુખી નથી પણ પૈસે સુખી છે. શેઠાણી વિચારે છે કે અમે સુખી નથી પણ ઝુંપડામાં રહેનાર કેટલાં સુખી છે ! પણ જ્યારે નવાણુંનો ધક્કો લાગે છે એટલે એ પણ દુઃખી થઈ જાય છે. સાધુ સફરીએ બદામના સો ઊપજતા હતા છતાં ૮૦ લીધા. તેણે નક્કી કર્યું હતું કે પાંચ ટકાથી વધુ નફો ન લેવો. તેથી વધુ લઉં તો કાળાબજારનો ચેપ લગાડું અને બીજી ચીજો મોંઘી થાય.બોજો મારી ઉપર જ આવે.

કાળા બજાર કરનાર વેપારીનો હાથો મધ્યમ વર્ગ છે. નોકરોએ જો ચોપડા ખોટા ન લખ્યા હોત તો આ સ્થિતિ ન હોત. નોકરી ન મળતી હોય તો બીજો ધંધો કરે. કૃષિ વાણિજ્ય અને ગોરક્ષા એ વૈશ્યનું કર્તવ્ય છે. ખેતીનો ધંધો સટ્ટા કરતાં ઊંચો છે. એક સાધુએ એક વણિક ભાઈને ખેતી નહીં કરવાની બાધા આપી. ત્યારે ધંધો ન હતો. તે બિચારો વિચારતો હતો કે હવે શું કરવું ? ખરેખર સાધુ પુરુષોએ ધર્મને ગળી ગળીને પ્રજા સામે મૂકવો જોઈએ. એક ખેડૂતે કહ્યું જેણે બગાડયું છે તે સુધારશે. કેટલો કુદરત

ઉપર વિશ્વાસ રાંકા અને બાંકાનું જીવન કેટલું નીતિમય હતું ! બન્ને લાકડાં કાપવા ચાલ્યાં જાય છે. આગળ રાંકા ચાલતો હતો રસ્તામાં સુવર્ણહાર પડેલો જોયો. પણ આ મારી મહેનતનું નથી એમ માની ન લીધું, પણ પાછળ આવતી બાંકાનું મન ન બગડે તે માટે હાર ઉપર ધૂળ વાળી દીધી. બાંકાએ આ જોયું. આગળ જઈને રાંકાએ પૂછયું રસ્તામાં કંઈ જોયું ! હાસ્તો આંખો છે એટલે કેમ ન દેખાય ! શું જોયું તો કહે ધૂળ ઉપર ધૂળ વાળી તે જોયું. અરે એ તો ઘરેણું હતું, બાંકા કહે જ્યાં સુધી પારકાં ધનન સુવર્ણ માનો ત્યાં સુધી મન બગડવાનો સંભવ છે. પરધન પથ્થર સમાન એટલે એ પથ્થર જ હતો.

શેઠ પરદેશથી ઘણું ધન કમાઈને આવ્યા. દેશમાં વખાણ થાય અને લોકો પોતાનો વૈભવ જુવે એટલા ખાતર આખા ગામને જમવા નોતર્યું, બત્રીસ પકવાન બનાવ્યાં. લોકો જમવા બેઠાં છે. શેઠ અને તેમના મળતિયા જોવા નીકળ્યા છે. લોકો ભારોભાર વખાણ કરે છે. શેઠ પોરસાય છે. પણ એક સંત ભોજન લેતા નથી. શેઠે પૂછયું , સાંઈ કેમ જમતા નથી. સાંઈ કહે ઈસમેં મેરે લાયક કોઈ ચીજ નહીં હૈ. મળતિયા વ્યંગમાં બોલ્યા, શેઠ ! આ બાવાને તો બાસુંદી જોઈએ. બાવા એ કહ્યું, ભાઈ હમેં બાસુંદી નહિ ચાહિયે નીતિકી સૂકી રોટી હો તો ભી હમકો ચલતી હૈ. તો આ નીતિનું નથી ! બતાવો ! સંતે મેસૂરનો ટુકડો હાથમાં લીધો અને બે હાથે દબાવ્યો તો એમાંથી લોહી અને આંસુની ધાર દેખાઈ ઉહાપોહ થઈ ગયો. શેઠ યહાં તો બહુત ધામધૂમ મચા પર વહાં પોપાંબાઈકા રાજ નહિ હૈ. શેઠ સમજી ગયા. પગે પડયા. ક્ષમા માંગી. જીવન સુધારી લીધું.

આમ જો આપણે એકથી શરૂઆત કરી, નીતિથી જીવન જીવતો સમાજ તૈયાર કરીશું તો ભવિષ્યમાં આપણે સુખચેનથી જીવન જીવી શકીશું. અને દુનિયાને બોધ-પાઠ આપી શકીશું.

### નવાનગર હાઈસ્કૂલમાં વ્યાખ્યાન :

ધ્યેય કે આદર્શ કેટલા ઉત્તમ છે તેના ઉપર આપણો આધાર નથી, પણ આદર્શ આપણને કેટલો સ્પર્શે છે તેની ઉપર આપણી પ્રગતિનો આધાર છે. પ્રવૃત્તિ અને નિવૃત્તિનું જોડું આપણા જીવન સાથે જોડાયેલું છે, તે નિવારી શકાય તેમ નથી. નિવૃત્તિ એ જીવનનો આરામ છે અને બીજી રીતે પ્રવૃત્તિમાં તે મદદગાર પણ થાય છે, કાર્યમાં ઉત્સાહ પ્રેરે છે, બળ આપે છે. પણ તે જાણવું જોઈએ કે નિવૃત્તિ કયાં રાખવી, પ્રવૃત્તિ કયાં રાખવી. મહાપુરુષોએ દ્રવ્ય કાળ અને ભાવ પ્રમાણે ચાવીઓ આપી. તેનાથી વિવેક બુદ્ધિ વાપરી બન્નેનો મેળ પાડવો જોઈએ. કેટલીકવાર આપણે જેને સેવા

માનીએ છીએ તે જ કુસેવા બની ગઈ હોય છે. દા.ત. નિરાશ્રિત પ્રશ્ન, જો એ લોકોને કંઈક આપીને આપણે માનીએ કે તેમની સેવા થઈ જશે તે બરાબર નથી. તાત્કાલિક આપવું જોઈએ, પણ દષ્ટિપૂર્વક આપવું જોઈએ; તેમને ધંધે વળગાડી રોજી રળતા કરવા જોઈએ. સમાજિક સન્માન આપવું જોઈએ. કોઈપણ વ્યકિતએ ત્યાગ કર્યો હોય તો તે જરૂર આદરપાત્ર છે, પણ પોતે જ જો તેનું ગાણું ગાયા કરે તો ત્યાગની કીમત ઊડી જાય છે.

નિવૃત્તિ અને પ્રવૃત્તિ બે એક જ જીવનના બે સાથીઓ છે. તેને કેમ ગોઠવવા તો કહ્યું : " પ્રવૃત્તિ સંયમે રાખો, ને નિવૃત્તિ અસંયમે." સંયમના હેતુથી યોગ પ્રવર્તના. યોગ એટલે મન વચન અને કાયા ત્રણેથી જોડાવું તે. નિવૃત્તિ અને પ્રવૃત્તિ કયાં રાખવી તેને મદદગાર થવા વિશ્વવાત્સલ્ય આવ્યું અને તેને અનુરૂપ બાર વ્રતો ગોઠવવામાં આવ્યાં છે. તેમાંનું સર્વ ધર્મ ઉપાસના વ્રત આજે લેવામાં આવે છે. સર્વના બે અર્થ થાય છે. સર્વ એટલે એક અને સર્વ એટલે બધા. બધા ધર્મોમાં એક જ આત્મા પ્રકાશે છે. બધા ધર્મોનો આપણા જીવનમાં મેળ પાડવો તેનું નામ છે સર્વ ધર્મ ઉપાસના.

અષ્ટાવક્રજીનો એક પ્રસંગ છે . તેમને એક સભામાં બોલાવવામાં આવે છે કારણ કે તેઓ એક મહાન વિદ્વાન હતા. આ સભામાં બીજા ઘણાયે વિદ્વાનો આવ્યા હતા. અષ્ટાવક્રજી આવ્યા. લોકોએ જોયા. લોકોની આંખો બહારનું જોવા ટેવાયેલી હોય છે. અંતર કોઈ જોતું નથી. ઋષિને જોઈને આખી સભા હસી પડી. કારણ કે આઠે અંગ વાંકાં હતાં. આમ જ્યારે આખી સભા હસે તો ગમે તેવો સમત્વયોગવાળો માણસ ક્રોધે ભરાયા સિવાય ન રહે. પણ આ તો ઋષિ પોતે પણ હસવા લાગ્યા. લોકોએ કારણ પૂછયું ત્યાર તેમણે કહ્યું, તમે હસ્યા તે જ કારણે હું હસ્યો.હું માનતો હતો કે કોઈ વિદ્વાનોની સભામાં જઈ રહ્યો છું, પણ અહીં મેં ચમારોની સભા જોઈ. ચમારની આંખ ચામડું જોવા ટેવાયેલી હોય છે. એટલે તમારી અજ્ઞાનતા ઉપર મને હસવું આવ્યું.

આપણી આંખ ઉપરનું જોવા ટેવાયેલી છે. પણ ઊંડા ઊતરીએ, જો આંતરિક જીવન જોઈએ તો આખા વિશ્વમાંથી કંઈક ને કંઈક તત્ત્વ આપણને જાણવાનું મળશે. કોઈપણ સંપ્રદાયના ધર્મગુરુ હોય, પણ તત્ત્વ લેવું હોય તો શું વાંધો ? ઉપરનાં લેબલો ન જોવાં જોઈએ. આપણું શરીર નાશ પામવાનું છે તે નશ્વર છે. પણ તેમાં પડેલો અનશ્વરભાવ અમર રહેવાનો છે. તો એ ભાવ જ જગતમાં સ્વર્ગનું સામ્રાજ્ય પ્રસરાવે છે. બુદ્ધ ભગવાનને દેવોએ કહ્યું કે, ચાલો મોક્ષમાં ! તો કહે આ જગતમાં અસંખ્ય જીવો નર્ક અને સ્વર્ગની ભૂમિકામાં સબડે છે, દુઃખી છે, તેમને લીધા સિવાય હું કેમ આવી શકું ! બધાનું કલ્યાણ કરીને હું આવીશ. કેવી ભવ્ય ભાવના છે ! પોતે બે

પાંખોથી ઊડે, પણ તે પાંખો એવી બનાવે કે સાથે હજારોને ઊડાડે. પણ તે કયારે બને ? બીજાનાં પાપો પોતાનાં માની માથે ઓઢી લેવાય. દરેકમાં ગુણ જોવાની વૃત્તિ જાગે. આજુબાજુનાં માણસો જ્યારે ભૂલ કરતાં હોય ત્યારે તેને શલ્યની માફક ખૂંચે અને પોતે એમ માને કે મારા વાત્સલ્યમાં કંઈક ખામી છે. સર્વધર્મ ઉપાસના અને સ્યાદવાદ બન્ને એક છે. ઈસ્લામ જરથોસ્ત કે ખ્રિસ્તીનાં શાસ્ત્રો જોઈશું તો એક જ તત્ત્વ માલૂમ પડશે. એટલું ખરું કે દ્રવ્ય ક્ષેત્ર કાળ અને ભાવ પ્રમાણે જે જાતની પ્રજાની કક્ષા તેવા પ્રકારની શૈલી આપેલી છે. અત્યારના ઈસ્લામીઓ જે રીતે વર્તે છે તેમાં સરાસર અધર્મ છે.

આ સભામાં રવિશંકરદાદા હાજર હતા. તેમણે બે શબ્દો કહેતાં જણાવ્યું કે, નિરાશ્રિત છાવણીમાં બે પ્રકારના માણસો જોયાં. એક સર્જનમાં મદદ કરનાર અને બીજાં સર્જનનો ઉપભોગ કરનારાં. બુદ્ધિનો ઉપયોગ ધર્મ પેદા કરવાનો છે અન્ન વસ્ત્ર પેદા કરવા હાથ પગનો ઉપયોગ કરવો જોઈએ.

**તા. ૩-૬-૪૮ના રોજ રાતની જાહેરસભા હરજીવન વિઠ્ઠલદાસ બારદાનવાલાનાં** બંગલે રાખી હતી.

તા. **૪-૬-૪૮**ના રોજ **સવારનું વ્યાખ્યાન ૮ થી ૯ સુધી રાખ્યું હતું.**

રાત્રે ૮ વાગે ગાંધીચોકમાં વ્યાયામ અને મનોરંજન કાર્યક્રમમાં હાજરી આપી હતી અને છેલ્લે પ્રવચન કર્યુ હતું.

**તા. ૫-૬-૪૮ જાહેરસભા થઈ હતી.**

**તા.૬-૬-૪૮ના રોજ હરિજન કન્યા છાત્રાલયનું ઉદઘાટન રાખ્યું હતું.** આ વખતે પૂ.રવિશંકરદાદા, વજુભાઈ શાહ વગેરે આગેવાનો આવ્યા હતા.

પૂ. દાદાએ ઉદ્‌ઘાટન કરતાં જણાવ્યું હતું કે હું તો પૂ. મહારાજશ્રીનાં દર્શને આવ્યો હતો ત્યાં મારે ફાળે આ કામ આવ્યું છે. ખાસ કરીને ભંગી બેનોને અહીં દાખલ કરવામાં આવે છે. ૭૦૦ ઘર ભંગીનાં અને૧૦૦૦ ઘર વણકરોનાં છે. છતાં અહીં કેમ નથી આવ્યાં ? કયું કારણ એની પછવાડે હશે ? શું અહીં આવવામાં ગુનો છે ? આપણને રસ છે, ભાવ છે,જ્ઞાન છે, અને કાર્યકર્તાઓને કંઈક પ્રેરણા મળે તે દષ્ટિએ આવ્યા છીએ. પણ હરિજનોનો રસ આપણે સૂકવી નાંખ્યો છે. એને એક સરખા બનાવી દેવા છે. ભવિષ્યમાં જ્યારે ઈતિહાસ રચાશે ત્યારે આપણે જોઈશું કે.અમારા બાપદાદા આવા હશે કે એક વર્ગને આવો રાખ્યો હતો! છાત્રાલય થશે તેમ આપણે આનંદ પામીશું પણ તે બસ નથી થોડા નીચે ઊતરવું પડશે. પડેલા માણસને ઊભો

કરવો હોય તો છાતીપુર નીચા નમવું પડશે. થોડા પૈસા આપ્યે નહિ બને! કાદવમાં પડેલાને કાઢવા માટે કાદવવાળા થવું પડશે. તન શ્રેષ્ઠ, મન-મધ્યમ, ધન-કનિષ્ટ આ દાનના પ્રકાર છે. પણ આજે છેલ્લા પ્રકારનું દાન શ્રેષ્ઠ ગણાય છે. જે કાર્યકરો પ્રાણ આપે છે તે ખરા દાનેશ્વરી છે.હરિજનના રહેણીકરણીના, આચાર વિચારના દરેક ખ્યાલો કરવા પડશે. પોતાની પ્રવૃત્તિથી ભંગીઓ બેઠા થાય છે કે નહીં તે જોવું પડશે. ધન મૂડી નથી જીવન એ મૂડી છે. એ જીવન જીવવા માટે તેને જ્ઞાન આપવું પડશે. આ બહેનોને શાસ્ત્રીય પદ્ધતિથી જ્ઞાન આપવું પડશે. જો એ છોકરાં સારું જીવન જીવતાં શીખી જાય અને ભણાવનાર અને ભણનારનો સુમેળ થઈ જાય. પ્રમાદ રહિત થઈ જાય તો સુંદર કાર્ય થઈ શકશે. ગંદામાં ગંદુ કામ છતાં આખા નગરનું આરોગ્યનું કામ તેને સોંપ્યું છે છતાં તેની આજીવિકાનું સાધન ઓછામાં ઓછું. આપણે ત્યાં નિયમ છે કે વધુ મહેનત કરે તેને ઓછા પૈસા, ઓછી મહેનત કરે તેને વધુ પૈસા ભંગીભાઈઓ પણ ગામ સાફ કરી કચરો નાંખે પોતાના ઘર પાસે જાજરૂ હોય ત્યાં રહેઠાંણ કરે.કારણ કે દૂર જવું ન પડે. આ સંસ્કાર કાઢવા પડશે. સરકારની જેમ ફરજ છે તેમ આપણી પણ ફરજ છે. આપણે જે પાપ કર્યા છે તેનું પ્રાયશ્ચિત કરવું જોઈએ.

કાઠિયાવાડ રાજકીય પરિષદના મંત્રીશ્રી વજુભાઈ શાહે આ પ્રસંગે કહ્યું કે :- દુનિયામાં બે જાત છે. એક હરિજન બીજી દુરિજન, તો જે હરિજન હોય તે બધાં બેનો આ છાત્રાલયમાં કેમ ન આવે ? વાલીબેન અને ગુણવંતીબેન જેવાં ચારિત્ર્યશીલ બહેનો સંસ્કાર આપવાનાં હોય ત્યાં સવર્ણ કન્યા બેનો આવે તો વાંધો શું ! હરિજન કુમારો કંઈક ભણ્યા છે તે જ્યારે ગીતા રામાયણ વાંચે છે ત્યારે પહેલો નંબર આવે છે. કોઈ ઈતિહાસમાં, કોઈ ગણિતમાં, તો કોઈ ઓવરસીયર થાય છે. ત્યારે બીજો વર્ગ એથી પછાત હોય છે. હરિજન ગીતા વાંચતો હોય અને બ્રાહ્મણ ન વાંચતો હોય, હરિજન રોજ નહાતો હોય અને બ્રાહ્મણ બે દિવસે નહાતો હોય તો બ્રાહ્મણ કોને કહીશું? બ્રાહ્મણનો છોકરો બ્રાહ્મણ નથી.

પૂજ્ય સંતબાલજીએ કહ્યું કે કન્યા છાત્રાલયની ઉદ્‌ઘાટન વિધિ દાદાના હાથે થઈ તે જામનગરનાં અને સૌરાષ્ટ્રનાં સદ્‌ભાગ્ય છે. પણ પૂર્ણાહુતિ કયારે થશે તે પ્રશ્ન છે ! વાડાવાર છાત્રાલયો હવે બંધ થવાં જ જોઈએ. હરિજન કન્યા છાત્રાલય જો કન્યા છાત્રાલય થઈ જાય તો હું પૂર્ણાહુતિ થઈ તેમ માનું. પણ જેમ વ્યવસ્થિત સરકાર થઈ ન હોય ત્યાં સુધી કામચલાઉ સરકાર રાજ્ય સંભાળે છે તેમ જ્યાં સુધી સવર્ણ અને અવર્ણના ભેદ ભુલાયા ન હોય ત્યાં સુધી આપદધર્મ સમજીને પણ દાદાએ કહ્યું તેમ કેડેથી નમીને આપણે હાથ આપવો પડશે. ગુણવંતીબેન આ છાત્રાલયમાં પ્રાણ તરીકે

પુરાવાનાં છે તે તમારાં અહોભાગ્ય છે. જ્યારે એવાં કાર્યકર્તાઓ પણ વધારે ને વધારે મળશે ત્યારે આ હરિજન પ્રશ્ન સહેલો બની જશે. સરઢવ હું ગયો હતો ત્યારે ત્યાં હરિજનો સામે સત્યાગ્રહ હતો. ત્યારે એક ભાઈએ કહ્યું, સાધુઓએ આ પકડાવ્યું છે તો સાધુઓ જ છોડાવે.

બાળાઓ ભણશે એટલે એક પ્રશ્ન ઊભો થાય છે. ભણેલી છોકરીઓને એમનાં વાલીઓ કોની સાથે પરણાવશે ? કજોડાં ચલાવી પણ કેમ શકાય ? એટલે ભાઈઓને પણ કેળવણી આપવી. બાકી રહે છે તે કામ પ્રાણ હશે તો કરી શકાશે. અન્નપૂર્ણાબેન રાનીપરજ કોમમાં ઓતપ્રોત થયાં છે તેમની સાથે રહે છે, વાસીદું વાળે છે અને સંસ્કાર આપે છે. રશિયાની એક કુમારિકા મીસ કેથેરાઈને સમાજમાં ઓતપ્રોત થવા કેવા પ્રયાસો કર્યા હતા ! પોતાનો ચહેરો વિકૃત કરી નાખેલો ? મેડમ મોન્ટેસરીએ ઘણી સંસ્થાઓની મુલાકાત લીધી હતી. એમણે જ્યારે આશ્રમમાં હરિજન કન્યા વિદ્યાલયની બહેનો જોઈ ત્યારે કહ્યું : આવાં બાળકો મેં ક્યાંય જોયાં નથી. એમને જો સહેજ સહારો મળે તો આગળ વધી જાય એવો એ વર્ગ છે. રૂપિયા આના પાઈથી આ કામ ના ચાલી શકે. હરિજનોએ પોતાની લાઘવગ્રંથી છોડવી જોઈએ કે પોતે નીચા છે. તેમણે એમ ન માનવું જોઈએ કે પૈસાદારથી આવી સંસ્થા ચાલે છે.

ભંગીભાઈઓએ આજે પોતાનો ધંધો છોડવો જોઈએ. એ છોડશે તો જ તેના ધંધાની કદર થશે. જાપાનમાં તો જાજરૂનું વાસ્તુ લેવામાં આવે છે. જાજરૂના કામદારની પૂજા કરવામાં આવે છે. ગાંધીજીએ આપણને આપણા પોતાના ભંગી બનવાનું કહ્યું છે. ભંગી ભાઈઓને એટલું જ કહેવાનું કે આજે સમાજવાદી કે સામ્યવાદી ભાઈઓ તમને આર્થિક લાભો બતાવતા આવે તો ચેતતા રહેજો અને સાચા નેતાઓની દોરવણી મેળવજો.

**તા. ૭-૬-૪૮ના રોજ બપોરના ૪ થી ૬ હાલાર વિભાગના હરિજનો**નું એક સંમેલન બોલાવ્યું હતું,પ્રમુખપદે પૂ. રવિશંકરદાદા હતા.

પ્રથમ દરેક શહેરના હરિજનોને પડતી મુશીબતો સાંભળી હતી. કેટલાક જણે વાસમાં બત્તી નથી, સાર્વજનિક પરબોએ ભંગીને પાણી પાતા નથી, પગાર ઓછો મળે છે, સ્કુલોમાં હરિજનોને દાખલ કરતા નથી, સૂતર સમયસર મળતું નથી, સૂતર હરિજનોને સીધું મળવું જોઈએ વચ્ચે કોઈ દલાલ ન જોઈએ. ભાગની પ્રથા રદ થવી જોઈએ. હજામો હજામત કરતા નથી વગેરે બાબતો જણાવી હતી તેમાંથી જરૂર લાગી તે યોગ્ય થવા યોગ્ય ઠેકાણે મોકલવામાં આવી હતી તે બાદ હરિજનો અને સવર્ણોનું પ્રીતિ ભોજન થયું હતું ખાસ કરીને ભંગીભાઈ બહેનોએ વધુ ભાગ લીધો હતો.

રવિશંકરદાદા સાથે હતા.

ત્યાર પછી સંમેલનની શરૂઆત થઈ. કેટલાક ઠરાવ થયા ત્યાર બાદ વજુભાઈ શાહે આખા હરિજન પ્રશ્નને આવરી લેતું વિવરણ કર્યું હતું.

મુનિશ્રી સંતબાલજીએ હરિજન સવર્ણથી છેટો કેમ પડયો તેની શાસ્ત્રીય રીતે સમજાણ આપી હતી કોઈ શાસ્ત્રમાં માણસને ન અડવું તેમ કહ્યું નથી. પૂ. દાદાએ કહ્યું કે તમે જે ધંધો કરો છો તે પવિત્ર છે, પણ આજે તેને તમે પવિત્ર નથી માન્યો. વેઠ કાઢો છો. આજે શિક્ષક શિક્ષક નથી રહ્યો. બ્રાહ્મણ બ્રાહ્મણ નથી રહ્યો, કારણ કે દરેકે પોતાના ધંધાની પ્રતિષ્ઠા તોડી નાંખી છે. હવે કદાચ જાજરૂ વાળવાનું તમારે છોડવું પડશે કારણ કે વિજ્ઞાન ખૂબ આગળ વધ્યું છે તો મુંબઈ અમદાવાદની જેમ જાજરૂ કુદરતી રીતે જ સાફ થઈ જશે. એટલે આજથી જ ધંધો સ્પષ્ટ કરો.

અહીં કેટલાક હરિજન સેવકો છે, તેમ હું બારૈયાનો સેવક છું. હું ખેર સાહેબ પાસે ગયો અને ૫૦ છોકરાની સ્કૉલરશિપ માંગી. તો કહે અસ્પૃશ્યો માટે મળે સ્પૃશ્યને માટે નહીં મળે. આ ઉપરથી તમે સમજી શકશો કે બધાનું ધ્યાન તમારા ઉપર છે. અને આજે જે લોકો તમને લડાવે છે તે જ્યારે તમે સ્પૃશ્ય થઈ જશો ત્યારે કોઈ ભાવ પૂછશે નહીં, માટે તમે તમારા પગ ઉપર ઊભા રહેતાં શીખો.

**★ તા. ૧૦-૬-૪૮**

સવારના ઉપાશ્રયમાં પ્રવચન આપતાં મહારાજશ્રીએ જણાવ્યું કે :

જ્યારે કાળ બદલાય છે ત્યારે એકનો એક વિષય પરિવર્તન માગે છે. દા.ત. અહિંસાનો વિષય લઈએ. એમ માનો કે અહિંસા પામીને માણસે જીવવું. માણસને માર્યા સિવાય કદાચ જીવી શકીએ. પણ વાયુના જીવો, વનસ્પતિના જીવો, અનાજના જીવો વ. હણ્યા વિના માણસ કેવી રીતે જીવી શકે ? આ ઉપરથી સિદ્ધ થાય છે કે જીવવું હોય તો બીજાનો ભોગ લેવો જ પડે. તો તે ભોગ ઓછામાં ઓછો લેવાય, એ કઈ રીતે લેવાય તે આપણે શોધી કાઢવું જોઈએ. દૂધ ખાઈએ છીએ તે એક પ્રકારની હિંસા તો છે, પણ થોડું લઈને એનાં બાળકોને પોષીએ તો એક ફરજ બજાવી ગણાશે. ગાયો પળાશે. ગાયને આપણે માતા કહી છે. કોઈ માણસ અસત્ય આચરણ કરે અને તેને કહેવામાં આવે કે ગાયને ગળે હાથ મૂક, તો ના કહેશે. આ આપણી સંસ્કૃતિ છે. ગાયના વાછરું માટે ઓછામાં ઓછો એક આંચળ રાખવામાં આવતો. દૂધ પહેલાં વેચી શકાતું જ નહીં. વેચવું તે પાપ મનાતું. જોઈએ તો ગાય ઘરે પાળી લે. એમ ધીમે ધીમે ભેંસ આવી. ભેંસનો એક પ્રશ્ન છે. તેના પાડા ઉપયોગમાં નથી

આવતા. એટલે આડકતરી રીતે મારી નાંખવામાં આવે છે. પુણ્ય કરતાં પાપ આવ્યું.એટલે ગાય બધી રીતે યોગ્ય ઠરે છે. ક્ષત્રિયોને ગોબ્રાહ્મણ પ્રતિપાળ કહ્યા છે તેમાં પહેલું રક્ષણ ગાયનું કહ્યું છે, પછી બ્રાહ્મણનું.

જૈનસૂત્રોમાં ચોથું વ્રત બ્રહ્મચર્યનું કહેવામાં આવ્યું છે. જ્યારે વિશ્વવાત્સલ્યના માર્ગમાં તેને પ્રથમ સ્થાન આપ્યું છે.માણસ ચેતનવંતુ પ્રાણી છે.એટલે તેની ઈચ્છા એ પણ રહેવાની. વિષય ભોગવવાથી વધે છે. તેથી સંતોષ પામી શકાતો નથી પણ સંયમથી સંતોષ આવે છે. આત્માના ત્રણ ગુણ સત્યં શિવમ્-સુન્દરમ્ છે. બરાબર એકાગ્રતાપૂર્વક સત્યની આરાધના કરીએ તો સુંદરતા મળે, પ્રેરણા મળે અને જીવન જીવવામાં આનંદ મળે. એટલે જ શ્રીમદે કહ્યું : નિર્દોષસુખ નિર્દોષ આનંદ લ્યો ભલે જ્યાંથી અરે, ખોરાક જેટલી રસવૃતિથી ખવાય છે, તેટલો જ તે ભોગની ઈચ્છા કરાવે છે. જે વસ્તુમાંથી આનંદ લ્યો તેમાં નિર્દોષનો ખ્યાલ રાખજો. વાછરડું ખીલે બાંધ્યું હોય તો ગમે તેટલું કૂદે પણ મુકરર કરેલી જગ્યાએથી આગળ જઈ નહીં શકે.આપણા મનને એક ચોક્કસ નક્કી કરેલા ધ્યેયમાં જોડી રાખીએ તો ગમે તેટલું કૂદે પણ તે તેની મર્યાદામાં સમાઈ જાય. જેનામાં જેટલો સદ્દગુણ તેટલો તે વધુ સુંદર. જો આકૃતિથી જ સુંદર કહેવાતા હોય તો ગાંધીજી સુંદર નહોતા, પણ આખી દુનિયા તેમને ચાહતી હતી. પણ આપણી આંખ પહેલી ચામડું જુવે છે.પણ અંતરથી જોઈએ તો જ વધુ પ્રેમ મળે.

એક સુંદર યુવાન વાળનાં મોટાં જુલફાંવાળો એક તત્ત્વજ્ઞાની પાસે ગયો. ઘણી વાતો કરી.બેઠો, પણ તેનાં વખાણ ન થયાં. એટલે બોલ્યો, તમે મને ઓળખ્યો ?મારા જેવો રૂપાળો કોઈ જોયો છે ? તત્ત્વજ્ઞાની સમજ્યો કે આને સુંદરતાનું અભિમાન આવ્યું છે એટલે તેમણે કહ્યું ઘોડો ચાર પગે ઊભો રહે ત્યારે કેટલો સુંદર લાગે છે? એમ તું હાથ પગે ઊભો રહે તો સુંદર લાગે ! તું પણ એક દિવસ વૃદ્ધ થશે ત્યારે તારા આ કાળા વાળ સફેદ થશે. ગાલની લાલી ચાલી જઈને ખાડા પડશે. કરચલીઓ શરીર ઉપર પડી જશે. ત્યારે તારી આ સુંદરતા કાયમ રહેશે? જો 'ના' હોય તો સુંદરતા તેનું નામ કહેવાય કે જે ત્રિકાળાબાધિત હોય. આ શરીરની સુંદરતા નાશવંત છે. આત્માનું ચેતન સંસ્કાર અમર છે. લિપસ્ટીક કે પફપાવડરથી લોકો સુંદરતા લાવવા ઈચ્છે છે. પણ પરસેવાના રેલા પડે, પાવડર અડધો ભૂંસાઈ ગયો હોય ત્યારે કેટલું બેડોળ લાગે છે ! સુંદરતા સદ્દગુણમાં અને તંદુરસ્તીમાં છે.

એનો અર્થ એવો નથી કે સૌંદર્ય પીપાસુ કોઈ હોય તો તે હલકો છે, ફકત આસકિતનો કાંટો કાઢી નાખવો જોઈએ. સત્ય ઉપરનો વિશ્વાસ હોવો જોઈએ. કોઈ વખત જુદું જુદું સત્ય લાગે તો ત્રણ વાત ધ્યાન રાખવી. શાસ્ત્ર, જાત અનુભવ અને

સત્પુરુષનો અનુભવ, આ ત્રણે કક્ષાએ માપવું જોઈએ. કોઈ વ્રત લઈએ અને તેની પાછળ કંટાળાની ભાવના હોય તો વ્રત નુકસાન કરનારું બને. નીકળી જવાનું, તે એમ વાટ જોઈને બેસી રહે કે ક્યારે છ મહિના પૂરા થાય અને મારું વ્રત પૂરું થાય, તો સ્વેચ્છાચાર આદરું; આથી એને વ્રતનો ખરો આનંદ મળી શકતો નથી. તેની કિંમત સમજાતી નથી. વળી સ્ત્રી પુરુષ બન્નેએ એકબીજાને પૂછ્યા સિવાય, સંમતિ સિવાય વ્રત લીધું હોય તો અભિમાન પોષાવાનો ભય રહે છે. કોઈ એમ માનશે કે હું ચોક્કસ છું, આ પામી શકતો નથી. બીજી વ્યકિત વળી બીજું સમજે એટલે સત્યને ઓળખવું બહુ મુશ્કેલ છે તેથી સત્યની સાથે નિષ્ઠા શબ્દ આપ્યો.

વિશ્વવાત્સલ્ય શબ્દ બહુ ગંભીર છે. માણસ તે વગર રહી શકતો જ નથી. કોઈ માણસને જંગલમાં એકલો રાખવામાં આવે, વિશાળ બંગલો હોય. ખાધા ખોરાકી, સાધન સામગ્રી હોય પણ તેને ચેન નહીં પડે. સમાજથી જુદો રહી શકે જ નહીં.વળી સમાજ સાથે આવે છે ત્યારે રાગદ્વેષ આવે છે, અભિમાન, માન-અપમાન આવે છે. એટલે જ દરેકની સાથે સમન્વય કેમ સાધવો તે જાણી લેવાની ખાસ જરૂર છે. આપણને જે અનુભવ થાય છે તે જ બીજાને થાય છે. છળકપટ કરવું હોય તો આમ તેમ જોવું પડે તો બીજાને પણ તેમ કરવું પડે છે.

કોઈ મૂર્તિને પૂજે કોઈ પગલાં ને પૂજે, કોઈ ચિહ્નને પૂજે, મંદિર હોય કે મસ્જિદ હોય, કોઈ સંગેમરમરનું હોય કે કોઈ ઈંટ માટીનું હોય પણ આપણે મંદિર કે મૂર્તિ સાથે નિસ્બત નથી, નિસ્બત છે એની પાછળના ભાવની. માણસ જો પાંચ ફૂટનો હશે તો છ ફૂટ નહીં બનાવી શકો. પણ આપણી આંખને છ ફૂટ જોઈ શકે તેવી બનાવી દઈએ તો કામ થઈ જાય. એક સ્ટૂલ મૂકી દઈએ.ઉપદેશથી કોઈ અસર નહીં થાય આચારથી અસર પડશે. અભિમાનથી કંઈ નહીં બને. જો તેને પોષ્યા કરીશું તો બાળકો જેમ કટ્ટા કરે છે તેમ આપણે પણ એક બીજાથી જુદા પડતા જઈશું પછી આપણો સમાજ ઓછો થતો જશે. છેવટે એકલો રહી જશે. પછી તો એવો વખત આવશે કે વધારેમાં વધારે નમ્ર થવું પડશે.પગે લાગીને સમજાવવા પડશે.

બાહુબલીનો પ્રસંગ છે. તેને એમ અભિમાન હતું કે સાધના કરવી એ મારા હાથની વાત છે ને ? અભિમાનનો કાંટો નીકળ્યો નહોતો તેણે એટલી બધી સાધના કરી કે માથે જાળાં બાઝી ગયાં પણ મોક્ષ નહોતો મળતો. ઈન્દ્રે તેની બે બહેનોને મોકલી. તેઓ કહે છે : 'વીરા મોરા રે ગજ થકી નીચે ઊતરો'. તેનાં આંતરચક્ષુ જાગૃત થતાં પડદો હટી ગયો.

દરેક ધર્મનો સાર એક જ છે. તેમાંથી સર્વધર્મ ઉપાસના વ્રત આવ્યું છે.

★ તા. ૧૦-૬-૪૮

રાત્રિ સભા મગનભાઈ સુતરિયાને બંગલે થઈ હતી. મહારાજશ્રીએ કહ્યું કે કેટલાક લોકો કહે છે. તમે રાજકારણની વાત કરો છો, ધર્મની વાત નથી કરતા. આપણે ત્યાં ધર્મસૂત્રોમાં જે વાતો કરી છે તેનું કલેવર કહેવામાં આવે તો ધર્મ શ્રવણમાં તૃપ્તિ થાય છે. પણ ધર્મ એ એવી વસ્તુ છે કે જીવનના દરેક કાર્યમાં તે માર્ગદર્શન આપે છે. એક મહાસાગરમાં જેમ બધી સરિતાઓ મળી જાય છે તેમ ધર્મસાગરમાં બધી ક્રિયાઓ આવી જાય છે. ધર્મ બોલવાનો વિષય નથી, આચરવાનો વિષય છે. કોઈ ધર્મગુરુ પ્રવચન કરે તે બોલવા પૂરતું નહીં.

અર્જુનને લડાઈમાં વાસુદેવે માર્ગદર્શન આપ્યું. તેમાંથી ગીતા બની ગઈ. આપણે કહીશું કે લડવાની વાત જે ગ્રંથ કરે તેને ધર્મ પુસ્તક કહી કેમ શકાય ? પણ સાચો ધર્મ કોઈ પણ વખતે મૂંઝવણ થાય, મતિ મૂંઝાઈ જાય ત્યારે એ ધર્મ માર્ગદર્શન આપે છે. આજે ધર્મ વાંચવાની અને સાંભળવાની વસ્તુ બની ગઈ છે. એટલે આ પ્રશ્નો ઊભા થાય છે. મકાન સળગતું હોય ત્યારે ધર્મગુરુ શું ઉપદેશ આપશે ? ગીતા વાંચશે કે મકાન હોલવવાનું કહેશે ? આજે દેશમાં જ્યારે નવા નવા પ્રશ્નો ઊભા થાય છે, હિન્દના ભાગલા પડયા છે ત્યારે કયો ધર્મ શીખવવો જોઈએ ? આજે કાળાં બજાર શબ્દ એટલો વ્યાપક બની ગયો છે, તેની સૂગ આપણને રહી નથી. આપણી સંસ્કૃતિ વેરણછેરણ થઈ ગઈ છે. કદાચ દેશ આર્થિક રીતે ઉન્નત થશે પણ નૈતિક રીતે ઉન્નત નહીં થાય તો એકડા વગરનાં મીઠાં બની રહેશે. આજે હોદ્દા ઉપર બેઠેલાની જવાબદારી મોટી છે. તેણે ઉદારદિલી અને ચોક્કસ બનવું પડશે આજે સૌ કોઈ આગળ આવવા પ્રયત્ન કરે છે. સ્ત્રીઓ અને બાળકો પણ જાગી ગયાં છે. દરેકનું સ્વમાન જાગ્યું છે.

'સેવાધર્મો પરમ ગહનો' શું ગહન એટલે બાર કલાક કામ કરવું તે, ખુરશી ઉપર બેસવું તે ? ના, ખેડૂતોનો સંપર્ક સાધશે તો કહેશે, હવે વોટ આપવાનું આવે છે તેથી આમ કહે છે. નહિ બોલે તો કહેશે, હવે સત્તાનો મદ ચઢયો છે. ગહન વાત એટલી છે કે લોકોની ચાહના કેમ મેળવું ? કઈ રીતે પ્રજાને ઉપયોગી થઉં !

શંકર પાર્વતી પોઠિયા ઉપર બેસીને ચાલ્યાં જાય છે. ત્યારે કોઈએ કહ્યું જોયું ? આ બે જણ ચઢી બેઠાં છે. એટલે પાર્વતી ઊતરી ગયાં. તો ટીકા થઈ ! આ લડધા જેવો બાઈને ચલાવે છે. પોતે ઉપર બેઠો છે. એટલે ઊતરીને પાર્વતીને બેસાડયાં. તો ટીકા થઈ, જોયું ધણીને ચલાવે છે. શંકરે કહ્યું, આપણને સત્ય લાગે તે કરવું.

પત્રકારોને કહું છું કે, જો તે પોતાની જવાબદારી નહીં સમજે તો ભાટચારણોની

જેવી દશા થઈ છે તેવી રીતે છાપું કોઈ વાંચશે નહીં !ઋષિમુનિઓએ એ ચિંતન કરી તદ્દન ટૂંકાં સૂત્રો આપ્યાં. ધર્મંચર, સત્યં વદ્. બહુ લાંબાં લાંબાં પુસ્તકો ન લખ્યાં. માવો આપતા. ચાવીને પચાવી શકે તેને જ થોડું આપતા. એટલું બધું વિજ્ઞાન હતું છતાં બહુઓછાને મળ્યું કારણ કે યોગ્ય વ્યક્તિ ન જડી. તે કેવો ઉપયોગ કરશે તે શ્રદ્ધા નહોતી.

ચાલવું તો જોઈને, પાણી પીવું તો ગાળીને, બોલવું તો શાસ્ત્ર પ્રમાણથી અને આપણે ત્યાં સર્વાનુમતિથી રાજ્ય ચાલતું બહુમતીથી નહીં. રામ અને ધોબીનો પ્રસંગ તેની સાક્ષી પૂરે છે. રાવણના રાજ્યમાં બહુમતીથી ચાલતું. એક વિભીષણે ના કહ્યું તો લાત મારી. ત્યાં સત્તાશાહી હતી. રામને ત્યાં લોકશાહી હતી, પણ સાચી લોકશાહીમાં એકપણ માણસે વિચાર વગર નહીં બોલવું જોઈએ. સેવક અને સત્તા વચ્ચેનું અંતર વિચારી લેવું જોઈએ. વિભીષણને લાત મારી તો તે પગને ચૂમ્યા અને કહ્યું : ભાઈ ! તમારા પગને ઈજા તો નથી થઈને ! ધોબીની વાત હતી તો જૂઠી પણ તેનું માનસ, ફેરવવા બીજો કયો રસ્તો હતો ? શંકરાચાર્ય મહારાજ કહી ગયા છે, 'યદ્યપિ શુદ્ધં લોક વિરુદ્ધ ના કરણીયં ના ચરણીયં,' એટલે ગમે તેવી શુદ્ધ વાત હોય તો પણ લોકોને પ્રિય ન હોય તો ન બોલવી. શંકરાચાર્ય જેવા અનુભવી આમ કહી ગયા તેનું કારણ કે ગમે તેવી સાચી વાત હોય અને એક પણ માણસ વિરોધ કરે તો ફરી ચકાસી જોજે વિરોધી માણસ ભૂલ બતાવે તો સાચો સેવક રાજી થાય કારણ કે બહુ ઓછા માણસ પોતાની ભૂલ જોઈ શકે છે.

ભાવનગરના તખતસિંહ બાપુનો એક પ્રસંગ છે. રસ્તે જનાર છોકરાએ બગીચામાંની કેરી ખાવા પથ્થર માર્યો. એ પથ્થર બાપુને વાગ્યો. હવાલદારો છોકરાને પકડી લાવ્યા. છોકરા થરથર ધ્રૂજતા હતા. બાપુએ પૂછ્યું, કેમ પથ્થર માર્યો ? તો કહે બાપુ, અમે તમને નથી માર્યો કેરીને મારતા હતા. બાપુએ વિચાર કર્યો કે વૃક્ષ જેવી ચીજ પથ્થર મારે તો કેરી આપે તો હું ગોબ્રાહ્મણ પ્રતિપાળ કહેવાઉં. શું આપું ? દરેક છોકરાને મૂઠી ભરી ભરીને રૂપિયા આપ્યા. છોકરાં રાજીનાં રેડ થઈ ગયાં. બુદ્ધદેવને કોઈએ ગાળ આપી, તો કહે ભાઈ મારે તારી ગાળ જોઈતી નથી, તને પાછી. ઝાડ કેટલો ઉપદેશ આપે છે ! પોતે તપે બીજાને છાંયો આપે. તેમ પાણો માર તો ફળ આપે. એક સંતે વીંછીને તણાતો જોયો બહાર કાઢવા પ્રયત્ન કર્યો તો વીંછીએ ડંખ દીધો, ફરી પ્રયત્ન કર્યો, ફરી ડંખ માર્યો કોઈએ કહ્યું મહારાજ છોડો, એનો સ્વભાવ જ એવો હોય છે. મહારાજે કહ્યું, તેનો સ્વભાવ ન છોડે તો મારો સેવાનો સ્વભાવ હું કેમ બદલું ? ગાંધીજી પાસે ઘણા વિરોધીઓ આવતા, પાસેના સેવકો ખૂબ અકળાતા. છેવટે

કિશોરલાલભાઈ મશરૂવાળા પાસે ગયા. બાપુએ કહ્યું, ખોટી ટીકા થશે તો છાપું કોઈ નહીં વાંચે 'નીંદક બાબા વીર હમારા' ટીકાકાર જરૂર બનીએ પણ જવાબદારીનું ભાન રાખીને. ઊણપ પૂરવાની તૈયારી સાથે ટીકા કરવી જોઈએ.

દેશની સામે આજે ગંભીર પ્રશ્નો ખડા થયા છે. હૈદરાબાદ, કાશ્મીર, પેલેસ્ટાઈન અને નિરાશ્રિતોનો પ્રશ્ન ખડો છે. ગંભીર કટોકટીમાંથી દેશ પસાર થઈ રહ્યો છે. તે વખતે એક જ વિચાર કરો કે દેશમાં જે તંત્ર ગોઠવાય છે તેમાં હું મદદગાર કેમ થાઉ ? ટીકા કરનારની લાયકાત જોઈએ. દાદા કહેતા હતા કે લોકો જ્યારે અંગ્રેજોને ગાળો ભાંડતા હતા ત્યારે તેમણે કહ્યું, તમને ગાળો ભાંડવાનો અધિકાર શો છે ? હજુ અધિકાર ગણો તો મારો છે, કારણ કે હું તેમનો સેવક છું. કેટલીક સાંભળેલી વાતો સાચી ન માનવી જોઈએ.

**તા. ૧૨-૬-૪૮ :**

## સ્થળઃ નવાનગર હાઈસ્કૂલ, વિષય - સંસ્કારોની અસર

વ્યક્તિ સુધરવા ઈચ્છે છે. વસ્તુસ્થિતિ સમજે છે છતાં જો સમાજ તેવો નહીં હોય તો આપણે તેમ કરી શકતા નથી. સમાજમાં એક આંદોલન જગાડવું જોઈએ. સમાજમાં તો જેવી જેની પ્રતિષ્ઠા તેવો માણસ બનવા ઈચ્છા કરે છે. અનીતિથી પ્રતિષ્ઠા વધે તો પ્રજા અનીતિ તરફ પ્રેરાય. જ્યારે બધા દારૂપીનારા હોય તો નહિ પીનારા સામે આંગળી ચિંધવામાં આવશે. ઠાકરડા, બારૈયા કોમમાં જે વધુ ચોરી કરવામાં હોંશિયાર તેને કન્યા આપવામાં ગૌરવ મનાય છે. કેટલાક સમાજમાં જેણે વધુ દેવાળાં કાઢયાં હોય તેની પ્રતિષ્ઠા વધુ, તેને દીકરી આપવામાં ગૌરવ લે છે. આજે જગત હિંસા તરફ વળી ગયું છે. અણુંબોંબની શોધની હરીફાઈ ચાલે છે. હિન્દનો સૈનિક લડાઈ કરતાં પણ હિંસા વખતે હૃદયમાં ધ્રાસકો અનુભવે છે. તેને આંચકો લાગે છે કારણ કે તેની સંસ્કૃતિમાં એ વણાયું છે.

જેવો સમાજ તેવી ગાળ બોલાય છે. વાઘરી કોમનું માનસ જોયું તો અસભ્ય ગાળ બોલાય છે. મારવાડમાં હોળી વખતે તદ્દન બીભત્સ ભાષા બોલાય છે. બાળકો ભીંતોએ ગમે તેમ લખે છે. કોઈ ભીત સારી ન મળે. શુભ પ્રસંગોએ ગાણાં ગાવાનો રિવાજ, પણ કેટલો ઊતરી ગયો છે ? સારી કોમો નઠારી વાતને વીંટીને બોલે છે અને હલકી ગણાતી કોમો ખુલ્લે ખુલ્લાં ફટાણાં બોલે છે. પણ આપણું માનસ કેટલું વિકૃત થઈ ગયું છે તેનો આ નમૂનો છે. પહેલાંની ગાળ શરીર નાશ સુધી પહોંચી હતી, પણ આજે સત્યાનાશ અને ચારિત્ર્ય ઉપર આક્ષેપ સુધી પહોંચી છે. હિંદનું ચારિત્ર્યબળ જેટલું ઊંચું જશે તેટલો તે બીજા દેશને માર્ગદર્શન આપી શકશે.

નિશાળમાં શિક્ષિકા બહેન, બાળક ગાળ બોલે તો હાથ જોડીને કહે, તમે બહાર જાઓ, મોઢું ધોઈને આવજો. કારણ કે ગાળથી તમારું મોઢું બગડી ગયું છે. જો આવો સંસ્કાર આપણે સમાજમાં ફેલાવીએ તો કેટલોક ફેરફાર થઈ જાય. જેમ આભડ છેટનો સંસ્કાર બાળકોમાં પેસાડયો છે કે ભંગીને અડીને બે છાંટા પણ નાખવા જોઈએ તો આભડછેટ મટી જાય. આ સંસ્કાર છે તેવો જ સંસ્કાર કોઈ ગાળ બોલે, કોઈ ક્રોધ કરે તો કહીએ કે ભાઈ, તમારાં પરમાણું બગડી ગયાં છે, સાફ થઈને આવો. આપણું માનસ ગ્રામોફોનની પસંદગી ઉપરથી ખબર પડે. હરિજનને ઘેર રામ-સીતાના ફોટા, રામદેપીરના ફોટા હોય છે, તુલસી કયારો હોય છે. હરિસિદ્ધભાઈ દિવેટિયા એક સંસ્કારી કુટુંબને ઘેર ગયા. બાળકોની અમુક ચેષ્ટા જોઈ મા-બાપને વાત કરી ત્યારે તેમણે વિચાર્યું, આમ કેમ બન્યું ? બાળકોને આટલા બધા સંસ્કાર છતાં, વિચાર કરતાં જણાયું કે એક દિવસ સિનેમા જોવા છોકરાંને લઈ ગયા, ત્યાંથી આ ચેષ્ટાઓ બાળકો શીખી લાવ્યાં.

ચાંપરાજવાળા પાસે મારવાડમાં કોઈ સ્ત્રીએ સુપુત્ર અર્થે તેના વીર્યની માંગણી કરી. તેણે કહ્યું, બીજું સુપાત્ર જોઈએ. માણસ ભૂલ કરે તો સ્ત્રી ટકોર કરતી, આમ ન થાય ?

એક બાઈના ચારિત્ર્ય ઉપર તેના ધણીએ આક્ષેપ કર્યો. કારણ એ હતું કે તેનું બાળક હબસી જેવું હતું. માનસશાસ્ત્રીએ અભ્યાસ કર્યો તો જણાયું કે બાઈની સુવાની રૂમ સામે હબસીનો ફોટો હતો. સિનેમાની અસર ખરાબ થાય છે. હું ન જોવાનું કહીશ તો મને રૂઢિચુસ્ત કહેશે. પણ જ્યાં સુધી સિનેમા માલિકો પૈસાની દૃષ્ટિ છોડીને સમાજ સુધારવાની દૃષ્ટિ ન રાખે ત્યાં સુધી તેમાં કામ કરનાર માણસો ચારિત્ર્યશીલ મળવાં મુશ્કેલ બનશે.

## તા. ૧૧-૬-૪૮ : મજૂરસભા સ્થળ : દિગ્વિજયમિલ્સ બેડેશ્વર

મહારાજશ્રીએ જણાવ્યું કે તમે આઠ કલાકની મજૂરી કરીને કંટાળી ગયા હશો, અને તમારે ઘરે જવાની ઉતાવળ હશે. તેવા વખતે આપણે મળીએ છીએ.

અકળાયેલો મજૂર ઘેર જાય છે ત્યારે જોઈએ તેવી શાન્તિ મળતી નથી. તેનું કારણ આપણે બધા સૌ સૌના ધર્મ ચૂકયા છીએ. કાખમાં બેઠેલા છોકરાની યાદ નહીં હોવાથી બાઈ આખું ગામ શોધી વળી, તેમ આપણી પાસે બધી સામગ્રી મોજૂદ છે છતાં વ્યવસ્થાનો અભાવ છે. એક ઠેકાણે દોલત છે, બીજે ઠેકાણે મજૂરી છે, ત્રીજે ઠેકાણે વ્યવસ્થા છે. મિલમાં આગ લાગે તો તમને નહિ લાગે કે મારી મિલ બળે છે. જો ખ્યાલ

હોય તો એક દિવસ પણ મિલ બંધ કેમ થઈ શકે? પણ આજે મિલ તમારી નથી. આજે સમાજ માથેથી ચાલે છે. મજૂરોની વાત જુદી, કારકુનોની વાત જુદી અને મિલ માલિકોની નાત જુદી થઈ ગઈ છે. મૂડી, મજૂરી અને વ્યવસ્થા ત્રણ જુદાં પડી ગયાં છે. એ ત્રણેય જ્યારે સમન્વય કરીને ચાલશે ત્યારે આપણો ઉદ્ધાર થશે. તમે ગામડાંથી આવ્યા છો અને સંબંધીઓને ખેંચો છો પરિણામે કોલુમાં શેરડીનો જે હાલ થાય છે તેવું તમારું બને છે. દુબળો થઈને ગામડામાં પાછો જાય છે. ગાંધીજીએ કહ્યું હતું કે હિન્દને ઊભો કરવો હશે તો આપણી બધી સામગ્રી ગામડાંને ઉપયોગી થાય તેવી જાળવીને ઊભી કરવી પડશે. કેલિકોમિલમાં બાપુને એક વખત અંબાલાલ શેઠ લઈ ગયા. બધું બતાવ્યા પછી પૂછ્યું. મિલ કેવી લાગી? બાપુએ કહ્યું,મારી તકલી જેવી નહીં, થોડા માણસો હજારોની મજૂરી ખોઈ નાખે છે. આપણે બધાં સાથે મળીને જીવવાની કળા શોધી કાઢીશું ત્યારે આપણો સાચો ઉદ્ધાર થશે. પગાર જ્યારે મળે, કે આઠ કલાક કામ કરવું પડે તો અમે રાજી થઈએ. એમ તમે કહેશો, પણ તેથી આપણા પ્રશ્નો ઉકલી શકશે નહીં. જે કાયદો મજૂરને લાગુ પડે તે મિલમાલિકને લાગુ પડે, કારકુનને પણ લાગુ પડે, મજૂર મોડો આવે તો ન ચાલે તેમ મિલમાલિક મોડા આવે તે પણ ન ચાલે.

આપણું સંગઠન એકલા આર્થિક લાભ માટે ન હોય જીવન વિકાસ માટે હોય. આપણે જવાબદારીનો ખ્યાલ રાખવો જોઈએ. હાલતાં-ચાલતાં હડતાલો ન પાડવી જોઈએ. આપણા દેશના ઉત્પાદનમાં આપણે મહત્ત્વનો ભાગ ભજવવાનો છે, જે હથિયાર આજે તમને ફાયદો કરે છે તે જ હથિયાર આપણને માથામાં વાગવાનું છે. મિલમાલિકોએ પણ દેશકાળને ઓળખવો જોઈએ. નાનું બાળક જ્યારે ક્રોધે ભરાય છે ત્યારે કિંમતી વસ્તુ ફોડી નાંખે છે. કારણ કે તેને ખ્યાલ નથી કે હું શું કરું છું. સૌરાષ્ટ્ર સરકાર તમારા હિત માટે કામ કરવાની છે. એટલે જરૂર પડયે લવાદી સ્વીકારશો ગમે તેવા માણસથી દોરવાઈ ન જશો. તમે દેશના ઉત્થાનમાં મહત્ત્વનો ફાળો આપો છો તે ખ્યાલ રાખશો.

### તા. ૧૨-૬-૪૮ : સ્થળ : ગર્લ્સ હાઈસ્કૂલ

## સમાજને સામે રાખી જીવે તે સમાજવાદી

આજના સમાજમાં અને આપણા દેશના દરેક પ્રશ્નમાં ધર્મે કંઈ ને કંઈ વિચારીને માર્ગદર્શન આપવાનું રહે છે તે સ્વીકાર્યા સિવાય ચાલવાનું નથી. સમાજવાદ એ કોઈ હાઉ નથી. તે જીવનની બહુ જ સ્વભાવિક વસ્તુ છે. જો આપણે એટલું સમજી લઈએ કે સમાજવાદ એ આપણને સૌને ગમે તેવી વસ્તુ છે, એટલું જ નહીં તેના સિવાય જીવન જીવી શકાય તેમ નથી એટલું સમજી લઈશું તો તેને વહેલો અપનાવી લઈશું.

મેં જે કંઈ વિચાર્યું છે, વાંચ્યું છે તેનાથી હિન્દનો અને તે દ્વારા આખી દુનિયાને સુખી થવાનો રસ્તો એ સમાજવાદમાં છે. હું છેલ્લાં નવ-દસ વરસથી તેનો એક નાનો સરખો પ્રયોગ પણ કરી રહ્યો છું. ભારતવર્ષના ઋષિમુનિઓએ જે ધર્મનું ખેડાણ કર્યું છે, અનેક વૈજ્ઞાનિક શોધો કરી છે તેનાથી પ્રાણીમાત્રને ભરપૂર સુખ મળે તે જોવાનો તેમનો આશય હતો. કોઈ તમને પૂછે કે તમે કોણ છો ? જો તમે એકલા વ્યક્તિ તરીકે જીવી શકતા ન હો તો સમાજવાદી છો એમ કહેવું જ પડશે. જીવનમાં બે જ વાદ છે. સમાજવાદ અને વ્યક્તિવાદ, ત્રીજો વાદ હોઈ ન શકે. વ્યક્તિવાદમાં ગમે તેની તફડંચી કરીને જીવવાનું હોય છે. જેને ચોર કહી શકાય. સમાજવાદમાં માણસ બીજાને માટે જીવે. પોતે જીવે બીજાને જિવાડે, કીડી,મધમાખી જુઓ અને કાગડા જુઓ. બધે જ સમાજવાદ ભર્યો છે. કાગડાને ખાજ મળે છે, ત્યારે કૌ કૌ કરીને બીજાને બોલાવે છે. એ માને છે કે જો હું એકલો ખાઈ જઈશ, તો બીજાને ચેપ લાગશે અને તો જીવન કેમ જીવી શકાય !

હું ચોક્કસ માનું છું કે પ્રદેશ અને દેશની પરિસ્થિતિ જુદી હોય છે એટલે દરેકને અનુકૂળ સમાજવાદ હોય. બધાનો એક સરખો ન હોય. પણ દુઃખની વાત એ હોય છે કે આપણે બધે જ એક સરખો સમાજવાદ કરવા માંગીએ છીએ. માનવી એકલાથી ઉત્પન્ન નથી થયો ફળ, ફૂલ, અનાજ સમાજમાંથી લીધાં છે. સમાજની સહાયથી તું જીવે છે. માણસને પૂછીએ કે તને પાંચ માણસ ચાહતાં હોય તે ગમે કે **પચાસ** માણસ ચાહતાં હોય તે ગમે ? પૈસાથી જીવે તો ગમે કે સમાજવાદથી જીવન તો ગમે ? માણસ પહેલાં વસ્ત્ર પહેરતો નહોતો. લગ્ન જીવન જેવું કંઈ ન હતું. ભટકતાં, કૂતરાં જેમ જીવન જીવતાં. પણ ધીરે ધીરે સમજતો ગયો. સુધારો થતો ગયો તેમ તેમ તે સમાજની સાથે જીવન જીવતો થતો ગયો. માણસ જેમ વિકાસ પામતો જાય છે તેટલો તે સાંકડાપણાથી દૂર જઈ વિશાળતામાં જીવતો થાય છે. ઈશાવાસ્યમિદં સર્વમ્ આ વિશ્વની અંદર એક એવું તત્ત્વ જેને ઈશ્વર કહે છે તેનાથી સભરભર્યુ છે. તેમાંથી જે લે છે તેને કંઈક આપવું જોઈએ. પડઘો જેમ સામું પ્રતિબિંબ પાડે છે તેમ સમાજને જે પ્રકારનું આપીએ છીએ, તે પ્રકારનું તેવું જ સામું મળે છે. જે વળતર આપ્યા સિવાય સમાજમાંથી લે છે તે પાપી છે, ચોર છે. આ વાત ઈશાવાસ્ય ઉપનિષદદ્વારા સમજાવી. જે જેટલું ત્યાગે તેને તેથી વધુ મળે. ગાંધીજીનું દૃષ્ટાંત મોજૂદ છે. એક ઉપવાસ કરે તો આખો હિન્દ ચિંતા કરે. જે વ્યક્તિ સમાજને સામે રાખીને, જીવન જીવે છે તે જ સાચો સમાજવાદી છે. આજે તેમાં જે કંઈક ખામીઓ આવી છે. તેને દૂર કરીએ તો દુનિયાને અને કદાચ રશિયાને પણ માર્ગદર્શન આપી શકે. આ

ભારતવર્ષની શાંતમાં શાંત ક્રાન્તિ હતી.

વર્ણાશ્રમ શબ્દ સમાજવાદમાંથી આવ્યો છે. દરેક તત્ત્વ સુવ્યવસ્થિત રીતે દરેકને મદદ કરે તે માટે બે વાત મૂકી. વર્ણ અને આશ્રમ જેનામાં હૃદયશકિત ઓછી હોય, શ્રમશકિત વધુ હોય તો આ તત્ત્વમાં જોડાયા. જેનામાં બુદ્ધિ શકિત વધુ હોય શ્રમ ઓછો હોય તો આમાં જોડાય. વધુમાં વધુ દરિદ્ર સાચા અર્થમાં, તે બ્રાહ્મણ, સાચો શૂરવીર ક્ષત્રિય, વધુ મૂડી બુદ્ધિની તે વૈશ્ય, વધુ સેવાની ભાવના તે શૂદ્ર આમ બધા પોતપોતાની રીતે સૌ સરખા હતા. દરેક પોતપોતાના કાર્યમાં રત રહેતા.

રાણોપ્રતાપ અને શકિતસિંહ ચિત્તોડમાં હાજર ન હતા તે વખતે મુસલમાનોએ ઘેરો ઘાલ્યો. બન્ને ભાઈઓ જંગલમાં શિકાર કરવા ગયા હતા. ત્યાં ઝઘડી પડયા. એક કહે મેં માર્યું, બીજો કહે મેં માર્યું. બાથંબાથા કરવા લાગ્યા. પુરોહિતને ખબર પડી. જોયું કે અટકે તેમ નથી એટલે ખંજર મારી પોતાનાં આંતરડાં કાઢી નાંખ્યાં. સાચો રજપૂત બ્રાહ્મણનું લોહી ન જોઈ શકે, દોડી આવ્યા. ભૂદેવે કહ્યું, પ્રતાપ, જાઓ, મારી ચિંતા ન કરો ધર્મ બચાવો. વાણીનું શસ્ત્ર નકામું બને ત્યારે પ્રાણ આપવો જોઈએ.આ બ્રાહ્મણ સમાજવાદી કહેવાય. એણે સમાજધર્મ બજાવ્યો. 'તેન ત્યકતેન "ભુજીથા:" એ સૂત્રે તેને જગાડયો હતો. તેને કોઈ કહેવા નહોતું ગયું. ક્ષત્રિયો પણ સમાજધર્મથી ચ્યુત ન રહેતા. શ્રેણિક મહારાજ ચેલણારાણીને કહે છે આપણાથી રત્નકંબલ ન લેવાય.' આ પૈસા સમાજના છે. તે વખતના વૈશ્યો પણ કેવા હતા ! જ્યારે સોદાગરે કહ્યું કે આ મગધની રાજધાની ! રાજા કંજૂસ છે, નિર્ધન છે. ત્યારે ભદ્રા શેઠાણી બહાર આવ્યાં કહે,' ભાઈ ! મારા રાજાનું ભૂંડું ન બોલ ! લાવ તારી પાસે કેટલી કંબલ છે ?' બધી ખરીદી લીધી.

ભામાશાને કોઈ કહેવા નહોતુ ગયું કે દેશને જ્યારે આફત હોય ત્યારે મારી દોલત હું સાચવી રાખું ? અરવલ્લીના ડુંગરામાં પ્રતાપને શોધવા ગયો. સમાજમાંથી મેં લક્ષ્મી મેળવી છે, સમાજધર્મને માટે આપું છું. આંગળીને વેઢે ગણાય તેટલા મિત્રો ઈતિહાસમાં હોય તેટલાં પણ આપણને પ્રેરણા આપે છે. ખીમા હડાળિયાએ આખું ગુજરાત 'આખું વરસ ખાય તેટલું અનાજ ખરીદવા ધન આપ્યું. વૈશ્ય એટલે માતા. પેટના ભાગને વૈશ્ય કહેવાય. ગામમાં સુંદર મકાન હોય તે શેઠનું હોય. તે આખું ગામ વાપરે, સારો પ્રસંગ હોય, લગ્ન પ્રસંગ હોય તો ત્યાં જ ઉતારો હોય પછી શું કામ ઈર્ષા થાય ?

ઝાંપ ગામમાં સાગર કુટુંબ રહેતું. ધાડ વખતે આખા ગામે તેમનું રક્ષણ કર્યું. કારણ કે તે સમાજ માટે જીવતા. ગાંધીજીને કોઈ મારે તો હજારો માણસો ગોળી ખાવા

તૈયાર થાય, કારણ  કે તે સમાજ માટે જીવતા એટલે જ શેઠ છે. મહાજન કહેવાય. મહાજન એટલે મોટો માણસ. શેઠ એટલે શ્રેષ્ઠ, પણ આજે અલ્પજન. આ વાત સમજાઈ જાય તો સમાજવાદનો હાઉ આપણને ડરાવશે નહીં. અથર્વવેદમાં અતિથિ સન્માનની ભવ્ય કલ્પના આપી છે. આ મારું ઘર, મારું ધન મકાન પુત્ર પત્ની બધું આપની સેવામાં હાજર છે. અતિથિ એટલે તિથિ વગરનો.

સમાજવાદ વાણીનો લાવવો હોય તો ગમે તેમ કૂટયા કરે, પણ સમાજધર્મ લાવવો હોય તો પ્રથમ આચાર આચરી બતાવવો પડશે. મીસ કેથેરાઈને રશિયાની ક્રાન્તિમાં મહત્ત્વનો ફાળો આપ્યો હતો. ધર્મગુરુઓ સ્વર્ગમાં જવાની ચિઠ્ઠીઓ આપતા. અહીં પણ હવે મોક્ષને નામે રૂપિયા અપાય છે. પણ થોડી ઘણી ત્યાગની પૂજા છે, એ ઝરણું છે ત્યાં સુધી આપણી સંસ્કૃતિ જીવવાની છે. ધનવાનોએ આજે પોતાની મયાર્દા સમજી જવાની જરૂર છે. ભગવાનને પ્રસાદ ધરાવીએ છીએ ત્યારે ટોકરી વગાડીએ છીએ, કહીએ છીએ કે, ભગવાન ! તમને ટોકરી, પ્રસાદ અમારે ખાવાનો. તેમ શ્રીમંતો કહે છે, ધન લીધું છે સમાજમાંથી પણ છે અમારું. તમારા માટે ટોકરી .પણ ભગવાન ભોળા નથી જેવું તમે તેને આપશો તેવું તે તમોને આપે છે. તેમ સમાજ પણ કહે છે, હવે તમે ભૂલો છો એટલે મૂકી દો બધું. આજે ચાર વર્ણને બદલે ચાર વર્ગ પડી ગયા છે. ધર્મજીવી; શ્રમજીવી, ધનજીવી અને પોકળ ધર્મજીવી. એક પોલા ધર્મથી જીવે છે, બીજો વેઠથી જીવે છે, ત્રીજો ધનથી જીવે છે, ચોથો ડોળથી જીવે છે. હવે સૌ સાચી રીતે જીવીએ.

## તા. ૧૪-૬-૪૮ : મુસ્લિમ સભા

મહારાજશ્રીએ કહ્યું, આજે એક રીતે તમોને બધાંને જોઈને આનંદ થાય છે. એક રીતે શબ્દ મેં ઈરાદાપૂર્વક વાપર્યો છે. જૈન સાધુને, એક વાણિયાના સાધુ તરીકે ગણવામાં આવે છે તેથી મને દુઃખ થાય છે.  સાધુ ઓલિયા કે સંન્યાસી કોઈ એક ધર્મ (સંપ્રદાય)ના હોઈ શકતા નથી. સવાર સાંજની પ્રાર્થનામાં હજરતસાહેબને યાદ કરવામાં આવે છે. દુનિયાની હવા લઈએ છીએ તો તેમને કેમ ભૂલી શકાય ? કેટલાકે કહ્યું, આ ભાઈઓ સમજી શકે તેવું કહેજો.' મને દુઃખ થાય છે. મા અને અમ્મામાં શું ફેર છે ? ન કેમ સમજી શકાય ? રૂપિયાના આના હિન્દુ દુકાને જાઓ કે મુસલમાનની દુકાને જાઓ બધે સરખા, પણ ધર્મની વાત આવે છે ત્યારે ફેરફાર થઈ જાય છે. આ વસ્તુને સમજાવવા આ પ્રવચન ગોઠવવામાં આવ્યું છે.

હું તમને પૂછું છું કે  તમારામાંથી  દુઃખ કોને જોઈએ છે ? હાથ ઊંચા કરો. બધાંને સુખ જોઈએ છે. સુખના સંબંધમાં અને દુઃખના ઈન્કારમાં બધાંનો એક મત છે. એમાં

હિન્દુ મુસ્લિમનો ભેદ નથી. પણ ભેદ ધર્મમાં છે. પાંચ જણા ઝઘડો કરતા હતા, એક અનાજના નામ માટે ઝઘડો કરતા હતા. એક મહાપુરુષ કહે, 'ભાઈ ! કેમ ઝઘડો કરો છો ?' પેલા કહે મહાપુરુષ તમે તમારે રસ્તે જાઓ. સંસારીની બાબતમાં તમે ન સમજો. બહુ કહ્યું ત્યારે કહે, જુઓ આ અનાજ. હું કહું છું આ ચોખા છે ; બીજો કહે છે ચાવલ છે, ત્રીજો તંદુલ કહે છે, ચોથો રાઈસ કહે છે, પાંચમો તાંદુલ કહે છે. મહારાજે કહ્યું, આ તો ભાષાના ભેદ છે તત્ત્વ એક છે. છતાં તમે કહેશો કે અમે આવું ન કરીએ. પણ અમદાવાદમાં મેં જોયું એક અલ્લાહો અકબર અને બીજો હરહર મહાદેવ કહીને લાઠી અને ખંજર લઈને નીકળે.' હુલાવી દે. ફટકારી દે. કેટલું દુઃખ એ ખુદાને થતું હશે ? તે વિચારતો હશે કે મારાં આ બાલુડાંઓ શું કરી રહ્યાં છે ? ધર્મને નામે એ પાપ છે. ખુદા કે ઈશ્વર જુદા નથી. એક પૂર્વમાં જુવે છે, બીજો પશ્ચિમમાં જુવે છે. એક સ્વયંભૂ કહે છે એક ખુદા કહે છે. તત્ત્વમાં એક છે.

હજરત મહંમદ સાહેબના અંતરમાં એક અવાજ આવ્યો અને તેમણે ક્રાન્તિ કરી અને કહ્યું, હર કોમમાં, હરમુલકમાં પેગંબર હો સકતા હૈ, હો રહા હૈ, હોનેવાલા હૈ, માત્ર ઈસ્લામમાં નહીં, માત્ર ખ્રિસ્તીમાં નહીં. બધે જ પયગંબર પેદા થાય છે. છતાં દુઃખની વાત છે કે આજે કહેવાતા હિન્દુ, મુસ્લિમોએ દ્વાર બંધ કર્યા છે. મુખ્ય ત્રણ છે શિયા, સુન્ની, સુફ્ફ્ત, પાંચ વાર નમાઝ પઢે. સૂફ્ત કહે છે, મુસલ્લા ફાડ તસબી તોડ,કિતાબે ડાલ પાનીમેં દૂઈ કી ધૂલ લેકર મુસલ્લે પર ઊડાતા જા. અગર હૈ શોખ મિલને કા....'આ શા માટે બોલાય છે ?

આપણા જ પયગંબરના અનુયાયીઓ આ બોલે છે તેનું કારણ છે. ગોળનું માટલું લેવા જાવ; ઉપર આંક બરાબર હોય, એટલા જ આંકના પૈસા માગે પણ અંદરનો ગોળ મંકોડા ખાઈ ગયા હોય તો પૈસા આપો ? ન આપો. કારણ કે લેબલના પૈસા નથી ગોળના છે. જો ગોળ ન હોય તો પૈસા નથી આપતા. તો ઈશ્વરને ત્યાં શું પોપાંબાઈનું રાજ્ય છે કે ઉપરની ક્રિયા કરો, લેબલ સાચવો, અને અંદર કંઈ ન હોય તો તમને તે ચલાવી લેશે ? પોપાંબાઈ સાંગામાંચી ઉપર બેસીને ન્યાય આપતાં. છગન અને મગનને વાંધો પડયો. છગને મગ દેવા કહેલા અને મગને મગ લેવા કહેલા. મગનો ભાવ વધ્યો એટલે છગનની દાનત બગડી. મગન મગ લેવા આવ્યો એટલે છગન ઊંધું માણું રાખીને ભરવા લાગ્યો. આ એક, આ બે, તે જમાનામાં માણાનું માપ ચાલતું. મગન કહે ભાઈ, આમ ઊંધે માણે મગ ભરાય ? તો કહે આપણે કયાં લખત કર્યું છે કે આમ જ ભરીને આપવા. પોષાય તો લેવું અને પોષાય તો દેવું. મગન પોપાંબાઈ પાસે ન્યાય લેવા દોડયો. પોપાંબાઈએ બેઉને બોલાવ્યા છગનને

કહ્યું,અલ્યા મગ કેમ નથી આપતો ? બા હું તો આપું છું,પણ તે લેતો નથી. બાઈએ પૂછયું કેમ અલ્યા મગન મગ લેતો નથી ? તો કહે બા, આપે છે પણ ઊંધા માણે ભરીને. તો તારે કેવા માણે જોઈએ તો કહે સીધા માણે જ હોયને બા ! છગન બહુ લુચ્ચો હતો તે કહે જુઓ બા, તમે કહો તો સીધા માણે ભરી આપું, તમે કહો તો ઊંધા માણે ભરી આપું.પોપાંબાઈને લાગ્યું કે, છગન સાચો છે. મગન કહે મારે તો આમ જ જોઈએ અને આ તો બન્ને રીતે તૈયાર થાય છે. એટલે હુકમ કર્યો, 'જાવ આડે માણે ભરી દો.' પેલો મગન કહે બા એના કરતાં તો ઊંધું સારું જેથી થોડા મગ તો આવે ! બાઈ કહે તારો કક્કો જ સાચો ? નહીં ચાલે જા. મેં કહ્યું તેનો અમલ કરો. આવું પોપાંબાઈનું રાજ હતું.

રોજ નમાઝ પઢતો હોય છતાં કપટ કરતો હોય તેને માટે સુફત ભકતોએ કહ્યું કે પહેલાં દિલ પવિત્ર કર. નમાજમાં શું બોલો છો ? હે ખુદા તમે વિશ્વના પાલનહાર છો મને સાચો રસ્તો બતાવો. એક બાદશાહ નમાઝ પઢી રહ્યા હતા. તેવામાં એક બાઈ મુસલ્લા ઉપર પગ મૂકીને ચાલી ગઈ. બાદશાહનો પિત્તો ગયો. નમાઝમાંથી ઊઠીને નોકર મારફત બાઈને બોલાવી. તેને ગુસ્સાથી કહ્યું, રંડી મારી નમાઝ બગાડી. બાઈ હસવા લાગી. બાદશાહે પૂછયું, કેમ હસે છે ? તો કહે તમારું ધ્યાન અલ્લાહમાં નહોતું, મુસલ્લામાં હતું અને મારું ધ્યાન મારા પતિમાં હતું મારા પતિ ખોવાઈ ગયા છે. તેમની શોધમાં હતી. બાદશાહ સમજી ગયા અને કહ્યું, બાઈ મારી ભૂલ થઈ. તું તો મારી મૌલવી બની ગઈ !

ભાવનગરમાં ઊંડી બજારમાં આગ લાગી. તે વખતે વોરાજી નમાઝ પઢતા હતા. તેમને કહેવામાં આવ્યું કે તમારું મકાન જલે છે. ત્યારે કહે ભલે જલે ! અત્યારે હું નમાઝ પઢું છું.

સભાના અંતે સ્થાનિક આગેવાન ઈસાભાઈએ કહ્યું : માદરે વતનમાં જન્મેલા આપણે બીજાના થઈ શકતા નથી, છતાં જેમ ભાઈઓ કોઈવાર લડે છે તેમ આપણે પણ કોઈ વાર લડીએ છીએ. પણ ઈલમ જ્યાંથી મળે ત્યાંથી લેવું. જેમ એક બત્તીથી હજાર બત્તી સળગાવીએ તોપણ મૂળ બત્તીનો પ્રકાશ ઓછો થતો નથી તેમ આપણે જ્ઞાન ગમે ત્યાંથી મળે ત્યાંથી લેવું. સંતબાલજીની જ્યાં જ્યાં સભા હોય ત્યાં મારા મુસલમાન ભાઈઓ જરૂર જાય અને લાભ લે.

ઉપસંહાર કરતાં મહારાજશ્રીએ કહ્યું : આશીર્વાદ કોણ આપી શકે ? જેણે ઈશ્વરના આશીર્વાદ મેળવ્યા હોય. બન્નેના ગ્રંથોમાં તત્ત્વની દૃષ્ટિએ જુદાઈ નથી. કર્મકાંડ જુદાં છે. તેનાં પણ કારણો છે. દુનિયાના બધા ધર્મસંસ્થાપકો એશિયામાં જ

પાકયા છે. અહીંથી જ ધર્મો બહાર પ્રચાર થયા. દરબારીલાલજી કહેતા હતા કે બે આદમી છે. એક સ્ત્રીને હરણ કરી જાય છે, બીજો પાછી લાવી આપે છે, તો કોને સારો કહેશો ? જો સ્ત્રીને પાછી લાવી આપનારને ઊંચો કહો તો તમે રામને પેગંબર માની લીધા. કારણ કે તેમણે પયગામ આપ્યો. દાઢી, ચોટી કે પાયજામો, ટોપી ધર્મ નથી, ધર્મ અંતરમાં છે. બાળક જન્મે ત્યારે સુન્નત કરાવીને નથી આવતો. હિન્દુ શબ્દ કોઈ શાસ્ત્રમાં નથી. તે કોમવાદી શબ્દ નથી, દેશવાસી છે. હિન્દમાં રહેનાર બધા હિન્દુ(મક્કાની) ટેકરી ઉપર રહેનાર મુસલમાનને હિન્દુ કહે છે. એક ભાઈ મને મુસલમાન સાધુ કહેતા. મેં કહ્યું બહુ સારું જો હું મુસલમાન કહેવાઉં તો ! એ કોઈ કોમવાદી શબ્દ નથી. ઈસ્લામ એટલે શાન્તિનો ચાહક. દરેક દરેક ફકીર અને ઓલિયાઓ એ ગીતા અને રામાયણ વાંચવા જોઈએ. તેવી જ રીતે સાધુઓએ કુરાન વાંચવું જોઈએ તો કઈ પરિસ્થિતિમાં આ ધર્મ જન્મ પામ્યો તે ખબર પડશે.

★

(જામનગરના ચોવીસ દિવસના નિવાસ દરમ્યાન અનેકવિધ કાર્યક્રમો યોજાયા હતા. ત્યાં જુદે જુદે પ્રસંગે અપાયેલાં પ્રવચનોની ટૂંક નોંધ વિશ્વવાત્સલ્યમાં પ્રગટ થયેલી તે પણ નીચે આપી છે.)

નવાનગર હાઈસ્કૂલના ચોગાનમાં જૈનદષ્ટિ અને ગીતા ઉપર બોલતાં સંતબાલજીએ કહ્યું, 'ગીતા એવો અદ્ભુત ગ્રંથ છે કે ગમે તે કોમ અને ગમે તે દેશનો વતની એના આધ્યાત્મિક રસનાં પીયૂષો પીયા જ કરે તો પણ તૃપ્તિ ન થાય. ગીતા બાહ્ય અને આંતરિક જીવનનો ભોમિયો છે. કાયરતાને ઓથે અર્જુનના દિલમાં મોહ પ્રવેશે છે અને તે લડવાની ના પાડે છે. અર્જુનને આ સમજાતું નથી અને તે મોટી મોટી વાતો કરે છે. પણ શ્રીકૃષ્ણ અર્જુનની નાડ બરાબર પારખતા હતા. કાયરતા એ મોટી હિંસા છે. એટલે જ કાયર બની અન્યાયને સહી લેવા કરતાં હિંસક સાધનોથી પણ અન્યાયનો પ્રતિકાર કરવાનું કહે છે. આ જાતનો પ્રતિકાર કરે એ તો શ્રેષ્ઠ જ છે, પણ કાયરતાથી પ્રેરાઈ ભાગવાની વૃત્તિ સેવનારને માટે હિંસક સાધનોથી પણ પ્રતિકાર કરવાનું કહેવું તેને માટે અહિંસા જ છે.

(૨)

મુસ્લિમ બિરાદરોનો સંપર્ક વધે તે માટે તેઓના મહોલ્લામાં બે પ્રવચનો રખાયાં હતાં. તેમને ઉદ્દેશીને સંતબાલજીએ કહ્યું :

પૂ. ગાંધીજીના બલિદાનથી સમાજને થયેલું ગૂમડું તો ફૂટી ગયું પણ જ્યાં સુધી

અંદરથી સાફસૂફી નહિ કરવામાં આવે ત્યાં સુધી એમાં ફરીથી ક્યારે પાક ભરાશે એ કહી ન શકાય. પંદરમી ઓગસ્ટ પછી જે બનાવો બની ગયા તે હિંદુ અને મુસ્લિમ બંનેને માટે શરમજનક છે. લોકો કહે છે કે આ ધર્મના ઝઘડા છે. આ સાંભળું છું ત્યારે મને દુઃખ થાય છે. આ ઝઘડા ધર્મના નથી પણ અર્થના છે. પછી અર્થ સોનાચાંદીના સિક્કાના રૂપમાં હોય કે સત્તાના રૂપમાં હોય. જો આપણે હિંદ અને પાકિસ્તાન બંનેને ઊંચે ઉઠાવવા હોય તો નીતિ અને ચારિત્રના ઘડતરના કામમાં લાગી જવું જોઈએ.

(૩)

'સમાજવાદની મારી કલ્પના' એ વિષય પર બોલતાં કહ્યું, "યુગબળની સામે થનાર ફેંકાઈ જવાના છે. પરસ્પર સહકાર વગર કોઈ જીવી જ શકતું નથી. આપણો વર્ણાશ્રમ ધર્મ આવા સમાજવાદના પાયા ઉપર જ ચણાયો હતો. જે વધુમાં વધુ ત્યાગી તે બ્રાહ્મણ, જે વધુમાં વધુ ઉત્પાદક તે વૈશ્ય અને જે વધુમાં વધુ સેવાભાવી તે શૂદ્ર. સમાજવાદ સ્થાપિત કરવાને વેઠ, સફેદ લૂંટ, અને ભીખને નાબૂદ કરવાની સાથે અસ્પૃશ્યતાને હમેશની તિલાંજલિ આપવી પડશે. મારી સમાજવાદની કલ્પનામાં મૂડી, વ્યવસ્થા અને શ્રમને બદલે શ્રમ, વ્યવસ્થા અને મૂડી એ ક્રમ મેં રાખ્યો છે. સમાજવાદમાં એકલી મૂડીને જોરે કોઈ પ્રતિષ્ઠા નહિ પામી શકે.

(૪)

જામનગર જેલની મુલાકાત દરમ્યાન કેદીઓને ઉદ્દેશીને બોલતાં સંતબાલજીએ કહ્યું : આજે ચોર કોણ છે અને શાહુકાર કોણ છે તે કહેવું જ મુશ્કેલ છે. જેમને ત્યાં ધનના ઢગલા થયા છે તેઓ એક યા બીજી રીતે ચોરી જ કરતા હોય છે. અહીંથી તમો એવી તાલીમ લઈને જજો કે જેથી સમાજમાં તમારી પ્રતિષ્ઠા વધે. આજ સુધી જેઓએ મોટી ચોરીઓ કેમ કરવી એ શિખવાડવાનું જ કામ કર્યું છે. શિક્ષાથી કોઈ સુધરી શકતું નથી. અહીં તમે એવી તાલીમ લેજો કે તમે બહાર જઈને મહેનત કરી કમાઈ શકો. અહીં તમોને ખૂબ સમય મળતો હશે. તે સમય દરમ્યાન પ્રભુની નજદીક આવવાનો પ્રયત્ન કરજો. રામનામ એવો મંત્ર છે કે તેમાંથી સુખનો ઝરો વહે છે. હરામની રોટી નહીં ખાવાની દૃષ્ટિ રાખશો તો જીવનમાં અનેરો આનંદ મળશે, અને તમે સ્વમાનપૂર્વક જીવી શકશો.

(૫)

કબીર મંદિરના મહંતની વિનંતિને માન આપીને કબીર સાહેબના પ્રાગટ્યદિને ત્યાં ગયા હતા. કબીરના જીવનમાંથી આપણે અનેક પ્રેરણા લઈ શકીએ છીએ. કબીર સાધુ નહોતા થયા. ગૃહસ્થાશ્રમમાં રહી પોતાના વણકરી ધંધામાં મશગૂલ રહીને એમણે ઊંચી કોટીનું આધ્યાત્મિક જ્ઞાન મેળવ્યું હતું. ગૃહસ્થાશ્રમમાં પણ સિદ્ધ

થઈ શકાય છે એ માન્યતા એમણે પ્રચલિત કરી. કબીરનો આદેશ એ છે કે જે ધંધામાં હો તે ધંધામાં રહીને સત્‌થી કામ કરો. કબીરે વણતાં વણતાં ઈશ્વર સ્વરૂપનાં દર્શન કર્યાં હતાં.

તેમણે ઈસ્લામ અને વૈદિક સંસ્કૃતિના મિલનને માટે મહાન પ્રયત્ન કર્યો. તેઓ હિંદુ અને મુસલમાન બંનેના ગુરુ હતા. વાડા જેવી કોઈ વાત એમને ગમતી ન હતી. સત્યને વાડો હોઈ જ ન શકે. પ્રભુસ્મરણમાં તેમની અનન્ય શ્રદ્ધા હતી. એક દિવસ એક પાપી તેમને શોધતો શોધતો તેમને ઘેર આવ્યો. કબીર સાહેબ ઘેર ન હતા. આવનારે પોતાની બધી વાત કરી. પત્નીએ કહ્યું : 'ત્રણ વાર રામનું નામ દે. તું શુદ્ધ થઈ જઈશ. એટલામાં જ કબીર આવી પહોંચે છે. ત્રણ વખત રામનામની વાત સાંભળતાં જ તેઓ બોલી ઊઠે છે, 'શું અગ્નિને ત્રણવાર અડીએ તો જ દઝાય ?'

★

અહીંના નિવાસ દરમ્યાન ડૉ. પ્રાણજીવન મહેતાની વિવિધ પ્રવૃત્તિઓ જોવામાં ઠીક ઠીક સમય આપ્યો હતો. બધો સમય સાથે રહીને ડૉ. મહેતા પોતાની ભાવના અને દૃષ્ટિનો ખ્યાલ આપતા હતા. એમની વાતે વાતે ધનવંતરિ ભગવાન પ્રત્યેની તેમની ભક્તિ અને ચરક-સુશ્રૂતનાં ઊંડાં અધ્યયન તરવરતાં હતાં. ત્યાંનું સંગ્રહસ્થાન જોયું. ઔષધને લગતાં જૂનાંનવાં એકેએક પુસ્તક મેળવવાનો તેમનો પ્રયત્ન દેખાઈ આવતો હતો. વનસ્પતિઓના નામવાર વર્ગીકરણ સાથે એનો ઈતિહાસ, નમૂનાઓ વગેરે પણ જોયું. હિંદમાંનું એક અને દુનિયામાંનું ત્રીજું સોલેરિયમ અહીં છે. સારંગધર લેબોરેટરી અને ગામડાની પેટી પણ જોઈ. મહિને રૂપિયા ૨૫માં એક ગામડાને ઠીક સારવાર મળી શકે તેમ લાગ્યું. અમારા બધા ઉપર ડૉ. મહેતાનાં આયુર્વેદ વિષયનાં યોગ અને ધૂનની છાપ પડી હતી. બાળકોને દૂધ આપવાનું તથા બાળઉછેરને લગતું ઉત્તમ સાહિત્ય જોવાની પણ ઈન્ફન્ટ વેલ્ફેરમાં તક મળી. એલોપથીની જાણકારી પછી આ પુરુષે ભારતીય આયુર્વેદ માટે જે ભગીરથ પુરુપાર્થ કર્યો છે તેની સાચી કિંમત દેશ આંકશે જ. ડૉ. મહેતાને આયુર્વેદિક સલાહકાર નીમીને સૌરાષ્ટ્ર સરકારે ઠીક જ કર્યું છે. રાજાશાહી યુગમાં તેઓની મહત્ત્વાકાંક્ષાને જેટલો વેગ મળતો તેનાથી કેટલોય વધુ વેગ સૌરાષ્ટ્રની લોકશાહીમાં મળે એવું મહારાજશ્રી ઈચ્છે છે.

**★ તા. ૨૨-૬-૪૮ અલિયાબાડા**

જામનગરમાં તા. ૨૧ની બપોર સુધી રોકાયા સાંજના વિહાર કર્યો. હજારો લોકોએ વિદાય સમારંભમાં હાજરી આપી. આવા ભવ્ય પ્રસંગો બહુ ઓછા બને છે. જૈન વૈશ્નવ મુસલમાન વગેરે દરેક પ્રજાએ લાભ લીધો. જામનગરની જનતાનો પ્રેમ અવર્ણનીય હતો. માઈલો સુધી હજારોની સંખ્યામાં લોકો સાથે આવતા હતા. જામનગરથી અલિયાબાડા આવ્યા. અહીંના સંઘે લોકોને જમવા માટે રસોડું ખોલ્યું હતું. સ્ત્રી-પુરુષો, બાળકોની લાંબી લંઘાર અમારા પ્રવાસમાં સાથે હતી.

અલિયાબાડાથી ધુંવાંવ આવ્યા ધુંવાંવમાં મુખ્ય વસ્તી મુસલમાનોની છે તેમણે મહારાજશ્રીનું ભવ્ય સ્વાગત કર્યું. કારણ કે બંધુભાવ સમિતિવાળા મુસલમાનો અમારી સાથે હતા.

**★ તા. ૨૫ અને ૨૬ ધુંવાંવથી વિહાર કરી ખીલોસ આવ્યા.**

**★ તા. ૨૭ અને ૨૮-૬-૪૮ : વણથલી**

ખીલોસથી વિહાર કરી વણથલી આવ્યા. અંતર સાત માઈલ હશે. ઉતારો મહાજન વાડીમાં રાખ્યો હતો. કેટલાંક ભાઈ બહેનો અમારી સાથે હતાં, તા. ૨૮મી એ જામનગરથી શહેર સમિતિના હોદ્દેદારો અંગત કારણોસર મળવા આવ્યા હતા. બન્ને દિવસે રાત્રી સભાઓ સારી થઈ હતી.

**★ તા. ૨૯-૬-૪૮ : જાળિયા**

વણથલીથી વિહાર કરી જાળિયા આવ્યા. અંતર છ માઈલ હશે. ઉતારો ઉપાશ્રયમાં રાખ્યો હતો. રાત્રે જાહેરસભા થઈ હતી. મુસ્લિમો સારી સંખ્યામાં આવ્યા હતા. પહેલાં આ ચોથા નંબરનું રાજ્ય હતું. ૧૨ ગામનો તાલુકો હતો. હવે ધ્રોળ નીચે આવી ગયું છે.

**★ તા. ૩૦-૬-૪૮ : હડમતિયા**

જાળિયાથી વિહાર કરી હડમતિયા આવ્યા. અંતર છ માઈલ હશે. ઉતારો ઉપાશ્રયમાં રાખ્યો હતો.

**★ તા. ૧ અને ૨ - ૭-૪૮: પડધરી**

હડમતિયાથી વિહાર કરી પડધરી આવ્યા. અંતર આઠ માઈલ હશે. ઉતારો એક બ્રાહ્મણના મકાનમાં રાખ્યો હતો. ચોરા આગળ રાત્રે જાહેર સભા રાખી હતી. તેમાં અસ્પૃશ્યતાનિવારણ, કોમી એકતા અને ધર્મોનું ઐક્ય વગેરે અંગે કહ્યું હતું.

બીજે દિવસે સવારના વ્યાખ્યાનમાં જણાવ્યું હતું કે - ધર્મનું શરીર એ બાહ્ય

ક્રિયાકાંડો છે, પણ આત્મા હણાતો હોય તો તેની જાળવણીને ગૌણ કરવાં જોઈએ. માણસમાં દષ્ટિ પ્રગટે છે ત્યારે પોતે માર્ગદર્શન પામે છે અને બીજાને પણ આપે છે. જૈનોમાં એક મતભેદ છે. સ્ત્રીઓને મોક્ષનો અધિકાર છે કે નહીં ! એમાંથી બે પક્ષ પડી ગયા શ્વેતાંબર અને દિગંબર. દિગંબર કહે છે નથી, શ્વેતાંબર કહે છે. તેરમા ગુણસ્થાનકની વાતો કરે છે પણ પહેલા ગુણસ્થાનની વાત કોઈ કરતું નથી. વૈદિકો પણ એમ ઝઘડા કરે છે. દ્વૈત સાચું કે અદ્વૈત સાચું. ઈસ્લામ અને ખ્રિસ્તમાં પણ એવા જ ઝઘડા છે. ઈસ્લામના ત્રણ પંથ, શીઆ સુન્ની અને સૂફી. સૂફી વૈદિકને મળતા આવે છે, તે કહે છે પથ્થર તોડ, રોજા ન કર, નમાઝ ન પઢ, માળા તોડ પણ એક વસ્તુ કહે છે ઈશ્વર સાથે એક તાર થા. ઉપરની વાતોમાં અને દૂરની વાતોમાં ઝઘડા છે તે નકામા છે. ધર્મ એ મંદિર કે મસ્જિદ કે ઉપાશ્રયની વસ્તુ નથી. પણ જીવનની વસ્તુ છે. એ જીવનમાં હોય તો કાળાબજાર, અનીતિ, તોફાન થાય જ કેમ ? આપણે સાચા ધર્મને ભૂલીને ક્રિયાકાંડમાં જ ધર્મ માની સંતોષ માન્યો છે.

દિવસનું વ્યાખ્યાન ઉપાશ્રયમાં રખાય તેમ મહાસતીએ ઈચ્છયું તેમને હરિજનનો વાંધો ન હતો. પણ સંઘ તૈયાર ન થયો.

રાત્રી સભામા મહારાજશ્રીએ કહ્યું, જેમ ડૉક્ટરના દીકરાને ડૉક્ટર નથી કહેતા. પ્રોફેસરના દીકરાને પ્રોફેસર નથી કહેતા, તેમ બ્રાહ્મણના દીકરાને બ્રાહ્મણ, જૈનના દીકરાને જૈન કેમ કહી શકાય. એટલું ખરું કે ભાવિ પ્રજામાં લોહી અને વીર્યના સંસ્કાર વારસામાં આવે છે અને તે શરીરને સ્પર્શે છે, પણ સદ્‌ગુણ અને ધર્મના સંસ્કાર જે આત્માને સ્પર્શે છે તે પુરુષાર્થથી મેળવવા પડે છે.

ત્રીજે દિવસે રાત્રી સભામાં મત અને વોટની કિંમત સમજાવી હતી. પ્રજાએ પોતાનું રક્ષણ પોતાની જાતે કરવા, બહાદુર અને વીર બનવા કહ્યું હતું, સ્ત્રીઓને તેમણે બાળકોને નહીં ડરાવવા અને વ્યસનોથી મુકત રાખવા કહ્યું. ગામને ચારે બાજુ કોટ છે.

## ★ તા. ૩ અને ૪-૭-૪૮ : સરપદડ :

પડધરીથી નીકળી સરપદડ આવ્યા. અંતર છ માઈલ હશે. ઉતારો ઉપાશ્રયમાં રાખ્યો હતો. જયંતીભાઈ, રવિબાબુ સાથે હતા. રાત્રે જાહેર સભામાં આપણી જવાબદારી, સંપ અને બહાદુરી વિષે કહ્યું. બીજે દિવસે બપોરે ૩ થી ૪ મહાજન વાડીમાં, જીવો જીવસ્ય ભક્ષણંને બદલે 'જીવો જીવસ્ય રક્ષણં' એ સૂત્રને જીવનમાં આચરવા કહ્યું હતું.

ગામમાં મુખ્યત્વે કણબીની વસ્તી છે. શિક્ષણનું પ્રમાણ ઘણું જ ઓછું ગણાય. અહીંની રાત્રિસભામાં એકતા અંગે બોલતાં મહારાજશ્રીએ કહ્યું, બે એકડા જો સાથે બેસે તો અગિયાર થાય,પણ જો ઝઘડો કરે અને લઢવા મંડે તો મીડું જ રહે. મહાભારતના પ્રસંગનો જ વિચાર કરો. કૌરવ પાંડવો જ્યારે ભેળા હતા ત્યારે કાળ યૌવનને પણ જીતી શકયા હતા. પણ જ્યારે કુસંપ થયો ત્યારે મોટા સંહાર પછી પાંચ બચ્યા અને તે પણ હિમાલયમાં ગળી ગયા.

અહીંની એક સભામાં મહારાજશ્રીએ હૃદયપલટા પર બોલતાં જણાવ્યું હતું કે, "આજના જગતમાં વિજ્ઞાને જે પ્રગતિ કરી છે એનો ઉપયોગ એક યા બીજા પ્રકારે પોતાનું વર્ચસ જમાવવા માટે થઈ રહ્યો છે. આ વિશ્વમાં મોટામાં મોટી વૈજ્ઞાનિક શોધ ગાંધીજીએ પોતાના જીવનથી સિદ્ધ કરી બતાવી છે. હૃદયપલટાનું શસ્ત્ર પોતાના રોમે રોમમાં વણીને પ્રત્યક્ષ પ્રયોગરૂપે આપણી સમક્ષ મૂકી ગયા છે. મહાવીર પ્રભુએ નાનો પ્રદેશ છોડીને વિશાળ પ્રદેશ પર પ્રેમનું સામ્રાજ્ય સ્થાપ્યું હતું. હૃદયપલટાનો ચમત્કાર એ છે કે તેમાં બેય જીતે છે. વિજયનો આનંદ માણી શકે છે અને છતાંય બંને નમ્ર બનીને વિકાસ સાધે છે. એમાં લેવા કરતાં આપવાનું વધુ હોય છે. પાપીમાં પાપીને જે શસ્ત્ર કે સત્તા સુધારવા માટે અશકય ગણાય છે તે આ હૃદયપલટાથી સહજ સિદ્ધ બને છે.

**★ તા. ૫-૭-૧૯૪૮: ન્યારા**

સરપદડથી વિહાર કરી ન્યારા આવ્યા. અંતર સાત માઈલ હશે. ઉતારો નૌતમભાઈ શાહને બંગલે રાખ્યો હતો.

અહીં એક જૈનભાઈએ ખેતીવાડીના પ્રયોગો માટે પ્રયત્ન કર્યો છે. ચારે બાજુ પથરાળ ભૂમિ વચ્ચે એક ફળઝાડનો બગીચો બનાવ્યો છે. તેઓ જાપાન વગેરે દેશોમાં જઈ આવેલા છે. વાતચીતમાં તેમણે કહ્યું કે આપણે ત્યાંનો વેપારી શ્રીમંત થાય એટલે બંગલા બંધાવે છે, કાં તો વ્યાજે પૈસા ધીરવાનો ધંધો કરે છે. જ્યારે જાપાનમાં મેં જોયું કે ત્યાંનો માણસ પૈસા કમાય તો ઉત્પન્ન વધારવાના પ્રયોગો કરે અને છાપામાં આપે કે આ રીતે આ પાક કરવાથી ઉત્પન્ન વધુ થાય છે. ત્યાંના છાપામાં ખેતીવાડીના પ્રશ્નોને મુખ્ય સ્થાન આપવામાં આવે છે જ્યારે આપણે ત્યાં દેશનો ખેતીવાડી ઉપર મુખ્ય આધાર હોવા છતાં છાપાંમાં ખેતીવાડી બાબતનો એક શબ્દ પણ આવતો નથી. બીજી સુંદર વાત તેમણે એ કહી કે આપણા હિન્દીઓના રસોઈયા મુખ્યત્વે જાપાનીઝ

બાઈઓ જ હોય છે. તે વખતે લગભગ ૭૦૦ થી ૮૦૦ની સંખ્યા હશે. આ બધાની એક કલબ હોય છે. સાંજે બધા એકઠા મળે પછી એક બીજાની મુશ્કેલીઓનો વિચાર કરે. કોઈને કંઈ ન આવડતું હોય તો શીખવી દે. અમારે બાસુદી ખાવી હોય અને તેને બનાવવાનું કહી દો તો તે ના ન કહે. તેને હિન્દની કોઈપણ રસોઈ આવડતી જ હોય. છતાં કંઈ ના આવડતું હોય તો બીજા પાસેથી શીખી લાવે અગર બીજાની મદદથી બનાવી દે. કેટલું સંગઠન ? આવી તો કેટલીયે આપણે લેવા જેવી વાતો ત્યાં હોય છે.

**★ તા. ૬-૭-૧૯૪૮ : ઘંટેશ્વર**

ન્યારાથી નીકળી ઘંટેશ્વર આવ્યા. અંતર ચાર માઈલ હશે. ઉતારો મંદિરમાં રાખ્યો હતો. મહાદેવના નામ ઉપરથી આ ગામનું નામ પડ્યું છે. નાનું ગામ છે.

ગામમાં જાસાચિઠ્ઠી બંધાઈ હતી તેમાં લખ્યું હતું કે ગામ લૂંટીશું નહીં, પણ તમારી બહેન દીકરીઓની લાજ લૂંટીશું, રાત્રી સભામાં આ અંગે બોલતાં મહારાજશ્રીએ જણાવ્યું, કે અત્યારે ચૂંટણીના દિવસો ચાલે છે ત્યારે આવી તો કંઈક ધમકીઓ આવશે. સ્થાપિત હિતો અવનવી રીતો અખત્યાર કરશે, પણ તમારે ડર્યા સિવાય યોગ્ય જ વ્યક્તિને વોટ આપવો જોઈએ. આ માટે નિર્ભયતા કેળવવા, આભડ છેટને દૂર કરવા અને એક સંપ રાખવા કહ્યું હતું.

ન્યારાથી ઘંટેશ્વર થઈ રાજકોટ આવ્યા. તા. ૨૧મી થી 'માનવતાનો સળંગ વિકાસક્રમ' એ વિષય ઉપર પ્રવચનો શરૂ કરવામાં આવ્યાં છે.

(અહીંયા પ્રવચનો આપ્યાં નથી)

## હૃદયપ્રવેશનું શાસ્ત્ર

સર્વધર્મ સમન્વયકરવો હોય તો માનવીના હૃદયમાં પેસવું જોઈએ. હૃદયમાં સ્થાન પ્રાપ્ત કર્યા પછી તેમના સંસ્કારોને સુવળાંક આપી શકાશે. અને તેઓ જે માન્યતા, દાખવતા હોય કે જે ઉપાસ્ય દેવને માનતા હોય, તે દેવને આપણા માનીને ચાલીશું, તો પ્રથમ શ્રદ્ધા ઉત્પન્ન કરીને પછી આપણા માર્ગે તેમને લઈ શકીશું.

(ચાતુર્માસના છેલ્લા દિવસે કરેલ ઉદ્દબોધ વિ.વા.પા. ૧-૧૨-૪૮)

# રાજકોટ ચાતુર્માસનાં સંભારણાં

## (સંતની સરળતા અને નિસર્ગ નિર્ભરતા)

"શેરી વળાવીને સજ્જ કરું ઘેર આવોને !
મોતીડે પુરાવું ચોક મારે ઘેર આવોને."

અમારા પરિવારના હરખનો પાર નહોતો. રાજકોટના અમારા બંધ ઘરને સન ૧૯૪૮માં ધોળાવી રંગરોગાનથી સુંદર સાફ સૂથરું કરવાનું કામ ચાલુ હતું. અને ઓચિંતા જ એક દિવસ એ ઘરના બારણા ઉપર સરકારના માણસો આવીને તાળું લગાવી ગયા.

વાત આમ બની હતી.

અમારા પરિવારના મોટા ગુરુદેવ કવિવર્ય નાનચંદ્રજી મહારાજના અત્યંત પ્રિય શિષ્ય અને અમારા પણ ગુરુ એવા મુનિશ્રી સંતબાલજીએ સને ૧૯૩૭માં નર્મદા કિનારે રણાપુરમાં કાષ્ઠમૌન રાખી સાધના કરી. સાધના દરમ્યાન થયેલ દર્શન અને સ્ફુરણા-અનુભૂતિને પરિણામે એક નિવેદન તૈયાર કર્યું. જેમાં જૈન સાધુ જગત તેમ જ સમાજને ભરપૂર ચિંતન કરવા જેવી સામગ્રી હતી. મુંબઈમાં એ નિવેદન પ્રગટ થયું અને જાણે ધરતીકંપની જેમ જૈન સમાજ હલબલી ઊઠયો. લીંબડીના સ્થાનકવાસી જૈન સંપ્રદાયે મુનિશ્રીને સંઘ બહાર મૂકયા. મોટા ગુરુદેવનો અત્યંત સ્નેહ છતાં એમને માટે પણ સંઘના પગલાનું સમર્થન કરવા સિવાય રસ્તો રહ્યો નહિ. સંતબલાજી'એકલો જાને રે !'ની જેમ એ નીકળી પડયા. સન ૧૯૩૮નું ચોમાસું નજીક આવ્યું. જૈન ઉપાશ્રયનાં દ્વાર એમને માટે બંધ હતાં. ચોમાસામાં નિવાસ કયાં કરવો ? અમદાવાદ બાવળા રોડ ઉપર વાલજીપુરા ગામની સીમમાં એક કુટિરમાં ચાતુર્માસ થયો.અને પછી તો ભાલનળકાંઠા પ્રયોગ આરંભાયો. અને જૈન જૈનેતર સમાજના સહકારથી કામ ચાલ્યું; પણ જૈન ઉપાશ્રયમાં ચાતુર્માસ તો થઈ શકે તેવી સ્થિતિ નિર્માણ થઈ ન હોતી.

સને ૧૯૪૮નો ચાતુર્માસ રાજકોટમાં કરવાનું નક્કી થયું. સ્થળ તરીકે અમારું ઘર તૈયાર જ હતું એની સફાઈનું કામ ચાલતું હતું ત્યાં જ ઉપર લખ્યું તેમ તાળાં લાગી ગયાં !

કારણ આમ બન્યું.

ભારતના ભાગલા તાજા જ થયા હતા. પાકિસ્તાનમાંથી હિન્દુ નિર્વાસિતોનાં ધાડાનાં ધાડાં ભારતમાં આવતાં હતાં. સૌરાષ્ટ્રમાં પણ આવે એ સ્વાભાવિક છે. સરકારને આ નિર્વાસિતોને માટે ખાલી મકાનો રેકવીઝિશન કરવાની સત્તા હતી. અમારું મકાન ખાલી જોઈને સરકારી તાળાં લગાવી દીધાં.

મને ખબર પડી. ખૂબ મૂંઝાયો. દિવસો ભરાઈ ગયા હતા. શું કરવું?

મુનિશ્રી સંતબાલજીનો વિહાર એ વખતે જોડીયા આસપાસ હતો. એમને મળ્યો. બધી વાત કરી. પરિસ્થિતિ સમજાવી.

મુનિશ્રીએ હસતાં હસતાં કહ્યું : "મૂંઝાવાની જરાય જરૂર નથી. મારો ઉતારો હરિજનવાસમાં રાખીશું. ત્યાં તો કોઈ પ્રશ્ન નહિ આવે ને ?"

મને ખૂબ સાંત્વન મળ્યું. રાજકોટ પાછો ફર્યો. રાજકોટના કોઠારીયા નાકે દશાશ્રીમાળીની વાડી હતી. એ ભાડે આપે તો લેવી એમ વિચારીને પ્રયાસ ચાલુ કર્યો. વાડીની માલિકી સ્થાનકવાસી જૈન સંઘની હતી. હિંમત કરીને એમના આગેવાનોને મળ્યો. વાત કરી.

સંઘે બહુ વિનયથી જવાબ આપ્યો :

"વાડીમાં સરકારનું અનાજ ભર્યું છે. સરકારને ભાડે આપેલું છે. સરકાર આપે તો અમને શો વાંધો હોય ?" આ જાણીને હું સૌરાષ્ટ્ર, સરકારના મુખ્યમંત્રી શ્રી ઢેબરભાઈને મળ્યો. વાત જાણી એ રાજી થયા. આનંદ વ્યકત કર્યો અને કહ્યું કે "રસિકભાઈના ગૃહખાતા હસ્તક આ ખાતું છે. એટલે તમે એમને મળો."

હું ખાતાના મુખ્ય અધિકારીને મળ્યો. એમણે કહ્યું, "અમારી પાસે મકાન કબજે લેવાની સત્તા છે. કબજો પાછો આપવાની સત્તા નથી."

પછી હું શ્રી રસિકલાલ પરીખને મળ્યો. એમણે કહ્યું કે, "મહારાજશ્રી મારા પણ ગુરુ જ છે, પણ નિયમને આધીન કાર્યવાહી તો કરવી જ જોઈએ ને ? મકાનોનો કબજો લેવાય છે એ મુજબ તમારા મકાનનો કબજો પણ લેવાયો છે. હવે જો તમે ખાતરી આપતા હો કે, ચાતુર્માસમાં આ જ કામ માટે ઉપયોગ કરીને પછી તરત મકાનનો કબજો પાછો સરકારને સોંપી દેશો તો વાંધો નહિ આવે."

આમ પ્રશ્ન પત્યાના આનંદ સાથે આ સમાચાર આપવા હું પાછો મુનિશ્રીને મળવા પહોંચી ગયો અને આ બધી વાત કરી.

સંઘના શાણા આગેવાનોને લાગ્યું કે હાલ કબજો સરકાર પાસે છે. સરકાર પોતે

આપે છે. આપણે હવે ના પાડીશું તો સરકાર સાથેના સંઘના મોવડીઓના સંબંધોનો સવાલ આવે. એટલે સંઘે પણ સંમતિ આપી. પણ સાથે સાથે એક શરત મૂકી કે "ચોમાસા દરમ્યાન પર્યુષણ પર્વ આવે છે. સંઘના ઉપાશ્રયમાં મહાસતીજીઓનું ચોમાસું છે. તેઓ આ પર્યુષણના દિવસોમાં આ વાડીમાં પ્રવચન આપવા પધારશે."

મુનિશ્રીએ પણ આ વાત આનંદથી સ્વીકારી અને કહ્યું કે, "પૂ. સાધ્વીજી દીક્ષાએ મારા કરતાં મોટાં છે. મારે માટે પૂજ્ય છે. હું પણ પર્યુષણ દરમ્યાન એમનાં વ્યાખ્યાન સાંભળીશ."

આમ નિવાસસ્થાનનો પ્રશ્ન સુખદ રીતે ઉકેલાયો.

મુનિશ્રી રોજ સવારે ઉપાશ્રય જઈને પૂ.સાધ્વીજીઓને વંદણા આદિ વિધિકરીને પાછા વાડીએ આવી જતા.

પર્યુષણને અઠવાડિયું વાર હતી. અને મુનિશ્રીએ જાહેર કર્યું કે 'પર્યુષણ દરમ્યાન વાડીમાં પૂ.સાધ્વીજીઓનું વ્યાખ્યાન થશે અને એ લાભ આપણે સહુ લેશું. આમ કહેવા પાછળનોએ અર્થ અભિપ્રેત હતો કે, સંતબાલજીનું અને સાધ્વીજીઓનું એમ બંને વ્યાખ્યાન સવારમાં એક સાથે જ રાખવામાં આવે તો સંતબાલજીના વ્યાખ્યાનમાં વધુ હાજરી રહે. અને સાધ્વીજીઓનાં વ્યાખ્યાનમાં હાજરી ઓછી રહે. તેથી મુનિશ્રીએ પોતે જ જાહેરાત કરી દીધી. જેથી સાધ્વીજીનાં પ્રવચનમાં પૂરતી સંખ્યા રહી શકે.

આ જાહેરાત થવા સાથે જ જૈન યુવા વર્ગે એક નિવેદન આપીને કહ્યું કે, "અમારે પયુર્ષણના દિવસોમાં સંતબાલજીને સાંભળવા છે."

મુનિશ્રીએ આ યુવા વર્ગને સમજાવ્યું કે :

"તમારું આ વલણ અને મંતવ્ય બરાબર નથી સાધ્વીજીઓ આપણા સહુને માટે પૂજનીય અને વંદનીય છે આ પવિત્ર દિવસોમાં આપણે સહુ એમને સાંભળીએ અને કૃતાર્થ થઈએ."

પણ યુવા વર્ગને આથી સંતોષ કે સમાધાન ન મળ્યું. એટલે મુનિશ્રીએ મધ્યસ્થ રસ્તો સૂચવ્યો કે, "વાડીમાં તો સાધ્વીજીઓ જ પ્રવચન આપે અને એમનું પ્રવચન પૂરું થયા પછી વાડી સિવાયના નજીકના કોઈ સ્થળે મારું પ્રવચન રખાય."

આ સૂચન સહુએ માન્ય રાખ્યું. અને સંઘરાજકા હાઉસ-આલ્ફ્રેડ હાઈસ્કૂલ, હરગોવિંદકાકાની વાડી વગેરે સ્થળોએ ગોઠવાયું. પ્રવચનો અને સવાર સાંજની પ્રાર્થનામાં હજારોની સંખ્યામાં ભાવિકોએ લાભ લીધો.

માલવિયા વાડીમાં ચાતુર્માસ દરમ્યાન એકમાસનો વિશ્વવાત્સલ્ય ચિંતક વર્ગ પણ ભરાયો જેમાં 'ધર્મદૃષ્ટિએ સમાજરચના' તથા 'ભગવદ્‌ગીતાનું રહસ્ય' તથા શતાવધાનના પ્રયોગો વગેરે કેન્દ્રમાં રાખીને પ્રશ્નો પ્રવચન થતાં જેમાંથી કાર્યકરોના ઘડતરનું મોટું લોકશિક્ષણનું કામ થયું.

ચાતુર્માસ દરમ્યાન જૈન સંઘના આગેવાનોને મળવાના પ્રયાસ મુનિશ્રીએ કર્યા હતા. ખાસ ચાહીને એમને ત્યાં ગોચરી લેવા પણ જતા જેથી એ ઘેર મળી શકે. પરંતુ ગમે તે કારણે સંઘના મોવડીઓને મળી શકવાનો યોગ ન થયો.

દરમ્યાન પર્યુષણમાં સંવત્સરીના દિવસે 'ક્ષમાપનાનું રહસ્ય' એ વિષય પર મુનિશ્રીએ પોતાના પ્રવચનમાં આ બાબતનો સહજ અછડતો ઉલ્લેખ કરીને સંઘના મોવડીઓને પોતાના તરફથી કંઈપણ દુઃખ થયું હોય તો જાહેરમાં ક્ષમા માગી લીધી.

બીજે જ દિવસે સંઘના આ બધા આગેવાનો મુનિશ્રીને મળવા આવ્યા અને માફી માગી.

મુનિશ્રીને એક વખત ચોમાસાની શરૂઆતમાં હું શ્રી રસિકલાલ પરીખ સાથે મળવા ગયો હતો. ત્યારે મુનિશ્રીએ રસિકભાઈને ધન્યવાદ આપતાં કહ્યું કે, "તમે નિયમોનું ચુસ્ત રીતે પાલન કરો છો એ બિરદાવવા લાયક છે."

રાજકોટમાં મુનિશ્રીના પ્રવેશ વખતે ઢેબરભાઈ અને થોડા ગાંધી ભકતો જ સ્વાગત વખતે આવ્યા હતા. જ્યારે ચાતુર્માસના એમની વિદાયવેળાએ પાંચેક હજારની મેદની ઊમટી પડી હતી.

**ઉત્તમચંદ કિ. ગોસલિયા**

# રાજકોટના ચાતુર્માસમાં સમાજઘડતરના અનોખા પ્રસંગ

## ૧. સમાજ ઘડતરનો અનોખો પ્રસંગ

રાજકોટના વતની અને મુંબઈ નિવાસ કરતા શ્રી બચુભાઈ ઉર્ફે ઉત્તમચંદ ગોસલિયા વર્ષોથી મહારાજશ્રી સંતબાલજીના સંપર્કમાં આવેલા હતા. તેમની મહારાજશ્રી ઉપર અનન્ય શ્રદ્ધા ભકિત હતાં, તેઓ વારંવાર કહેતા કે આપ એકવાર રાજકોટમાં ચાતુર્માસ કરો. મહારાજશ્રી મુખ્યત્વે ભાલ અને નલકાંઠામાં ધર્મદૃષ્ટિએ સમાજ રચનાનો પ્રયોગ કરતા હોઈ એ પ્રદેશમાં વિશેષ પરિભ્રમણ કરતા તેમ છતાં સૌરાષ્ટ્રનો સંબંધ તો રાખ્યા જ કરતા. સૌરાષ્ટ્રમાં અનેક પ્રેમીઓ વસતા હતા. તેઓ પણ મહારાજશ્રી સૌરાષ્ટ્રમાં આવે તેની વારંવાર માગણી કર્યા કરતા હતાં. એ રીતે

સંવત ૨૦૦૪ ની સાલનું ચાતુર્માસ રાજકોટમાં કરવાનું વિચાર્યું. રાજકોટમાં ચાતુર્માસ કરવાનું એક બીજું પણ પ્રયોજન હતું, તે એ કે સૌરાષ્ટ્રના મુખ્ય કાર્યકરો રાજકોટમાં જ રહેતા હતા. રચનાત્મક પ્રવૃત્તિ પણ રાજકોટમાં ચાલતી હતી. વળી રાજ્યોનું એકીકરણ થઈ સૌરાષ્ટ્રનું પ્રજાકીય રાજ્ય રચાવાની તૈયારીઓ ચાલતી હતી. એટલે તેવા સમયમાં પોતે હાજર હોય તો, પોતાનું આદર્શ સમાજરચનાનું જે ચિત્ર છે તેને બરાબર સમજાવી શકાય.

આ દૃષ્ટિએ સૌરાષ્ટ્ર પ્રવેશ કરીને સૌ પ્રથમ પોતાના ગુરુદેવ પૂ. શ્રી નાનચંદ્રજી મહારાજનાં દર્શન કરવા સાયલા પધાર્યા. ત્યાં પંદર દિવસ રોકાયા. ગુરુના સત્સંગનો લાભ લીધો. ત્યાંથી હાલાર તરફ પ્રવાસ કરી રાજકોટ આવ્યા. ચાતુર્માસને એક મહિનાની હજી વાર હતી, પરંતુ તે પહેલાં અઠવાડિયું રોકાયા અને જુદી જુદી સંસ્થાઓ, સ્થળો અને જાણીતી વ્યકિતઓની મુલાકાત લીધી. આ સમય દરમ્યાન ભરચક કાર્યક્રમો રહ્યા. એક દિવસ રાજકોટના નાગરિકો તરફથી મહારાજશ્રીને સન્માનવા અને તેમના ચાતુર્માસને આવકાર આપવા જાહેર સભા થઈ. મહારાજશ્રીની વિદ્વતાનો લાભ રાજકોટને મળશે તે બદલ આનંદ વ્યકત કરતાં જુદા જુદા વકતાઓએ પ્રવચન કર્યાં. જૈન આગેવાનોએ પણ ઉત્સાહથી બધી જ સગવડ સહકાર આપવાનું કહ્યું. સભામાં ચાતુર્માસના ખર્ચ બદલ થોડો ફાળો પણ થયો.

બચુભાઈ કુટુંબ સાથે મુંબઈથી અહીં અગાઉથી જ આવી ગયા હતા. તેમની ઈચ્છા ચાતુર્માસનો બધો ખર્ચ ભોગવવાની હતી. મહારાજશ્રી હંમેશા એવી ઈચ્છા રાખતા કે એક વ્યકિત કરતાં સમાજ સ્વેચ્છાથી ભાર વહેંચી લે તે વધુ સારું છે. સમાજ ભાગીદાર બનતો હોવાથી કામકાજમાં તેની આત્મીયતા રહે છે. જવાબદારી પણ રહે છે. સંતોની પણ એક જાતની ચોકી રહે છે. બચુભાઈએ વાત પ્રેમથી સ્વીકારી. જો કે ચાતુર્માસનો મોટા ભાગનો ખર્ચ તેમણે જ ઉપાડયો હતો.

આ વખતે મહારાજશ્રી અને આગેવાનો ચાતુર્માસના નિવાસની પસંદગી માટે જુદાં જુદાં સ્થાન જોવા નીકળ્યા. આગેવાનોમાં એક જૈન આગેવાન કે જેઓ માથાભારે ગણાતા તેઓ પણ સાથે હતા. અહીંના સ્થાનકવાસી જૈનોમાં બે પક્ષ હતા. એક પક્ષ જે નાનો હતો તેના આગેવાન આ ભાઈ હતા. તેમણે પોતે એક ઉપાશ્રય બંધાવ્યો હતો. તેમાં પધારવાનું અને ખર્ચની બધી જવાબદારી માથે લેવાનું કહ્યું.

પરંતુ મહારાજશ્રી અત્યારે તો બધી પરિસ્થિતિ અને સ્થળો જોવા પૂરતા જ નીકળ્યા હતા. એક પક્ષની અસર નીચે આવી જવાય તો બીજો પક્ષ વિમુખ બને એટલે પોતે તટસ્થ સ્થળ ઈચ્છતા હતા. આ ભાઈ સાથે ફરતા તે બીજા જૈનોને પસંદ નહોતું પણ સાથે આવવાની ના શી રીતે કહી શકે ? મહાજને પોતાનો વિશાળ ડહેલો આપવાની ઈચ્છા વ્યકત કરી. આ સ્થળ શહેરની મધ્યમાં અને વિશાળ હતું જેથી ચોમાસામાં પણ પ્રજા રાત્રિ પ્રવચનોનો લાભ લઈ શકે એટલે એ સ્થાનની પસંદગી થઈ.

રાજકોટમાં તાજી જ રાષ્ટ્રિય સરકાર અસ્તિત્વમાં આવી હતી. પ્રધાનો બધા લગભગ કોંગ્રેસ કાર્યકરો હતા. જે મહારાજશ્રીના પરિચિત અને શ્રદ્ધાળુ હતા એટલે સરકારે પણ કેટલાંક સ્થાનો બતાવ્યાં અને જે પસંદ પડે તે આપવાની તૈયારી બતાવી, પણ મહારાજશ્રી સરકારનો આશ્રય લેવા માગતા નહોતા.

આ પછી મહારાજશ્રીનો આજુબાજુનાં ગામડાંમાં પ્રવાસ શરૂ થયો. બચુભાઈ ચાતુર્માસની તૈયારીમાં પડયા. એકાદ માસ પછી અમો ચાતુર્માસ માટે રાજકોટ આવવા નીકળ્યા. અગાઉ ગયેલા ત્યારે લોકોનો જે ઉત્સાહ જોયેલો તે અદમ્ય હતો. પરંતુ જ્યાં અમે આવ્યા ત્યાં બચુભાઈની સાથે થોડાં પરિચિત ભાઈબેનો અને કાર્યકરો જ સામે આવ્યાં હતાં. નવાઈની સાથે થોડો ક્ષોભ પણ થયો. સૌ નિવાસસ્થાને આવ્યાં, નિવાસસ્થાન પણ બચુભાઈનું ઘર જ હતું. નાનું સરખું એક માળનું મકાન હતું પાછળ થોડો વાડો હતો. બચુભાઈએ કહ્યું, કદાચ ચોમાસું અહીં જ કરવું પડશે. અને તો તો આ વચ્ચેની દીવાલ કાઢી નાખશું અને થોડું વ્યવસ્થિત પણ કરી લઈશું.

એક મહિના પહેલાં આવેલા ત્યારે મહાજનનો વંડો જે વિશાળ હતો તે મળવાનો હતો. પણ તેના વ્યવસ્થાપકો હવે ના પાડતા હતા. જૈનોનો ઉત્સાહ પણ મંદ પડી ગયો હતો. આનું કારણ પૂછયું તો જાણવા મળ્યું કે જૈનોના એક પક્ષના આગેવાન જે મહારાજશ્રી અહીં નિવાસ કરે તો રોજ તે ભાઈ સાથે આવે. વળી પોતાના પક્ષનાં સાધુ સાધ્વીઓના બે ઠાણાંને ચાતુર્માસ માટે આમંત્રણ આપી દીધેલું. અને એમનું પ્રવચન પણ વંડામાં ગોઠવેલું. એટલે સંતબાલજીને ના કહેવી જ ન પડે. નિવાસ નહીં આપવાનું આ મુખ્ય કારણ હતું. બીજા ગૌણ કારણોમાં કેટલાંક રૂઢિચુસ્ત જૈનોને મહારાજશ્રીની ક્રાંતિકારી વિચારસરણી પસંદ નહોતી.

મહારાજશ્રીને તો ગમે તે સ્થળ હોય, કોઈ સવાલ જ નહોતો. પણ બચુભાઈ અને બીજા કાર્યકરોને આ ઠીક નહોતું લાગતું. કારણ કે મહારાજશ્રીનો લાભ મોટી

સંખ્યામાં લોકો તો લઈ શકે કે જો સ્થાન મધ્યમાં અને વિશાળ હોય. બચુભાઈ રોજ આની શોધ કરતા, અને લાગતાવળગતાને મળતા. ઢેબરભાઈએ કહ્યું : 'શા માટે મહેનત કરો છો ? આપણી પાસે ઘણાં સ્થાનો છે. રજવાડાંના મહેલો ખાલી છે. છેવટે હું રહું છું તે સેનિટોરિયમ તો છે જ.' પણ મહારાજશ્રીને સરકારી આશ્રય લેવો જ નહોતો. પેલા જૈન આગેવાન તો વારંવાર મળતા અને પોતે તૈયાર કરાવેલા વિશાળ સ્થાનમાં પધારવા માટે આગ્રહપૂર્વક વિનંતી કરતા, પણ તેમને મહારાજશ્રીનું દૃષ્ટિબિંદુ સમજાવી દીધું એટલે ફરી તેઓ ન આવ્યા.

છેવટે કુદરતે મદદ કરી. મહાજનનો જે વંડો હતો તેનો એક ભાગ અમુક વરસને પટે ભાડે આપેલો હતો. એ ભાડૂઆત મહારાજશ્રી તરફ ભક્તિ-ભાવ ધરાવતા હતા. તેમણે ઘણી ખુશીથી એ ભાગ વાપરવા આપવાની તૈયારી બતાવી. મહારાજશ્રીની ભાવના એવી ખરી કે, પોતાના નિવાસ માટેનું સ્થાન બને ત્યાં સુધી ભાડું ખરચીને ન લેવું. વળી ભાડૂતની ઇચ્છા છતાં તેના માલિકની મંજૂરી મેળવી લેવી. આ બધું જ ગોઠવાઈ ગયું. મહારાજશ્રીનો નિવાસ ભોંયતળિયે હતો, પણ ચોમાસામાં મેડા ઉપર હોય તો સારું. મહાજનના દવાખાનાનો મેડો ખાલી હતો. એટલે મહાજનને વિનંતી કરી. મહાજને તે સહર્ષ સ્વીકારી. મહાજનની ઉદારતાનો આ નમૂનો હતો.

મહારાજશ્રી નિવાસસ્થાને આવી ગયા. પછી સૌ પ્રથમ સાધ્વીજીઓને મળી આવ્યા અને તેમના કાર્યક્રમોમાં પોતે આવવાથી ક્યાંય પણ આંચ ન આવે તેવી ઇચ્છા વ્યક્ત કરી. આગેવાનો સાથે પણ કાર્યક્રમ નક્કી કરતા પહેલાં મળવાનું ગોઠવ્યું. મહારાજશ્રીએ કહ્યું કે, તમે સાધ્વીજીઓને આમંત્રણ આપી બોલાવ્યાં છે તો તેમના વ્યાખ્યાનમાં કોઈ જાતની ક્ષતિ આવવી ન જોઈએ. લોકો ત્યાં પ્રથમ લાભ લે તે રીતે આપણે કાર્યક્રમો ગોઠવીએ. લોકોમાં મહારાજશ્રીની આ જાતની ભાવના અને નમ્રતાની સુંદર છાપ પડી.

સામાન્ય રીતે સાધુઓમાં પણ હું મોટો, મારું વ્યાખ્યાન જ લોકો સાંભળે તેવી મહત્ત્વાકાંક્ષી વૃત્તિ હોય છે એટલે હરીફાઈઓ જામે છે. પક્ષાપક્ષી થાય છે અને ધર્મનો આત્મા દૂર જાય છે. આમ મહાસતીના કાર્યક્રમ પછી મહારાજશ્રીના કાર્યક્રમોગોઠવાયા જેથી બંનેના પ્રવચનોનો લાભ જનતા લઈ શકી.

સૌ પ્રથમ સવારનાં પ્રવચન વંડામાં જ ગોઠવાયાં એનો વિષય હતો. 'માનવજીવનનો વિકાસક્રમ' રાત્રિપ્રવચનો વાર પ્રમાણે જુદા જુદા વિષયો

રામાયણ, ગીતા, માનવધર્મ, કથાવાર્તા, જૈનધર્મનું તત્ત્વજ્ઞાન અને સર્વધર્મનાં તત્ત્વો ઉપર થતાં. સભામાં દરેક ધર્મના લોકો આવતા. દિવસે દિવસે શ્રોતાઓની સંખ્યા એટલી બધી વધવા લાગી કે સ્થાન નાનું પડયું એટલે વંડાની બહાર લાઉડસ્પીકર ગોઠવીને બગીચામાં વ્યવસ્થા કરવી પડી. દિવસના જૈન યુવક યુવતીઓ આવતાં. પ્રૌઢો પણ આવતાં, ધાર્મિક સામાજિક બાબતોમાં પોતાની ગૂંચો વિષે ચર્ચાઓ કરતાં. આમ જૈનોનું આકર્ષણ ખૂબ વધતું ચાલ્યું.

## ૨. રાત્રી પ્રવચન શા માટે ?

રાજકોટના ચાતુર્માસ દરમિયાન રાત્રિ પ્રવચનોમાં માનવ મેદની ઊભરાતી. ચોમાસું હોઈ વરસાદ પડે ત્યારે મુશ્કેલી પડતી. અંદર તો થોડી જ સંખ્યા બેસી શકતી. બીજાને નિરાશ થવું પડતું. કોઈ કોઈ વાર પ્રવચન પણ બંધ રાખવું પડતું. બાજુમાં જે વંડો હતો તે ખૂબ વિશાળ હતો. જો તે મળે તો ત્યાં હજારો માણસો વરસતા વરસાદ વખતે પણ બેસી શકે તેવી વ્યવસ્થા હતી, લાઉડસ્પીકર તો હતાં જ પણ રાત્રિ પ્રવચન માટે એ વંડો આપવાની વ્યવસ્થાપકોએ ના પાડી હતી. દિવસ માટે વાંધો નહોતો.

રાત્રિ પ્રવચન માટે વંડો નહિ આપવાનું એક કારણ એ હતું કે સામાન્ય રીતે જૈનો રાત્રે ધર્મસ્થાનકમાં દીવો બત્તી રાખતા નથી. એથી સહેજે પ્રવૃત્તિની મર્યાદા આવી જાય છે. વળી ચોમાસામાં દીવા નિમિત્તે જીવજંતુની હિંસા થાય છે. બીજું કારણ એ હતું કે સ્ત્રીઓ રાત્રિ સભામાં ન આવે એવી પ્રણાલી હતી. જ્યારે મુનિશ્રીની સભામાં તો પુરુષો કરતાં સ્ત્રીઓ જ વધારે આવતી હતી.

મહારાજશ્રીએ આ બાબતમાં આગેવાનો સાથે ચર્ચા કરી, રાત્રિ સભાની શા માટે જરૂર છે તે ધાર્મિક રીતે સમજાવ્યું. તેઓશ્રીએ કહ્યું કે એક કાળ એવો હતો કે લોકોને બહુ પ્રવૃત્તિ કરવી પડતી નહીં.થોડા ધંધામાંથી ગુજરાન ચાલી શકતું. લોકોની જરૂરિયાતો પણ બહુ ઓછી હતી. વળી વસ્તી ઓછી જંગલો વધારે અને સંતો પણ જંગલમાં વિચરતા. લોકો ત્યાં જ ધર્મ શ્રવણ કરતા અને સંયમી જીવન જીવતા. આજે સ્થિતિ બદલાઈ ગઈ છે. એટલે ધર્મના મુખ્ય સિદ્ધાંતોને સાચવી રાખી બાહ્ય ક્રિયાકાંડોમાં ફેરફાર કરવો જોઈએ. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ પ્રમાણે સમાજની મનોભૂમિકા પારખીને તેમને પચે અને અનુકૂળ પડે તેવો ફેરફાર કરવો જોઈએ.

આજે લોકોનો વ્યવસાય એટલો બધો વધી ગયો છે કે રાત પણ ઓછી પડે છે. આ

સ્થિતિમાં આપણે લોકોને ધાર્મિકતા તરફ વાળવા હોય, તેમને ધર્મ શ્રવણ કરાવવું હોય તો રાત્રે સભાઓ કરવી પડે. રાત્રે ફૂરસદ હોય છે અને એકાગ્રતા પણ સારી રહે છે એ અનુભવથી જણાયું છે.

બીજી વાત બેનોને રાત્રિ સભામાં આવવાની. ચારિત્ર્ય અને શીલ એ એવી વસ્તુ છે કે એ કોઈના કહેવાથી આવતાં નથી. મનમાં ઊગવું જોઈએ. આપણે એમ માનીએ છીએ કે ચારિત્ર્યશીલતાનો ઈજારો અમારા જ હાથમાં છે. ખરી રીતે તો પોતાનું શીલ સાચવવાની કાળજી પુરુષો કરતાં બહેનોમાં વિશેષ હોય છે. તેમની ધર્મજિજ્ઞાસા પણ વધુ હોય છે. માટે તેમને ધર્મ શ્રવણથી વંચિત ન રાખવાં જોઈએ. હા સભાના યોજકો એવી વ્યવસ્થા ઊભી કરે કે સ્ત્રી પુરુષની બેઠકો અલગ રહે, સ્વયંસેવકો વચ્ચે ઊભા રહે. જો કે અહીં એવી વ્યવસ્થા કરવામાં આવી જ હતી. સભાના અંતે એવો શિરસ્તો રાખ્યો હતો કે પહેલાં બહેનો ઊઠે. તેમના ગયા પછી ભાઈઓ ઊઠતા. આવી ખૂબ સરસ વ્યવસ્થા સચવાતી.

હવે રહી બત્તીની વાત. બત્તીની મહારાજશ્રીને તો જરૂર જ નહોતી કારણ કે તેઓશ્રી રાત્રે લખવા વાંચવાની ક્રિયા પ્રાયઃ કરતા જ નથી એટલું જ નહિ પણ નિવાસસ્થાનથી અમુક ડગલાંથી વધારે જતા પણ નથી. પણ સભા થાય એટલે એની વ્યવસ્થા જાળવવા ખાતર બત્તીની જરૂર પડે. એટલે જીવહિંસા ઓછી થાય એ રીતે બત્તી રાખી શકાય. જોકે જૈન યુવાનોની અને બીજાની દલીલ એ હતી કે જે મોટો વંડો છે, તેમાં નાતને જમાડવા માટે મોટી મોટી ચૂલો ખોદેલી છે; એ ચૂલો સળગતી હશે ત્યારે કેટલી બત્તીઓ બળ્યા જેટલું પાપ થતું હશે !

મહાજનની વ્યવસ્થાપક કમિટીમાં લગભગ ૧૮ સભ્યો હતા તેમાંથી ૧૪ સભ્યો પાછલો વંડો રાત્રિસભા માટે આપવા તૈયાર હતા, પણ ચાર જણ તૈયાર ન થયા. મહારાજશ્રીએ તેમને જે કંઈ વાંધો હોય તેને ધર્મશાસ્ત્રોનો આધાર આપી સમાધાન આપવા પ્રયત્ન કર્યો. પણ તેઓ તો મક્કમ જ રહ્યા. આની સામે જૈનોનો રોષ ખૂબ વધી ગયો. તેમને થયું અમારા જ પૈસાથી આ વંડો બંધાવ્યો છે, તો વ્યવસ્થાપક કમિટી અમે કહીએ તેમ કેમ ન માને ? જે જગ્યાએ એ પ્રવચન થતાં તે અને પાછલા બાગ વચ્ચે એક મોટો દરવાજો જ હતો તેને ખાલી સાંકળ જ વાસી રાખતા. કારણ કે દિવસની સભા ત્યાં થતી. વળી પાણીનો નળ, જાજરૂ વગેરે એ બાજુ હતાં. એટલે વારંવાર અમારે જવું આવવું પડતું. કેટલાક યુવાનોએ મહારાજશ્રીને કહ્યું :

"મહારાજશ્રી આટલાં સુંદર પ્રવચન થતાં હોય અને વરસાદમાં અમે હેરાન થઈએ, છતાં મહાજનવાળા માનતા નથી. ડહેલો અમારો છે તો અમે દરવાજો ઉઘાડી નાખીશું. ત્યાં જ પ્રવચન રાખીએ. મહારાજશ્રીએ બહુ જ પ્રેમથી એમ ન કરવા સલાહ આપી એટલું જ નહિ પણ એમ કહ્યું કે કમિટિની મંજૂરી સિવાય તમે દરવાજો ખોલશો તો હું પ્રવચન બંધ કરીશ.

લોકોએ વિચાર્યું કે હવે શું કરવું ?કમિટી તો માનતી નથી. આ તો એક પ્રકારની સરમુખત્યારી કહેવાય. થોડાક આગેવાનો ભેગા થયા અને જનતામાંથી એક કમિટી બનાવી. તેમાં એવું નક્કી કર્યુ કે જૈનભાઈ-બેનોની મોટી સંખ્યામાં સહીઓ લઈ મહાજનને એક વિનંતીપત્ર આપવો. તેમાં જણાવવું કે અમો જૈનો કે જેમના પૈસાથી આ મકાન બંધાયું છે તે લોકો જ પોતાના ઉપયોગ માટે માગણી કરીએ છીએ તો રાત્રિ પ્રવચનો માટે વાપરવા આપવું. આ પ્રમાણે લખાણ તૈયાર કરી સંખ્યાબંધ ભાઈ બેનો સહીઓ લેવા માટે નીકળી પડયાં. એક જબરજસ્ત શાંત આંદોલન ઊભું થઈ ગયું. મહારાજશ્રીએ આ લોકશાહી કાર્યવાહીમાં વાંધો ન લીધો. ઊલટું એને ટેકો આપ્યો. લગભગ ૧૬૦૦ સહીઓ મેળવાઈ અને એ કાગળો મહાજનને સોંપાયા. મહાજને આની ઉપર વિચાર કરવા સભા બોલાવી. સારી ચર્ચાઓ થઈ પણ જુનવાણી વિચારના ચારેક સભ્યો વિરુદ્ધ પડયા. તેઓ કોઈ પણ હિસાબે વંડો આપવા તૈયાર ન થયા. હવે કમિટી વંડો આપવા બહુમતીથી ઠરાવ કરી શકતી હતી પણ તેમ થાય તો પેલા ચારે ભાઈઓ રાજીનામું આપવા તૈયાર થયા. પછી તો આખી કમિટી રાજીનામું આપે. આ આખો પ્રશ્ન મહારાજશ્રી પાસે આવ્યો. જુવાનો કહે : 'બધો વહીવટ અમે કરવા તૈયાર છીએ. પણ આ સરમુખત્યારી નહિ ચલાવી લેવાય !'

મહારાજશ્રીને તો સૌનું ઘડતર કરવું હતું. આ પ્રસંગ પણ એક ધર્મશાસ્ત્ર જેવો બની ગયો હતો. જો પોતાની અને લોકોની અહંતા મમતા પોષવી હોત તો મહારાજશ્રી તેવું કરવાની આજ્ઞા આપી દેત. પરંતુ તેમણે જોયું કે હું ચાતુર્માસ કરીને ચાલ્યો જઈશ અને લોકોમાં કાયમ કુસુંપ રહી જશે.

આ પ્રસંગમાં એવું કંઈ થતું નહોતું. એટલે તેમણે જૈન જનતાને ધીરજ રાખવાની સલાહ આપી અને જણાવ્યું કે હું સર્વ સંમતિમાં માનું છું એટલે એક પણ સભ્યનો પ્રતીતિકર વિરોધ હશે ત્યાં સુધી વંડામાં પગ નહિ મૂકું. બીજી બાજુ આગેવાનો બહુમતીનું અપમાન કરી રહ્યા હતા તે પણ ગમતું નંહોતું. એટલે વિરોધીઓની નજીક આવવાનો ઘણો પ્રયત્ન કર્યો પણ પરિણામ સારું ન આવ્યું.

બહેનોમાં મહારાજશ્રીનાં પ્રવચનોથી ખૂબ જાગૃતિ આવી હતી. કંઈક કરી છૂટવાની તમન્ના જાગી હતી. તેઓમાંનાં કેટલાંક તો આ પ્રશ્નમાં ખૂબ રસ લેતાં હતાં. તેમણે સ્ત્રીઓની એક અલગ સભા બોલાવી અને મહાજન સમગ્ર જનતાની માગણી છતાં વંડો વાપરવા આપતું નથી તો શું કરવું તેની વિચારણા કરી. છેવટે એવું નક્કી કર્યું કે વંડાના મુખ્ય દરવાજા આગળ બેસીને જ્યાં સુધી મહાજન છૂટ ન આપે ત્યાં સુધી ઉપવાસ કરવા. આ રીતે ૮૫ બેનો ઉપવાસમાં બેસવા તૈયાર થયાં. યાદી તૈયાર થઈ અને દરેક જણે સહીઓ કરવા માંડી. હવે રહી મહારાજશ્રીની સંમતિ લેવાની વાત. બીજે દિવસે બહેનોની સભા મળી. તેમાં મહારાજશ્રીને બોલાવ્યા અને સલાહ માગી.

મહારાજશ્રીએ બહેનોની આટલી સમજ અને હિંમત બદલ સંતોષ વ્યકત કરી તેમને ધન્યવાદ આપ્યા અને કહ્યું : 'આ પ્રશ્ન નિમિત્તે આટલી બધી જાગૃતિ આવી તે જ આપણી ફતેહ છે.' પણ મહારાજશ્રી તો સમાજની નાડ પારખનાર સાચા વૈદ હતા. તેમણે જોયું કે જે થોડા આગેવાનો સંમત નથી થતા તેઓને વ્યકિતગત રીતે તેમને ઘેર જઈને સમજાવે. તે વખતે બોલવાની હિંમત કેટલામાં ! પુરુષ વર્ગ કેટલો તૈયાર ! વળી હું ચાલ્યો જાઉં ત્યાર પછી લગ્ન અને બીજા વહેવારમાં જે પ્રત્યાઘાત પડે તેને સહન કરવાની તૈયારી કેટલી ? આ બધી વાતો ખૂબ જ પ્રેમથી બહેનોને સમજાવી. તમોને અન્યાય તો જરૂર થયો છે અને તમારામાં જે શકિત જાગૃત થઈ છે તેને હું પાછી પાડવા માગતો નથી. પણ મારી વાત ઉપર તમો બધાં વિચાર કરો અને ભગવાનને પ્રાર્થના કરો કે તેમને સાચી વાત સમજાય. બહેનોને આ ગમ્યું તો નહિ, પણ મહારાજશ્રીની સલાહ માન્ય રાખી ઉપવાસનું પગલું મોકૂફ રાખ્યું.

પર્યુષણના દિવસો આવી રહ્યા હતા. દિવસનાં અને રાત્રિનાં પ્રવચનોથી રાજકોટનાં નગરજનો ઘેલાં બની ગયાં હતાં. મહારાજશ્રીને લાગ્યું કે મહાજનના ભલે અમુક ભાઈઓને પણ મારી વાત ગળે ઊતરતી નથી તો તેના પરિણામે મારે પર્યુષણ પ્રવચનો બંધ રાખવાં અને આમેય સંઘે સાધ્વીઓને આમંત્રેલાં છે. તેઓનાં પ્રવચનો તો રહેવાનાં જ છે. આ પ્રકારની જાહેરાત થતાં જ જૈનોમાં સન્નાટો વ્યાપી ગયો. બીજે દિવસે કેટલાંક આગેવાન ભાઈબેનો આવ્યાં અને વિનંતી કરી કે પર્યુષણ જેવું મહાપર્વ આવે અને આપ જેવા ક્રાંતિકારી વિદ્વાન સંત હાજર હોવા છતાં આપના પ્રવચનોનો લાભ જનતાને ન મળે તે કેમ ચાલે ? આપે કોઈ પણ હિસાબે પ્રવચનો તો

કરવાં જ જોઈએ. મહારાજશ્રીએ તેમને સમજાવ્યાં કે રોજ પ્રવચનો તો ચાલે જ છે. ઓછું કહેવાયું નથી. વળી એ ભાઈઓને પણ ઠીક લાગશે. પણ આવેલાંનો આગ્રહ ચાલુ રહ્યો. તેમણે દલીલ કરી : આપનું સમગ્ર જીવન લોક હિતાર્થે છે તો સભા ભરી સર્વાનુમતે ઠરાવ કરો કે મહારાજશ્રીએ પર્યુષણમાં પ્રવચનો ચાલુ રાખવાં જ જોઈએ તો આપ સ્વીકારશો ને ? મહારાજશ્રી પાસે આનો જવાબ ન હતો. મૂક સંમતિ મળી ગઈ. લોકોમાં આનંદનો પાર ના રહ્યો. પણ સભા ભરી સર્વાનુમતિથી ઠરાવ કરાવવાની જવાબદારી આવી પડી. એટલે સૌ કામે લાગી ગયાં. ચીમનલાલ નાગરદાસ એડ્વોકેટ, છોટાલાલ વકીલ, જયસુખભાઈ શાહ જેવા યુવાન આગેવાનો અને બીજા ભાઈબેનોના પ્રયત્નથી એક વિશાળ સભા ભરાઈ. તેમાં મુનિશ્રી પર્યુષણમાં પ્રવચનોનો લાભ આપે તેવો સર્વાનુમતિથી ઠરાવ પસાર થયો.

સંઘરાજકા હાઉસના વિશાળ કંપાઉન્ડમાં પર્યુષણ પર્વની તૈયારીઓ શરૂ થઈ. વીજળી કંપનીએ વીજળી પૂરી પાડી. મંડપ કોંટ્રાકટરે મંડપ બાંધી દીધો. લાઉડ સ્પીકર તો હતું જ. સ્વયંસેવકો તૈયાર થઈ ગયા. જે સાધનોની જરૂર પડી તે બધાં આવી મળ્યાં. સુંદર મંડપ તૈયાર થઈ ગયો.

પર્યુષણોમાં દાનો ઉઘરાવાય છે. ભોજન સમારંભો યોજાય છે તેને બદલે બધું નવી જ ઢબથી ગોઠવાયું. હરિજન સંસ્થાઓને દાન આપ્યું. લહાણીમાં જ્ઞાનવર્ધક પુસ્તિકાઓ વહેંચાઈ.

સૌરાષ્ટ્રનું એકમ થયા પછી આખા રાજ્યના સફાઈ કામદારોનો પગાર કેટલો હોવો જોઈએ તેને માટે સૌરાષ્ટ્ર સરકારે એક કમિટી નીમી હતી. તેમાં સરકારે મહારાજશ્રી પાસે સલાહની માગણી કરી. સચિવાલયમાં કમિટી સમક્ષ પોતાના વિચારો રજૂ કર્યા. તેમણે જણાવ્યું કે સફાઈનું કામ એ શાળાના એક શિક્ષકથી જરાય ઊતરતું નથી એટલે ઓછામાં ઓછા માસિક સો રૂપિયા જેટલો પગાર તેમને મળવો જોઈએ. વળી સફાઈ કામ એક વર્ગની મોનોપોલી ન બનવું જોઈએ. આ બે ક્રાંતિકારી વિચારોએ સૌને આશ્ચર્ય ચકિત કરી દીધેલા. નાણાં પ્રધાન જગુભાઈ પરીખ અને પરીક્ષિતભાઈ સંમત થયા. પણ સરકારના આંકડાશાસ્ત્રીઓએ વિરોધ કર્યો. તેમ છતાં જે વેતન મળતું હતું તેમાં સારો એવો વધારો કરવામાં આવ્યો.

આમ રાજકોટનું ચાતુર્માસ અનેકવિધ પ્રવૃત્તિઓથી ધમધમતું અને છતાં નવાં મૂલ્યોની સ્થાપનાની દૃષ્ટિએ યાદગાર બની ગયું.

# રાજકોટમાં કાર્યકર્તા તાલીમ વર્ગ
# (૧૯-૯-૪૮ થી ૨૩-૧૦-૪૮)

મુનિશ્રી પોતાના ચાતુર્માસ દરમિયાન કાર્યકર્તાઓને તાલીમ આપવા માટે વિશ્વ વત્સલ ચિંતક વર્ગ ૧૯૪૫થી ચલાવતા આવ્યા છે. વર્ષમાં બે અથવા ત્રણ અનુકૂળતા પ્રમાણે, સ્થળ અને સમયની મર્યાદા પ્રમાણે આવા વર્ગ ૧૦ થી ૧૫ દિવસના ચલાવતા. પરંતુ ચાતુર્માસમાં તેમને સ્થિરવાસ હોઈ વધુ સમય આપી શકતા.

રાજકોટ ચાતુર્માસ દરમિયાન આવો તાલીમવર્ગ ૧૯-૯-૪૮થી ૨૩-૧૦-૪૮ સુધી ૩૫ દિવસ માટે રાખવામાં આવ્યો હતો. આ અંગે જેને આ વર્ગમાં જોડાવું હોય તેની લાયકાત વગેરે અંગે ૧૬-૯-૪૮ના વિ.વા.માં જાહેરાત આપવામાં આવી હતી. અને વર્ગમાં શું શું ચર્ચવામાં આવશે, વગેરેની આછી રૂપરેખા પણ આપવામાં આવી હતી.

આ અંગે એક ભાઈએ લખેલ પત્ર અને તેના અનુસંધાનમાં મુનિશ્રીનો જવાબ બંને વાંચતાં, મુનિશ્રીના મનમાં આ વર્ગનું મહત્ત્વ કેવું છે તેનો ખ્યાલ આવી રહેશે.

'વિશ્વવાત્સલ્ય ચિંતક વર્ગ' પાંત્રીસ દિવસ માટે આપ તા. ૧૯-૯-૪૮થી શરૂ કરવાના છો, તે જાણી મને ખૂબ આનંદ થયો છે. એ રીતે આપણા સમાજમાં અમુક વિચારસરણી દ્વારા જીવન ઘડતર કરવાની દૃષ્ટિ ખીલવી શકાશે; એટલું જ નહીં પરંતુ આજે અર્થને પ્રાધાન્ય આપીને જીવનવહેણમાં ઘસડાનાર સમાજના મોટા વર્ગના માનવજીવનનું સાચું રહસ્ય સુઝાડનાર-ધર્મ તરફ અભિમુખ કરે એવો ચિંતક વર્ગ ક્રમશઃ તૈયાર કરી શકાશે.'

★

વર્ગ શરૂ થઈ ચૂક્યો છે. ધારવા કરતાં સૌરાષ્ટ્રના કાર્યકરોની સંખ્યા ઘણી જ ઓછી છે. ગુજરાતની વધારે છે. સફાઈ, પિસાઈ, રસોઈથી માંડીને શકય તેટલા સ્વાશ્રયી વર્ગો ચાલે છે.શારીરિક શ્રમ, વ્યાયામ, બૌદ્ધિક, ભાવનાત્મક, હિંદુસ્તાની, કતાઈ વગેરે બાબતો એમાં છે. કાર્યકરો પોતાના એ સેવાકાર્યમાં ઈશ્વરી તત્ત્વની ઝાંખી કરે, ધર્મદષ્ટિએ પોતાના અંગત અને સામાજિક જીવનને જોવા લાગે એ આવા વર્ગો પાછળનું મધ્યબિંદુ છે. વ્યાપારી અને બીજાં ભાઈબહેનો પણ આમાં રસ લઈ શકે એવી જોગવાઈ - થોડી છૂટછાટ સાથે કરવામાં વર્ગ સભ્યોએ સર્વ સંમતિથી ફાળો આપ્યો છે...

આજે ગુજરાત અને સૌરાષ્ટ્રમાં દુષ્કાળ ડોકિયાં કરી રહ્યો છે. એ ઉપયોગી કામમાં જે સેવક-સેવિકાઓ રોકાઈ રહેવાને કારણે નથી આવ્યાં, તેમણે વર્ગનો લાભ ખોયો છે એમ ન માનતાં વર્ગની ભાવનાને રચનાત્મક કરવાનું અંગ અમલી બનાવ્યું છે, એમ માનવું...'

**'સંતબાલ'**

★

## વર્ગની ફલશ્રુતિ

વર્ગની ફલશ્રુતિરૂપે શ્રી હરિવલ્લભ પરીખે આખા વર્ગનો સમારોપ અને તેમાં થયેલ કાર્યનું વિવરણ એક નાનકડા લેખરૂપે હિંદીમાં પ્રગટ કર્યું હતું. જે ૧-૧૧-૪૮ના વિશ્વવાત્સલ્યમાં છપાયું હતું. તેમાંથી મહત્ત્વનો ભાગ ગુજરાતી અનુવાદ કરીને નીચે આપ્યો છે :

નવ-સમાજરચનાના કાર્યમાં, સમાજને સાચું માર્ગદર્શન કરાવી શકે એ દષ્ટિએ રાજકોટમાં ૩૫ દિવસનો એક ચિંતકવર્ગ ચલાવવાનું વિચાર્યું હતું. સમાજના નવનિર્માણ અર્થે દષ્ટિ તો સાફ જોઈએ જ અને આવી દષ્ટિ આપવા માટે કંઈક માધ્યમ પણ જોઈએ. મહારાજશ્રી કયાં સાધન અથવા માધ્યમથી આ શીખવશે એ જાણવું મુશ્કેલ નથી. **ધર્મ** - ધર્મને સમજવા અને એને જીવનમાં કે વર્તનમાં ઉતારવા માટેનું મુખ્ય સાધન છે ધર્મગ્રંથો બસ, ગીતા અને રામાયણ અમારા વર્ગનાં પર્યાયવાચી શબ્દો બની ગયા. ગીતા મારફતે વર્તમાનના ચાલુ પ્રશ્નો ઉપર પણ પ્રકાશ મળી શકે છે. જેમ કે હૈદ્રાબાદના વિજયથી ગૌરવાન્વિત થવાને બદલે પંડિત જવાહરલાલજી એવું વિચારે કે આપણે આપણી સંસ્કૃતિને શોભે એ જાતનો વર્તાવ કરી શકયા કે નહીં ? અહીં આપણને એમની સમત્વશકિતનો પરિચય મળી રહે છે. કયારેક કયારેક ગ્રામઉત્થાનના રચનાત્મક કામો સાથે ગીતાજીનું અમલી સ્વરૂપ સિદ્ધ કરવામાં આવતું હતું. રામાયણ મારફતે આજના સામાજિક પ્રશ્નો પરનું માર્ગદર્શન મળી રહેતું. રામાયણમાંથી અમને અમારા કુટુંબનો અને સમાજજીવનની મધુરતાનો આસ્વાદ કરાવવામાં આવતો.

**ગીતા અને રામાયણ :** ગીતાના મહત્ત્વના ૨૦૦ જેટલા શ્લોકો શુદ્ધ ઉચ્ચારણ સાથે વિસ્તારપૂર્વક સમજાવવામાં આવ્યા. ઉપસંહાર કરતાં મહારાજશ્રીએ કહ્યું : 'મનુષ્ય પોતાની પ્રકૃતિ અનુસાર, સ્વભાવ પ્રમાણે વર્તતો આગળ વધ્યે જાય. પોતાની શકિત અનુસાર ક્રમશઃ સ્વભાવ અને પ્રકૃતિની સંશુદ્ધિ કરતો રહે. ગીતાએ

આને જ વિકાસનો રાજમાર્ગ માન્યો છે.'

૩૫ દિવસમાં પસંદ કરેલ ચોપાઈઓ અને દોહા લઈને કથાનો સળંગ પ્રવાહ જળવાઈ રહે એ રીતે આખી રામાયણ પણ પૂરી સમજાવી. રામાયણ પૂરી થયા પછી મહારાજશ્રીએ કહ્યું : રામાયણને ભલે તમે કાલ્પનિક ગ્રંથ કે ઈતિહાસ માનો, પણ હું તો એને કર્તવ્યગ્રંથથી ઓળખાવું છું. મનુષ્યના રોજે રોજના જીવનમાં આવતાં કર્તવ્યો અને ફરજોનું આમાં સુંદર ચિત્ર આપ્યું છે, જે આપણને આપણી ફરજનું ભાન કરાવે છે.

**સર્વધર્મ :** દુનિયાના મુખ્યમુખ્ય બધા મોટા ધર્મોનાં મૌલિક સત્યોને તેમણે અમારી સમક્ષ રજૂ કર્યાં. ધર્માંધતા અને ધર્મ સંકુચિતતા દૂર કરવાનો આ એક સારો માર્ગ છે. આપણા ધર્મમાં જેમ સારી વાતો છે, તેમ બીજા ધર્મોમાં પણ હોય છે. સાંજની પ્રાર્થના બાદ પ્રશ્નોત્તરી રહેતી. વિશ્વધર્મની વાતો સાથે સાંપ્રદાયિક ચિહ્નો રાખવાં કેટલાં યોગ્ય ગણાય ? આ અંગે ખૂબ ચર્ચા થતી. રેંટિયો કાંતવા માટે પણ મહારાજશ્રીને આગ્રહ કરવામાં આવ્યો હતો.

**કાંતણ :** કાંતણ અમારી દિનચર્યામાં નિયમરૂપે રાખ્યું હતું. સરાસરી ૭૦ આંટી કંતાઈ. પાંચ બહેનો અને પાંચ ભાઈઓ નવા કાંતનારાં તૈયાર થયાં. કાંતણની સાથે એને આનુષંગિક વિષયો રેંટિયાનું સ્થાન, રેંટિયો અને યંત્રો વગેરે અંગે પણ ચર્ચા ચાલતી.

**હિન્દુસ્તાની :** ઉર્દૂલિપિનો પરિચય કરાવ્યો. મોટા ભાગનાંને વાંચતાં આવડી ગયું હતું. વ્યાકરણ પણ સમજાવવામાં આવતું. કયારેક કયારેક તો વર્ગનું આખું વાયુ-મંડલ હિંદુસ્તાનીમય બની જતું.

**વ્યાયામ :** સદ્ભાગ્યે અમને વ્યાયામ માટે સેવાદળના શ્રી નટરંજનભાઈ મળી ગયા હતા. તેમણે કવાયત, રમતગમત, સૂર્યનમસ્કાર, આસન, ધ્વજવંદન વગેરે શીખવી'દીધું હતું. નટરંજનભાઈએ વર્ગમાં કલા અને સાંસ્કૃતિક વિભાગને પણ સારી રીતે સંભાળ્યો હતો.

## વર્ગમાં ભાગ લેનારની સંખ્યા

| પૂરો વખત | થોડા દિવસ | કાયમી મહેમાન |
|---|---|---|
| ૧૨ ભાઈઓ | ૨ ભાઈ | ૩ બહેનો |
| ૧૦ બહેનો | ૩ બહેનો | |

**ઉપસંહાર :** વર્ગમાં આશ્રમી વાતાવરણ જામ્યું હતું. મહારાજશ્રીની અસર સ્પષ્ટ રૂપે જણાઈ આવતી હતી. તેમનું જીવન ખુલ્લી કિતાબ જેવું હતું. તેમાંથી અમને ઘણું ઘણું વિજ્ઞાન મળી રહેતું. વર્ગનાં ભાઈબહેનોના પરસ્પરના સહવાસથી પણ એકબીજાને ઘણું જાણવા મળ્યું એ તો ખાતરીપૂર્વક કહી શકતા હતા કે અમે જે હતા અને જ્યાં હતા, તેનાથી એક ડગલું આગળ વધી ચૂક્યા હતા.

આવી જાતના જીવન સંસ્કાર સિંચન કરનારા વર્ગો સમાજમાં ચાલતા રહેવા જોઈએ, અને તે પણ આવા કોઈ પ્રાણવાન પુરુષની છાયામાં. આવા વર્ગોનો લાભ વધુમાં વધુ કાર્યકર્તાઓએ લેવો જોઈએ. અને ભરપૂર પ્રવૃત્તિ વચ્ચે પણ શાંતિ અને શુદ્ધિનો આનંદ લૂંટતા રહેવું જોઈએ.

## પ્રતીક શા માટે ?

વર્ગનાં ભાઈબહેનોએ આ વખતે મારા અંગત જીવનમાં અને હું જે પ્રતીકો ધરાવું છું તે પ્રતીકોમાં ખૂબ ઊંડા ઊતરીને રસ લીધો. મારા જવાબોથી સમાધાન ન થતાં અંદરોઅંદર ચણભણ ચાલી. બે વિચારસરણીવાળાં બળોનાં જૂથ બની ગયાં. વાતાવરણ એ મય થયું. જરા ઉગ્રતા આવી. આળી વૃત્તિઓ જોર પકડવા લાગી. એક પક્ષને એમ પણ લાગ્યું કે હવે આળું વાતાવરણ બન્યું છે માટે ઊંડા પાણીમાં ન ઊતરવું. મેં બન્ને બળોને પોતપોતાના શુદ્ધ આશયોનો ખ્યાલ આપવા પ્રયત્ન કર્યો. ફરી વાતાવરણ સ્વસ્થ થયું. કિશોરભાઈના 'સમૂળી ક્રાંતિ'નાં લખાણોને નિમિત્તે ફરી ચર્ચા ચાલી. મેં 'સર્વધર્મસમન્વય' અને અમુક જ સંપ્રદાયગત ગણાતાં પ્રતીકોનો મેળ કેવી રીતે મળે તે વિષે કહ્યું. સમાધાન ન થયું. આમ દિવસો ગયા. એક રાત્રિએ મારી હાજરીમાં બન્ને પક્ષોએ પોતપોતાની રજૂઆતો કરી. આ રજૂઆતોમાં ઊંડા અભ્યાસ,ચિંતન, અનુભવ અને આત્મીયતા ઠીકઠીક દેખાયાં. એ બધા પછી ચિંતનને અંતે મારા જે વિચારો છે તે અહીં ટાંકીશ.

મેં સ્થાનકવાસી તરીકે ઓળખાતા એક જૈન સમાજના ફિરકામાં દીક્ષા લીધી છે. એ ફિરકાની ઉત્પત્તિ પાછળ જે ધર્મક્રાંતિની ભૂમિકા છે તે ધર્મક્રાંતિને અનુલક્ષીને જ મેં પ્રગતિ સાધી છે. નિવેદનના ખાસ મુદ્દાઓ આ રહ્યા :

મુહપત્તી, શરીરશુદ્ધિ, દીક્ષામાં વડીલ એવાં સાધ્વીઓને વંદન, માત્ર કોમ, સંપ્રદાય કે દેશાદિ બાહ્ય કારણને મહત્ત્વ ન આપતાં અભેદભાવે લેવાની ભિક્ષાચરી, લુંચનનું રૂઢિગત મહત્ત્વ તોડવું, પદવીઓને મળેલા અતિ માનનો અસ્વીકાર, રૂઢિ

ગત વંદન કરતાં હાર્દિક મિલનને વધુ મહત્ત્વ આ ખાસ મુદ્દાઓ છે.

પ્રથમના નિવેદન પછી બીજે વર્ષે બહાર પડેલા બીજા નિવેદનમાં મુહપત્તી અને લુંચનમાં મારી જાતનું સંશોધન છે. આજે હું સામાન્ય રીતે મૌન વખતે કોઈ ખાસ કારણ સિવાય મુહપત્તીમાં માનતો નથી. બોલતી વખતે અને ભિક્ષાચરી, વિચાર, નિહાર સમયે રાખવામાં માનું છું. આથી રૂઢિના ત્યાગનો અને કામ પૂરતા સ્વીકારનો એમ બન્ને હેતુઓ સચવાય છે. હા; એટલું ખરું કે આ પ્રમાણે મોઢા આડું કપડું બાંધવાનો રિવાજ આ ફિરકા સિવાય જૈન જૈનેતર કે કોઈ બીજા સંન્યાસી સમાજમાં છે જ નહિ. મુહપત્તી એ આ ફિરકાનું માન્ય થઈ પડેલું ચિહ્ન છે, છતાં તે આ જ રીતે બંધાવી જોઈએ એવું કોઈ વિધાન નથી. આથી હું એના કામ પૂરતા સ્વીકારમાં પણ એકાંતે આગ્રહ રાખવામાં સંકોચાઉં છું. હવે જો એ ચિહ્ન મેં સ્વીકાર્યું જ છે તો રૂઢિગત માન્યતા પૂરતો ત્યાગ કર્યા પછી એને રાખવામાં કશી હાનિ નથી. અલબત્ત, એ ચિહ્ન રાખવાથી પ્રથમ તકે કોઈને સાંપ્રદાયિકતાની ગંધ આવી જવા સંભવ છે, પરંતુ હું લોકહૃદયનો જે સ્નેહ અનુભવી રહ્યો છું તે જોતાં તેવો સંભવ ટકે તેમ નથી. બીજી બાજુ જે જૈન સ્થા. સંપ્રદાયને હું ખાસ દોરવા માગું છું એ દોરવણીમાં આ ચિહ્ન રાખવાથી ટેકો મળતો જાય છે. સર્વધર્મ સમન્વયનું મારું મુખ્ય ધ્યેય એ દૃષ્ટિ પર રચાયું છે કે જગતમાં મતભેદો હોઈ ભિન્ન ભિન્ન સંપ્રદાયો તો રહેવાના. એ રહે તેમાં કશું ખોટું નથી. માત્ર તે બધાઓનો સમન્વય કરવાનો છે. સૌ પોતપોતાના સંપ્રદાયમાં રહી રૂઢિગત અંશોનો ત્યાગ કરી પ્રતીકો ભલે રાખે. બીજા સંપ્રદાયવાળાઓનો પોતા જેટલો જ અધિકાર માન્ય રાખે. એટલે સમન્વય થવાનો જ. પોતપોતાના સંપ્રદાયમાં રહેવાથી વટાળવૃત્તિનો નાશ થશે અને નવા સંપ્રદાયો ભાગ્યે જ ઊભા થશે. અને કદાચ થશે તો પણ તે પોતાના જૂના સંપ્રદાયની સામે ઝઘડવા ખાતર નહિ પણ સંશોધન ખાતર જ થશે. આને પરિણામે આખો જૂનો સંપ્રદાય શુદ્ધિ પામશે અથવા સંરક્ષણની ભાવનાનો એને સીધો લાભ મળશે. આ દૃષ્ટિએ રેલવિહાર, મુહપત્તી ત્યાગ, રજોહરણ ત્યાગ વગેરે બાબતોમાં હું સ્થા. સંપ્રદાયમાં ઉછરેલા અને વિકસેલા લોકોની માન્યતાને મારો સિદ્ધાંત જળવાતો હોય ત્યાં બીજા લોકોની માન્યતા કરતાં વધુ મહત્ત્વ આપું. ભાલનળકાંઠાનો પ્રયોગ ચાલે છે. હજુ મારે માટે મને રેલવિહાર અનિવાર્ય નથી લાગતો.આત્મા અને વિશ્વ વચ્ચેની મારી સમન્વયભરી સાધનામાં રજોહરણ, મુહપત્તી હજુ બાધ કરતાં મને જણાતાં નથી. માથાનું મુંડન અને દાઢીમૂછનું લુંચન પણ ઠીક જણાયું છે. બાહ્યશુદ્ધિ હું સ્નાન

વિના જળવાય તે જોઉં છું.

પાદવિહાર અને ભિક્ષાચરી એ બન્ને અંગોએ મારા આદર્શના અને લોકસંપર્કના માર્ગમાં મદદ પહોંચાડી છે. અલબત્ત, રેલવિહાર, અભિક્ષાચરી વગેરેથી સાધુતામાં જાગૃતિ હોય તો આંચ આવતી નથી; એમ છતાં મને આજે લાગે છે કે સાધુસંન્યાસીઓને એ માર્ગે અનુકરણ કરવાનું કહેવામાં જોખમ છે. હું સંન્યાસી સંસ્થાનો સભ્ય છું. સર્વધર્મસમન્વયનું મિશન કે જેનું બીજ મને મુખ્યપણે મારા પૂ.ગુરુજીની ઉદારતા, જૈનદર્શનનાં આગમો અને આચરણથી મળ્યું છે; તે દૃષ્ટિએ હું જૈન સાધુ અને તેમાંય સ્થા. સંપ્રદાયના જૈન સાધુ તરીકે મારી જાતને માનવા મનાવવામાં ગૌરવ લઈ શકું છું.

મહાત્માજી પ્રવૃત્તિ માર્ગમાં પડેલા છતાં નિવૃત્તિના લક્ષ્યે અવ્યકત ઈશ્વરાર્થે કાર્ય કરી ગયા છે. એમને રાષ્ટ્રતખ્તો મુખ્ય મળ્યો. નિવૃત્તિમાર્ગમાં પડેલો છતાં પ્રવૃત્તિને લક્ષ્યે એકમેકની બાહ્યપ્રવૃત્તિઓ સાથે ભાગ્યે જ સમાનતા હોઈ શકે. ધ્યેયની સમાનતાને મુખ્ય માનીને જ ચાલવું રહ્યું. પૂ. બાપુજીમાં રેંટિયો,ગીતા અને પ્રાર્થનાની ત્રિપુટી જામી હતી. મારામાં કઈ ત્રિપુટી છે તે હું શું કહું ? મને અગુપ્તતા, એકાંત સેવન અને સર્વધર્મના અભ્યાસે ઘણું આપ્યું છે. વિશ્વવાત્સલ્યના ધ્યેયમાં મને ૐમૈયાનું અવલંબન ગમે છે. હું બાપુજીના પ્રયોગક્ષેત્રનું અંગ બનું એવી આશા રાખનારાઓને મારી વિનંતિ છે કે તેઓ મારી અભિલાષાની સામે જુએ ખાસ કરીને તો સાધુ સંન્યાસીઓને - અર્થકારણ તથા રાજકારણ સાથે મેળ હોઈ જ ન શકે, એ ભ્રામક માન્યતા દૂર કરવામાં યત્કિંચિત્ પણ ફાળો આપવાની મારી અભિલાષા છે. શ્રમ, તર્ક અને ભાવનાની ત્રિવેણી બાપુના અક્ષરશઃ અનુકરણ રૂપે મારામાં ન હોય; તોયે ઓછા વધતા પ્રમાણમાં એ સુયોગ સામે રાખીને જ સંતોષપૂર્વક હું ઉન્નત દૃષ્ટિએ ધપી રહ્યો છું એમ નમ્રપણે માનું છું.મૈયાની દયાથી અર્થદૃષ્ટિને સ્થાને ધર્મદૃષ્ટિનું સ્થાન આવ્યે ભૌતિક અને આધ્યાત્મિક બન્ને બાજુઓનો સુખદ ઉકેલ આવશે એ વિષે મારી શ્રદ્ધા અટલ છે એને જાળવી રાખવાનો સાથ સહિયારો આપવા માટે હું સૌને વિનવું છું.

વિશ્વવાત્સલ્ય : ૧૬-૧૦-૪૮ **સંતબાલ**

# પ્રશ્નોત્તરી

(જોધપુર સ્ટેટમાં આવેલી એક ગોશાળાના વૃદ્ધ વ્યવસ્થાપક અમદાવાદના એક જાણીતા ભાઈ સાથે મળવા આવ્યા. તેમની સાથે થયેલી કેટલીક વાતો નોંધવા યોગ્ય હોઈ પ્રશ્નોત્તરીરૂપે આપીએ છીએ.)

**વ્યવસ્થાપક :** મહારાજ ! અત્યારે આર્થિક દષ્ટિએ ગોશાળાને બહુ સહેવું પડે છે, પહોંચી શકાતું નથી. કૃપા કરી આપ આપના અનુયાયી શેઠિયાઓ ઉપર એક પત્ર લખી આપો, જેથી અમોને સારી મદદ મળી રહે.

**સંતબાલજી :** ભાઈ ! મેં એક મર્યાદા રાખી છે, અને તે એ કે શ્રીમંતોને ધનની દષ્ટિએ હું પ્રતિષ્ઠા આપતો નથી. હું દઢ રીતે માનું છું કે આજે આર્થિક દષ્ટિએ જે સમાજરચના ચાલી રહી છે, તેમાં મૂળભૂત ફેરફારો થવા જોઈએ. અર્થને સ્થાને ધર્મ આવે તે જોવા હું મારી તમામ શકિતઓ ખર્ચી રહ્યો છું. તમારા જેવા ત્યાગી પુરુષને પણ સંસ્થા માટે પૈસા ઉઘરાવવા નીકળવું પડે એ અતિ દુઃખદ વસ્તુ છે.

**વ્યવસ્થાપક :** તો આપનો અભિપ્રાય લખી આપો.

**સંતબાલજી :** મને તમારો જ પરિચય છે. તમારા વિષે આદર હોય એ સાચું પણ ત્યાંની ગોશાળા અને વહીવટ જોયા સિવાય હું શું લખી આપું ? જો આર્થિક રીતે તમો ગોશાળા ન ચલાવી શકતા હો, તો ગાયોને બીજી પાંજરાપોળોમાં સોંપી દેવી અથવા ગોસેવા સંઘ જેવી પ્રતિષ્ઠિત સંસ્થા સાથે જોડાણ કરી લેવું. સામાન્ય રીતે લોકોનો એવો ખ્યાલ હોય છે કે જૈન મુનિઓ પાસે ફંડફાળાના પૈસા હોય છે, અને એમની સૂચના અનુસાર સારાં ફંડો ભરાઈ જાય છે; પણ અહીં હું એ સ્પષ્ટ કરવા માગું છું કે મેં એવો કોઈ શ્રીમંત રાખ્યો જ નથી. ઊલટું મૂડીવાદ સામે તો મારો અહિંસક બળવો છે. પ્રતિષ્ઠા ધનિકોની નહિ પણ સમાજસેવકોની હોવી જોઈએ. તમારી મનોકામના સંતોષી શક્તો નથી તે બદલ ક્ષમા કરજો.

**વ્યવસ્થાપક : તેઓ** નિરાશ થઈ ઊઠયા.એમના ગયા પછી મને થયું, મહારાજ ! પેલા ભાઈઓને નિરાશ કર્યા એમાં શું સૂક્ષ્મ હિંસા નથી ?

**ઉત્તર :** દેખીતી રીતે એમ લાગે છે કે હિંસા થઈ છે, પણ જો ઊંડાણથી તપાસીએ, તો મારે માટે એ ભાવઅહિંસા જ છે. કારણ, કોઈ પણ ભોગે સિદ્ધાંતનો ભંગ થાય એવા કાર્યમાં સંમતિ આપવી ન જોઈએ. સમાજસેવકોએ ધનિકોને, ધનને ખાતર પ્રતિષ્ઠા આપતાં પહેલાં પોતાની જાત સાથે ખૂબ કડકાઈથી વર્તવું જોઈએ. કદાચ

ઘડીભર સંબંધો તૂટે એમ પણ લાગે; પરંતુ એક જ રાહે ચાલ્યા જવું જોઈએ. અને એ જ સાચી અહિંસા છે.

**પ્ર.** : બીજા પાસેથી લઈને પણ જો કોઈને ઉપયોગી થઈ શકાતું હોય તો શું ખોટું?

**ઉ.** : હા, પણ તેમાં એટલું જોવું જોઈએ કે ધનિકોને દાન, પાપના પ્રાયશ્ચિતરૂપે આપવા તે સમજાવે, દબાણ ન કરે અને સ્વમાન સાથે સ્વીકારે, પણ આવું બનવું આજે તો ઘણું મુશ્કેલ છે. જો આપણે ત્યાગને પ્રતિષ્ઠા આપતા થઈશું, તો આપોઆપ લોહીનું એક પણ ટીપું રેડયા વિના ધર્મદષ્ટિએ સમાજવાદ સ્થાપી શકીશું. જ્યાં એક બાજુ સિદ્ધાંત સાચવવાનો પ્રશ્ન હોય અને બીજી બાજુ માનવી સર્જીત દુ:ખ હોય, ત્યાં સિદ્ધાંતને વફાદાર રહેવું એ જ આપણી પ્રથમ ફરજ છે.

**વિશ્વવાત્સલ્ય : ૧૬-૧-૧૯૪૮** (જયકાન્તભાઈ કામદારે લીધેલી નોંધને આધારે)

## દેખાતા ધર્મ સડાને દૂર કરો

એક વાત વારંવાર ભારપૂર્વક કહેવામાં આવે છે કે, પ્રજાકીય સરકાર ધર્મની બાબતમાં આડખીલી કાં કરે? મોગલ જમાનામાં કે કોઈ પણ જમાનામાં આવું નહોતું થયું. બ્રિટિશ હકૂમત દરમ્યાન તો ધર્મસ્થળો ખાસ સલામત હતાં. આવું આવું કોઈ કેવળ કોમવાદી છાપું કે અણસમજુ વર્ગ બોલે તે તો સમજી શકાય. પરંતુ તાજેતરમાં અમદાવાદના એક જાણીતા દૈનિક પત્રના અગ્રલેખમાં પણ આવી જ કંઈ દલીલો કરવામાં આવી હતી. જો કે એ લેખમાં ધર્મગુરુઓ અને ધર્મસંસ્થાઓને પાછળથી ટકોર અવશ્ય હતી, પણ એક બાજુથી હિંદુ ધર્મની અને સંસ્કૃતિની વાતો કરવી અને બીજી બાજુથી જાણ્યે અજાણ્યે કહેવાતા હરિજન હિંદુઓના હકોથી વંચિત ન રાખવા જેવી સરકારની સામાન્ય નીતિથી ભડકતા રહેનારની આવેશમય લાગણીઓને પંપાળવી, તે બે વાતને કદી જ ન બની શકે. મુસલમાનો સામે મલેચ્છગણીને ચાલવાની જે સૂગ હતી, તેને સ્થાને કહેવાતા અંત્યજને અડીને માન્યતા અનુસાર અભડાઈ ગયેલા લોકો મુસલમાનોને અડી શુદ્ધિનો સ્વાદ લેતા થયા, એ સમાજ-ક્રાન્તિમાં મોગલકાળનો ફાળો શું નાનો સૂનો હતો ? બ્રિટિશ તંત્રના કાળની વાત જ જવા દો ને ! ધર્મના દેહને ચૂંથ્યા વિના એનો આત્મા જ ખોવાઈ જતો હોય, તો દેહને ચૂંથવો શા માટે ? એવા કાર્યને "ધર્મમાં આડે ન આવનાર કૃત્ય તરીકે જે લોકો લેખાવે છે તેમને તો કહેવાનું જ શું હોય ? પણ જેઓ આ વાતને સમજ્યા છે, તેવા પ્રત્યેક માનવતા પ્રેમી હિંદીઓ કહેવાતા સવર્ણ હિંદુઓ જેટલા જ કહેવાતા હરિજન હિંદુઓને પણ અધિકારો છે જ, એ વિધાનને હિમ્મતપૂર્વક પાર પાડવું જોઈએ. અને

પ્રજાકીય સરકારનાં પગલાંને અંતઃકરણથી આવકારવું જોઈએ. તેમ જ પોકળ ધર્મની વાતો છોડીને હવે સરકારી કાયદો પ્રજાહૃદયને કાયદો કેમ બને, તે જાતના જ વિચારો ફેલાવવા જોઈએ. પ્રજા, પ્રજાને પ્રેરનારાં જાહેરપત્રો અને આગેવાનો ઉપરાંત ધર્મસંસ્થાઓને પણ મારી એ અંતરની અપીલ છે કે કહેવાતા હરિજનોમાં પોતાના હકને ભોગવવાની જે તમન્ના જાગી છે, તે તમન્નાનો વળાંક વ્યવસ્થિત રહે તે ખાતર બનતું બધું જ કરી છૂટવું જોઈએ અને હિંદુ ધર્મમાં ધર્મને નામે લાગેલા અધર્મ્ય સડાને જડમૂળથી દૂર કરવો જોઈએ.

## રાજપુત્ર નહિ, જગતાત બનો

(માંડલથી આવેલા આગ્રહભર્યા આમંત્રણ મુજબ હાજર ન રહી શકવાથી મુનિશ્રીએ કડવાસણ જગ્યામાં તા. ૧૬-૧-૪૮ ને રોજ ભરાતા એકસો દશ ગામના રાજપૂત જ્ઞાતિ સંમેલન પર નીચેનો સંદેશો પાઠવ્યો છે.)

હવે રાજપુત્ર કહેવડાવવા કરતાં શ્રમજીવી ખેડૂત અથવા પ્રજા માટે પ્રાણ પાથરનાર સ્વયંસેવક કહેવડાવવામાં તમારે ગૌરવ લેવું જોઈએ, અને તમારી જાતને તેવી બનાવવાનો પ્રયત્ન કરવો જોઈએ.

આળસ અને મિથ્યાભિમાનના દોષે તમારી કોમને પાયમાલ કરી છે. તલવારની વાતો તમારે માટે આજે વાહિયાત છે. એટલે મારી સલાહ એ છે કે, સાચા ખમીર અને મહેનત માટે તમારે તૈયાર થવું જોઈએ. શિક્ષણની બહુ જ જરૂર છે, પણ એ શિક્ષણ ઉપરની ભાવનાનું પોષક બનાવવું જોઈએ.

તમો સૌ આ દૃષ્ટિએ સંગઠિત બનો. દારૂ અફીણનાં વ્યસનો છોડો, કરજ ન કરો, સાદાઈ અને શ્રમથી જીવો. તમો અને તમારાં બાળકો રાષ્ટ્રધર્મ અને આત્મધર્મ બજાવવા તત્પર રહો એ જ અભિલાષા.

## વિશ્વવાત્સલ્ય ચિંતક વર્ગ

વિશ્વવાત્સલ્યની ભાવના અને રહસ્ય સમજી જીવનમાં ઉતારી શકાય એ દૃષ્ટિએ મહારાજશ્રીની દોરવણી હેઠળ છેલ્લાં ત્રણ વર્ષથી ઉનાળામાં વર્ગ ભરવામાં આવે છે. હવે પછીનો તેઓશ્રીનો પ્રવાસ કાઠિયાવાડ તરફનો હોઈ તેઓ પ્રયાણ કરે તે પહેલાં વર્ગના બધા સભ્યો એક વાર ધોળી મુકામે એકઠા મળીએ અને સાતેક દિવસ સાથે રહી આજની પરિસ્થિતિમાં વિશ્વવાત્સલ્યની ભાવના જીવનમાં શી રીતે ઉતારી શકાય એ અંગે વિચારવિનિમય થાય તથા મહારાજશ્રીનું માર્ગદર્શન મળે એવું વિચારાયું છે. આ વર્ગ તા. ૨૫મી જાન્યુઆરીથી શરૂ થશે અને સાત દિવસ ચાલશે. તે દરમ્યાન મહારાજશ્રીનાં પ્રવચનો તથા પ્રશ્નોત્તરી વગેરે કાર્યક્રમ પણ રહેશે. જૂના સભ્યોને હાજર રહેવા ખાસ વિનંતિ છે. વર્ગમાં દાખલ થવા ઈચ્છતા ભાઈબેનો આ અંગે

પત્રવ્યવહાર નીચેને સરનામે કરો.

વ્યવસ્થાપક : નવલભાઈ : હઠીભાઈની વાડી -અમદાવાદ.

## ગત પ્રાણપંડિતજીની સુવાસ

સાબરમતી હરિજન આશ્રમમાં જતાંની સાથે પંડિત તોતારામજીને એમની મઢૂલીમાં જોતાં જ ઠંડક વળે. ખડતલ તન અને ખડતલ મન પંડિતજીનાં સાથી હતાં. આશ્રમનું સફાઈકામ એમણે અંત સુધી બજાવ્યું અને આશ્રમવાસીઓને જ પોતાનાં પ્રિયજન બનાવ્યા. છેવટ સુધીના આશ્રમસ્નેહે એમનું મૃત્યુ પણ સ્નેહમય અને રસમય બનાવ્યું. ગાંધીજીના અનેક અંતેવાસીઓ પૈકીનું આ પણ એક સૌરભભર્યું ફૂલ હતું. પાકી વૃદ્ધાવસ્થામાં એ ગયું અને સુવાસ મૂકતું ગયું.

## પ્રશ્નોત્તરી : ૨

વડોદરા રાજ્યની આગામી લડત અંગે અહિંસાની મર્યાદામાં રહીને શું શું થઈ શકે ?

કોર્ટ કચેરી અને રાજ્યનો કબજો લઈ શકીએ અને જો લઈએ અને સશસ્ત્ર સામનો થાય તો શું અમે સશસ્ત્ર પ્રતિકાર કરી શકીએ ખરા ?

ટપાલ, રેલવે વગેરે તોડીફોડી તંત્રને થંભાવી દેવાની બાબતમાં તમારો શો અભિપ્રાય છે ?

અહિંસક લડત વધુમાં વધુ સફળ કયે માર્ગે થઈ શકે ?

તમારા ત્રણે પ્રશ્નોનો એક સાથે ઉત્તર આપી દઉં. તમે અહિંસાની મર્યાદા સ્વીકારીને પૂછો છો એટલે જવાબ આપતાં મને આનંદ થાય છે. અહિંસાની દૃષ્ટિએ જ જ્યારે આપણે આપણાં પ્રત્યેક કાર્ય કરીશું ત્યારે જ સાચું સ્વરાજ્યસુખ પામવાનાં છીએ. અહિંસા કહેવી સહેલી છે, આચરવી કઠિન છે એમ લોકો કહે છે, અને લાગે છે કે એ સમજથી કઠિન છે. સમજ્યા પછી આચરવી કઠિન નથી. જ્યાં સચ્ચાઈ અને બહાદુરીનો છાંટો પણ ન હોય ત્યાં અહિંસાની આશા રાખવી વ્યર્થ છે. પ્રજામાંથી જે લોકો ખરેખર એમ સમજતા હોય કે રાજ્યતંત્ર ચાલુ રાજવીના હાથ નીચે રહે તો જોખમ છે, તો તેવા લોકો એવા રાજવીને ગાદીથી ઉઠાડી કચેરી અને રાજ્યનો કબજો લઈ શકે છે. આવા લોકોના જીવનમાં અહિંસાની પૂરેપૂરી દૃષ્ટિ અને રાજતંત્ર પ્રત્યે શુભનિષ્ઠા હશે, તો તેમ કરવામાં તેમને પ્રજામાંથી જ આ વખત પૂરતી શિસ્તબદ્ધ સેના મળી રહેશે. સશસ્ત્ર હુમલો સેવકસેના કરવા તૈયાર થનારા આ વખતના એવા રાજવીના ભાડૂતી સૈનિકો અહીં કાં તો નમી પડવાના છે અને કાં તો ભાગી જવાના છે, પરંતુ આ કબજો લેનારા માણસોનું જીવન સમષ્ટિમય હોવું જોઈશે. જો નિરંકુશ ટોળાં આ માર્ગે જાય તો એમાં ચોરી અને હિંસા બન્ને આવી

જવાનાં અને અહિંસક લડત મારી જવાની. રેલવે, ટપાલ એ બધું તોડવા ફોડવાની વાત અહિંસક માટે છેલ્લામાં છેલ્લું સાધન છે. જેમ આગ લાગ્યા પછી શરીરને બચાવવાનો કોઈ જ માર્ગ ન રહે ત્યારે જ આપણે કપડાંનો નાશ કરીએ છીએ. આ અંકના અગ્રલેખમાં જે ઉપાયો બતાવ્યા છે, તે બધાનો અમલ કર્યા પછી ન છૂટકે આ ઉપાયો લેવામાં આવે તો જ અહિંસા, સચ્ચાઈ અને બહાદુરીનો સુમેળ પડી શકે. બાકી પ્રથમથી જ જો રેલવે, ટપાલ તોડવા ફોડવાનું કામ ટોળાંઓના હાથમાં આવી પડે તો મેં અગ્રલેખમાં કહ્યું છે તેમ જૂઠ, હિંસા અને કાયરતાનો સંભવ સહેજે ઊભો થવાનો જ. ઉત્તરરૂપે આટલા લખાણ સાથે આ અંકનો અગ્રલેખ ચિંતન સાથે વાંચવા ભલામણ કરું છું.

**વિશ્વવાત્સલ્ય : ૧-૨-૧૯૪૮.**

## પ્રશ્નોત્તરી : 3 :

**પ્ર.** એક વિચારક લેખાતા જૈન ભાઈ પોતાના ચાર પ્રશ્નોમાં એક જ વાત પર ભાર મૂકતાં નીચેની મતલબનું પુછાવે છે : "આપને નથી લાગતું કે વધતા જતા કાર્યપ્રદેશને પહોંચી વળવા માટે ઝડપી વાહનની જરૂરિયાત આપને સારુ ઊભી થઈ ગઈ છે ? સ્વર્ગસ્થ પૂ. આત્મારામજી મહારાજ ઉર્ફે આચાર્ય વિજયાનંદસૂરી શાસન પ્રચારાર્થે વાહનનો આશ્રય લઈ વિદેશ જવા તૈયાર થઈ ગયા હતા. વગેરે."

મારી જાણમાં નથી કે વિજયાનંદસૂરિ વિષે આગબોટ કે આગગાડીના પ્રવાસની કે વિદેશ જવાની વાત ઊભી થઈ હોય. શ્રી. વીરચંદભાઈને અમેરિકા મોકલવામાં તથા વિદેશી વિદ્વાનો સાથે સંપર્ક ધરાવવામાં તેઓ સંપૂર્ણપણે ખંતપૂર્વક રસ લેતા. એટલું જ હું જાણું છું. કોઈ જૈન કે જૈનેતર કહેવાતી વ્યકિતના અનુકરણથી નહિ, પણ મારા મન સાથે જે પ્રશ્નો આવી ગયા છે, અને આવી રહ્યા છે, તે અંગે હું અહીં જણાવીશ. કોણ જાણે શાથી પણ મને ભિક્ષાચરી અને પાદવિહાર એ બન્ને અંગો પરત્વે ખૂબ જ હાર્દિક પ્રેમ છે, અને લોકસંપર્કમાં મને એ બે અંગોએ અપાર મદદ કરી છે. વિદેશ જવાનો પ્રશ્ન હું ન ભૂલતો હોઉં તો અવધાનશકિતના ગર્વમાંથી મને ઊઠયો હતો ખરો, પરંતુ એ થોડા વખત પછી પાયાદાર ન હોવાને કારણે શમી ગયો હતો. આફ્રિકા અને બર્મામાં મને ખેંચી જવા કેટલાંક ભાઈબેનોએ ઈચ્છા પ્રગટ કરી હતી ખરી. મને આજસુધી લાગ્યાં કર્યું છે કે પ્રચાર માટે જ આવું કંઈ કરવાની જરૂર નથી. આચરણનું એક નાના ક્ષેત્રમાં પણ રહેતું બળ ચોમેર પ્રચાર પામી જાય છે. ભાલ નળ -કાંઠાના ક્ષેત્રને મેં એ જ દષ્ટિએ પ્રયોગભૂમિ વર્ષોથી બનાવી છે. કદી આત્મવિકાસ અને કહેવાતી જનસેવા વચ્ચે મને ભેદ લાગ્યો જ નથી. મહાત્માજીના અવસાન

પછીના તાજેતરમાં થયેલાં મંથનોમાં મને એવા વિચારો ઊઠયા છે ખરા કે કદાચ એવો વાહનનો ઉપયોગ અનિર્વાય રીતે આવી પડે; પરંતુ આ વિચારોનું મૂળ કયાં છે, તે હજુ મને સ્પષ્ટ જડયું નથી. જૈન દીક્ષાનો પ્રેમ મારા અંતર સાથે જડાઈ ગયેલો છે. આજસુધીના મારા નમ્ર અનુભવે મને જણાવ્યું છે કે કાં તો એવાં સાધનોનો ઉપયોગ કરવાનું આ જિંદગીમાં બનશે જ નહિં અને કદાચ બનશે તો આજના કહેવાતા જૈનસમાજના મોટાભાગની ઈચ્છાનો જ એમાં પડઘો હશે. સર્વધર્મ ઉપાસના વ્રતની સફળતામાં જેમ માપકયંત્રરૂપ ઈતર સંપ્રદાયના અનુયાયીઓને માનું છું; તેમ મારી સંન્યાસસાધનામાં મારા એ નજીકના સાથીદાર કહેવાતા જૈન સમાજનાં વચન ભલે નહિ પણ દિલને તો અવશ્ય માપકયંત્ર ગણું છું.

**વિશ્વવાત્સલ્ય : ૧૬-૨-૧૯૪૮**

## પ્રશ્નોત્તરી : ૪

**પ્ર.** કર્મવાદના સિદ્ધાંતની દષ્ટિએ આજની ક્રાંતિનો મેળ કેવી રીતે પાડી શકાય ?

**ઉ.** કર્મવાદનો સિદ્ધાંત અફર છે. માનવી એને સમજતો નથી એ કારણે જ એને ભૂલે છે, કેટલીકવાર થોડાં માણસોની ભૂલો પણ આખા સમાજને સ્પર્શે છે અને ધીમે ધીમે સમાજવ્યાપી બની જાય છે. છેલ્લા કાળમાં સત્તાની સાથે પુણ્ય અને ધર્મને સાંકળી લેવાની જે ભૂલ થઈ છે તે આનો કડવો નમૂનો છે. આ ભૂલમાં કર્મવાદની ઓથ લેવાતી હતી પણ તેથી સાવ ઊલટું જ હતું. આંબો વવાતાં કર્મવાદને નિયમે આંબો થાય, પણ લિંબડા વાવીને આંબો ઉગાડવાની આશામાં કર્મવાદનું નામ લેવાય તો તેનું પરિણામ ઊલટું આવે. આવી સ્થિતિ ધન અને સત્તાના સંબંધમાં થઈ છે અને સમાજવ્યાપી એ ભૂલે કર્મવાદને સચોટ ફટકો પડયો છે.

**પ્ર.** આપ સમાજવાદમાં માનો છો, તો પછી એ માટે જ જે પક્ષ રચાઈ રહ્યા છે તેની વિરુદ્ધ ટીકા શા માટે કરો છો ?

**ઉ.** હું એવા સમાજવાદમાં માનું છું કે જે રાજકીય તંત્રમાંથી નહિ પણ પ્રજામાંથી જ પેદા થાય. હાલ સમાજવાદી પક્ષે જે વલણ લીધું છે, તે મને કોઈપણ રીતે ગળે ઊતરતું નથી. સમાજવાદી પક્ષ એમ માનતો હોય કે રાજકીય સત્તાનાં સૂત્રો હાથ આવ્યા પછી સાચો સમાજવાદ લાવી શકાશે તો તે મારે મતે ગંભીર ભૂલ છે. હિંદની પ્રજાનું ઘડતર ધર્મની રીતે જ આજપર્યંત થયું હતું. હિંદ ગુલામ થયા પછી તેમાં ભંગાણ પડયું છે. એ ભંગાણને સાંધવા માટે ધર્મમય રીતે જ કામ થવું જોઈએ. એટલે કે પ્રજાને નાગરિકપણાની જવાબદારીની તાલીમ અપાવી જોઈએ. આ તાલીમ અપાયા પહેલાં ગમે તેવી ઉદ્દામ ભાવના હશે તો પણ માત્ર કાયદાથી એ તાલીમની

પૂર્તિ થવાની નથી. એટલે મને એ સૂચવવાનું મન થાય છે કે રાજદ્વારી તખ્તા પર સહેજે આવેલી કોંગ્રેસ સિવાય કોઈપણ પક્ષે હાલ તુરત લડી લેવાની જરૂર નથી. સમાજવાદી પક્ષને એ જ દષ્ટિએ હું રાજકીય ક્ષેત્ર છોડી સામાજિક કામોમાં લાગવાનું કહું છું.

**વિશ્વવાત્સલ્ય : ૧-૫-૧૯૪૮**

## પુરાયેલા દ્રવ્યનો સદુપયોગ કરો

ધાર્મિક સંસ્થાઓના ટ્રસ્ટનો સદુપયોગ કરવાની જે વિચારણા મુંબઈ સરકાર કરી રહી છે, તે બદલ હું સરકારને ધન્યવાદ પાઠવું છું. સખાવતી સંસ્થાઓના ટ્રસ્ટફંડની તપાસનું કામ જે સમિતિને સોંપાયું છે, તે સમિતિના સભ્યોનાં નામો પણ મને ગમ્યાં છે. 'વિશ્વવાત્સલ્ય'માં મેં જૈનોના દેવદ્રવ્ય વિશે એક વખત ખાસ ધ્યાન ખેંચ્યું હતું. આજના ટ્રસ્ટીઓ એ ફંડના દાતા કરતાં પણ પોતાની સત્તાને આગળ લઈ ગયાનો દુઃખદ અનુભવ જૈન જનતાને બહોળે અંશે થયો છે. આથી સરકારની આ વિચારણાને ઉદાર દષ્ટિબિંદુ ધરાવનાર એકેએક જૈન આવકારશે એમ હું માનું છું. આજના કહેવાતા ટ્રસ્ટીઓ સાથે જે જૈનમુનિઓને નિસ્બત છે, તે જૈનમુનિઓ આ બાબતમાં સહકાર આપે તો આમજનતાના આશીર્વાદ તેઓ જરૂર મેળવશે એમાં મને કોઈ જ શંકા નથી.

જે રીત જૈન ફંડોને લાગુ પડે છે એ જ રીત દરેક સંસ્થા તથા ધર્માદા ફંડને લાગુ પડે છે. કોઈ પણ ધર્માદા સંસ્થા દ્રવ્યસંચયના રોગમાં પડી કે તરત જ તેનું તેજ ઘટવા માંડે છે. એટલે સરકારની આ વિચારણાને ધર્માદાફંડમાં હસ્તક્ષેપ જેવી ન માનતાં એને ધર્મપ્રિય જનતાએ આવકારી લેવી જોઈએ. અલબત્ત, જે જે ધર્મસંપ્રદાયની એ ટ્રસ્ટ મૂડી હોય, તેનો અવાજ મુખ્ય હોવો જોઈએ. મતબલ કે એ મૂડીનો ઉપયોગ કરવામાં જે સંપ્રદાયનું એ ધર્માદા ફંડ હોય તેની બહુમતી હોવી જરૂરી છે. અને શકય ત્યાં લગી સરકારનિયુક્ત સભ્યો પણ તે તે સંપ્રદાયે માન્ય કરેલા જ હોવા જોઈએ.

સખાવતી સંસ્થા તપાસ સમિતિના પ્રમુખને જૈનો તરફથી જે ઘરેડિયા જવાબ મળ્યાનું જાહેર થયું છે, તેનું કારણ સરકારની ડખલનો હાઉ હશે એમ મને લાગે છે. જનતાના અભિપ્રાય વિરુદ્ધ પોતે હસ્તક્ષેપ નહિ કરે એ વિશે સરકારે ખાતરી આપવી જોઈએ. ઉપરાંત રોજબરોજના કાર્યક્રમમાં પણ સરકારે પડવું ન જોઈએ એવો મારો અભિપ્રાય છે. ઉપર કહેલા ધોરણે સરકારનિયુકત અને તે તે સંપ્રદાયનિયુકત સભ્યો ચાલુ જરૂરિયાતોના ક્ષેત્રમાં મૂડીનો સદુપયોગ કરે.

આજે સદુપયોગનું મોટામાં મોટું સ્થાન નિરાશ્રિતો છે તેમને ધંધે લગાડવા, તેમની વસાહતો ઊભી કરવી તથા તેમને આપણા પ્રદેશ અને સમાજમાં સમાવી લેવા એ સૌથી મહત્ત્વનું ધર્મકાર્ય છે. એકલી સરકાર આમાં નહિ પહોંચી વળે. વિધવા તથા બેકારો માટે સંસ્કારમય કેળવણી અને ધંધો આપવાનું કામ પણ અગત્યનું છે જ.

આવાં આવાં કામોમાં થએલા ધર્માદા ટ્રસ્ટફંડના ઉપયોગથી પોતપોતાના ઈષ્ટદેવ ખૂબખૂબ રાજી થશે.

## પ્રશ્નોત્તરી : ૫

**પ્ર.** આપ રાજકારણમાં ભારે રસ લો છો; તો એક ધર્મગુરુએ રાજકારણમાં રસ લેવો તે ધર્મતત્ત્વને હાનીરૂપ નથી ?

**ઉ.** તમારો પ્રશ્ન આજના ધાર્મિક ગણાતા ઘણા લોકોની માન્યતાના પડઘારૂપ છે. એ લોકો એમ માનતા હોય છે કે ધર્મનો અને રાજકારણનો મેળ ન હોઈ શકે. આ માન્યતાએ અંગ્રેજ અમલ દરમ્યાન આપણને અને આપણા ધર્મસંપ્રદાયોને મોટામાં મોટું નુકસાન કર્યું છે. હિંદનું રાજકારણ હંમેશાં ધર્મપ્રેરિત રહ્યાં જ કર્યું છે. જ્યારથી કહેવાતા ધર્મગુરુઓએ અર્થકારણ, સમાજકારણ અને રાજકારણથી ધર્મકારણને અલગ રાખવા માંડયું છે ત્યારથી જીવન અને ધર્મ વચ્ચે ઈરાદાપૂર્વકના છૂટાછેડા નિભાવી લેવામાં આવ્યા છે. પરિણામે ધર્મસત્તાએ પ્રવાહ ઉપર કાબૂ મેળવવો જોઈએ તે ન મળતાં કહેવાતી ધર્મસત્તા ઉપર સમાજના મૂડીવાદી વર્ગનો અને સત્તાશાહી વર્ગનો કાબૂ આવી ગયો છે. આ ભ્રમજનક માન્યતા સામે ધર્મદષ્ટિએ સમાજરચનાના આદર્શે હું પ્રત્યેક પ્રશ્નને અને પ્રત્યેક ક્ષેત્રને કસું છું. આપણે જો સાચી લોકશાહી સ્થાપવી હોય તો, અને સ્થાપવી જ છે તો મુખ્યપણે સાચા સેવકે અને નિસ્પૃહી ધર્મગુરુઓએ આ માર્ગે વળવું જ રહ્યું. દશરથ અને રામને દોરનાર વશિષ્ટ હતા. એથી જ રામરાજ્ય સ્થપાયું અને ટક્યું હતું.

આ ઉપરથી સહેજે સમજી શકશો કે રાજ એ કાયદા દ્વારા સમાજનું ધારણ અને પોષણ કરવાનું સાધન છે. જ્યારે ધર્મ આમજનતામાં નૈતિક બળ પેદા કરી એના જીવનના એકેએક અંગનું ધારણ પોષણ અને સત્ત્વશોધન કરતો હોઈ રાજકારણ, અર્થકારણ વગેરે એમાં આપોઆપ આવી જાય છે. ધર્મના માર્ગદર્શન વગરનું રાજકારણ, અર્થકારણ અને સમાજકારણ અધૂરાં રહે અને કેટલીકવાર નુકસાનકારક પણ બની જાય.

પ્ર. સમવાયતંત્ર (એટલે જુદાં જુદાં જૂથોનું તંત્ર-ફેડરેશન) અને એકમતંત્ર (યુનિટરી કંટ્રોલ) એ બે વચ્ચે સૌરાષ્ટ્રની પ્રજાને માટે આપ ક્યું પથ્ય માનો છો ?

ઉ. વાંકાનેરના તાજેતરના પ્રવાસમાં મેં જોયું કે જૂથતંત્ર માટે ત્યાંના કેટલાક ભાઈઓ ભરપૂર પ્રયાસ કરી રહ્યા જણાય છે. પ્રજા જ્યારે રાજકારણને પૂરેપૂરી રીતે સમજી જાય અથવા તો સૌરાષ્ટ્રનો એકેએક નાગરિક નાગરિકપણાની ફરજ સમજીને વર્તતો થાય ત્યારે જુદાં જુદાં જૂથોનું તંત્ર સાધક નીવડે. આજે જે રાજાશાહી ગઈ છે, તેની જુદાં જુદાં જૂથો રાખવાથી નાની સરખી પણ પુનરાવૃત્તિ જ થશે. કારણ કે નાના નાના જૂથમાં આજલગી જે સ્થાપિત હિતોએ આગળ પડતો ભાગ ભજવ્યો છે, તેનું જ વર્ચસ્વ રહેવાનું. પણ એકમતંત્રમાં એ સ્થાપિત હિતોનું કશું જ નહિ ચાલે. કારણ કે પ્રજા સૌરાષ્ટ્ર સરકારના નેજા નીચે મુક્ત સ્વતંત્રતા માણી રહી હશે. મને વાંકાનેરના અનુભવે એ ભીતિ ઊભી થઈ છે કે ગામડાંની પ્રજાને અને નીચલા થરને જુદું જૂથતંત્ર એ શબ્દજાળથી ભરમાતાં વાર નહિ લાગે અને પરિણામે પ્રાદેશિક પ્રજાની પસંદગીને નામે જુદું જૂથતંત્ર માગીને ગણીગાંઠી વ્યક્તિઓના હાથમાં પ્રજાનો રોજબરોજનો મુખ્ય કાબૂ જતાં ગામડાં અને પછાત પ્રજાને ખૂબ જ વેઠવું પડશે. દુઃખની વાત એ છે કે આ થોડી વ્યક્તિઓના પ્રવાહમાં એક વખતના પ્રજામંડળના કાર્યકર્તા પણ ખેંચાય છે, એટલે એ ભીતિ વધુ ગંભીર બને છે. આ ભીતિને કારણે જે થોડાં તત્ત્વો ગામડાં અને પછાત વર્ગો પાસે પ્રચાર માટે પહોંચે તે પહેલાં કાઠિયાવાડ રાજકીય પરિષદના કાર્યકરોએ કે સેવકે ગામડાં અને પછાત વર્ગો પાસે પહોંચી જવું જોઈએ. અને અલગ જૂથ તંત્ર અને સમસ્ત એકમ વચ્ચેના આજના સંયોગો પ્રમાણે શાં શાં લાભહાનિ છે તે પ્રજાને સમજાવવાં જોઈએ. હાલ તુરત જેમ સૌરાષ્ટ્રનું ભૌગોલિક એકમ રચાયું છે તેમ સમસ્ત સૌરાષ્ટ્રનું વહીવટમાં પણ એકમ તંત્ર રહે એ જ મને પથ્ય લાગે છે અને સૌરાષ્ટ્રની પ્રજાને આજે મારી એ જ માગણી કરવાની ભલામણ છે.

પ્ર. ગુંડા એકટ અને જાહેરસલામતીધારા જેવા કાયદાઓને લોકશાહીની દૃષ્ટિએ આપ કેવા માનો છો ?

ઉ. દેખીતી રીતે આ કાયદાઓ કાળા કાયદા જણાઈ રહે છે. પણ આજના દેશ અને દુનિયાના સંયોગો જોતાં આ કાયદાઓને હું ક્ષમ્ય ગણું છું. આ સંક્રાન્તિ કાળ છે. દેશને આઝાદી મળ્યા પછી આજે અંદરનાં અને બહારનાં બન્ને બળો વચ્ચે કોંગ્રેસી પ્રધાનમંડળને કામ લેવાનું છે. આવા કાળમાંથી પસાર બે રીતે થઈ શકાય. (૧) પ્રજાની જાગૃતિ દ્વારા. (૨) આવા કાયદા દ્વારા. હિંદની પ્રજામાં આંતરિક જાગૃતિ આવી નથી અને આવતાં હજુ વાર લાગશે. બીજા ઉપાયથી મોટેભાગે કામ લેવાનું રહે છે. અલબત, એ જ કાયદાઓ જો બીનપ્રજાકીયતંત્રના હાથમાં હોય તો ભારે અનર્થ થાય, જે આપણે બ્રિટિશરાજના છેલ્લા દમનકાળમાં અનુભવ્યું છે. પણ

સદ્ભાગ્યે આજનું તંત્ર એવી સંસ્થાના હાથમાં છે કે જે સંસ્થાના વિકાસ પાછળ ત્યાગ તપ અને બલિદાનનો ભવ્ય ઈતિહાસ છે. અને આજનું તંત્ર જે વ્યકિતઓ મુખ્યપણે સંભાળી રહી છે, તે વ્યકિતઓએ પ્રજાહૃદય પર કાબૂ મેળવ્યો છે. આમ હોઈને આ કાયદાઓથી આમપ્રજાને બીવાનું નથી. એટલું ખરું કે જેઓ હિંદની કટોકટીની પળોને પિછાણી શકતા નથી અને લોકશાહી, સમાજવાદ, કિસાનમજૂર રાજ્ય, પ્રાદેશિક સ્વતંત્રતા વગેરે આકર્ષક નામો નીચે પ્રજાકીય તંત્રને ચાલવામાં રોડાં નાંખે છે, તેમને આ કાયદાઓથી રુકાવટ થશે. તે રુકાવટ જરૂરી પણ લાગે છે. હમણાંનો જ દાખલો આપું. એક જાહેર બોર્ડ ઉપર એક મોટા શહેરમાં એક માણસે "મૂડીવાદી સરકાર મુર્દાબાદ" એવું લખ્યું હતું. એ લેખકે મૂડીવાદી સરકાર કોણ ? એ એવી સિફતથી જણાવ્યું હતું કે તેનો સીધો સાદો અર્થ કોંગ્રેસ સરકાર થતો હતો. કાયદાની રીતે આ માણસને કશું જ ન થઈ શકે. પણ પ્રજા માટે આ ખતરનાક હતું.

એવાં પણ ઉદાહરણ છે કે જ્યાં કોમવાદનું ઝેર હજુ પણ ઊંડે ઊંડે રહી ગયું છે અને પ્રસંગ મળતાં તે પોતાનો ફેલાવો કરે છે. આવે ઠેકાણે પ્રજાજાગૃતિ ન હોય તો સરકાર એ તત્ત્વોને બીજી કઈ રીતે તત્કાળ કાબૂમાં લઈ શકે ?

હા, આ કાયદાનો દુરુપયોગ ન થાય તે માટે કડક રીતે ચોકી રાખવી જ પડશે. વળી જે અમલદારોનાં માનસપટ નથી, અથવા સંકુચિત દૃષ્ટિવાળા કે પક્ષપાતવાળાં છે તેમના તરફથી આ કાયદાને લીધે જોખમ ઊભું છે. ઉપરાંત પ્રજામાંનો પણ લાગવગ ધરાવતો વર્ગ જૂનાં વેરઝેરથી પ્રેરાઈને આ કાયદાનો દુરુપયોગ કરાવે તે પણ બનવા જોગ છે. આટલાં ભયસ્થળો હોવા છતાં આજના સંયોગોમાં પ્રજાકીય પ્રધાનોને પ્રજાહિત ન જોખમાય તે રીતે તંત્ર ટકાવી રાખવું હોય તો થોડા સમય પૂરતા આવા કાયદાનો ઉપયોગ કરવો પણ પડે, પણ તેનો ઉપયોગ કરવામાં સરકારના અધિકારીઓએ અને પ્રજાએ સાવધાન રહેવું જોઈએ.

**વિશ્વવાત્સલ્ય : ૧૬-૫-૧૯૪૯**

## પ્રશ્નોત્તરી : ૬ :

પ્ર. રાજકારણમાં આજે સ્ત્રીઓએ ભાગ લેવો જોઈએ એમ આપ માનો છો ?

ઉ. સ્ત્રી એ પુરુષની સખી ઉપરાંત પ્રેરક પણ છે; એટલે એ કદી રાજકારણથી મુકત ન રહી શકે. આજે હિંદી સંઘના હિંદની પુનર્રચનાનું મહાન કાર્ય હિંદી સામે પડયું છે. એમાં સ્ત્રીઓ જો ભાગ નહિ લે તો એ કામ અપૂર્ણ જ રહેવાનું. એ દૃષ્ટિએ હું બહુ જ ભારપૂર્વક માનું છું અને કહી પણ રહ્યો છું કે, સ્ત્રીઓએ કોઈપણ કામ કરતાં આજે વધુ સક્રિય રીતે રાજકારણમાં ભાગ લેવો જોઈએ.

**પ્ર.** પ્રાચીનકાળે હિંદની સ્ત્રીઓએ રાજકારણમાં ભાગ લીધાનાં ઉદાહરણો ટાંકી શકશો ?

**ઉ.** એક બે નહિ, એવાં તો અનેક ઉદાહરણો છે. રાજકારણમાં-ધર્મ્યયુદ્ધ તરફ પ્રેરવાનું અને અધર્મ્યયુદ્ધથી અટકવાનું કહેવું આ બે તત્ત્વ મહત્ત્વનાં ગણાય. મહાભારતના આવી પડેલા યુદ્ધ માટે પોતાના પુત્રોને કુંતીએ પ્રેરક સંદેશો આપેલો "જે કારણે ક્ષાત્રત્વવાળી સંતતિને માતા જન્માવે છે, તે કારણ આવી રહ્યું છે " ઊલટ મંદોદરીએ પોતાના પતિને રામની સાથે સીતા નહિ સોંપવા બદલ આવતા યુદ્ધને અટકાવવા માટે પ્રમાણિક પ્રયત્નો છેવટ સુધી કર્યા જ હતા. બે પ્રાચીન ગ્રંથનાં આ માત્ર બે મુખ્યપાત્રો જ નહિ, આંતરિક પાત્રો પણ અનેક હતાં. રામને અન્યાયનો સામનો કરવામાં સુગ્રીવનો સાથ શોધી મદદ અપાવવામાં શબરી જેવી તપસ્વિનીનો પણ ફાળો હતો.

સંતાનોને વીરતા પાવામાં અભિમન્યુની માતા જેવી માતાઓનો ફાળો શસ્ત્રયુગથી માંડીને રહ્યા જ કર્યો છે. એટલું નહિ પણ સમય પડયે રાજ્યની ધોસરી ચલાવવામાં, ન્યાયાસન પર બેસી ન્યાયની ગૂંચો ઉકેલવામાં અને સમરાંગણમાં રણચંડી બનવામાં પણ હિંદી સ્ત્રીઓને ધનુર્વિદ્યાની તાલીમ પણ આપણે ત્યાં અપાતી જ હતી. પ્રાચીન જૈનગ્રંથોમાંના ઉલ્લેખ પરથી પણ કહી શકાય કે અહિંસાના વિકાસમાં જબ્બર ફાળો આપનાર જૈન સ્ત્રીઓ પણ શસ્ત્રકળા શીખતી હતી. જૈનશાસ્ત્રો અન્યાયનો સામનો શસ્ત્રસહાયથી કરે તેને અહિંસાની પ્રાથમિક ભૂમિકા માને છે. અન્યાયનો સામનો શસ્ત્રસહાય વિના માત્ર આત્મબળથી કરે તેને જ સંપૂર્ણ અહિંસા માને છે.

**પ્ર.** આજે સ્ત્રીઓ યુદ્ધકળાની તાલીમ લે અને સૈન્યમાં એમની ભરતી થાય, એ વાતમાં આપ માનો છો ?

**ઉ.** આટલું કહ્યા પછી તમોને એ પ્રશ્ન જ ન થવો જોઈએ. પણ મારે એટલું ખાસ કહેવું જોઈએ કે વ્યાયામ અને શસ્ત્રોની તાલીમ સ્ત્રીઓ લે અને સક્રિય જોડાય પણ ખરી; પરંતુ જો આપણે અહિંસક સમાજરચના જોઈતી હોય અને જોઈએ જ છે તો સૌથી પ્રથમ મરવાની કળા શીખવી પડશે મારવા માટે મારવાની નહિ.

મનની બહાદુરી એ જ મોટામાં મોટું બળ છે. એ ન હોય તો પોતાના હથિયાર પોતાને જ વાગે એવું ઘણીવાર બને છે. અને મનનો બહાદુર હોય તે ન છૂટકે હથિયારનો આશરો લઈ રક્ષણ ખાતર સામે લડશે ખરો, પણ એનો એ રીતે લડવાનો પશ્ચાત્તાપ હશે અને છેવટે એ વીર સંપૂર્ણપણે અહિંસાનેમાર્ગે આગળ વધી શકશે. જે રીત પુરુષને લાગુ પડે છે તે રીત સ્ત્રીને લાગુ પડે છે. આ દેશની સામે આજે એટલા

બધા પ્રશ્નો છે કે એકેએક સ્ત્રી-પુરુષે મનોબળની તાલીમ લીધા વિના છૂટકો નથી. પોલીસોથી આ બધા પ્રશ્નોને આંતરિક અને બાહ્ય વિગ્રહો સામે નહિ પહોંચી શકાય અને પહોંચવા માટે પ્રયત્ન કરવામાં આવે તો એ લશ્કરમાં આખા દેશનું બજેટ સાફ થઈ જાય. ઉપરાંત જે સત્તાશાહી સામે હિંદ ઝઝૂમ્યો એ જ સત્તાશાહી નીચે ફરીથી એ પરાધીન થાય. એટલું ખરું કે એ લશ્કરી તાલીમ સરકારની દેખરેખ નીચે ચાલવી જોઈએ.

આજના કટોકટીના સમયમાં આટલી શસ્ત્રવિદ્યાની તાલીમનું નિરુપણ અહિંસાની નિષ્ઠાને વધુ દૃઢ બનાવીને કરવાનું છે તે ન ભૂલવું જોઈએ. નહિ તો ધ્યેય-વિહોણો હિન્દ યુરોપની પ્રજા આજે જે જંગાલિયતમાં હોય છે તેથી પણ નીચે ઊતરી જાય. ચુસ્ત અહિંસામાં માનનાર સ્ત્રીપુરુષો આવી લશ્કરી તાલીમમાંથી બાકાત રહે એ કહેવાની ભાગ્યે જ જરૂર હોય. અને તેવાં વીર અહિંસક સ્ત્રીપુરુષો જ હિંદની સાચી સેના બની રહેવી જોઈએ. આમ કરવાથી વરસોથી પરાધીન થયેલો હિંદ નીડર બને અને છતાં માણસાઈ ન ખોતાં એ માર્ગે આગળ અને આગળ વધ્યે જાય ઉપરાંત એનું લશ્કરી ખર્ચ પણ નહિવત્ થઈ જાય.

**વિશ્વવાત્સલ્યઃ ૧-૬-૧૯૪૮**

## આ જ માર્ગે આગળ ધપો

સમાજવાદની વિચારસરણી પ્રત્યેક વિચારક માનવીને ગમે તેવી છે. થોડાક શોષકો પાછળ લાખો કરોડોનું શોષણ થાય અને એ શોષકો શોષણથી મેળવેલી સંપત્તિનો પોતાની અંગત સ્વાર્થી લાલસાને પોષવામાં જ ઉપયોગ કરે; એને આજે કોઈ જ નહિ સાંખી શકે. શોષણ પોતે જ ભયંકર વસ્તુ છે. શોષણ અટકવું જ જોઈએ. એ વિષે કોંગ્રેસી સમાજવાદ અને કહેવાતા સમાજવાદી બન્ને સહમત છે. સવાલ છે સાધન અને વ્યવહારુતાનો. કોંગ્રેસ વર્ગમેળને વ્યવહાર માને છે અને તેને સારુ ગાંધીજીએ ચીંધેલ અહિંસા તથા સચ્ચાઈને માર્ગે ભલે ધીમું છતાં ચોક્કસ પગલું ભરે છે. કિસાનોનો આખોય પ્રશ્ન એમણે એ રીતે ઉકેલવામાં ઉલ્લેખનીય ફાળો નોંધાવ્યો છે, એમાં બે મત નથી.

કિસાન મજદૂર પરિષદના સ્વાગત પ્રમુખે આ શુદ્ધ હેતુની હમણાં જ ચોખવટ કરી છે. (૧) હિંદની મજૂર ચળવળને રાષ્ટ્રીય અને લોકશાહી સ્વરૂપે વિકસાવવાનો તથા (૨) મજૂરોને આવતી કાલના સેવાધારી બનાવવાનો. આ બન્ને હેતુઓમાં ઉપલી વાત સુંદર રીતે આવી જાય છે.

મોટી મોટી આશાઓથી લોક ભોળવાઈ જાય તેવા અજ્ઞાન નથી. સૌરાષ્ટ્રના એક ગામડાના એક ભાઈએ હમણાં મને કહ્યું, "સમાજવાદી ભાઈઓને હું એટલું જ કહું છું કે દેશમાં જે સમાજવાદ લાવવા ઈચ્છો છો એને થોડે અંશે પણ ઘરમાં આચરીને બતાવો તો સૌથી પહેલો હું સામેલ થાઉં." વાતોના સમાજવાદથી મોટી બહુમતી કદી જ નહિ લાવી શકાય. હિંદી તો મત લેવા આવનારનું પ્રત્યક્ષ અંગત જીવન માગશે. જે જાતના વાદમાં એ માનતો હશે, તે જાતનો વાદ-એ બોલનારના જીવનમાં જોશે તો જ હૃદયથી આવકારશે. નહિ તો થોડીવાર 'હાજી હા,' કરશે, બુદ્ધિથી અંજાશે પણ વખત આવ્યે અંતરનો સાથ નહિ આપી શકે. એટલે જ આદર્શ સમાજવાદને ઝડપી લાવવા ઈચ્છનારે સમાજમાં દટાઈ જવું-રચનાત્મક કાર્યોમાં ખૂંપી જવું-એ જ મારો આગ્રહ છે. સદ્ભાગ્યે દિલ્હીની શેરીઓ જાતે વાળવાનું કામ સમાજવાદી સભ્યોએ સ્વીકાર્યાની વાત મેં છાપામાં વાંચી. મને થયું કે આ જ સાચો માર્ગ છે અને હું વારંવાર કહેવાતા સમાજવાદી સભ્યોને કહીશ કે એ જ માર્ગે આગળ ધપો !

## ઝીલવા જેવું

"સૌરાષ્ટ્રના એક પ્રધાન પેટ્રોલ બચાવવા માટે સાઈકલ પર મુસાફરી કરે છે." આ સમાચાર પ્રોત્સાહન આપનારા છે. પેટ્રોલનો પ્રશ્ન આજે મહત્ત્વનો બની રહ્યો છે. યુરોપના દેશોને પોતાના નૈતિક દરજ્જાથી નમાવવાની જે મહત્ત્વની જવાબદારી હિંદ માથે આવી પડી છે, તેમાં હિંદને સફળતા અપાવવા ઈચ્છતા હિંદના પ્રત્યેક નાગરિકે "સોએ સો ટકા સ્વદેશી" નો બાપુજીનો રામમંત્ર જીવનમાં પરોવવો જ પડશે. સમય એવો આવતો જાય છે કે નાના નાના પ્રદેશોએ પણ પોતાની જરૂરિયાતની સઘળી ચીજો પોતાના એ નાના પ્રદેશમાંથી પણ પેદા કરી લેવી પડશે અને જે પેદા ન થઈ શકે તેમ હોય તે ચીજ વિના ચલાવી લેવાની ટેવ પાડવી પડશે. પ્રધાનોમાં સાદાઈ સાથે એટલો સંયમ તેમના પ્રત્યે પ્રજાને માન પેદા કરવા ઉપરાંત એનું અનુકરણ કરવા પણ લલચાવશે.

**વિશ્વવાત્સલ્ય : ૧-૬-૧૯૪૮**

## પ્રશ્નોત્તરી : ૭ :

### બ્રહ્મચર્ય

**પ્ર.** : બ્રહ્મચર્ય એ શું જીવનનો આદર્શ હોવો જોઈએ ? અને જો હોય, તો માણસે ગૃહસ્થાશ્રમી થઈને પછી બ્રહ્મચર્ય સુધી પહોંચવું જોઈએ કે સીધા જ સંપૂર્ણ બ્રહ્મચર્ય તરફ વળવું જોઈએ ?

ઉ. : બ્રહ્મ અથવા આત્મામાં લીન થવું એ જ જો બ્રહ્મચર્યનો અર્થ લઈએ, તો સંપૂર્ણ બ્રહ્મચર્ય એ મનુષ્ય માત્રનો આદર્શ હોવો જોઈએ. પરંતુ જેને એ માર્ગે સીધા

જ સંપૂર્ણ બ્રહ્મચર્યમાં કૂદકો મારવામાં જોખમ લાગતું હોય, તે વિશ્રામ ખાતર ગૃહસ્થાશ્રમમાં રહી સ્વપત્ની સાથે ખૂબ મર્યાદા જાળવે અને ધર્મ્ય સંતતિ પેદા કરવા ખાતર જ અબ્રહ્મચર્યની સામાન્ય છૂટ લે, તો તે ક્ષમ્ય છે; માત્ર કાયાએ જ બ્રહ્મચર્ય પાળવું એમાં એની ઈતિ સમાપ્તિ નથી, પરંતુ માનસિક રીતે એ આદર્શને સ્વીકારીને, કાયાથી જાગ્રત રહી બ્રહ્મચર્ય પાળવું એ કલ્યાણકારી છે. કોઈ દંપતી પરણીને સંપૂર્ણ રીતે કાયાએ બ્રહ્મચર્ય પાળે અને એથી પ્રજા ભલે ન થાય, છતાં તેઓના સંસ્કારો તો અનેકને સુપ્રેરણા આપે જ છે. એવું જોડું પ્રજા ઉત્પન્ન કરનાર જોડાં કરતાં, જગતને જરાય ઓછું ઉપકારક નથી. આજે તો આ વિચારો ગૃહસ્થાશ્રમી માટે ખાસ જરૂરી છે. જેઓ આવો સંયમ ન જાળવી શકે તેઓ મર્યાદામાં રહીને છૂટ લઈ શકે છે. મહિનામાં છૂટકછૂટક ચાર પાંચ દિવસ અથવા તો ઋતુસ્નાતા થયા પછી ચાર-પાંચ દિવસ છૂટ લે, તે દંપતીએ પણ સારી મર્યાદા જાળવી ગણાય. પહેલું બાળક એ ધર્મ્ય સંતાન ગણાય છે. એટલાથી જ જો તૃપ્તિ થાય તો સારું. બે કે ત્રણ સંતાન પણ ઠીક. પણ એથી વિશેષ વિચાર વધુ પડતો ગણાય. જેઓ માત્ર વિકારોને પોષવા ખાતર જ કામોપભોગ સેવે છે, તેઓ સ્વપત્નીવ્રત કે સ્વપતિવ્રત ભાગ્યે જ જાળવી શકે છે. બીજે સ્થળે ભલે કાયિક પતન ન પામે છતાં તેઓ માંહોમાંહે તો વ્યભિચારી જ ગણાય. ટૂંકમાં ગૃહસ્થાશ્રમનો હેતુ પણ વિકારપોષણનો નહિ પણ વિકાર શમનનો હોવો જોઈએ.

**પ્ર.** : સંપૂર્ણ બ્રહ્મચર્ય કેવળ ઈશ્વરપ્રસાદી છે કે કેવળ પ્રયત્નસાધ્ય છે ? અથવા તો બંને જરૂરી છે?

વિષયા વિનિવર્તન્તે નિરાહારસ્ય દેહિનઃ
રસવર્જં રસોપસ્ય પરં દ્રષ્ટ્વા નિવર્તતે

એનો અર્થ શો ?

**ઉ.** : સંપૂર્ણ બ્રહ્મચર્યને માર્ગે જતાં પ્રભુદયા, સંતદયા અને પ્રયત્ન એ ત્રણે જરૂરી છે.

આહાર છોડી દેવાથી વિષયો સ્થૂળ રીતે ભલે પીડતા ન દેખાય, પણ તેથી કંઈ વિષયાસકિત જતી નથી, તે આસકિત તો 'પરં', એટલે પ્રભુનાં દર્શન પછી જ જાય છે. પણ એનો અર્થ એવો નથી, કે જ્યાં સુધી 'પરમ્'નાં દર્શન ન થાય ત્યાં સુધી ઈન્દ્રિયનો સંયમ જ ન કરવો.એનો અર્થ એટલો જ લઈ શકાય કે ઈન્દ્રિયોને વશ રાખવા છતાં મન કાબૂમાં ન રહે, તો પ્રસંગ પડતાં મનને લીધે ઈન્દ્રિયો પણ તણાય. એટલે જ ક્રિયાની પાછળ આત્મજ્ઞાનની જરૂર પડે છે. આવી આત્મજ્ઞાનપૂર્વકની ક્રિયા ચારિત્ર કહેવાય છે અને આત્મજ્ઞાનના ધ્યેયપૂર્વક કરેલી ક્રિયા જ ઉપરની પૂર્ણ સફળતા પામે છે.

**પ્ર.** : કોઈ માણસ બ્રહ્મચર્ય પાળે છે તેનું માપ શી રીતે કાઢવું?

**ઉ.** : જે જેટલો (એના ખરા અર્થમાં) બ્રહ્મચારી તે તેટલો તેજસ્વી, નિર્ભય, સત્યવલ્લભ, નિખાલસ, શાંત અને એકાગ્રપ્રિય તથા પ્રેમી.

## નીતિની કમાણી

**પ્ર.** : આપે વેપારીને જમીન ન રાખવા સૂચવ્યું છે; તો વેપારમાં પૂરતી કમાણી ન થવાને કારણે કોઈ જમીન રાખીને ખેડાવે તો શો વાંધો?

**ઉ.** : ખેતી, ગોપાલન અને વિનિમય (વેપાર) આ ત્રણે અંગો વૈશ્યના ધંધા મનાયા છે. તેમાં સૌ પ્રથમ સ્થાન ખેતીનું છે. ગોપાલન અને વેપાર ખેતીની પૂર્તિ માટે છે. આજે તેમ નથી રહ્યું એટલે જેને જાતે ખેડવી નથી તેવો માણસ જમીન રાખવા જાય તો તે મજૂરોની મજૂરીનું પૂરતું વળતર ન આપી શકે અને બીજાની મજૂરી ઉપર જીવવા મંડી જાય. માટે એવાઓને જમીન રાખવાની ના સૂચવી છે. મને લાગે છે કે, એક જ વેપારીએ વેપારને કાં તો સહધંધો બનાવવો પડશે અને કાં તો વેપાર છોડીને ખેતી અને ગોપાલનના કામમાં પડવું પડશે. આજનો વેપાર મોટે ભાગે સટ્ટારૂપ થતાં અનર્થકર બની ગયો છે. માટે ખેતી, ગોપાલન કે પ્રજાને જરૂરી એવા સર્જનમાં મદદરૂપ બને તેવા પ્રકારનો ધંધો જ વેપારીએ ખોળવો પડશે અને એમાં જ ખૂંપવું પડશે.

પ્ર. : આપ તો વેપારમાં બહુ જ ઓછો નફો લેવાનું સૂચવો છો. અને વેપારીઓ અમારો ખર્ચ ઘટાડીને ઓછે નફે આજીવિકા ચલાવી શકીએ, પણ વેપાર ચાલુ રાખવો હોય તો વ્યવહારુ રીતે જોતાં અમારે ભવિષ્યની વધઘટનાં જોખમો પણ જોવાં જ જોઈએ ને? અને જો એવું જોઈએ તો મૂડીના સંચય માટે પણ અમારે પ્રયત્ન કરવો જ રહ્યો. આપે જે નૈતિક નફો સૂચવ્યો છે તેમાં તો ખર્ચ પણ માંડ પૂરું થાય તેમ છે. ત્યાં એ જોખમ ખાતર મૂડી તો બચે જ શી રીતે? આથી આવી દૃષ્ટિએ જો નફાનું ધોરણ વધારાય તો એમાં શું ખોટું?

**ઉ.** : વેપારમાં આજે થતી મોટી ઉથલપાથલો-વધઘટોનું મૂળ સટ્ટો અને સંઘરાખોરી છે. સટ્ટો અને સંઘરાખોરી બન્નેને આજ લગી નિભાવી લીધાં એ જાણ્યે અજાણ્યે વેપારી આલમે મહાપાપ કર્યું છે. એ મહાપાપને દૂર કરાવવા હવે પ્રત્યેક માણસે પ્રયત્ન કરવો જોઈએ. અને પ્રજાકીય સરકારે એવા પ્રયત્નમાં સક્રિય સાથ આપવો જોઈએ. ભવિષ્યનાં જોખમોમાં જેમ ખેડૂત કુદરત પર નિર્ભર રહે છે, તેમ વેપારીએ એવા પ્રશ્નો કુદરત પર છોડી વાજબી નફાના ધોરણને હરેક સંજોગમાં વળગી જ રહેવું જોઈએ. આવી દૃષ્ટિએ ચાલનારો વેપારી સંઘરાખોરીમાં પણ નહિ

લલચાય તેમ જ વધુ પડતો માલ નહિ સંઘરવાને કારણે એને જોખમ પણ ખાસ ઉઠાવવું નહિ પડે. મતલબ કે નફા વધારાની વાતની ત્યાં જરૂર જ નહિ રહે.
**વિશ્વવાત્સલ્ય : ૧૬-૬-૧૯૪૮**

## પ્રશ્નોત્તરી : ૮

**પ્ર.** પ્રેમ વિષે સમજાવશો ?

**ઉ.** હા; પણ પ્રેમનું નામ જેટલું ગમે છે, તેટલો જ પ્રેમનો અનુભવ મુશ્કેલ છે. મુશ્કેલ શબ્દ મેં કષ્ટના અર્થમાં નથી વાપર્યો પણ પ્રેમની સાચી સમજના સંબંધમાં વાપર્યો છે. "પ્રેમપંથ પાવકની જ્વાળા ભાળી પાછા ભાગે જોને." એ કથન ખરેખર સાચો અનુભવનો નિચોડ છે. આપણા દુશ્મન તરફ કદાચ દયા બતાવી શકાય. એના અણગમતા વર્તાવને સહી પણ લેવાય પરંતુ એના અપમાનને અરે એની દુષ્ટતા હોવા છતાં એવા દુષ્ટના અપમાનને પીને ચુંબકની જેમ પોતાના દિલ સાથે એનું દિલ લગાડવું એ વાત કલ્પનામાં પણ ઊતરે તેવી છે ખરી ? વાસુદેવ શ્રીકૃષ્ણના જીવન સામે જરા મીટ માંડો. પોતાની કાકલૂદીને ઘમંડથી નકારનાર દુર્યોધન વાસુદેવ પાસે આવે છે અને પોતાના જ અન્યાયે મંડાયેલા યુદ્ધમાં વાસુદેવની મદદ માગે છે. કયાં નિખાલસ શિષ્ય અર્જુન અને કયાં આ ગર્વશિરોમણિ અન્યાયી દુર્યોધન ! છતાં બન્ને વચ્ચે મધ્યસ્થતા જાળવીને આચરણમાં પાર ઊતરનાર યોગી શ્રીકૃષ્ણ જેવા જ પ્રેમી હોવાનો દાવો કરી શકે. પ્રેમ વસ્તુ કે વ્યકિતના ખોખાને નહિ પણ વસ્તુત્વ અને વ્યકિતત્વ તરફ જોવાની દષ્ટિ માગે છે. તેની પ્રથમ શરત જ એ છે કે દેશ, કાળ, વગેરે સર્વની પેલે પાર એક અનંત પ્રવાહ વહે છે, તેના જ આ બધા સમ કે વિષમ દેખાતા માત્ર વિધવિધ આવિષ્કારો છે. એટલે જ ખ્રિસ્તે કહ્યું છે, "પ્રેમ એ પ્રભુ છે" પ્રેમમાં ત્યાગ અને સમર્પણ સિવાય બીજું કશું જ નથી. નિમ્ન પ્રકૃતિઓના ધક્કાથી થતું ખેંચાણ એમાં પ્રેમ તો શું બલકે પ્રેમનો પડછાયો પણ નથી એ તો પ્રેમની નરી વિકૃતિ છે. આપણે એ વિકૃતિમાં કે વેવલી લાગણીવેડામાં પ્રેમ જેવા શબ્દના ઉપયોગ ન કરીએ કે ન થવા દઈએ.

**પ્ર.** ગૃહસ્થાશ્રમ અને સંન્યાસમાં કોણ ઊંચો ?

**ઉ.** સાચી દષ્ટિ હોય તો બન્ને ઊંચા છે. તે ન હોય તો બન્ને નીચા પણ છે. સાચા ગૃહસ્થાશ્રમી અને સાચા સાધુનું ધ્યેય એક જ હોવાથી બન્ને સાધક છે. એકેય પૂર્ણ નથી તેમ માત્ર અપૂર્ણ પણ નથી. બન્નેનાં ક્ષેત્ર જુદાં છે અને ક્ષેત્રની જુદાઈને લીધે પ્રવૃત્તિઓમાં પણ જુદાઈ દેખાય છે. એક સ્ત્રીપુરુષની હૃદયની એકતા સાથે પગલાં માંડે છે, બીજો ગુરુશિષ્યની હૃદયની એકતા સાથે આગળ ધપે છે.

સાચો ગૃહસ્થાશ્રમી ત્રણે આશ્રમો - બ્રહ્મચર્યાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સંન્યસ્તાશ્રમ - નો આધારસ્તંભ છે. આ દષ્ટિએ જૈનઆગમોમાં ગૃહસ્થસાધકોને સંતોનાં માબાપ તરીકે ઓળખાવ્યાં છે. તે જ રીતે સાચો સાધુ સર્વે આશ્રમોનો - પ્રણેતા છે.

ગૃહસ્થાશ્રમના આદર્શ દષ્ટાંત માટે ભકિતયુગના કબીરસાહેબ અને સંન્યાસી-ઓના આદર્શ દષ્ટાંત તરીકે સમર્થ રામદાસ એ બે સાચા નમૂના આપણી સામે રાખી મૂકીએ, તો એ બન્નેમાં નથી કોઈ ઊંચો કે નથી કોઈ નીચો એ કહેવાયેલી વાતને યથાર્થરૂપમાં સમજી શકાશે.

**વિશ્વવાત્સલ્ય : ૧-૭-૧૯૪૮**

## પ્રશ્નોત્તરી : ૯

**પ્ર.** મૂર્તિપૂજા વિષે આપના વિચારો જાણવા ઈચ્છું છું.

**ઉ.** જૈનને હું જો ભૂમિકા ગણું તો વ્યકિતની પૂજામાં જ ન માનનારું એ દર્શન વ્યકિતની મૂર્તિ બનાવી એની પૂજાનું વિધાન કરે, એ વાત મને ગળે જ ઊતરતી નથી. મારી વાતને ઈતિહાસનો પૂરેપૂરો ટેકો છે. આમ છતાં આજે જે વર્ગને જૈન તરીકે ઓળખાવવામાં આવે છે એ વર્ગ જો મૂર્તિ દ્વારા ગુણપૂજાની રીતે સાચે માર્ગે આગળ ધપતો હોય તો એ દષ્ટિએ એ વર્ગને રોકવાની કે એનો બુદ્ધિભેદ કરવાની હું જરૂર જોતો નથી. ભકત મીરાંબાઈનું ઉદાહરણ મને આ બાબતમાં ખાસ નમૂનારૂપ જણાયું છે. અને એથી હું એ ઉદાહરણની હિમાયત વારંવાર કર્યા જ કરું છું. મૂર્તિપૂજક કે અમૂર્તિપૂજક એ તો કક્ષા પ્રમાણેની માન્યતા છે. એ કોઈ વાડાઓ નથી. માણસ જાતે મૂર્તિ જ છે અને અમૂર્ત થવા ઈચ્છે છે, એટલે એણે મૂર્તિ - સ્થૂળ આધાર લઈને અમૂર્ત તરફ જવાનું છે. મીરાંબાઈને આ વાત સળંગપણે આગે ધપતાં પોતાના જીવનથી જ સિદ્ધ કરી હતી. તે પથ્થરના શાલિગ્રામને હંમેશા સાથે રાખતી હતી પરંતુ જ્યારે એણે "વાસુદેવમયં સર્વં" એ સૂત્રને એ મૂર્ત શાલિગ્રામ દ્વારા સિદ્ધ કર્યું કે તુરત જ મૂર્ત શાલિગ્રામને છોડી દીધા.

આજના કહેવાતા મૂર્તિપૂજકો પણ આ વાત સમજે અને કહેવાતા અમૂર્તિપૂજકો પણ આ વાત સમજે. નહિ તો મૂર્તિપૂજા અને અમૂર્તિપૂજાના ઓઠા હેઠળ ચાલતા ઝઘડાઓ બન્ને સમાજને અને પરંપરાએ દેશને લાભને બદલે નુકસાન જ પહોંચાડયા કરશે. જે લોકો જાણ્યે અજાણ્યે આવા સડાના સમર્થક છે તેમની સાન કાં તો ઠેકાણે લાવવાનો પ્રયત્ન થવો જોઈએ અથવા આમજનતા તેઓને ન સાંભળે તેવી સ્થિતિ સર્જવાની કોશિશ કરવી જોઈએ.

**પ્ર.** હજારો માણસોએ લોટરી ભરી હોય, એ બધાની ઈચ્છા પોતાના નંબર લાગે તેવી જ હોય છતાં એકાદનો જ નંબર લાગે, તો જેનો નંબર લાગ્યો તે માણસ પુણ્યશાળી નહિ ? અને આ રીતે તે નંબરવાળાને જે પૈસા મળ્યા તે પુણ્યનું પરિણામ થયું જ ને ? તેવી જ રીતે સેંકડો માણસો એક જ જાતનો અને એક જ હરોળમાં વેપાર કરતા હોય તેમાં અમુક ખૂબ જ કમાય, આમાં પણ વધુ કમાનાર પૂર્વનાં પુણ્યવાળો ખરો કે નહિ ?

**ઉ.** લોટરીમાં જેનો નંબર લાગ્યો તે જેમના નંબરો ન લાગ્યા તેના કરતાં જુદી પંકિતનો થયો એ વાત સાચી; એવી જ રીતે ઓછું કમાનાર કે ગાંઠના ગુમાવનાર બન્ને કરતાં કમાનાર વેપારી ઊંચી પંકિતનો ગણાય એ વાતની પણ ના નથી. પરંતુ જુદાપણું કે ઊંચી પંકિતપણું જેમ પુણ્યને ખાતે ખતવાય છે તેમ પાપને ખાતે પણ ખતવી શકાય, એ મૂળભૂત વાત યાદ રાખવી જોઈએ. જેમ પર્વતપર ઊંચે ચઢયા પછી પડનાર કરતાં બહુ ઊંચે ન ચઢયો ને પડે તો તેને ચડેલા પડનાર કરતાં ઓછી પછાડ લાગે છે તેમ ઊંચામાં જેમ વધુ ડીગ્રી તેમ વધુ ઊંચાપણું ને હલકામાં વધુ ડીગ્રી વધુ હલકાપણું જ બતાવે. જૈનસૂત્રોમાં પ્રથમ નરક ઉત્તરોત્તર વધુ નંબરવાળા નરકમાં રહેલો શરીરધારી વધુ પાપી ગણાય છે. પૈસો આવ્યા પછી માણસ પહેલાં હતો તેના કરતાં એનામાં શુભ તત્ત્વ વધે તો સમજવું કે એ પુણ્યનું પરિણામ છે. પણ અશુભતત્ત્વ વધે એટલે કે, કુસંપ, દુરાચાર જેવાં તત્ત્વો વધે તો એ પાપનું જ પરિણામ ગણી શકાય. લોટરી એ તો જુગાર હોવાથી તેનું મૂળ જ ખોટું છે; એટલે એમાંથી મળેલા પૈસાને લીધે જે જૂઠાને પ્રતિષ્ઠા મળે છે તે તો વળી પાપથીય હલકો એવો નર્યો અધર્મ છે એ વળી જુદી વાત થઈ. એ જ રીતે વેપારમાં પણ સમાજોપયોગી ધંધો છે કે ઓછો ઉપયોગી કે નિરુપયોગી ધંધો છે, તે સાથે પણ ધર્મ, અધર્મ, પાપ અને પુણ્યનો સંબંધ છે આ બધું ન ભૂલવું જોઈએ. આ દષ્ટિએ સૌથી પ્રથમ તો આજીવિકાનું સાધન શુદ્ધ છે કે કેમ, એ વિચારવું જોઈએ અને પછી તેની સાથે જાતમહેનત, પ્રમાણિક નફો વગેરે પણ જોવાવું જોઈએ, સમાજનું મોઢું આના કરતાં ઊલટી જ દિશા પણ હોવાથી આજનો મોટો ભાગનો ધનિક વર્ગ વધુ પાપી છે, એમ હું દુઃખપૂર્વક કહી રહ્યો છું.

**વિશ્વવાત્સલ્ય : ૧૬-૭-૧૯૪૮**

## પ્રશ્નોત્તરી : ૧૦

**પ્ર.** : મારું વિશાળ કુટુંબ છે. નાનપણમાં નિરક્ષર કન્યા સાથે ગામડામાં મારું સગપણ થયું. હું કોલેજમાં આવ્યો અને આ કન્યા સાથે નથી પરણવું એમ મેં કહ્યું. આથી મારાં મા-બાપ ખૂબ નારાજ થયાં. બા તો મરણપથારીએ પડયાં. મેં તેમના જ ખાતર લાગણીવશ થઈ હા, પાડી. લગ્નની એમણે ઉતાવળ માંડી છે. આપે વિશ્વવાત્સલ્યમાં પુરુષની જે ઉંમર લગ્નયોગ્ય ગણી છે, તે ઉંમર કરતાં હું

નાનો છું. અઢાર જ વર્ષની મારી ઉંમર છે. જે કન્યા સાથે મારો જન્મારો જોડવાનો છે એને અક્ષરજ્ઞાન અને ઉપયોગી જ્ઞાન માટે સ્ત્રી સંસ્થામાં રાખવાની વાત પણ કોઈ સ્વીકારતું નથી. મારે શું કરવું?

**ઉ.** આ કિસ્સામાં તો હું એ સલાહ આપું કે આ જુવાન(પોતાની પત્નીની ઉંમર જોતાં) એકાદ વર્ષથી વધુ લાંબું ન ખેંચતાં પરણી જાય. અત્યારથી જ કન્યાનાં માબાપ પોતાની કન્યાને અક્ષરજ્ઞાન અને સંસ્થામાં જવા યોગ્ય તાલીમ આપે. વરકન્યાના બન્ને પક્ષનાં માબાપો લગ્ન પછી આ જોડાને ત્રણથી ચાર વર્ષ લગી અભ્યાસની તક આપે. તે દરમ્યાન આ પતિપત્ની બન્ને બ્રહ્મચર્ય તરફ ખાસ લક્ષ્ય આપે અને સગાં-સ્નેહીઓ આ દંપતીને એ દિશામાં મદદ કરે. બન્ને પક્ષનાં માબાપો ચારેક વર્ષ બન્નેને આ રીતે મુકતપણે યોગ્યસ્થળે ભણવાની અને જીવન વિકાસની સગવડ આપે તો તન, મન અને જીવન ત્રણે રીતે યોગ્ય ગણાશે.

કયું લગ્ન સફળ થાય? એ પ્રશ્ન ભારે અટપટો અને તોય મહત્ત્વનો છે અને આજે તો અગત્યનો પણ છે. છેલ્લાં વર્ષોમાં જે વિચારક્રાન્તિ થઈ છે તે જોતાં હવે માબાપોએ પોતાના સંતાનો સંબંધી બીજી કોઈપણ બાબતો કરતાં એમના લગ્નજીવન માટે વધુ ઉદાર બનવું પડશે. આંતરજાતીય, આંતરપ્રાંતીય કે આંતરધર્મીય દીવાલોને ભેદી નાખવી પડશે. આ દીવાલો તૂટવાથી લાભ થાય કે ન થાય. પણ આજે છે તે કરતાં નુકસાન તો થવાનું જ નથી.

ભણતર, ધન. રૂપરંગ વગેરે જોવાની દૃષ્ટિ વડીલોએ અને ખાસ કરીને અરસપરસ પસંદગી કરનાર સ્ત્રીપુરુષે ગૌણ બનાવવી જોઈએ અને મુખ્યપણે સદાચાર, નીતિ અને વિચારોનું એકપણું જોવાવું જોઈએ. આને સારુ લગ્નના હેતુની ચોખવટ થઈ જવી બહુ જરૂરી છે. પુરુષ સ્ત્રીના હૃદયમાં અને સ્ત્રીએ પુરુષના હૃદયમાં સ્થાન મેળવીને બન્નેએ વિકાસ કરવાનો છે અનેપોતાના જીવનદીપક દ્વારા આસપાસના જગતમાં પ્રકાશ પાથરવાનો છે. આટલો ખ્યાલ રહે તો કુરૂપ, અભણપણું કે ગામડિયાપણું નહિ નડે, એટલું જ નહિ બલકે ઉંમરનો સવાલ પણ ગૌણ બની જશે. દા.ત. ગાંધીજી અને કસ્તુરબા, પણ આનો અર્થ ઉંમર કે શરીરની દૃઢતાની પરવા ન કરવી એવો હરગિજ ન લેવો.

**પ્ર.** મનમાં વિકારો આવતા તેથી અઠવાડિયું થયાં મેં પલંગપથારીનો ત્યાગ કરી અગાસીમાં માત્ર ઓઢવાની કામળી સાથે ભોંય પર ખુલ્લામાં સુવાનું રાખ્યું છે; પણ સ્વપ્નદોષ થઈ જાય છે, એ અટકાવવા માટે શું કરવું?

ઉ. બાહ્ય મનને વિકારોથી મુક્ત રાખવા માટે મિતાહાર, મિતશયન અને ઈન્દ્રિયોને વિષય લાલસાથી અળગી રાખવાના ઉપચારો ઉપયોગી થાય છે; પરંતુ આંતરિક મન વિકારોથી મુક્ત ન થાય ત્યાં લગી આ બધા બાહ્ય-ઉપચારો થીંગડાં જેવા છે. આંતરિક મનને વિકારોથી મુક્ત બનાવવું એમાં તો જિંદગી હોમવી પડે. સૌથી સરસ ઉપાય એ છે કે કોઈ ઉચ્ચ કોટીના જનતાને ઉપયોગી સર્જનમાં જુવાન સ્ત્રીપુરુષોએ પોતાના મનને પરોવી રાખવું અને સાથેસાથે ઉપર કહ્યું તેમ આહારવિહાર ચેષ્ટા, સંપર્ક અને શયન વગેરેમાં સંયમ અને સાવધાની રાખવી. ખુલ્લામાં ભોંય પર સૂવું સારું છે, પણ ઉપરથી આવતા ઓલાથી તથા નીચેની શરદીથી બચવાની કાળજી તો જરૂર રાખવી. પુરુષાર્થ છતાં સામાન્ય રીતે કોઈ કોઈ વાર વીર્યપાત થાય તો તેથી ડરવાની કે નિરાશ થવાની જરૂર નથી.

**પ્ર.** હું જે પ્રૌઢ દંપતીને મારાં બા-બાપુજી તરીકે માનું છું, તેમની પુત્રી મારાં પૂ. બેન જેવાં છે. તે બેનની સાથે હું રસ્તામાં તો કદી વાત કરતો નથી. તેમને ઘેર ભાઈ- બહેન રૂપે મળીએ અને વાતો કરીએ. આમાં પણ વહેમાઈને કોઈ ખોટો આક્ષેપ કરે તો શું કરવું ? વચ્ચે તો મેં આને સારુ ખોરાક છોડી સીંગદાણા પર ચલાવવાનું શરૂ કર્યું હતું. હાલ તે વિચાર પડતો મેલ્યો છે. પણ આવા સંયોગોમાં શુ કરવું ?

ઉ. એક માબાપનાં ભાઈબેન હોય તો પણ તેણે જુવાન વય પછી એકાંતમાં મળવાનું, વારંવાર વાતો કરવાનું કે સીધેસીધો વારંવાર પત્રવ્યવહાર કરવાનું ટાળવું એ સારું છે. કોઈના ખોટા આક્ષેપોથી ડરીને નહિ; તેમ પડી જવાની માત્ર બીકથી પણ નહિ. પરંતુ સ્ત્રીપુરુષના શરીરજન્ય ભાવોથી સાવધાન રહીને. વળી સંયમિત મુલાકાતથી અરસપરસ ઓછો લાભ થાય છે એમ માનવું એ ભ્રમ છે. આ પ્રશ્નકારે સગાં ન હોય તો પણ એ બેન સાથેનો પોતાનો પવિત્ર સંબંધ કાપી નાખવાની જરૂર નથી, પણ તેને વધુ વીતરાગી બનાવવા માટે હાલ વધુ પડતી પ્રત્યક્ષ મુલાકાતો, આકર્ષણજન્ય લાગતા છતાં મોહ તરફ અવ્યક્ત રીતે ખેંચી જતાં પ્રસંગો ટાળીને પરોક્ષ રીતે પોતાની પવિત્ર મૈત્રીને સિદ્ધ કરવાની છે. આમાં આ બન્ને ભાઈબેનનાં માબાપો સાચાં મદદગાર બને એમ હું ઈચ્છું ખરો.

**પ્ર.** મેં બીજાને 'બા' બનાવ્યાં છે. એ સમાચારથી મારાં જન્મદાતા બા ચિઢાયાં છે. મારે એમને કેવી રીતે સંતોષવાં ?

ઉ. માણસ સામાજિક પ્રાણી હોવાથી અનેક નરનારીઓના સંબંધમાં એને આવવું પડવાનું, ઘણા સાથે રાગદ્વેષ-મોહઘૃણા-અનુરાગ, ઉદાસીનતા વગેરે થવાનાં. જોકે છેવટે તો આ જોડકાંથી છૂટવાનું જ છે અને એ જ સાચો પુરુષાર્થ છે.

ઘણાં માબાપો, ઘણી સ્ત્રીઓ, ઘણા પુરુષો, ઘણા મિત્રો, ગુરુઓ, શિષ્યો પોતપોતાનાં ગણાતાંઓ બીજા કોઈને પોતાનાથી વધુ મહત્ત્વ ન આપે એવો આગ્રહ રાખતાં હોય છે. આ વૃત્તિ કાઢી નાખવા જેવી છે. આવી વૃત્તિને ટેકો ન આપી શકાય, પણ એટલી જરૂર ચીવટ રાખવી જોઈએ કે પોતાના ગમે તેવા પવિત્ર સંબંધો પણ નિદાન પોતાનાંઓથી તો ન જ છુપાવવા, ગુપ્તતા ગમે તેવી નિર્મળ હોય, તોય તેમાંથી વહેમ જન્મે છે અને હળવું જૂઠાણું પોષાય છે. આમાં જૂના સંબંધીઓને અસંતોષ થાય તેમ જ નવાંનો રાગ અરસપરસ અને સમાજને પણ નુકસાન કરે. માટે નવાં સંબંધીઓ સાથેનો પ્રેમ સંબંધ ખુલ્લો અને વધુ ને વધુ કાર્યસાધક બનાવવાનો પ્રત્યન ચાલુ રાખવો જોઈએ. પરિણામે ઈર્ષ્યા કે કદાગ્રહથી ઊભો થયેલો પોતાના પૂર્વ સંબંધીઓનો અસંતોષ છેવટે ખરી પડશે.

સહજ આકર્ષણ જ્યાં જ્યાં થતું હોય ત્યાં ત્યાં સંબંધો ભલે બંધાય, તે બંધાયેલા સંબંધોને તોડવાની કોઈ જરૂર નથી, પણ એ સહજ આકર્ષણજન્ય સંબંધોને વધુ ને વધુ વ્યાપક બનાવવા માટે તેમાં નિર્લેપતા અને પવિત્રતા ભરવાનો પ્રયત્ન ચાલુ રાખવાની જરૂર છે જ.

**વિશ્વવાત્સલ્ય : ૧-૮-૧૯૪૮**

## પ્રશ્નોત્તરી : ૧૧

**પ્ર.** શ્રી અરવિંદોનો માર્ગ સાચો કે મહાત્માજીનો ?

**ઉ.** તમારી જેમ ઘણા લોકો આવા પ્રશ્નો કરતા હોય છે. પરંતુ હું તેઓને કહુ છું કે આ જગતમાં કોઈ માર્ગ સર્વાંગ સંપૂર્ણ હોઈ શકે નહિ.બધું જ સત્ય અપેક્ષિત સત્ય હોય છે. દુનિયાના પ્રખર વૈજ્ઞાનિક શ્રી આઈન્સ્ટાઈન આથીજ સાપેક્ષવાદ પર ભાર આપે છે. જૈનગ્રંથો અને ગીતામાં તો સાપેક્ષવાદ ભર્યો જ પડયો છે. એકવાર સાપેક્ષ-વાદનો સ્વીકાર કર્યો કે પછી આપોઆપ આ બધા પ્રશ્નોનો ઉકેલ એમાંથી મળી રહે છે.

**પ્ર.** તો એમ પૂછી શકું કે શ્રી અરવિંદોની વિચારસરણી પકડવી જોઈએ કે ગાંધીજીની ?

**ઉ.** એ બન્નેની વિચારસરણીઓ પકડવા જેવી છે, અને પોતપોતાની રીતે બન્ને સાચી છે.

**પ્ર.** બે સત્ય પરસ્પર વિરોધી હોઈ શકે ?

**ઉ.** વિરોધી તો ટૂંકી દૃષ્ટિથી લાગે છે. ખરું જોતાં એમાં વિવિધતા હોય છે. દા.ત. શ્રી અરવિંદો બાહ્ય રીતે નિવૃત્તિ માર્ગના સમર્થક છે. જ્યારે મ. ગાંધીજી

પ્રવૃત્તિમાર્ગના સમર્થક જણાય છે. ઉપલક આંખે વિરોધ દેખાય; પરંતુ એ બન્ને મહાપુરુષોના અંગત જીવનમાં જોશો તો મહાપ્રવૃત્તિઓ વચ્ચે પણ ગાંધીજી સ્વસ્થ રહી હળવો વિનોદ કરી શકતા. શ્રી અરવિંદો એકાંત નિવૃત્તિ અને મૂંગું જીવન ગાળવા છતાં સૃષ્ટિવિજ્ઞાનને સામે રાખી સતત પ્રવૃત્તિશીલ રહ્યા જ કરે છે.

**પ્ર.** શ્રી અરવિંદોને સંન્યાસ પ્રણાલિના જ્ઞાન માર્ગના અનુગામી અને મ. ગાંધીજીને ગૃહસ્થાશ્રમ પ્રણાલિના કર્મમાર્ગના-અનુગામી એમ કહી શકાય ?

**ઉ.** એક રીતે આ ખરું છે પણ તેમણે બન્નેએ એ ચાલી આવતા પ્રવાહોમાં સંશોધન તો કર્યું છે. વળી આ કથનમાં એટલું ઉમેરો કે એમના જીવનમાં મુખ્ય પ્રશ્ન આમ જણાય છે. પરંતુ બીજા માર્ગો પણ એમાં નથી એમ તો નહિ જ. દા.ત. ગાંધીજીએ રેંટિયો અને શ્રમનો મહિમા વધાર્યો; છતાં પ્રાર્થના અને ભજનને વિસાર્યું નથી. શ્રી અરવિંદો પણ ભગવતી મૈયાના ચુસ્ત પૂજારી છે.

**પ્ર.** શ્રી અરવિંદોના આશ્રમમાં રેંટિયો નહિ દેખાય અને મ. ગાંધીજીના આશ્રમીઓમાં સૂક્ષ્મ ચિંતન નહિ દેખાય એ ખરું છે ?

**ઉ.** શ્રી અરવિંદોના આશ્રમ વિષે મેં જે કાંઈ સાંભળ્યું છે, તે પરથી કહી શકું કે ત્યાં પણ સ્વાશ્રયીપણાને સ્થાન તો છે જ; પરંતુ ચિંતનને વિશેષ સ્થાન છે.શ્રી મશરૂવાળા જેવા તત્ત્વચિંતકને કે વિનોબા જેવા પ્રતિભાશાળીને ગાંધીઆશ્રમી ગણીએ તો ત્યાં પણ ચિંતક જૂથ છે તો ખરું જ.

**પ્ર.** ગાંધીજીએ પોતે તત્ત્વજ્ઞાન વધુ ખેડયું હોય તેમ જણાતું નથી એ ખરું છે ?

**ઉ.** એમ કેમ કહી શકાય ? ઊલટું ગાંધીજીએ તો તત્ત્વજ્ઞાનને વ્યવહારુ રીતે ખેડયું છે. ઈશ્વર ક્યાં છે અને જગતમાં કેટલાં તત્ત્વો છે અને એમની વ્યાખ્યા શી છે એ બધી વાતોમાં તેઓ પડતા નથી; પરંતુ સત્યને અહિંસા-પ્રેમને સમગ્ર માનવપ્રજા પોતાના અંગત સામાજિક કે રાષ્ટ્રીય જીવનમાં કેમ અમલી બનાવી શકે એવું એવું એમણે જગતને ઘણું આપ્યું છે. કબીરસાહેબને જો આપણે અતત્ત્વજ્ઞ કહીએ તો જ મહાત્માજી વિષે તત્ત્વજ્ઞાનનું અણખેડાણ લાગુ પાડી શકાય.રેંટિયાની શાસ્ત્રીય શોધ ઉપરાંત રેંટિયા સાથે રામનામનો તાર જોડનાર, તેમજ ખોરાકથી માંડીને રાજકીય ક્ષેત્ર સુધી સત્ય અને બ્રહ્મચર્યને જોડનાર મહાપુરુષને તત્ત્વજ્ઞાનના અણખેડાણની વાત સાથે કેમ સાંકળી શકાય ?

**પ્ર.** જગતને આજે આ બે મહાપુરુષોની વિચારસરણીઓમાંથી કઈ વધુ ઉપયોગી છે ?

**ઉ.** મને તમારો આ છેલ્લો પ્રશ્ન જ યોગ્ય અને જરૂરી લાગે છે. કોઈપણ મહાપુરુષને કે તેમની વિચારસરણીને સંપૂર્ણ સત્ય કે ખોટી ઠરાવવા પ્રયત્ન કરવો એ રીત

સારી નથી. એના કરતાં એ મહાપુરુષનો માર્ગ આજે જગતને અને ખાસ કરીને આપણી જાતને કયાં અને કેટલો જરૂરી છે; તે જ વિચાર કરવો જોઈએ. મારી નમ્ર માન્યતાનુસાર આજે શ્રમજીવી અને પછાત કોમોને જે વિચારસરણી પચી શકે તે જ વિચારસરણી જગતને જરૂરી છે. આ સંબંધમાં બીજી કોઈ વિચારસરણીઓ કરતાં મહાત્માજીની વિચારસરણી મને બહુ જ અગત્યની જણાઈ છે. સેવક તરીકે ઓળખાતા ગાંધીવાદી લોકોમાં મહાત્માજીની ઈશ્વરનિષ્ઠા અને જાતમહેનત વિષે જેટલી સમજ છે, તેટલી સમજ બાપુજીના અંતર્ગત ધર્મમય જીવનની સમજ વિષે ભાગ્યે જ હશે. છતાં હિંસાના રાજકીય સ્વરાજ્ય પછી આજે આ સમજ વિના ડગલું પણ નહિ ભરી શકાય. એ સમજ જેટલી વહેલી અને વ્યાપક થશે, તેટલો જ દેશ આગળ આવશે અને અન્ય રાષ્ટ્રોનો રાહબર નીવડશે.

**વિશ્વવાત્સલ્ય : ૧૬-૮-૧૯૪૮**

## પ્રશ્નોત્તરી : ૧૨

(સાણંદની હાઈસ્કૂલના ઉપલા ધોરણના વિદ્યાર્થીઓ

અને શિક્ષકો સાથે થયેલી એક પ્રશ્નોત્તરીમાંથી )

**પ્ર.** આપણી સરકાર ધર્મની બાબતમાં વચ્ચે પડે છે, એ શું તમોને યોગ્ય લાગે છે ?

**ઉ.** ના. કોઈપણ સરકારે પડવુંય ન જોઈએ અને પડી પણ ન શકે, કારણ કે ધર્મ એ પ્રત્યેક વ્યક્તિની અંગત વસ્તુ છે. અને એ રીતે આપણી સરકાર પણ આપણા ધર્મની આડે નથી આવતી પણ ધર્મને નામે જે જડતા સમાજમાં પેસી ગઈ છે, અને જે દૂર કરવાને સમાજમાં એક વ્યાપક વાતાવરણ પણ તૈયાર થઈ ગયું છે, પરંતુ ફક્ત સંકુચિત જડતાને કારણે જ જે વિકાસ નથી થઈ શકતો; તે વિકાસમાં જ સરકાર સહાયભૂત થાય છે, અને તે તો તેની ફરજ છે. બાપુજીએ સાચા ધર્મને આંખ સામે રાખી અનેક નવાં સૂચનો કર્યાં અને તે માટે વાયુમંડળ પેદા કર્યું. એ જડતાની દીવાલોને તેમણે જર્જર કરી નાખી અને હવે તો તે એટલી જર્જર થઈ ગઈ છે કે તેને માત્ર ટકોરો મારવાની જ જરૂર છે. આપણી સરકાર એ જર્જર દીવાલોને ટકોરો મારે છે, અને આપણા દિલમાં થઈ જાય છે કે સરકાર ધર્મની આડે આવે છે. વાસ્તવમાં એ તો માત્ર નિમિત્ત બની છે. પ્રજાના આત્મામાંથી એ જડતા તો ક્યારનીય ચાલી ગઈ છે.

**પ્ર.** આ દેવદ્રવ્ય લઈ લેવાનું સરકાર વિચારે છે તે શું યોગ્ય છે ?

**ઉ.** કોઈ પણ દેશમાં એક જ સ્થળે મૂડી એકઠી થાય એ સારા રાષ્ટ્રને માટે

નુકસાનકારક છે. કારણ કે નાણું જેટલું ફરતું રહે એટલો જ દેશનો ધંધો અને ઉદ્યોગ વિકસે. સરકાર તો માત્ર વર્ષોથી દેવને નામે તાળામાં પુરાએલા દ્રવ્યને બહાર લાવવા માંગે છે. અને એક રમૂજની વાત તો એ છે કે સંપૂર્ણ વીતરાગતા અને અપરિગ્રહનો ઉપદેશ કરનાર તીર્થંકરોને નામે જ આટઆટલું દ્રવ્ય એકઠું થયું છે.

**પ્ર.** પણ એ રીતે ધન એકઠું થયું છે તો આટલી સ્થાપત્યની વૃદ્ધિ થઈ છે. તમે કહો છો તેમ પૈસા તો બહાર કાઢીએ, પણ એ ધનથી તમોને શું એમ નથી લાગતું કે જીર્ણોદ્ધારનું કામ થવું જોઈએ?

**ઉ.** મને લાગે છે કે જીર્ણોદ્ધાર નહિ પણ જનોદ્ધારનું કામ થવું જોઈએ. આજને તબક્કે એ જ વધુ જરૂરી છે. સરકાર પણ જનતાની છે અને એટલે જનોદ્ધારમાં માને છે. જો જનોદ્ધાર થશે તો જીર્ણનો તો આપોઆપ જ ઉદ્ધાર થવાનો છે એમાં મને જરાય શંકા નથી. અને એ રીતે આપણે સરકારના એ કાર્યમાં સહાય આપવી જોઈએ.

**પ્ર.** હિંદુસ્તાની અને હિંદી એ બેમાંથી કઈ ભાષા અપનાવવી જોઈએ?

**ઉ.** આવો પ્રશ્ન જ મારી સામે કદી ઊભો થતો નથી. કારણ કે શુદ્ધ હિંદી અને શુદ્ધ હિંદુસ્તાનીની કલ્પના જ મારા દિલમાં ઊતરી શકતી નથી. તમે બતાવો તો ખરા કે આપણી એક પણ ભાષા અને દુનિયાની એક પણ ભાષા જે સંપૂર્ણ શુદ્ધ હોય ! અંગ્રેજી જોશો તોય એમાં કેટલાય શબ્દો સંસ્કૃતમાંથી પેસી ગયા હોય એમ લાગશે. અરે, આપણી ગુજરાતીની જ વાત કરો ને? શું આપણે આપણી ભાષામાંથી જલદી, વગેરે, મતલબ, ટેબલ, કોટ, બટન જેવા અસંખ્ય શબ્દોને કાઢી નાખશું? ભાષા તો આપોઆપ વિકસે છે. જો કોઈ એને અમુક ખાબોચિયામાં પૂરી રાખવાનો પ્રયત્ન કરે, તો ગમે તેવું સારું નીર પણ ગંધાઈ જાય. એટલે એક પણ ઉર્દૂ શબ્દ વિનાની ભાષા લખવી અથવા લખાવાનો પ્રયત્ન કરવો અને આગ્રહ રાખવો એ અશક્ય છે. ફારસી અથવા અરબ્બીને પણ જો કોઈ એના મૂળ સ્વરૂપે અહીં લાવવા ઈચ્છે તો તે પણ અશક્ય છે. જીવનનાં બધાં ક્ષેત્રોની જેમ ભાષાઓના શબ્દો, કાળપ્રયોગો, લોકોક્તિઓનું આદાન-પ્રદાન અનિવાર્ય છે. એ છે તો જ ભાષા જીવતી રહી છે અને દિવસે દિવસે વિકસતી જાય છે. દુનિયાની એક ભાષાના લેખકની શૈલીની અસર બીજી ભાષાના શબ્દ સાહિત્ય ઉપર થાય. તે તેઓ ઉપયોગ કરે, તેની સામે આપણે વાંધો નથી લેતા, પણ કોઈ બીજી ભાષાનો શબ્દ આપણી ભાષામાં આપણામય બનીને પ્રવેશે છે તો આપણે અકળાઈ ઊઠીએ છીએ. વાસ્તવમાં ભાષાનું સર્જન તો જનતા કરે છે. એટલે 'હિંદી જ જોઈએ" અથવા 'હિંદુસ્તાની જ જોઈએ' એવા આગ્રહ કરતાં કોઈ પણ જાતના પૂર્વગ્રહ વિના ભાષાનો જે કાંઈ સહજ વિકાસ થાય છે તેને અપનાવામાં હું માનું છું. પછી જો તે હિંદી બનતી હોય તો હિંદી અને હિંદુસ્તાની

બનતી હોય તો હિંદુસ્તાની.

**પ્ર.** નાગરી અને ઉર્દૂ લિપિ વિષે તમારું શું માનવું છે?

**ઉ.** હિંદી અને હિંદુસ્તાની વિષે મારી જે માન્યતા છે તેવી જ લિપિ વિષે છે. કેટલાંક કહે છે કે આ જ લિપિ શુદ્ધ છે, પવિત્ર છે. એવું કાંઈ નથી. વાસ્તવમાં લિપિમાં પવિત્રતા હોતી નથી. એ તો મનનો ભાવ છે. જો આપણે લિપિઓના વિકાસને જોઈશું તો સ્પષ્ટ જણાશે કે આપણા આજના (ક) એ કેટકેટલાં પરિવર્તનો સાધ્યાં છે. જેમ જેમ જરૂર ઊભી થતી ગઈ તેમ તેમ આપણે લિપિમાં પરિવર્તન કરતા જ રહ્યા છીએ. થોડા જ વખત પહેલાં આપણે (ક) '**क**' આવો હતો, તેને બદલે સરળતાને ખાતર આપણે ઉપલો દંડ કાઢી નાખી એને ઊભો કરી દીધો. આજે આપણે આપણી ભાષા ઘડી રહ્યા છીએ. આપણે તાર, ટેલિગ્રાફ, ટાઈપિંગ, પ્રિન્ટીંગ વગેરેની જરૂર પડશે. તે માટે સરળ લિપિની જરૂર પડશે. શું આપણે મૂળને પકડીને બેસી રહીશું? અને જો એ મૂળ જ શોધવા જઈએ તો મૂળનુંય મૂળ શું? ટૂંકમાં લિપિ તો વાણીમાં રહેલા ભાવને સંજ્ઞાઓ દ્વારા કાગળ પર મૂકવાનું સાધન છે. "રમણ' લખો કે 'RAMAN' લખો રમણ, રમણ જ રહે છે. એમાં ફેર પડતો નથી. જો સાચા દિલથી પ્રયત્ન કરવામાં આવે તો લિપિને શીખતાં પંદર દિવસથી વધુ સમય લાગતો નથી.

મને લાગે છે કે જો ઉર્દૂ લિપિને આ ને આ જ સ્વરૂપમાં રાખવાનો પ્રયત્ન થશે તો એ નહિ ટકી શકે. એવું જ નાગરી લિપિનું પણ છે. એમાં પણ પરિર્વતન જરૂરી છે અને એ માટે શ્રી કિશોરલાલભાઈ, શ્રી વિનોબા ભાવે અને શ્રી કાકાસાહેબ પ્રયત્ન કરી રહ્યા છે. નાગરીલિપિમાંથી નીકળેલી લિપિઓ, બંગાળી, ગુજરાતી વગેરેનો સમન્વય સધાય અને બધાને માટે સામાન્ય લિપિ થાય તે માટે પણ પ્રયત્નો થઈ રહ્યા છે. એ દષ્ટિએ શ્રી કિશોરલાલભાઈ 'હરિજનબંધુ'માં એક નાનો ફકરો ખાસ રીતે લખે છે. કાકાસાહેબનો તો આગ્રહ જ હોય છે. વિનોબાજીએ પણ નવાં સંશોધનો કર્યાં છે. આ બધાં સંશોધનોને આપણે મોકળે મને અપનાવવાનો પ્રયત્ન કરવો જોઈએ. જે ટકવા જેવું હશે, તે ટકશે. આજે તો ફક્ત આપણા દિલમાં જે સંકડાશ ઘર ઘાલવા લાગી છે, તેમાંથી બચવાની જરૂર છે.

મને લાગે છે કે પ્રાથમિક ધોરણોમાં તો જેને જે લિપિ શીખવી હોય તે શીખે; પરંતુ ઊંચા અભ્યાસક્રમમાં અને ખાસ કરીને સેવાના કામમાં પડેલાઓએ તો બંને લિપિ શીખી લેવી જોઈએ.

**વિશ્વવાત્સલ્ય : ૧-૯-૧૯૪૮**

## પ્રશ્નોત્તરી : ૧૩

(સંતબાલજીને જોતાં જ સામાન્ય રીતે દરેક વ્યકિતને કેટલાક પ્રશ્નો ઊઠે. તા. ૬ઠ્ઠીને રોજ વિરાણી કન્યા વિદ્યાલય રાજકોટની કેટલીક નાની નાની બાળાઓએ એમને કેટલાક જિજ્ઞાસાપૂર્વક પ્રશ્નો પૂછયા હતા. બાળકોય સમજી શકે એવી ભાષામાં આપેલા જવાબ અહીં આપીએ છીએ. )

**પ્ર.** : આપ મુહપત્તિ શા માટે બાંધો છો ?

**જ.** : પ્રશ્ન સુંદર છે.મુહ એટલે મોં અને પત્તિ એટલે પાળો. આપણે જ્યારે બોલીએ છીએ ત્યારે મોં દ્વારા શ્વાસોશ્વાસ લેવાય છે. નાક અને મોંની રચનામાં અંતર છે. નાકની તો કુદરતી રચના જ એવી હોય છે કે હવામાં ઊડતાં નાનાં નાનાં જંતુઓ, ધૂળના કણો ચળાઈને જ જાય. જ્યારે મોંમાં એવું નથી. સૂક્ષ્મ જીવોની હિંસાની દષ્ટિ તો આપણે ગૌણ ગણીએ, પણ સ્વચ્છતા અને આપણા આરોગ્યને ખાતર પણ આ વસ્તુ ઉપયોગી છે. ઉપરાંત સભ્ય માણસ સાથે બોલતાં અથવા તો શાસ્ત્ર વગેરે વાંચતાં આપણું થૂંક તે પર ન પડે તે માટે પારસીઓ પણ આડું કપડું રાખે છે, આખું કપડું હરહંમેશ સાથે રાખવું તેના કરતાં સરળતાની ખાતર આ મોંએ જ પાળો બાંધવાની બુદ્ધિ માણસને સૂઝી

**પ્ર.** : આપ ચંપલ શા માટે પહેરતા નથી ?

**જ.** : એક વાત તો એ છે કે પગરખાંને માટે ચામડું જોઈએ. એટલું બધું ચામડું અહિંસક મળવું અશકય છે.અને વળી સારી જાતના કુમાશ અને ગ્રેઈનવાળા બૂટ તો તાજા કતલ કરેલા ઢોરના ચામડામાંથી જ બને. અને બફ અને એવા પ્રકારનું ચામડું તો તદ્દન કૂમળાં ઢોરોને સંહારીને જ તૈયાર કરવામાં આવે છે. એટલે પગરખાં પહેરીને આપણે એક રીતે હિંસાને જ સહાય કરીએ છીએ. તો સમાજમાં થોડા તો એવા ઉઘાડ-પગા જોઈએને કે લોકોને થાય કે જો આ લોકો ઉઘાડા પગે ફરી શકે તો આપણે ચોવીસે કલાક પહેરવાને બદલે એનો થોડો ઉપયોગ કરીએ. અથવા દશ બાર જોડ ને બદલે એક સાદી જોડીથી ચલાવીએ.

વળી એ દ્વારા પગને પણ એક પ્રકારની તાલીમ મળે છે. માણસ ગમે તેમ આડુંઅવળું જોઈ ચાલતો બંધ થાય છે રવિશંકર દાદા રમૂજમાં ઘણીવાર કહે છે કે, મારા પગને કાંટો વાગે છે ત્યાર પહેલાં મને વાગવાને બદલે કાંટાને વાગે છે.

**પ્ર.** : પણ આપ ઉઘાડે પગેં ફરો અને શેરીની ધૂળમાં ગળફો, થૂંક, છાણ, મૂતરને લીધે અનેક પ્રકારનાં રોગનાં જંતુઓ હોય છે. આપના પગ સાથે ચોંટી તે ઘરમાં આવે તે કરતાં પગે રક્ષણ રાખ્યું હોય તો ?

**જ.** : જો પગે રક્ષણ રાખીશું તો આપણે ચાલવામાં બેદરકાર બનીશું અને ધૂળમાં તો ગંદકી વધવાની જ. એટલે આપણે ઉઘાડા પગે ફરતા હઈશું તો કયાં થૂંકવું, કયાં મળ વિસર્જન કરવો એનો હંમેશાં ખ્યાલ રહેશે. આપણા મોટા ભાગના રોગો આપણા આ નાખી દેવાના અજ્ઞાનમાંથી જનમ્યા છે. એ ધૂળ તો હવાના ઝપાટા દ્વારા ય ઘરમાં આવે છે; એટલે એથી બચવાનો રસ્તો પગને બૂટ પહેરવાનો નહિ પણ સમાજને એની નાગરિક ફરજોનો ખ્યાલ આપવાનો છે. ગાંધીજીમાં આ વસ્તુ હતી. તેઓ કહેતા કે મને કોઈ પૂછે કે તેમ આ વસ્તુ કેમ કરી તો એકેએક વસ્તુનું મારી પાસે કારણ હોય છે. તેઓને કોઈ પૂછે તેમ અહીં કેમ થૂંકયા તો તેઓ કારણો સાથે જવાબ આપશે. ટૂંકમાં નાનામાં નાની વસ્તુને માટે તેઓ જાગ્રત હતા, જ્યારે આપણાં મોટા ભાગનાં કામો ટેવોથી જ થાય છે. ગમે ત્યાં થૂંકવું, ગમે તેમ પાણી પીવું, ગમે ત્યાં મૂત્ર વિસર્જન કરવું આ બધી આપણી કુટેવો છે.એ ખાસ સુધારવાની જરૂર છે.

જૈન ધર્મની પાંચ સમિતિઓમાં એક મળ, મૂત્ર, બળખો, લાળ, લિંટ કયાં ફેંકવાં એના વિવેક અંગે છે, અને તેમાં નકામી વસ્તુ કયાં અને કેમ નાખવી તે સમજાવ્યું છે; તેનાં ૧૦ પ્રકાર છે. તેઓએ તો જીવશાસ્ત્રની દષ્ટિએ આટલું ઊંડાણથી ખેડાણ કર્યું છે, પણ જો આપણે આપણી તંદુરસ્તીને ખાતર. આપણા નાગરિક જીવનને ખાતર પણ આટલું વિચારીએ તો ઘણું.

**પ્ર.** : તો આપ વાહનમાં કેમ નથી બેસતા ?

**જ.** : હું કાંઈ યંત્રનો દુશ્મન તો નથી જ. બાપુજીના અવસાન બાદ શ્રી. કાકા સાહેબનો પત્ર આવ્યો હતો કે આપ હવે એ બંધન છોડી રેલવેનો ઉપયોગ શરૂ કરો.

મેં તેમને જણાવ્યું કે, જો એવી અનિવાર્ય જરૂર લાગશે તો તે કરતાં હું અચકાઈશ નહિ, પણ આજે તો જરૂર લાગતી નથી. અને આ વાત પત્રમાં વાંચી ઘણા ગ્રામ-સેવકોના પત્રો આવ્યા હતા કે, આપ એવો નિર્ણય લેશો તો પછી પગે ચાલી ગામડાંનો જે સીધો લોકસંપર્ક છે તે તૂટી જશે માટે ગામડાંને ખાતર પણ આપની મર્યાદા ન છોડશો.

**વિશ્વવાત્સલ્ય : ૧૬-૯-૧૯૪૮**

## પ્રશ્નોત્તરી : ૧૪

એક કોલેજિયન ભાઈના ત્રણ પ્રશ્નો છે :

(૧) કોલેજ જીવન અને કરકસરનો મેળ કેમ પડે ?

(૨) કોલેજનું વાતાવરણ ચંચળતા પ્રેરે છે, તેવા વાતાવરણમાં એકાગ્રતા કેમ સાધવી ?

(૩) કોલેજને લગતી બાહ્યપ્રવૃત્તિઓ - જેવી કે રમત - ગમતો, ઉજાણીઓ, મેળાવડાઓ, પ્રવચન-માળાઓ વગેરેમાં કેટલી હદે ભાગ લેવો ?

આ પ્રશ્નકાર ભાઈના પ્રશ્નો પાછળ કોલેજજીવન કેટલું સંશોધન માગે છે, તે સહેજે જણાઈ આવે છે. કોલેજ એટલે ઉચ્ચશિક્ષણનો વર્ગ, માણસ જેમ જેમ ઊંચે જાય, તેમ તેમ નમ્ર, સાદો, નિખાલસ અને વધુ ઉપકારક તેમ જ સ્નેહાળ બનવો જોઈએ. આજે એથી સરાસર ઊલટું છે. આથી જ આપણે શિક્ષણમાં પાયાની ક્રાન્તિ કરવી રહી. અમુક જ જાતનો પોષાક, અમુક જ જાતનું રહનસહન કોલેજિયનમાં હોવું જોઈએ, આને પરિણામે મા દળણું દળીને ચલાવતી હોય એવી વિધવાનો પુત્ર પણ શાહજાદાની જેમ રહેવા લાગે છે અને દુઃખની વાત એ છે કે તેમાં તેઓ પોતાની જાતને પ્રતિષ્ઠિત મનાવી લે છે. આ માન્યતા પોષવામાં બ્રિટિશ અમલે ભાગ ભજવ્યો છે. તેમ આપણી નબળી વૃત્તિએ પણ ભાગ ભજવ્યો છે. આ ભાઈ અને એવા જિજ્ઞાસુ કોલેજિયનોને મારું નમ્ર સૂચન એ છે કે બાપુજી સાદો પોષાક ધારીને ઈંગ્લેન્ડના રાજભવનમાં જઈ શકયા હતા અને નારાયણ હેમચંદ્ર પોતાના સાદા પોશાકમાં મોટા મોટા માણસોની મુલાકાતમાં સંકોચ નહોતા માનતા તેવી નૈતિક હિમ્મત તેઓએ કેળવી લેવી જોઈએ. ખાદીનો ઝબ્બો અને ધોતિયું અને ટોપી પહેરીને જો આજે વડાપ્રધાન કે વાઈસરોયને હરકત નથી આવતી તો સાદા પોશાક અને સાદા રહનસહનથી કોલેજજીવનમાં શી હરકત આવવાની હતી ? આ ચીલો પાડવામાં પ્રથમ તમારા સહાધ્યાયીઓ મશ્કરી ઉડાવશે પણ તમારે એને સહીને નવો ચીલો પાડવો જ રહ્યો. જે રીતે પોશાકમાં તે જ રીતે કાગળપેન્સિલમાં, વાપરવામાં અને બીજી વધારેલી સગવડો ઘટાડવામાં પણ નવો ચીલો પાડવો જોઈએ. તમો જાતે જ્યારે આનો અનુભવ કરશો તેમ તેમ તમને આજે જ્યાં વધુ પડતો ખર્ચ નથી દેખાતો, ત્યાં જ વધુપણું દેખાશે. અને આ રીતે કરકસરનો ઊંચો ગુણ તમારામાં ખીલતો જશે. કરકસર એટલે કંજૂસપણું નહિ જ. કરકસર એટલે ઉદાર છતાં સંયમની મર્યાદાવાળું રહનસહન.

(૨) મને એ જાણીને દુઃખ થાય છે કે કોલેજિયનો પોતાના શિક્ષકોની પણ મજાક ઉડાવે છે. આવું છીછરાપણું અને અસભ્ય વર્તન એ કોલેજિયન આલમ માટે શરમ-જનક છે. તમારા જેવાએ એવી ચંચળતામાં ન ભળવું. જો ભળ્યા વિના ન રહેવાતું હોય એવું મન હોય તો એકાંત સ્થાન વધુ પસંદ કરવું. પ્રથમ તમો અતડા લાગશો પણ જો તમારામાં સ્નેહ અને દષ્ટિ બન્ને હશે તો તમારા વર્તનથી આકર્ષાઈ બીજા સહાધ્યાયીઓ એવું કરવા લાગશે. આમ જૂથ થશે તમો આખી શાળાનું વાતાવરણ

ક્ષુબ્ધને બદલે શાંત અને કૃત્રિમ-રસિકને સ્થાને સાચું રસિક બનાવી શકશો. એકાગ્રતા વધારવા માટે નાના સંકલ્પો કરી તેને વફાદાર રહેવું એ ઊંચું સાધન છે. નિયમિતપણા ઉપર કાળજીપૂર્વક વળગી રહેવાથી પણ એકાગ્રતામાં સારી મદદ મળે છે.

(૩) જે રમતોમાં ખર્ચ ખૂબ અને જ્ઞાન થોડું, તે રમતોમાં તમારે ભાગ ન લેવો. ગમ્મત પણ એવી હોવી જોઈએ જેની સાથે જ્ઞાન જોડાયેલું હોય એટલું જ નહિ બલકે જીવનની દૃષ્ટિ અને સમાજહિતનું કાર્ય પણ હોય: આ દૃષ્ટિએ પ્રવચનમાળાઓ, શાંત જિજ્ઞાસુ ચર્ચાઓ જેવી પ્રવૃત્તિઓ સિવાય ઠઠ્ઠામશ્કરી માત્ર ખર્ચાળ ઉજાણીઓ વગેરેમાં તમોને સ્હેજેય રસ નહિ પડે.

**વિશ્વવાત્સલ્ય : ૧-૧૦-૧૯૪૮**

## પ્રશ્નોત્તરી : ૧૫

**પ્ર.** કેટલાક પુરુષો બોલે છે અને લખે છે કે બહેનોએ ઘરકામ કરવાં, બાળ ઉછેરમાં ધ્યાન આપવું. બધાં જાહેર કામોમાં ન પડવું. દા.ત. વકીલાત, લશ્કરી કામ, રાજકીય હોદ્દા કે મેનેજરનું કામ આવાં કામો ન કરવાં તો પછી બીજાં જાહેર કામો કયાં કરવાનાં રહે છે ? જાહેરકામોમાં સ્ત્રીઓને ન પડવા દેવા માટેની દાનત તો આની પછવાડે નથી ને ? આપનો આ વિષે શો અભિપ્રાય છે?

**ઉ.** સ્ત્રી, પુરુષના કોઈપણ ધંધામાં સાચી હરીફાઈ કરી શકે અને તક મળે તો એ આગળ આવી શકે એવો મારો ખાસ અનુભવ છે. જો સ્ત્રીઓ જાહેર ધંધાઓમાં આગળ નીકળી જશે તો અમારો કોણ ભાવ પૂછશે એવો ડર રાખવાની પુરુષોને જરૂર નથી. આવા ડર સિવાય સ્ત્રીઓને જાહેર કામો કરતાં રોકવાની બીજી કોઈ દલીલ મને જણાતી નથી. વકીલાત, લશ્કરી કામ, મેનેજિંગ કે રાજકીય હોદ્દા સિવાય બીજાં જાહેરકામો ઘણાં છે. જેવાં કે શિક્ષણ, આરોગ્ય, સંસ્કાર પ્રચાર અને રાષ્ટ્રોપયોગી ઉદ્યોગોને લગતાં કામો. મારો મત આજે એ સ્પષ્ટ છે કે સ્ત્રી અમુક કામ ન કરી શકે, એ સમાજ વ્યાપી ભ્રમને સારી પેઠે ધક્કો લગાડવા માટે આજે સ્ત્રીએ એકેએક ક્ષેત્રમાં પડવું જોઈએ. માત્ર ત્રણ બાબતો વિચારવાની રહે છે : (૧) લાગણીશીલ સ્વભાવને કારણે એ લપસી ન જાય તેવી દૃઢતા જોઈએ. (૨) એ જે ક્ષેત્રમાં પડે, તે ક્ષેત્રને પોતાની કુશાગ્ર બુદ્ધિ અને કર્મકુશળતાથી દિપાવે, તેવી તાલીમ જોઈએ, અને (૩) સંતાનોમાં સંસ્કાર સિંચન અને કુટુંબ સ્નેહની ચિવ્વટ એ ન ભૂલે તે પણ જોવાવું જોઈએ, આ ત્રણ અગત્યના મુદ્દાઓને વિચારી સ્ત્રી સંસ્થાઓ એવી કર્તવ્યક્ષમ સ્ત્રીઓને જ જવાબદારીવાળાં જાહેર કામોમાં જવા દે. એ ખરું છે કે ગમે તેવી છૂટ

મળે તોય સ્ત્રીઓનો મોટો ભાગ બહાર નીકળવાનો નથી. તેમનું વાત્સલ્યમય હૃદય તેમને ઘરમાંથી જ બધો આનંદ મસાલો મેળવી આપશે. સઘળા બાહ્ય-ધંધાઓમાં સ્ત્રીઓનું સ્થાન હું એટલા માટે ભારપૂર્વક ઈચ્છું છું કે (૧) પુરુષ જાતને ખાતરી થાય કે સ્ત્રી પણ પોતાના જેટલી જ નહિ બલકે વધુ કાર્યક્ષમ છે. એથી સ્ત્રી જાત પર પુરુષોને પૂજ્યભાવ જાગે (૨) સ્ત્રી જાતમાં પણ ખોટી શરમ, વહેમ, વિલાસિતા અને સ્વજાતિ પ્રત્યેની લાઘવગ્રંથી છે, તે છૂટે. શરૂઆતમાં થોડાં જોખમો વહોરવાં પડશે, પણ સરવાળે એમાં સ્ત્રીજાતને જ નહિ, બલકે પુરુષજાત ઉપરાંત સમાજને-રાષ્ટ્રને અને વિશ્વને પણ લાભ જ છે. એકેએક શાણી-સ્ત્રી જો મારા આ અભિપ્રાયને વિવેકપૂર્વક અનુસરે અને સમજુ પુરુષ હૃદયથી એને અપનાવશે તો સ્ત્રીનું જાહેર વાત્સલ્ય જેટલું વિકસશે તેટલો કુટુંબનો પણ વિકાસ થશે અને પરંપરાએ સમાજ તથા દેશભરમાં નીતિ અને ચારિત્ર્યનું ધોરણ ઊંચું આપોઆપ જશે.

"સ્વે સ્વે કર્મણ્યભિરતઃ સંસિદ્ધિ લભતે નરઃ "

એ ગીતા સૂત્ર ભુલાઈને ઉચ્ચનીચના જે ભેદ જન્મ્યા છે તે પણ એ દ્વારા જલદી નેસ્ત-નાબૂદ થશે.

**વિશ્વવાત્સલ્ય : ૧-૧૧-૧૯૪૮**

## પ્રશ્નોત્તરી : ૧૬

**પ્ર.** હિંદુમહાસભા પક્ષ અને સમાજવાદી પક્ષ એ બન્ને કોંગ્રેસની સામે હોય છે, તો એમાં ફેર ખરો ?

**ઉ.** હા, મોટો ફેર છે. સમાજવાદી પક્ષ કોંગ્રેસની જેમ બિનકોમી રાષ્ટ્રવાદમાં માને છે જ્યારે હિંદુમહાસભાવાદી પક્ષ તો કોમવાદી પક્ષ હોઈ મુખ્ય સિદ્ધાંતનો જ ભેદ છે.

**પ્ર.** લોકશાહીને નિર્મળ રાખવા માટે વિરોધી પક્ષ જોઈએ એમ આપને નથી લાગતું ?

**ઉ.** સિદ્ધાંતનો જ ભેદ હોય તેવા વિરોધી પક્ષોથી લોકશાહી નિર્મળ બનવાને બદલે દૂષિત થાય છે, એક સિદ્ધાંત છતાં સમજુ વર્ગમાં જે મતભેદો હોય તે અનિચ્છનીય નથી પરંતુ સિદ્ધાંત ભેદવાળા પક્ષો ન જ હોવા જોઈએ.

**પ્ર.** સમાજવાદી પક્ષ અને કોંગ્રેસના સિદ્ધાંતમાં ઐકય હોય તો પછી કોંગ્રેસના પક્ષને જ આપ કાં સમર્થન આપો ?

**ઉ.** આજે હિંદી પ્રજા અને હિંદ બન્નેની પરિસ્થિતિ એવી છે કે થોડાં વર્ષો હિંદમાં કોંગ્રેસ સંસ્થાને જીવતી અને મજબૂત રાખવી જોઈએ એમ હું માનું છું. અને

સમાજવાદી પક્ષની સાધનશુદ્ધિ વિષેની નીતિ એટલે કે અહિંસાની નીતિ જ એવું નિશ્ચિત નથી. સંસ્થાની રીત કોંગ્રેસની દષ્ટિ સાધનો વિષે જેટલી સાફ છે એ પ્રમાણ જોતાં તથા તેનું સુકાન જ્યાં લગી સુયોગ્ય વ્યકિતઓના હાથમાં છે, ત્યાં લગી ધર્મની દષ્ટિએ રાજકીય તખ્તા પર એક માત્ર કોંગ્રેસ પક્ષને સમર્થન મળવું જોઈએ. એમ હું માનું છું.

**પ્ર.** તો પછી એ પાર્ટીપોલિટિક્સ ન ગણાય ? આપ જેવાએ તટસ્થ રહેવું ન જોઈએ ? એક પર રાગ થતાં બીજા પર દ્વેષ થવાનો સંભવ નથી. ?

**ઉ.** પાંડવપક્ષે વાસુદેવનું સમર્થન કે રામપક્ષે વિભીષણનું સમર્થન બીજા કોઈ કારણસર નહોતું. એમને એ પક્ષોમાં ન્યાય દેખાતો હતો માટે હતું. પક્ષપાત અન્યાય તરફ ન હોય, ન્યાયનો પક્ષપાત તો હોવો જ જોઈએ. સમભાવ કે અરાગ દ્વેષનો અર્થ એવો હરગીઝ નથી કે નિષ્ક્રિય રહેવું. તેમાં પણ જે ક્ષણે સુયોગ્ય સંસ્થા પર ચોમેરથી અનિચ્છનીય હુમલા થતા હોય- અને તેય ગેરસમજ કે ગેરસિદ્ધાંતને વશ થઈને થતા હોય - ત્યારે સ્પષ્ટ રીતે પ્રજાને યોગ્ય માર્ગદર્શન તટસ્થ વ્યકિતઓને પૂરું પાડવું એ એમનો સર્વપ્રથમ ધર્મ છે.

**પ્ર.** સૌરાષ્ટ્રની તાજેતરની ચૂંટણીમાં તમે કોંગ્રેસી ઉમેદવારોને સમર્થન આપ્યું. પણ શું એ ચૂંટાયેલા લોકસભાના સભ્યાં તમારું સૂચન સ્વીકારશે એવી બાંહેધરી મળી છે ?

**ઉ.** વ્યકિતના સમર્થનમાં નહિ પણ કોંગ્રેસ સંસ્થાના સમર્થનમાં પ્રજા આગળ આગ્રહભર્યું બોલ્યો છું એટલે કોંગ્રેસી ઉમેદવારો પાસેની બાંહેધરીનો પ્રશ્ન જ નથી. અલબત્ત, કોંગ્રેસની કારકિર્દીને શોભાવવી એ એવા ચૂંટાયેલા ઉમેદવારોની ફરજ છે જ અને તેઓ એ ફરજ ચૂકે ત્યાં પ્રસંગોપાત મારે કહેવાનું રહે એ સ્વાભાવિક છે. પરંતુ અમુક સભ્ય ફરજ ચૂકશે જ એમ આજથી માનીને ચાલવું એ માન્યતા બરાબર નથી.કોંગ્રેસ ટિકિટ પર આવેલો સભ્ય ભૂલ કરશે તો કોંગ્રેસનું, એનું અને પ્રજાનું ત્રણેનું અહિત થશે. એ ચૂંટાયેલા કોંગ્રેસી ઉમેદવારે તો હરપળે ખ્યાલમાં રાખવું જોઈએ; એ ન રાખે તો મત આપનાર પ્રજા હાજરી લઈ શકે છે. આમ છતાં જો એ ઉમેદવાર ન ચેતે તો બીજી ચૂંટણીમાં એને દૂર ફેંકવાનો પણ પ્રજાને સહેજે અધિકાર પ્રાપ્ત થાય છે.

**વિશ્વવાત્સલ્ય : ૧-૧૨-૧૯૪૮** **સંતબાલ**

★

## પુરવણી : ૧ :

# સ્વચ્છતાના આચાર્ય

**અંબુભાઈ શાહ**

સને ૧૯૪૫ની ચોમાસાની વાત છે. આખાય વિરમગામમાં કુતૂહલ અને ચર્ચાનો વિષય બન્યા હતા એક જૈન સાધુ. ઊંચો પડછંદ દેહ, મોં પર મુહપત્તી, એક હાથમાં ઝોળી એક હાથમાં રજોહરણ. ખાદીનાં વસ્ત્રો પરિધાન કરેલાં હતાં. તેજસ્વી પ્રતિભાવાળા એવા આ સાધુ રોજ બપોરના નીકળે. અને રસ્તામાં માખીઓ બણબણતી હોય તેવા ખુલ્લા પડેલા મળ ઉપર પોતાની ઝોળીમાંથી રાખ કાઢીને હળવેથી ભભરાવીને મળને ઢાંકતા જાય.

આ સાધુ વિરમગામમાં ચાતુર્માસ કરવા આવ્યા હતા. કોંગ્રેસ સમિતિના મકાનમાં નિવાસસ્થાન હતું. રોજ રાત્રે પાસેના સુથારફળીના ચોકમાં એમની જાહેર પ્રાર્થના સભા થતી. ઘણા લોકો રોજ આ પ્રાર્થના સભામાં અચૂક હાજરી આપતા. આ કોઈ પવિત્ર અને મોટા સાધુ છે એવી શ્રદ્ધા ધરાવતા હતા. થોડા જ દિવસોમાં એમની પ્રાર્થના સભાએ લોકોમાં સારી પેઠ આકર્ષણ ઊભું કર્યું હતું.

આવા શ્રદ્ધેય સાધુ અને તેમાંય પાછા જૈનસાધુને આમ ઉપર રાખ ઢાંકતા જોઈને લોકોને કુતૂહલ અને આશ્ચર્ય થાય, અને એ વાત ચર્ચાનો વિષય બને એમાં નવાઈ શી? આ જૈન સાધુ તે મુનિશ્રી સંતબાલજી.

વાત એમ હતી કે વિરમગામમાં કોલેરા ફાટી નીકળ્યો હતો. શહેર તો ગંદકીનું ઘર હતું જ. મ્યુનિસિપાલિટી સુપરસીડ હતી. શહેર સ્વચ્છ થવું જોઈએ. કોલેરાની સારવારનું છાવણી કેન્દ્ર અને શહેરની સફાઈ મુનિશ્રીની પ્રેરણા અને માર્ગદર્શનથી તરત જ શરૂ થઈ ગયાં હતાં. કોલેરા તો કાબૂમાં આવી ગયો હતો છતાં શહેરના મહોલ્લાઓનું સફાઈકામ રોજ એક કલાક નિયમિત અને વ્યવસ્થિત રીતે ચાલુ કરેલું તે ચાલુ જ રહ્યું હતું. એ માટે 'વિરમગામ શહેર સફાઈ સમિતિ' નામની એક સમિતિ મુનિશ્રીની પ્રેરણાથી રચાઈ હતી. થોડા દિવસોમાં જ સમિતિના સફાઈકાર્યને એક માસ થાય ત્યારે 'માસિક સમૂહ સફાઈદિન' ઊજવવો. મુનિશ્રીએ આ વિચારને આવકાર્યો.આયોજન તૈયાર થયું. પ્રચાર શરૂ થયો. સફાઈમાં ભાગ લેનાર ભાઈઓ-બહેનોનાં નામ નોંધવા મહોલ્લે મહોલ્લે રોજ બપોરના નાની નાની સભાઓ થાય. શ્રી મણિભાઈ, શિવાભાઈ પટેલ 'કોંગ્રેસ સમિતિના કાર્યકર શ્રી મગનલાલ સુખલાલ શાહ અને સફાઈ સમિતિના મંત્રી તરીકે હું મહારાજશ્રીની સાથે જઈએ મુનિશ્રી પોતાની ઝોળીમાં રાખ રાખે. રસ્તાની નજીકમાં જ બાળકો જાજરૂ

ગયેલાં હોય, તે મળ ખુલ્લો પડયો હોય તેને મુનિશ્રી રાખ નાખીને ઢાંકે. જતાં આવતાં લોકો કુતૂહલથી આ જુએ અને આશ્ચર્ય વ્યક્ત કરે.

પ્રથમ, માસિક સમૂહ સફાઈ દિનમાં ખૂબ સારો સહકાર મળ્યો. એમાં ૨૯૦ ભાઈઓ-બહેનોએ ભાગ લીધો. બ્રાહ્મણથી ભંગી અને વેપારી, વકીલ, ડૉક્ટર, અધિકારી, મજૂર અને વિદ્યાર્થીઓ વગેરે સૌ ખૂબ ઉત્સાહથી ભળ્યા. ૩૦ ટુકડીઓ પાડી આખા શહેરને ૩૦ ભાગમાં વહેંચી દીધું. ઝાડું, પાવડા, કોદાળી, ટોપલાં, તગારાથી સજ્જ એવા ૨૯૦ની આ ૩૦ સફાઈ ટુકડી સુથારફળીમાં ચોકમાં વ્યવસ્થિત રીતે હારબંધ ઊભી રહી. મુનિશ્રીએ ટૂંકું સંબોધન કર્યું. અને ત્રણ કલાક સુધી આ ટુકડીઓએ સફાઈ કરીને આખા વિરમગામ શહેરને ચોખ્ખું બનાવ્યું.

રાત્રે સુથારફળીના ચોકમાં મોટી સભા થઈ. એમાં મહારાજશ્રીએ શહેરમાં ચાલતી ચર્ચા અને લોકોના કુતૂહલનો ઉલ્લેખ કરીને આવા કાર્યોમાં એક જૈન સાધુની કેવી મોટી જવાબદારી અને ફરજ છે એ સમજાવતાં કહ્યું :

"જૈન શાસ્ત્રોમાં સૂચવ્યું છે કે સફાઈ માટે ખૂબ ઝીણવટપૂર્વક વિચારવું જોઈએ. સફાઈ કઈ રીતે રાખવી જોઈએ એ સમજાવતાં ઉત્તરાધ્યયન સૂત્રમાં પાંચ સમિતિની વાત લખી છે. "ઉચ્ચારપાસવણ ખેલ જલ સંઘાણ પારીઠાવણીમાં સમિતિ" એ નામની પાંચમી સમિતિ છે. આ અર્ધમાગધિભાષાના શબ્દોનો અર્થ છે : ઉચ્ચાર પાસવણ એટલે મળમૂત્ર. ખેલ જલ સંઘાણ એટલે થૂંક, લાળ, લીટ, ગળફા, પરસેવા તેમ જ કાન અને શરીરના બીજા ભાગોનો મેલ, પારીઠાવણીયા એટલે કે પરઠવું, દુરુપયોગ ન થાય તે રીતે એટલે કે એનો પણ ઉપયોગ થાય એ રીતે નિર્જીવ સ્થાનમાં અને સમિતિ એટલે વિવેકપૂર્વક નિકાલ કરવો. અને તે વિવેકને જુદાજુદા ૧૦ અને એને ભેગા કરીને ૧૦૨૪ પ્રકારો સમજાવ્યા છે. જો આટલી બધી ઝીણવટ,ચોકસાઈ અને વિવેક રાખવાનું જૈનધર્મ કહેતો હોય તો એ જૈનધર્મનો ઉપદેશ આપનાર સાધુની જવાબદારી અને ફરજ કેટલી બધી મોટી ગણાય ? આચાર એ જ ધર્મ છે. સમાજમાં ધર્મનું આચરણ ન થતું હોય અથવા ઓછું થતું હોય તો તે ખાડો પૂરવાની વધુમાં વધુ જવાબદારી સાધુની જ ગણાય. અને દેશ કાળ, પરિસ્થિતિ પ્રમાણે પોતાની સાધુજીવનની મર્યાદામાં રહીને માર્ગદર્શન, પ્રેરણા પ્રસંગપડયે આપવામાં સક્રિયતા પણ બતાવવી પડે. જૈન સાધુજીવનનું સાર્થકય એમાં જ છે." એમ સાદી સરળ વાણીથી સફાઈશાસ્ત્રને ધાર્મિક અને વૈજ્ઞાનિક રીતે સમજાવ્યું.

મારે તો કાપડનો વેપાર હતો. મુનિશ્રી તરફ કંઈક આકર્ષણ થતાં સફાઈ સમિતિના મંત્રીની જવાબદારી તો લીધી હતી. પણ મુનિશ્રી પ્રેરિત સંસ્થામાં સક્રિયતા એ જ પારાશીશી હતી. પ્રથમ દિવસે હાથમાં સાવરણો, ટોપલો અને પાવડા લઈ સફાઈ સમિતિના અમે નવ સભ્યો વિરમગામના એક મહોલ્લામાં સફાઈ કરવા

નીકળ્યા હતા, ત્યારે મારા મનમાં એટલી બધી શરમ અને સંકોચની લાગણી મેં અનુભવી હતી કે જાણે ધરતી મારગ આપે તો અંદર સમાઈ જાઉં. પણ એવું કંઈ થોડું બને છે ? પરંતુ મુનિશ્રીને મેં મળ ઉપર રાખ નાખતા જોયા ત્યારે તો ખરેખર મારામાં પડેલ પેલો શરમ સંકોચવાળો અંબુભાઈ ખરેખર ભોમાં જ ભંડારાઈ ગયો હોય અને આવાં કામોમાંથી ગૌરવ મેળવતો નવો જ અંબુભાઈ પ્રગટ થતો હોય તેવો અનુભવ મને થયો.

**'સંતબાલ સ્મૃતિગ્રંથ'માંથી**

## પુરવણી : ૨ :

## વિરમગામથી રાજકોટ સુધીના ચાતુર્માસની ઝાંખી

### વિરમગામ : સં. ૨૦૦૧ : ઈ.સ. ૧૯૪૫

★ વિરમગામમાં ગંદકીને લઈને કૉલેરા ફાટી નીકળ્યો.

★ ઝોળીમાં રાખ લઈ મળ ઉપર ઢાંકવાનો પ્રત્યક્ષ સફાઈનો પાઠ આપવા લાગ્યા.

★ સમગ્ર ગ્રામસફાઈનો કાર્યક્રમ ત્યાંના યુવકોની સાથે મળી ગોઠવ્યો. કામચલાઉ હૉસ્પિટલ ઊભી કરાવી.

★ હરિજન છાત્રાલય : જે 'ઠક્કરબાપા સાર્વજનિક છાત્રાલય'થી હવે ઓળખાય છે તે સ્થાપવાની પ્રેરણા આપી.

★ કપાસ સંશોધન અધિકારી શિવાભાઈ જં. પટેલ સંપર્કમાં આવ્યા, તેઓ સંઘના કાયમી સભ્ય બન્યા.

★ અંબુભાઈ શાહનો પરિચય - પાછળથી તેમણે ૧૯૪૭થી સંઘમાં જોડાઈ સમગ્ર જીવન મુનિશ્રીના સેવાકાર્યને સમર્પિત કર્યું.

### અમદાવાદ : સં.૨૦૦૨ : ઈ.સ. ૧૯૪૬

★ **ચાતુર્માસ સ્થળ : હઠીભાઈની વાડી**

★ ૩-૨-૪૫ : જીવરાજ ભાલનળકાંઠા જલસહાયક સમિતિની રચના- ડૉ. પોપટલાલ આણંદજીવાળા પ્રમુખ-ઉપરાંત ૧૫ સભ્યો- સવા લાખના ફંડની ટહેલ. આ સમિતિએ પ્રથમ જ વાર સમગ્ર ભાલમાં પાણીનો ત્રાસ ભોગવતાં ગામોનો સર્વે કરી યોજના મૂકી. જે 'ભાલ પાઈપ લાઈન'થી ઓળખાઈ.

★ ૧૪-૫-૪૫થી ૨૫-૫-૪૫ બકરાણામાં વિશ્વવાત્સલ્ય ચિંતકનો પ્રથમ વર્ગ-૧૮ સભ્યો જોડાયા.

★ ધર્મદૃષ્ટિએ સમાજરચનાનું ચિત્ર શબ્દબદ્ધ કર્યું. પાછળથી પુસ્તકરૂપે પ્રગટ થયું.

★ જયંતીભાઈ શાહ, દેવીબહેન, સુરાભાઈ ભરવાડ, મણિબહેન પટેલ જેવા કેટલાંક આજીવન સેવકોનો આ વર્ગમાં સંપર્ક થયો.

★ અમદાવાદમાં કોમી હુલ્લડમાં ફરીને લોકોને નિર્ભયતા અને કોમી એખલાસનો સંદેશો આપ્યો.

★ વિશ્વવાત્સલ્ય ચિંતક વર્ગ- અરણેજ - (બીજો).

## સાણંદ (જિ. અમદાવાદ) સં. ૨૦૦૩ : ઈ.સ. ૧૯૪૭

૧-૧-૪૭ : વિશ્વવાત્સલ્ય પાક્ષિકની શરૂઆત. શ્રી નવલભાઈ તથા લલિતાબહેનની સેવાઓ મળી. અમદાવાદ ચાતુર્માસ પછી મહેસાણા, મોડાસા, ઈડરસ્ટેટ વિસ્તારમાં ગરાશિયાભીલોના ગામોનો સંપર્ક કર્યો.(જાન્યુ-ફેબ્રુ)માર્ચમાં બહુચરાજી અને ચૂંવાળનો પ્રવાસ કર્યો.

૯-૫-૪૭ થી ૨૫-૫-૪૭ : સાણંદ તાલુકાના ઝાંપ ગામે વિશ્વવત્સલ ચિંતક વર્ગ (ત્રીજો) શરૂ થયો.

૧૫-૬-૪૭ : બાવળામાં પ્રાયોગિક સંઘની રચના, ૫૨ સભ્યોની હાજરી, પ્રમુખ : રવિશંકર મહારાજ, મંત્રી : પરીક્ષિતલાલ મજમુદાર

૮-૬-૪૭ : વિશ્વવાત્સલ્ય ઔષધાલયનું બંધારણ ઘડાયું.

૭-૭-૪૭ થી ૨-૧૧-૪૭ : ચાતુર્માસિક વર્ગ- ચાર માસનો સાધક સાધિકાઓનો શિબિર ૧૭ ભાઈબહેનો જોડાયાં. આજના સ્વામી જ્ઞાનચંદ્રજી પ્રથમ જ આ વર્ગમાં જોડાયા.

૧૫-૮-૪૭ : ભારતને સ્વતંત્રતા મળી. 'પગલે પગલે'- કૂચગીત રચાયું.

★ મીરાંબહેનને વર્ગનાં ૐમૈયાના પ્રતીક તરીકે જાહેર કર્યા.

★ મણિબહેન પટેલને ભંગી કોમમાં સેવા કરવા પ્રેરણા આપી. ઋષિ બાલમંદિર શરૂ થયું.

૩૦-૧૧-૪૭ : હરિજનઆશ્રમ સાબરમતી ખાતે મુનિશ્રીના ચાહક હરજીવન કોટકની અંતિમ પળોમાં ઝડપી વિહાર કરી પહોંચ્યા, પરંતુ તેમના પહોંચતા પહેલાં બે કલાક અગાઉ તેમણે દેહ છોડી દીધો. તેમનાં પત્ની શારદાબેનને આશ્વાસન આપ્યું.

## રાજકોટ (સૌરાષ્ટ્ર) સં. ૨૦૦૪ ઈ.સ. ૧૯૪૮

૮-૧-૪૮: અનાજનો કંટ્રોલ ઊઠી ગયો હતો. લાલાકાકા ઝાંપ ગામે મળવા આવ્યા.

૧૫-૧-૪૮ : રવિશંકર મહારાજ તથા અન્ય આગેવાનો અનાજના ભાવ નક્કી

કરવા મળવા આવ્યા.

૧૭-૧-૪૮ : બાવળાના સંત આશ્રમમાં હરિજનોને આવવાની મનાઈ હોવાથી ત્યાં ઉતારો ન કર્યો. છેવટે ટ્રસ્ટીઓએ અસ્પૃશ્યતા સૂચક વર્તાવ નહીં કરવાનો ઠરાવ કરતાં છેલ્લા દિવસે ત્યાં ઉતારો રાખ્યો.

૨૫-૧-૪૮ થી ૩૦-૧-૪૮ : ધોળીમાં વિશ્વવાત્સલ્ય ચિંતક વર્ગ, ૩૦ મી તારીખે રાષ્ટ્રપિતા ગાંધીજીનું અવસાન. ૮૧ગામોના ખેડૂતોની મોટી પરિષદ, રવિશંકર મહારાજ પ્રમુખ-ખેડૂતમંડળના સભ્યો બનાવવાનો નિર્ણય- નૈતિકતાના પાયા ઉપર મંડળને આશીર્વાદ

૧૧-૨-૪૮: સાયલામાં ગુરુદેવને મળ્યા.

૧૨-૨-૪૮ : 'બાપુ શ્રાદ્ધદિન' - હરિજનવાસની મુલાકાત. ભસ્મ કોને હાથે પધરાવવી એ અંગે ગામ લોકોએ અભિપ્રાય માગતાં- તેમણે બાપુની હરિજન દીકરી લક્ષ્મી (દત્તક) ને હાથે પધરાવવા સૂચવ્યું, પોતે હાજર રહ્યા- સભાને સંબોધી.

★ ચુંવાળિયા પગીકોમનું સંમેલન, વાહણ પગીનો જાહેરસભામાં પસ્તાવો, ચોરી નહિ કરવાની પ્રતિજ્ઞા.

★ ઋષિ બાલમંદિરની વિધિવત સ્થાપના.

★ ગામેગામ અસ્પૃશ્યતા નિવારણ અને કોમી એકતાના પ્રશ્નો વિશે સમજૂતી-મુખ્ય પ્રશ્ન.

૧૯-૯-૪૮ : ૩૫ દિવસોનો ચિંતકવર્ગ, રાજકોટમાં-ચોમાસું નિષ્ફળ જતાં દુષ્કાળ-મેઘરાજાને મનાવવા નગરજનોની જાહેર પ્રાર્થના સભા-પ્રાર્થનાને અંતે વરસાદ-સંતબાલનો ચમત્કાર ગણ્યો-તેનો ખુલાસો કરતાં, તેને ઈશ્વરનો ચમત્કાર ગણાવ્યો.

૧૧-૧૧-૪૮ : દેવીભક્ત બહેને નવરાત્રીના પારણાં પ્રસંગે હજાર બાળાઓને જમાડવાનો સંકલ્પ કર્યો, પણ કંટ્રોલ હોવાથી જમાડવાની મુશ્કેલી આવતાં તેઓ ઉપવાસ ઉપર ઊતર્યા. મહારાજશ્રીની સમજૂતીથી પારણાં કર્યા.

★ ઘઉંના પ્રશ્ન અંગે ભાલમાં મહારાજશ્રીની હાજરી જરૂરી હોવાથી મહારાજશ્રી ભાલમાં પાછા ફર્યા.

૨૦-૧૨-૪૮ : ગૂંદીમાં ૨૮ ગામના ખેડૂતોનું સંમેલન-ખેડૂત મંડળમાં ભળવાનો ઠરાવ થયો. નૈતિક ભાવથી ઘઉં આપવાનું ખેડૂતોએ સ્વીકાર્યું.

૩૧-૧૨-૪૮ : વિશ્વવાત્સલ્ય પાક્ષિકનું બીજું વર્ષ પૂરું. ૧૧૦૦ ગ્રાહકો-માનવતાનું મીઠું જગત-ભેટ પુસ્તક.

★ ભાલમાં દુષ્કાળ નિમિત્તે-દુષ્કાળ કર્તવ્ય સમિતિ રચાઈ.

★

# સાધુતાની પગદંડી

૧૯૪૫ થી ૧૯૬૭ ના ગાળા દરમિયાન એમણે કરેલ વિશાળ દેશપરિભ્રમણ અને તે તે સ્થળના પ્રશ્નોમાં રસ લઈ તેને ઉકેલવામાં આપેલ પોતાનો સહયોગ ચાતુર્માસ દરમિયાન વિવિધ શિબિરો, અને સંસ્થાનિર્માણનો કાર્યક્રમ, વ્યક્તિગત અને સંસ્થાઓના સંપર્કો, મુલાકાત, નોંધો, યાદગાર પ્રસંગો, નોંધપાત્ર પત્રો, પ્રવચનો વગેરેનો સમાવેશ કરવામાં આવશે.

આ શ્રેણીનાં પ્રથમ બે પુસ્તકો પ્રગટ થઈ ચૂકયાં છે.

આ ડાયરીમાં સમાજસુધારાનું કોઈ પણ પાસું ભાગ્યે જ છૂટી ગયેલું જણાય છે. કોમીએકતા, અસ્પૃશ્યતા–નિવારણ, માતૃજાતિનો આદર જ નહીં તેમના શક્તિનો પૂરો ઉપયોગ, એ માટેના તાલીમ વર્ગો, ખેતમજૂરો, મિલમજૂરો, ખેડૂતો, ગોપાલક - વર્ગ, આદિવાસી વનવાસીઓ, બાળકેળવણી; ધર્માંધતા અને વટાળવૃત્તિ, આરોગ્ય અને ગ્રામસફાઈ - ગ્રામપંચાયત - શુદ્ધિપ્રયોગ, અન્યાય પ્રતિકાર, લોકલક્ષી લોકશાહી અને રાજકારણની શુદ્ધિ જેવા સંખ્યાબંધ વિષયોમાં એમણે માર્ગદર્શન પૂરું પાડયું છે.

પોતાના પાદવિહારમાં આવતાં ગામેગામની પરિસ્થિતિનો આંખેદેખ્યો અહેવાલ એ સ્વરાજ્યના સંધિકાળે ગુજરાતના એક સંતે આપેલ કિંમતી દસ્તાવેજ છે, જે સંશોધકો અને સમાજસુધારકો માટે એક મૂલ્યવાન સામગ્રી ધરાવે છે.

ડાયરીના પ્રથમ પુસ્તક વિમોચન પ્રસંગે પ્રખર ગાંધિવિચારક, ચિંતક શ્રી નારાયણ દેસાઈએ કાઢેલા ઉદ્દગારોમાં જણાવ્યું હતું કે–

"સંતબાલજીના વિચારોમાં મને ક્રાંતિનાં બીજ દેખાય છે. એ વાંચતી વખતે મને લોહિયા અને જયપ્રકાશની વાતો યાદ આવી જાય છે. માણસ પોતાના વિચારથી જુદો પડતો હોય તો તેને ગામમાં પ્રવેશ કરવાનો અધિકાર નથી, તે 'તાનાશાહી' છે. વિનોબાજીએ 'તાનાશાહી'ને બદલે 'નાતાશાહી'ની વાત કરી છે. સંતબાલજીએ તાનાશાહીનો જવાબ નાતાશાહીથી આપવા માટે પ્રયાસ કર્યો છે."

આવરણ : દીપક પ્રિન્ટરી રાયપુર અમદાવાદ.